ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

**સ્તબક-૫ ઉત્તરાર્ધ ◆ ભાગ-૫**



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## સ્તબક-૫ ઉત્તરાર્ધ ◆ ભાગ-૫

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
મદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# વૈરાગ્યકલ્પલતા ભાગ-૫ : સ્તબક-૫ ઉત્તરાર્ધ

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ◆ નકલ : ૩૫૦

**મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦**


卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

**શ્રી મહાવીર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ - વડાલા.**

૩૨૮, કાત્રક રોડ, વડાલા, મુંબઈ-૩૧. ટે. : ૨૪૧૩૩૫૧૮, ૨૪૧૫૨૭૨૭


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૧

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❊ મુદ્રક ❊

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૫

## ❋ પાંચમો સ્તબક ઉત્તરાર્ધ ❋

**શ્લોક :-**

प्रकर्षः प्राह नष्टेयं, शङ्का मे मातुलाधुना ।
एतज्जैत्राः परं सन्ति, नेति वा संशयोऽस्ति मे ।।६८७।।

**શ્લોકાર્થ :-**

પ્રકર્ષ કહે છે, હે મામા ! હમણાં મારી શંકા નષ્ટ થઈ. પરંતુ આના જીતનારા=પૂર્વમાં વર્ણન કરાયેલા રાજાઓને જીતનારા, છે કે નહિ=આને જીતનારા જગતમાં કોઈ છે કે નથી, એ પ્રકારનો મને સંશય છે. ।।૬૮૭।।

**શ્લોક :-**

विमर्शोऽथाब्रवीदेतद्वीर्यनिर्मूलनोद्यताः ।
सन्त्येव बहिरङ्गेषु, देशेषु विरलाः परम् ।।६८८।।

**શ્લોકાર્થ :-**

હવે વિમર્શ બોલ્યો. આના વીર્યના નિર્મૂલનમાં ઉધત=પૂર્વમાં વર્ણન કરાયેલા મહામોહ આદિ રાજાઓના વીર્યના નિર્મૂલનમાં ઉધત, બહિરંગ દેશોમાં છે જ=જીવો છે જ, પરંતુ અલ્પ છે=થોડી સંખ્યામાં છે. ।।૬૮૮।।

શ્લોક :-

धृतात्मध्यानकवचा, येऽप्रमादपराः सदा ।
गुप्ताः समाधिमन्त्रेण, मोहादीनां वशा न ते ।।६८९।।

શ્લોકાર્થ :-

ધારણ કર્યું છે આત્મધ્યાનરૂપી કવચ જેમણે એવા, જેઓ અપ્રમાદમાં સદા તત્પર છે, સમાધિમંત્રથી ગુપ્ત છે તેઓ મહામોહાદિના વશ નથી. ।।૬૮૯।।

શ્લોક :-

दुःखो दुःखानुबन्धोऽयं, दुस्तरो भववारिधिः ।
राधावेधोपमं लोके, मानुष्यमतिदुर्लभम् ।।६९०।।

શ્લોકાર્થ :-

દુઃખ, દુઃખરૂપ દુઃખાનુબંધવાળો=દુઃખફળવાળો, દુસ્તર એવો આ ભવસમુદ્ર છે. લોકમાં રાધાવેધનું ઉપમાવાળું મનુષ્યપણું અતિદુર્લભ છે. ।।૬૯૦।।

શ્લોક :-

तरङ्गतरला लक्ष्मीरायुर्वायुवदस्थिरम् ।
भोगाः स्वप्नार्थवच्छून्या, वपुर्भङ्गुरमभ्रवत् ।।६९१।।

શ્લોકાર્થ :-

તરંગતરલ=પાણીમાં વર્તતા તરંગ જેવી ચપળ, લક્ષ્મી છે. આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે. ભોગો સ્વપ્નમાં દેખાતા અર્થની જેમ શૂન્ય છે. વાદળાંઓ જેવું ભંગુર શરીર છે. ।।૬૯૧।।

શ્લોક :-

मृत्युश्छायेव पृष्ठस्थो, जरा शिरसि तिष्ठति ।
तत्कोऽयं साध्वसस्थाने, देहिनां सुखसंभ्रमः ? ।।६९२।।

શ્લોકાર્થ :-

મૃત્યુ છાયાની જેમ પાછળમાં રહેલું છે=મનુષ્યની છાયા મનુષ્યની પાછળ ચાલે છે, તેમ મૃત્યુ દરેકની પાછળ આવી રહ્યું છે. જરા મસ્તક ઉપર રહેલી છે. તે કારણથી=શ્લોક-૬૯૦થી અત્યારસુધી બતાવ્યું તે પ્રમાણે ભવસમુદ્ર આદિનું સ્વરૂપ છે, તે કારણથી, સાધ્વસસ્થાનમાં= ભયના સ્થાનમાં, જીવોને=સંસારી જીવોને, સુખનો સંભ્રમ શું છે ? અર્થાત્ સુખની કલ્પના મિથ્યા છે. ||૬૯૨||

શ્લોક :-

सृष्टिर्वैकल्पिकी ह्येषा, दृष्टनष्टेन्द्रजालवत् ।
स्वर्णधीरिह मृत्स्नायां, स्यान्मिथ्यात्वहतात्मनाम् ।।६९३।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, દૃષ્ટ નષ્ટ એવા ઈન્દ્રજાલની જેમ=ઈન્દ્રજાલિક ક્ષણમાં બતાવે અને ક્ષણમાં તે નષ્ટ દેખાય તેમ, આ વૈકલ્પિકી સૃષ્ટિ છે=હું ભોગવિલાસથી સુખી છું ઈત્યાદિ વૈકલ્પિકી સૃષ્ટિ છે. અહીં=સંસારમાં, મિથ્યાત્વથી હણાયેલા બુદ્ધિવાળા જીવોને, માટીમાં=પર્વતની માટીમાં, સુવર્ણની બુદ્ધિ થાય છે. ||૬૯૩||

શ્લોક :-

विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।
भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ।।६९४।।

શ્લોકાર્થ :-

વિકલ્પના ચષકાઓથી પીધેલા મોહના દારૂવાળો આ જીવ=સંસારી જીવ, ભવના ઉચ્ચતાલરૂપ વિસ્તારવાળા પ્રપંચને સેવે છે. ||૬૯૪||

શ્લોક :-

साक्षीभूय स्थितस्यैव, पश्यतो भवनाटकम् ।
स्वभावसुखसंवित्तिः, कर्तृभावे तु सङ्गरः ।।६९५।।

શ્લોકાર્થ :-

**ભવનાટકને જોતાં સાક્ષીભૂત થઈને રહેલાને જ સ્વભાવસુખની સંવિતિ છે. વળી, કર્તૃભાવમાં સંગર છે=ભવનો સંગ્રામ છે.**

જેઓ સંસારમાં રહેલા છે તોપણ બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષવાળા નથી, તેથી ભવનાટકને જોતાં સાક્ષીભાવમાં રહેલા છે, તેના કારણે તેઓને મોહના સંશ્લેષ વગરના સ્વભાવના સુખનું વેદન થાય છે. વળી, જેઓને હું ભોગાદિ કરું છું ઇત્યાદિ કર્તૃભાવ થાય છે, તેઓના ચિત્તમાં મોહનો કોલાહલ છે. **॥૬૯૫॥**

શ્લોક :-

**परभावास्ततस्त्याज्या, ग्राह्याः स्वाभाविका गुणाः ।**
**स्वभावसुखमग्नस्य, संसारः किं करिष्यति ? ।।६९६।।**

શ્લોકાર્થ :-

**તેથી=સાક્ષીભાવવાળા જીવોને સ્વભાવસુખનું વેદન છે તેથી, પરભાવો ત્યાજ્ય છે. સ્વાભાવિક ગુણો ગ્રાહ્ય છે. સ્વભાવસુખમાં મગ્ન જીવને સંસાર શું કરશે ?**

જેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને સમ્યક્ જાણીને પરપદાર્થો સાથે સંશ્લેષનો ત્યાગ કરે છે અને આત્માના નિરાકુળ સ્વભાવને પ્રગટ કરવા અર્થે સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિઓ કરીને સ્વસ્થતાની પ્રાપ્તિ કરે છે, તેવા જીવોને સંસાર કોઈ વિડંબના કરતો નથી. **॥૬૯૬॥**

શ્લોક :-

**इत्याद्यनेकसद्भावभावनाभावितात्मसु ।**
**न मोहः सपरीवारः, क्षोभायाद्रिष्विवानिलः ।।६९७।।**

શ્લોકાર્થ :-

**ઈત્યાદિ=પૂર્વમાં ભાવન કર્યું એ વગેરે, અનેક પ્રકારની સદ્ભાવનાઓથી ભાવિત આત્માઓમાં પરિવાર સહિત મોહ ક્ષોભ માટે નથી. જેમ પવન પર્વતોને ક્ષોભ માટે નથી.**

શ્લોક-૬૯૦થી ૬૯૬ સુધી બતાવ્યું એ અને એના જેવી અનેક પારમાર્થિક ભાવોને બતાવનાર ભાવનાઓથી જેઓ વાસિત છે, તેઓને મોહ અને તેનો સર્વ પરિવાર ક્ષોભ માટે થતો નથી; કેમ કે ભાવનાઓથી ભાવિત એવા તેઓ મેરુ જેવા નિષ્પ્રકંપ બને છે. **॥૬૯૭॥**

**શ્લોક :-**

**चर्मावनद्धविण्मूत्रपिठरीसन्निभाः स्त्रियः ।**
**येषां भान्ति स्वरूपेण, तेषां कामः क्व बाधकः ? ।।६९८।।**

**શ્લોકાર્થ :-**

**ચામડીઓથી અવનદ્ધ=વીંટળાયેલ, વિષ્ટા, મૂત્રવાળી પિઠરી જેવી=હાંડી જેવી, સ્ત્રીઓ જેઓને સ્વરૂપથી ભાસે છે, તેઓને કામ બાધક ક્યાંથી હોય ?=બાધક થાય નહિ. ॥૬૯૮॥**

**શ્લોક :-**

**शरीरं यैर्विनिर्णीतमशुच्यशुचिसम्भवम् ।**
**न जुगुप्सा न वा शौचाग्रहस्तेषां महात्मनाम् ।।६९९।।**

**શ્લોકાર્થ :-**

**જેઓના વડે અશુચિવાળું અને અશુચિથી ઉદ્ભવ થતું શરીર નિર્ણય કરાયેલું છે, તે મહાત્માઓને જુગુપ્સા નથી કે શૌચનો આગ્રહ નથી.**

પોતાનું શરીર જ અશુચિવાળું છે અને અશુચિથી ઉત્પન્ન થનારું છે એ પ્રકારે ભાવન કરીને સ્થિર બુદ્ધિ કરી છે, તેઓને જુગુપ્સનીય પદાર્થોને જોઈને પણ પોતાના શરીર તુલ્ય જ તે જુગુપ્સનીય અશુચિરૂપ જણાવાથી પોતાના શરીરની જેમ તે જુગુપ્સનીય ભાવો પ્રત્યે જુગુપ્સા થતી નથી અને અશુચિવાળા પોતાના દેહને શુદ્ધ કરવાનો આગ્રહ થતો નથી; કેમ કે બાહ્ય શુચિથી તે અશુચિવાળું શરીર શુદ્ધ થાય નહિ. **॥૬૯૯॥**

**શ્લોક :-**

**तदेव शौचं तैर्ज्ञातं यद् भूतानुपघातकम् ।**
**नान्तरं हि मलं वारि, क्षालयत्युच्यते यतः ।।७००।।**

**चित्तमन्तर्गतं दुष्टं, तीर्थस्नानैर्न शुद्ध्यति ।**
**शतशोऽपि हि तद्धौतं, सुराभाण्डमिवाशुचि ।।७०१।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે=અશુચિની ભાવનાથી ભાવિત થયેલા મહાત્મા વડે, જે જીવોનું અનુપઘાતક છે તે જ શૌચ જણાયું છે. જે કારણથી વારિ અંતરંગ મલને સ્વચ્છ કરતો નથી એ પ્રમાણે કહેવાય છે.**

કોઈ જીવને પીડા ન કરે, કોઈના પ્રાણ નાશ ન કરે, કોઈના કષાયનો ઉદ્રેક ન કરે તેવો પરિણામ જ અંતરંગ મલનો નાશ કરે છે માટે શૌચ છે. બાહ્ય જલ દેહની શુદ્ધિ કરી શકે છે, અંતરંગ મલની શુદ્ધિ કરવા સમર્થ નથી.

**તીર્થનાં સ્નાનોથી અંતર્ગત દુષ્ટ ચિત્ત શુદ્ધ થતું નથી. हि=જે કારણથી, હજાર વખત પણ ધોવાયેલું તે=અંતર્ગત ચિત્ત, સુરાભાંડની જેમ અશુચિ છે. ।।૭૦૦-૭૦૧।।**

**શ્લોક :-**

**जलशौचमनिन्द्यं हि, क्वचिद् देवादिपूजने ।**
**कस्यचिद् भक्तिहेतुत्वान्मोहस्तत्राग्रहः परम् ।।७०२।।**

**શ્લોકાર્થ :-**

**દેવાદિ પૂજનમાં ક્વચિત્ જલનું શૌચ કોઈકને અનિંદ્ય છે; કેમ કે ભક્તિનું હેતુપણું છે. પરંતુ ત્યાં=બાહ્ય શૌચમાં, આગ્રહ મોહ છે.**

જેઓને ભાવશૌચ પ્રિય છે છતાં ભાવશૌચમાં યત્ન કરવા અસમર્થ છે, તેવા વિવેકી શ્રાવકો દેવાદિ પૂજન માટે દેહનું શૌચ કરે છે, તે અનિંદ્ય છે; કેમ કે પરમગુરુની ભક્તિનો હેતુ છે=દ્રવ્યશૌચપૂર્વક પરમગુરુની ભક્તિ કરવાથી ભાવશૌચને અનુકૂળ બળસંચય થાય છે માટે અનિંદ્ય છે. આમ છતાં દ્રવ્યશૌચમાં જ આગ્રહ=દ્રવ્યશૌચ ન હોય તે પ્રવૃત્તિ ધર્મ નથી એવો આગ્રહ મોહ છે; કેમ કે દ્રવ્યશુદ્ધિથી આત્મા નિર્મળ થતો નથી. ભાવશુદ્ધિથી જ આત્મા નિર્મળ થાય છે માટે દ્રવ્યશુદ્ધિમાં જ આગ્રહ મોહ છે. **।।૭૦૨।।**

**શ્લોક :-**

**आद्रियन्ते हि ते भावशौचं भावस्तवोद्यताः ।**
**मन्यन्ते द्रव्यपूजाङ्गं, द्रव्यशौचं तु गेहिनाम् ।।७०३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, ભાવસ્તવમાં ઉદ્યત એવા મુનિઓ ભાવશૌચને આદરે છે. વળી, ગૃહસ્થોનું દ્રવ્યશૌચ દ્રવ્યપૂજાનું અંગ માને છે.**

આત્માના માલિન્યને દૂર કરનાર એવા સંયમની પ્રવૃત્તિમાં ઉદ્યત એવા મુનિઓ ભાવશૌચને જ આદરે છે. દ્રવ્યશૌચ કરતા નથી. વળી, ગૃહસ્થોને ભગવાનની પૂજાના અંગરૂપ દ્રવ્યશૌચ છે તેમ મુનિઓ માને છે. તેથી દ્રવ્યશૌચમાં આગ્રહ એ મોહ છે. **॥૭૦૩॥**

**શ્લોક :-**

**तेषां नार्तिकरौ ज्ञानदर्शनावरणौ नृपौ ।**
**सर्वज्ञसमयाभ्यासवासनालुप्तपाप्मनाम् ।।७०४।।**

**શ્લોકાર્થ :-**

**સર્વજ્ઞના સમયના અભ્યાસની વાસનાથી લુપ્ત થયેલા પાપવાળા તેઓને જ્ઞાન-દર્શનાવરણરૂપ બે રાજાઓ પીડા કરનારા થતા નથી.**

જેઓએ સર્વજ્ઞના વચનનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે અને તેની વાસના જેઓના ચિત્તમાં સ્થિર થઈ છે, તેઓને સંસાર અત્યંત વિષમ દેખાય છે. મુક્ત અવસ્થા જ સાર દેખાય છે, તેથી મોહ ઉત્પન્ન કરે તેવી પાપપ્રકૃતિઓ તેમની નષ્ટ થયેલી છે, તેવા મહાત્માઓને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેઓની ચિત્તવૃત્તિમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મો વિદ્યમાન છે તોપણ તેઓને ઉન્માર્ગમાં પ્રવર્તાવીને અહિત કરવા સમર્થ નથી. **॥૭૦૪॥**

**શ્લોક :-**

**सर्वथैव निरीहाणां, धीराणां धर्मदायिनाम् ।**
**वक्रीकर्तुं न रोमापि, तेषां विघ्ननृपः क्षमः ।।७०५।।**

**શ્લોકાર્થ :-**

**સર્વથા જ ઈચ્છા વગરના, ધીર, ધર્મને સેવનારા તેઓના રોમને પણ વક્ર કરવા માટે વિઘ્ન રાજા=અંતરાયકર્મ, સમર્થ નથી.**

જેઓ સર્વજ્ઞના શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે, તેથી જ સર્વથા ઇચ્છા વગરના થયા છે. માત્ર વીતરાગ થવાની ઇચ્છાવાળા છે અને યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ધીર છે. આત્મામાં નિર્મળ ધર્મને પ્રગટ કરવામાં યત્નશીલ છે, તેવા જીવોની સત્તામાં અંતરાયકર્મ બેઠું છે તોપણ તે અંતરાયકર્મ વક્ર કરીને તેઓને ઉન્માર્ગમાં પ્રવર્તાવવા સમર્થ નથી. **॥૭૦૫॥**

**શ્લોક :-**

**तेषां भूपाः शुभाय स्युश्चत्वारः सप्तमध्यगाः ।**
**समुद्रा इव मेघानामन्येषां भीतिदा अपि ।।७०६।।**

**શ્લોકાર્થ :-**

**અન્યોને ભીતિને દેનારા પણ=સર્વજ્ઞના વચનથી અભાવિત જીવોને ભીતિને દેનારા પણ, સાતના મધ્યમાં રહેલા ચાર રાજાઓ મેઘોને સમુદ્ર જેમ શુભ માટે છે, તેમ તેઓના=સર્વજ્ઞના વચનથી ભાવિત જીવોના, શુભ માટે થાય છે.**

મોહને છોડીને જે સાત કર્મોની મૂળ પ્રકૃતિ છે, તેમાંથી જે ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિ છે, તે સંસારી જીવોને મોહ ઉત્પન્ન કરીને કર્મબંધનું જ કારણ બને છે. તેથી ભયને દેનાર છે તોપણ જેમ સમુદ્ર મેઘને પુષ્ટ કરવાનું કારણ છે, તેમ ભગવાનના વચનથી ભાવિત જીવોને તે ચાર અઘાતિ કર્મો પણ સુખ આપીને ધર્મની વૃદ્ધિમાં સહાયક જ થાય છે. તેથી શુભ માટે છે. **॥૭૦૬॥**

**શ્લોક :-**

**दुःखोत्पत्तिः कुतस्तेषां, निर्द्वन्द्वसुखशालिनाम् ।**
**अतिस्तोकाः परं तेऽत्र, तेनेदं गीयते जनैः ।।७०७।।**
**"शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।**
**साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने" ।।७०८।। युग्मम् ।।**

શ્લોકાર્થ :-

**નિર્દ્વંદ્વ સુખશાલી એવા તેઓને=સર્વજ્ઞના વચનથી ભાવિત મતિવાળા જીવોને, દુઃખની ઉત્પત્તિ ક્યાંથી હોય ? પરંતુ અહીં=સંસારમાં, તેઓ= નિર્દ્વંદ્વ સુખશાલી મહાત્માઓ, અતિ થોડા છે. તે કારણથી આ=આગળના શ્લોકમાં કહે છે એ લોકો વડે કહેવાય છે. દરેક પર્વતમાં માણિક્ય નથી. દરેક હાથીઓમાં મોતી નથી. દરેક વનમાં ચંદન નથી. ખરેખર ! સર્વત્ર સાધુઓ નથી.**

જેઓ સંસારમાં છે છતાં જિનવચનના પરમાર્થને જાણનારા થયા છે, તેથી તેઓને કષાયોકૃત દ્વંદ્વમાં ક્લેશ દેખાય છે. અકષાયવાળી ચિત્તવૃત્તિ નિર્દ્વંદ્વ હોવાથી સુખરૂપ છે, તેમ દેખાય છે. તેથી તેઓનું ચિત્ત હંમેશાં તત્ત્વનું ભાવન કરીને નિર્દ્વંદ્વ અવસ્થા પ્રગટ કરવા પ્રયત્નશીલ છે. તેઓને ક્વચિત્ શારીરિક દુઃખની ઉત્પત્તિ હોય તોપણ ચિત્ત પરમ સ્વાસ્થ્યવાળું હોવાથી દુઃખની ઉત્પત્તિ ક્યાંથી થાય ? આમ છતાં તેવા મહાત્માઓ અતિ થોડા છે. **॥૭૦૭-૭૦૮॥**

શ્લોક :-

**प्रकर्षः प्राह तिष्ठन्ति, देहिनो मातुल ! क्व ते ।**
**विमर्शः प्राह तैर्भाव्यं, भवचक्राभिधे पुरे ।।७०९।।**

શ્લોકાર્થ :-

**પ્રકર્ષ કહે છે. હે મામા ! તે જીવો ક્યાં રહે છે ?=નિર્દ્વંદ્વ સુખશાલી જીવો ક્યાં રહે છે ? વિમર્શ કહે છે. ભવચક્ર નામના નગરમાં તેઓ વડે રહેવાય છે. ।।૭૦૯।।**

શ્લોક :-

**अवान्तरपुरैर्नैकैः, पाटकैश्च तदन्वितम् ।**
**असङ्ख्या जातयस्तत्र, तत् तेषामपि सम्भवः ।।७१०।।**

શ્લોકાર્થ :-

**અને અનેક પાડાવાળા અવાંતર નગરોથી તે=ભવચક્ર નગર અન્વિત છે. ત્યાં=ભવચક્ર નગરમાં, અસંખ્યાત જાતિઓ છે=જીવોની અસંખ્યાત**

**જાતિઓ છે, તે કારણથી=ભવચક્રમાં જીવોની અસંખ્યાત જાતિઓ છે તે કારણથી, તેઓનો પણ=નિર્દ્વંદ્વ સુખશાલી જીવોનો પણ, સંભવ છે.**

ભવચક્ર નગર ચૌદ રાજલોકવર્તી જીવોનું નિવાસસ્થાન છે અને તે નગરનાં અવાંતર નગરો નરક-તિર્યંચ આદિ ભેદો છે અને તેના પણ અવાંતર અનેક પાડાઓ છે તેમાં જીવોની અનેક પ્રકારના પ્રકૃતિઓવાળી જાતિઓ છે. તેથી ક્લિષ્ટ અધ્યવસાયવાળા જીવો પણ છે, તેમ નિર્દ્વંદ્વ અવસ્થાવાળા જીવોનો તે ભવચક્ર નગરમાં સંભવ છે. ફક્ત તેવા જીવો સંખ્યામાં અતિ અલ્પ છે. **II૭૧૦II**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह किं बाह्यमान्तरं वा तदिष्यते ।**
**विमर्शः प्राह तज्जात्यन्तरमेकाविवेचनात् ।।७११।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. શું બાહ્ય અથવા અંતરંગ તે=ભવચક્ર નગર, ઈચ્છાય છે ? વિમર્શ કહે છે. એકનું અવિવેચન હોવાથી તે જાત્યંતર છે.**

તે ભવચક્ર નગર શું બહાર દેખાતા જગત સ્વરૂપ છે કે જીવના અંતરંગ પરિણામ સ્વરૂપ છે, એ પ્રકારે પ્રકર્ષ શંકા કરે છે. તેનો ઉત્તર આપતાં વિમર્શ કહે છે. બાહ્ય અને અભ્યંતરરૂપ એવું તે ભવચક્ર નગર જાત્યંતર છે; કેમ કે આ બાહ્ય છે અને આ અંતરંગ છે એ રૂપ વિભાગ નથી. જેમ દ્રવ્ય અને પર્યાયરૂપ વસ્તુમાં જાત્યંતર ધર્મ રહેલ છે; કેમ કે આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એવો વિભાગ નથી. તેમ સંસારી જીવો દેહધારી છે અને તે મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે અને તેઓ ચાર ગતિમાં ભમે છે. તે દરેક જીવોમાં અંતરંગ નગરો પણ છે અને બાહ્ય નગરોમાં તેઓ વસે છે, તેથી ભવચક્ર નગર બાહ્ય-અભ્યંતરથી મિશ્ર એવું જાત્યંતર સ્વરૂપ છે. **II૭૧૧II**

**શ્લોક :-**

**बहिरङ्गा जनास्तत्र, सन्ति सङ्ख्यातिगा यथा ।**
**अन्तरङ्गास्तथैतेऽपि, सर्वे सन्ति महाभटाः ।।७१२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=ભવચક્ર નગરમાં, જે પ્રમાણે સંખ્યાતિગ બહિરંગ જનો છે, તે પ્રમાણે જ અંતરંગ પણ આ સર્વ મહાભટો છે=મહામોહાદિ મહાભટો છે. ॥૭૧૨॥**

**શ્લોક :-**

**सन्तोषः श्रूयते तत्र, यतोऽमीषां महारिपुः ।**
**नगरं तदतोऽमीभिरनुविद्धं जिगीषुभिः ।।७१३।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી ત્યાં=અંતરંગ મહાભટોમાં, આમનો=મહામોહાદિનો, સંતોષ મહારિપુ સંભળાય છે. આથી=સંતોષ મહામોહાદિનો શત્રુ છે આથી, જીતવાની ઇચ્છાવાળા આમનાથી=મહામોહાદિથી, અનુવિદ્ધ= ઘેરાયેલું તે નગર છે=અંતરંગ નગર છે.**

બહિરંગ અને અંતરંગ એવું તે નગર જાત્યંતરરૂપ છે, એમ પૂર્વમાં કહ્યું. તે નગરમાં સંસારી જીવો સંખ્યાતીત છે તેમ તે નગરમાં મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ મોહાદિ ભટો પણ સંખ્યાતીત છે અને તે સર્વનો મહાશત્રુ સંતોષ છે અને તે નગરને જીતવાની ઇચ્છાવાળા મહામોહાદિ સુભટોથી અનુવિદ્ધ એવું તે નગર છે; કેમ કે જો સંતોષ પ્રગટ થાય તો તે નગરનું રક્ષણ થઈ શકે નહિ. કારણ કે સંતોષ જીવોને મુક્તિ અપાવે છે, તેથી તે જીવને આશ્રયીને તે નગર નષ્ટ પામે. માટે સંતોષથી તે નગરના રક્ષણ અર્થે મહામોહાદિ શત્રુઓ તે નગરને ઘેરો ઘાલીને સંતોષને પ્રગટ થતાં અટકાવે છે. **॥૭૧૩॥**

**શ્લોક :-**

**स्थितिरत्र सतां तेषां, कथं तत्रेति संशयः ।**
**योगशक्त्या समाधानादनुत्थानहतोऽस्तु ते ।।७१४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=બહિરંગ નગરમાં, છતાં તેઓની=મહામોહાદિની, ત્યાં=અંતરંગ નગરમાં, સ્થિતિ કેવી રીતે હોય ? એ પ્રકારનો તારો સંશય યોગશક્તિથી**

સમાધાન હોવાને કારણે=મહામોહાદિમાં બહિરંગ અને અંતરંગ જવાની યોગશક્તિ છે તેથી અંતરંગ અને બહિરંગ બંને સ્થાનોમાં તેઓની સ્થિતિ સંભવે છે એ પ્રકારે સમાધાન હોવાને કારણે, અનુત્થાનથી હણાયેલો હો=તારો સંશય અનુત્થાનથી હણાયેલો હો. ॥૭૧૪॥

શ્લોક :-

तस्मादुभयरूपं तन्नगरं प्रतिपद्यताम् ।
शर्वरीवासराभिन्नसन्ध्यासदृशलक्षणम् ।।७१५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ભવચક્ર નગરમાં દેહ સ્વરૂપ છે અને અંતરંગ મોહ આદિની પરિણતિ સ્વરૂપ છે તે કારણથી, રાત્રિથી અને દિવસથી અભિન્ન એવી સંધ્યાના સદૃશ લક્ષણવાળું તે નગર ઉભયરૂપ સ્વીકારાઓ. ॥૭૧૫॥

શ્લોક :-

प्रकर्षः प्राह यद्येवं, द्रष्टव्यं तत्पुरं तदा ।
गच्छावस्तत्र नगरे, कौतुकं महदत्र मे ।।७१६।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. જો આ પ્રમાણે છે=ભવચક્ર બહિરંગ અને અંતરંગ ઉભય સ્વરૂપ છે તો તે નગર જોવું જોઈએ. તે નગરમાં આપણે બંને જઈએ. અહીં=તે નગરના જોવાના વિષયમાં, મને મહાન કૌતુક છે. ॥૭૧૬॥

શ્લોક :-

विमर्शः प्राह विषयाभिलाषस्यैव दर्शनात् ।
अस्माकमीहितं सिद्धं, रसनामूलनिश्चयात् ।।७१७।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. વિષય અભિલાષના જ દર્શનથી રસનાના મૂલનો

**નિશ્ચય થવાને કારણે આપણું સમીહિત સિદ્ધ છે=રસનાની શુદ્ધિ માટે આપણે આવેલા તેનો નિર્ણય સિદ્ધ છે. ।।૭૧૭।।**

**શ્લોક :-**

**राजशासननिर्वाहात् तद् गन्तुं स्वाश्रयेऽधुना ।**
**युक्तमन्यत्र गमनं भाति नातिप्रयोजनम् ।।७१८।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=શ્લોક-૭૧૭માં કહ્યું એ પ્રમાણે રસનાની મૂળ શુદ્ધિની પ્રાપ્તિ થયેલ હોવાથી, રાજશાસનનો નિર્વાહ હોવાને કારણે=વિચક્ષણ રાજાએ રસનાની શુદ્ધિ માટે આપણને મોકલેલ તેનો નિર્વાહ હોવાને કારણે, હવે સ્વઆશ્રયમાં=વિચક્ષણરૂપ પોતાના સ્વામીના આશ્રયમાં, જવું યુક્ત છે. અન્યત્ર ગમન અતિ પ્રયોજનવાળું ભાસતું નથી. ।।૭૧૮।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह शिष्टानां, दर्शनादधिकं दृशोः ।**
**जन्मनो न फलं मन्ये, तत्र गन्तव्यमेव तत् ।।७१९।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષે કહે છે. શિષ્ટ પુરુષોના દર્શનથી દૃષ્ટિનું=ચક્ષુનું અને જન્મનું અધિક ફળ નથી એમ હું માનું છું. તે કારણથી ત્યાં=ભવચક્ર નગરમાં, જવું જ જોઈએ.**

પ્રકર્ષને ભવચક્ર નગરમાં વર્તતા શિષ્ટ પુરુષોના દર્શનની ઉત્કટ ઇચ્છા થઈ છે. તેથી કહે છે કે ચક્ષુનું ફલ અને જન્મનું ફલ ઉત્તમ પુરુષોનું દર્શન છે માટે ભવચક્રને જોવા માટે આપણે જવું જ જોઈએ. **।।૭૧૯।।**

**શ્લોક :-**

**न ते मातुल ! योग्योऽहमेतद्दर्शनवञ्चने ।**
**चकोराणां सुधापानं, न कारयति किं विधुः ? ।।७२०।।**

**શ્લોકાર્થ :-**

**હે મામા ! તમારા આના દર્શનના વચ્ચનના વિષયમાં હું યોગ્ય નથી. શું ચકોરને ચંદ્ર સુધાપાન નથી કરાવતું=કરાવે છે.**

ચકોરને સુધાપાનની ઉત્કટ ઇચ્છા છે અને ચંદ્ર અવશ્ય ચકોર પક્ષીને સુધાપાન કરાવે છે, તેમ મને પણ ભવચક્રમાં વર્તતા શિષ્ટોના દર્શનની ઉત્કટ ઇચ્છા છે. તેથી મામાએ અવશ્ય તેઓનું દર્શન કરાવવું જોઈએ. **॥૭૨૦॥**

**શ્લોક :-**

**संवत्सरावधिर्दत्तो, नाधुनाऽत्येति चावयोः ।**
**ऋतुद्वयमतिक्रान्तं शिशिरस्तत्र जृम्भते ।।७२१।।**

**શ્લોકાર્થ :-**

**અને આપણા બંનેને=પ્રકર્ષ અને વિમર્શને, સંવત્સરની અવધિ અપાયેલ હજી પૂરી થઈ નથી. બે ઋતુ અતિક્રાંત થયેલ છે, ત્યાં શિશિર વિદ્યમાન છે. ।।૭૨૧।।**

**શ્લોક :-**

**तथाहि—**
**स्फूर्जत्प्रियङ्गुलतिकाकलितं प्रफुल्ल-**
**कुन्दद्रुमं वनमिदं नभसो बिभर्ति ।**
**शोभां दिनात्ययविवृद्धनिशाविलास-**
**विस्तारिचारुरुचितारकमण्डलस्य ।।७२२।।**

**શ્લોકાર્થ :-**

**તે આ પ્રમાણે – પ્રફુલ્લિત થતા પ્રિયંગુ, લતિકાથી યુક્ત, વિકસ્વર એવા મોગરાના વૃક્ષવાળું આ વન, દિવસના અત્યયથી વૃદ્ધિ પામેલ રાત્રિના વિલાસથી વિસ્તારવાળી સુંદર કાંતિથી તારાઓના મંડલવાળા એવા આકાશની શોભાને ધારણ કરે છે. ।।૭૨૨।।**

શ્લોક :-

शिशिरममलपुष्पैर्मण्डनैः क्लृप्तशोभा,
स्वदयितमभिसर्तुं विस्फुरत्पत्रवल्लिः ।
स्फुटतिलकविलासा रोध्रराजीविकासात्,
कलयति रतिहासं हर्षपूर्णा वनश्रीः ।।७२३।।

શ્લોકાર્થ :-

નિર્મલ પુષ્પોરૂપ આભૂષણો વડે કરેલ શોભા જેણીએ, એવી સ્ફુરાયમાન થતી પાંદડાંઓની વેલડી છે જેમાં, એવી પ્રગટ તિલક વૃક્ષના વિલાસવાળી, રોધ્રની (લોધ્રવૃક્ષની) શ્રેણીના વિકાસને કારણે હર્ષથી પૂર્ણ, એવી વનની લક્ષ્મી પોતાના ભરતાર એવા શિશિરને વશ કરવા માટે રતિહાસને કરે છે. ।।૭૨૩।।

શ્લોક :-

विमुद्रिता श्रीर्मधुपप्रसङ्गात्, सरोरुहाणां द्विजनायकेन ।
तत्प्रत्यवायप्रलयाय तानि, हिमोच्चये सम्प्रति किं म्रियन्ते ?।।७२४।।

શ્લોકાર્થ :-

મદિરાનું પાન કરનારાઓના પ્રસંગથી ચંદ્ર વડે કમળોની શોભા મુદ્રિત કરાઈ, તેના અનર્થોના નાશ માટે તે કમળો હિમના ઉપચયમાં હમણાં શું મરે છે. ।।૭૨૪।।

શ્લોક :-

ऊष्मणः कुचतटी पदमेकं, विद्यते हिमहतस्य वधूनाम् ।
भोगिनस्त्वरयति स्मरविद्धांस्तद्रहस्यविदतः खलु तत्र ।।७२५।।

શ્લોકાર્થ :-

હિમથી હણાયેલા પુરુષને ઉષ્માનું એક સ્થાન સ્ત્રીઓનું સ્તનરૂપ તટ છે, આથી તે રહસ્યને જાણનાર એવો શિશિર કામથી વિંધાયેલા ભોગીઓને ત્યાં=સ્ત્રીઓમાં પ્રવૃત્તિ કરાવે છે. ।।૭૨૫।।

શ્લોક :-

वेतालेन हिमेन पङ्कजवनं लोलूयते सर्वतः,
पान्थः शीतनिपीडितः प्रियतमाध्यानेन दोदूयते ।
हृद्देशार्पितजानुदुर्गतकुलं रात्रौ च रोरूयते,
संश्लिष्टाङ्गनिलीनवक्त्रकुहरः कोकूयते जम्बुकः ।।७२६।।

શ્લોકાર્થ :-

વેતાલ એવા હિમ વડે ચારે બાજુથી કમળવન અત્યંત કાપી નંખાય છે. ઠંડીથી પીડાયેલો પંથી સ્ત્રીના ધ્યાનથી અત્યંત દુઃખી થાય છે. હૃદયના ભાગે રાખેલ છે ઘૂંટણ જેણે એવા ગરીબોનું કુટુંબ-રાત્રિમાં અત્યંત રડે છે (અવાજ કરે છે) સંશ્લિષ્ટ અંગમાં છુપાવેલ મુખના છિદ્રવાળો શિયાળ અત્યંત પોકાર કરે છે. ।।૭૨૬।।

શ્લોક :-

वर्तते लङ्घितप्रायः, साम्प्रतं शिशिरो ह्ययम् ।
ततः षण्मासशेषेऽपि, किमुत्ताम्यति मातुलः ।।७२७।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આ શિશિર હમણાં લંઘિતપ્રાયઃ વર્તે છે. તેથી છ માસ શેષ હોવા છતાં પણ મામા કેમ ઉતાવળા થાય છે ? ।।૭૨૭।।

શ્લોક :-

ततस्तदाग्रहं ज्ञात्वा, विमर्शो गन्तुमुद्यतः ।
गच्छतस्तत्पुरं शीघ्रं, तुष्टौ स्वस्रीयमातुलौ ।।७२८।।

શ્લોકાર્થ :-

તેથી=પ્રકર્ષે મામાને કહ્યું કે હજી સંવત્સર અવધિમાંથી છ મહિના બાકી છે તેથી, તેના આગ્રહને જાણીને=પ્રકર્ષના આગ્રહને જાણીને, વિમર્શ જવા માટે ઉદ્યત થયો=ભવચક્ર નગરમાં જવા માટે ઉદ્યત થયો. તે નગરે શીઘ્ર જતા મામાભાણેજ તોષ પામ્યા. ।।૭૨૮।।

**શ્લોક :-**

गच्छन्नाह प्रकर्षोऽथ, मार्गश्रान्तिनिवृत्तये ।
मातुल ! श्रूयते लोके, यः कर्मपरिणामराट् ।।७२९।।

**શ્લોકાર્થ :-**

હવે જતો પ્રકર્ષ માર્ગના શ્રમની નિવૃત્તિ માટે કહે છે. હે મામા ! લોકમાં જે કર્મપરિણામ રાજા સંભળાય છે. ||૭૨૯||

**શ્લોક :-**

चक्रवर्ती प्रतापोग्रस्तदाज्ञां मोहभूपतिः ।
किमेष कुरुते किं वा, नेत्यस्ति मम संशयः ।।७३०।।

**શ્લોકાર્થ :-**

ચક્વર્તી, પ્રતાપમાં ઉગ્ર એવો આ મોહરાજા તેની આજ્ઞાને=કર્મ-પરિણામની આજ્ઞાને શું કરે છે કે નહિ, એ પ્રકારે મને=પ્રકર્ષને, સંશય છે. ||૭૩૦||

**શ્લોક :-**

विमर्शः प्राह नैवास्ति, भद्र ! भेदो मिथोऽनयोः ।
स हि ज्येष्ठः कनिष्ठोऽयं, भ्राताऽटव्यां स्थितः पुनः ।।७३१।।

**શ્લોકાર્થ :-**

વિમર્શ કહે છે. હે ભદ્ર પ્રકર્ષ ! આ બેનો=કર્મપરિણામ રાજાનો અને મોહરાજાનો, પરસ્પર ભેદ નથી જ. તે=કર્મપરિણામ જ્યેષ્ઠ છે. વળી, આ=મોહરાજા અટવીમાં રહેલો નાનો ભાઈ છે=ચિત્તરૂપી અટવીમાં રહેલો નાનો ભાઈ છે. ||૭૩૧||

**શ્લોક :-**

चरटो हि महामोहो, भूपा येऽस्य पदातयः ।
ते तस्यापि हि विज्ञेयं, समचित्तानुयायिनः ।।७३२।।

**શ્લોકાર્થ :-**

**ચોરટો મહામોહરાજા છે. જે આના=મહામોહના, પદાતિ રાજાઓ છે. સમાન ચિત્તને અનુસરનારા એવા તેના પણ=કર્મપરિણામ રાજાના પણ, તે=પદાતિઓ જાણવા.**

કર્મપરિણામ રાજા સામાન્ય કર્મો છે. તેથી ક્ષયોપશમભાવનાં કર્મો ચારિત્રને સહાય કરનારાં છે અને ઔદયિકભાવનાં કર્મો મોહને સહાય કરનારાં છે. તેથી ચોરટા એવા મોહના જે પદાતિઓ છે તે કર્મપરિણામ રાજાના પણ પદાતિઓ છે. **॥૭૩૨॥**

**શ્લોક :-**

**कार्याण्यसुन्दराण्येव, महामोहः करोति हि ।**
**प्रकृत्याऽन्यश्च निर्माति, सुन्दराणीतराणि च ।।७३३।।**

**શ્લોકાર્થ :-**

**મહામોહ પ્રકૃતિથી અસુંદર જ કાર્યોને કરે છે અને અન્ય=કર્મપરિણામ રાજા, સુંદર અને ઈતર=અસુંદર, બંને કાર્યોનું નિર્માણ કરે છે. ॥૭૩૩॥**

**શ્લોક :-**

**विजिगीषुरयं भूपः, स राजा नाटकप्रियः ।**
**सेवन्तेऽमुं महामोहमतो धीरा रणे नृपाः ।।७३४।।**

**શ્લોકાર્થ :-**

**આ રાજા=મહામોહરાજા, જીતવાની ઈચ્છાવાળો છે=ચિત્તરૂપી અટવીને પોતાના કબજામાં કરવા માટે ચારિત્રને જીતવાની ઈચ્છાવાળો છે. તે રાજા=કર્મપરિણામ રાજા, નાટકપ્રિય છે. આથી રણમાં ધીર=યુદ્ધ કરવામાં ધીર, એવા રાજાઓ આ મહામોહને સેવે છે.**

ચારિત્રની સામે યુદ્ધ કરવામાં ધીર એવા અવાંતર રાજાઓ મહામોહને સેવે છે. **॥૭૩૪॥**

**શ્લોક :-**

**स कर्मपरिणामाख्यो, भ्राताऽस्यापि महत्तमः ।**
**कुर्वन्त्यतस्तदग्रेऽपि, नाटकं ते प्रसत्तये ।।७३५।।**

**શ્લોકાર્થ :-**

**આનો પણ=મહામોહનો પણ, તે કર્મપરિણામ નામનો મોટો ભાઈ છે. આથી પ્રસન્નતા માટે=કર્મપરિણામ રાજાની પ્રસન્નતા માટે, તેઓ=રણમાં ધીર એવા રાજાઓ, તેની અગ્રમાં પણ=કર્મપરિણામ રાજાની અગ્રમાં પણ, નાટક કરે છે.**

રણમાં ધીર એવા રાજાઓ જો કે મહામોહને સેવે છે તોપણ કર્મપરિણામ રાજા મહામોહનો મોટો ભાઈ છે અને નાટકપ્રિય છે અને તેને પ્રસન્ન કરવા અર્થે તે કષાય-નોકષાયની પરિણતિરૂપ રાજાઓ નાટક કરે છે. જેથી કર્મપરિણામ પ્રસન્ન થઈને વૃદ્ધિ પામે છે. **॥૭૩૫॥**

**શ્લોક :-**

**महामोहादिकैः सर्वैर्भूपालैर्भवनाटके ।**
**तैस्तत्र हेतुतां प्राप्तैः, सपत्नीकः स तुष्यति ।।७३६।।**

**શ્લોકાર્થ :-**

**તે ભવનાટકમાં હેતુતાને પ્રાપ્ત થયેલ તે મહામોહાદિ સર્વ ભૂપાલો વડે પત્ની સહિત એવો તે=કર્મપરિણામ રાજા, તોષ પામે છે.**

જીવની ચિત્તવૃત્તિમાં જ્યારે મહામોહાદિ સર્વ ભૂપાલો નાટકનાં પોતપોતાનાં પાત્રો કરીને પ્રવર્તે છે, ત્યારે કાલપરિણતિરૂપ પત્ની સહિત નાટક જોવા માટે બેઠેલ એવો કર્મપરિણામ રાજા હર્ષિત થાય છે; કેમ કે જીવમાં મહામોહાદિના પરિણામો વર્તે છે, ત્યારે પ્રચુર કર્મબંધ થાય છે. તે કર્મપરિણામ રાજાનો હર્ષ છે. **॥૭૩૬॥**

**શ્લોક :-**

**आन्तरङ्गेषु सर्वेषु, निर्वृतिं नगरीं विना ।**
**नगरेषु स हि स्वामी, बहिरङ्गेषु भावतः ।।७३७।।**

**શ્લોકાર્થ :-**

**નિર્વૃતિ નગરીને છોડીને તે=કર્મપરિણામ રાજા, ભાવથી અંતરંગ સર્વ નગરોના અને બહિરંગ નગરોના સ્વામી છે.**

કર્મપરિણામ રાજા મોક્ષનગરીનો સ્વામી નથી; કેમ કે મોક્ષમાં ગયેલા જીવો કર્મરહિત છે. સંસારમાં જે બહિરંગ નગરો છે અને સંસારી જીવોના ચિત્તમાં જે અંતરંગ નગરો છે, તે સર્વ કર્મપરિણામ રાજાના વિપાકથી પ્રગટ થયેલા છે; કેમ કે કર્મના ઉદયથી જ જીવની ચિત્તવૃત્તિમાં તે તે નગરો ઉત્પન્ન થાય છે અને કર્મના ઉદયથી જીવો તે તે નગરો નિર્માણ કરે છે અને તે તે નગરોના તે તે રાજા બને છે. તેથી બહિરંગ નગરના સ્વામી તે તે રાજાઓ હોવા છતાં ભાવથી તો કર્મપરિણામ રાજા જ સ્વામી છે. **॥૭૩૭॥**

**શ્લોક :-**

**महामोहस्त्वयं स्वामी, त्वद्दृष्टानां महीभुजाम् ।**
**तदादेशेन यत्किञ्चिद्, धनमर्जयति स्वयम् ।।७३८।।**
**निःशेषं नतमौलिस्तत्, तस्यार्पयति भक्तिमान् ।**
**स सुन्दरेतरार्थेषु, कुरुते तन्नियोजनम् ।।७३९।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**વળી, આ મહામોહ તારા વડે જોવાયેલા રાજાઓનો=ચિત્તરૂપી અટવીમાં પ્રકર્ષ વડે જોવાયેલા રાગકેસરી આદિ રાજાઓનો, સ્વામી છે. તેના આદેશથી=કર્મપરિણામ રાજાના આદેશથી જે કંઈ ધન સ્વયં મહામોહ અર્જન કરે છે, તે નિઃશેષ ધન નમેલા મસ્તકવાળો, ભક્તિવાળો એવો મહામોહ તેને=કર્મપરિણામ રાજાને, આપે છે. તે=કર્મપરિણામ રાજા, સુંદર ઈતર અર્થોમાં તેનું નિયોજન=તે ધનનું નિયોજન, કરે છે.**

મહામોહ ચિત્તરૂપી અટવીમાં રહેલા રાગાદિ રાજાઓનો સ્વામી છે. કર્મપરિણામ રાજાની જેમ અંતરંગ અને બહિરંગ સર્વ નગરોનો સ્વામી નથી. વળી, મહામોહ તે તે પ્રકારના કર્મના વશથી જે સ્વયં પાપરૂપ કે પુણ્યરૂપ ધન અર્જન કરે છે, તે સર્વ કર્મપરિણામ રાજાને અર્પણ કરે છે=પ્રશસ્ત કષાયથી જે

પુણ્ય અર્જન થાય છે અને અપ્રશસ્ત કષાયથી જે પાપ અર્જન થાય છે તે સર્વ ધન કર્મપરિણામ રાજાને આપે છે. તે પ્રાપ્ત થયેલા ધન અનુસાર કર્મપરિણામ રાજા જીવમાં સુંદર અને ખરાબ અર્થો કરવામાં તે કર્મરૂપી ધનનું નિયોજન કરે છે. **॥૭૩૮-૭૩૯॥**

**શ્લોક :-**

**अयं हि विग्रहारूढः, स तु भोगपरो नृपः ।**
**भटभुक्त्या पुरा दृष्टं, दत्तमस्य पुरद्वयम् ।।७४०।।**

**શ્લોકાર્થ :-**

**આ=મહામોહ, વિગ્રહ આરૂઢ છે=ચારિત્રના સૈન્ય સાથે યુદ્ધ કરવામાં તત્પર છે. વળી તે રાજા=કર્મપરિણામ રાજા, ભોગમાં તત્પર છે=જીવોને તે તે પ્રકારના વિપાક આપવામાં તત્પર છે. પૂર્વમાં જોવાયેલું=વિમર્શ અને પ્રકર્ષ દ્વારા પૂર્વમાં જોવાયેલું, પુરદ્વય=રાજસચિત્ત અને તામસચિત્તરૂપ પુરદ્વય, આને=મહામોહને ભટભુક્તિથી અપાયું=કર્મપરિણામ રાજા દ્વારા અપાયું. ।।૭૪૦।।**

**શ્લોક :-**

**अतः पुरद्वये तत्र, सैन्यमस्त्यस्य भक्तिमत् ।**
**चित्तवृत्तिमहाटव्यामपि विग्रहतत्परम् ।।७४१।।**

**શ્લોકાર્થ :-**

**આથી=કર્મપરિણામ રાજાએ ભટભુક્તિમાં બે નગરો આપ્યાં છે આથી, પુરદ્વયમાં=રાજસચિત્ત અને તામસચિત્ત નગરમાં, તે ચિત્તવૃત્તિ મહાટવીમાં પણ આનું=મહામોહનું, ભક્તિવાળું=કર્મપરિણામ રાજા પ્રત્યે ભક્તિવાળું, વિગ્રહમાં તત્પર=ચારિત્ર સાથે યુદ્ધ કરવામાં તત્પર, સૈન્ય છે. ।।૭૪૧।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह किं राज्यं, क्रमाभ्यागतमेतयोः ।**
**किंवाऽन्यदीयमेवेदं, गृहीतं बलवत्तया ।।७४२।।**

શ્લોકાર્થ :-

**પ્રકર્ષ કહે છે. આમનું=રાગકેસરી અને દ્વેષગજેન્દ્રનું શું ક્રમથી આવેલું રાજ્ય છે=રાજસચિત્ત અને તામસચિત્ત નગરમાં રાજ્ય છે અથવા બીજાનું જ બલવાનપણાથી આ=રાજ્ય, ગ્રહણ કરાયું છે.**

સંસારમાં જેમ બાપદાદાના ક્રમથી કોઈકને રાજ્ય પ્રાપ્ત થાય છે તો વળી કોઈક બલવાન પુરુષ અન્યનું રાજ્ય પચાવે છે અને ત્યાંનો રાજા બને છે, તેમ આ રાગકેસરી અને દ્વેષગજેન્દ્રનું રાજ્ય કઈ રીતે તેમને પ્રાપ્ત થયું છે એ પ્રકારે પ્રકર્ષ પૂછે છે. **||૭૪૨||**

શ્લોક :-

**विमर्शः प्राह वत्सेदं, न क्रमागतमेतयोः ।**
**परकीयं परं राज्यं, प्रसह्याभ्यां वशीकृतम् ।।७४३।।**

શ્લોકાર્થ :-

**વિમર્શ કહે છે. હે વત્સ ! આ બંનેનું આ=રાજ્ય, ક્રમથી આવેલું નથી. પરંતુ પરકીય એવું રાજ્ય આ બંને દ્વારા બળાત્કારે વશ કરાયું છે. ||૭૪૩||**

શ્લોક :-

**सकर्मकस्य जीवस्य, संसारीत्यभिधाभृतः ।**
**स्वीकृताऽऽभ्यां स्ववीर्येण, चित्तवृत्तिमहाटवी ।।७४४।।**

શ્લોકાર્થ :-

**સંસારી એ પ્રમાણે નામને ધારણ કરનાર સકર્મવાળા જીવની ચિત્તવૃત્તિ મહાટવી આ બંને દ્વારા=રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર દ્વારા, સ્વવીર્યથી સ્વીકાર કરાઈ છે. ||૭૪૪||**

શ્લોક :-

**प्रकर्षः प्राह तद्राज्यग्रहे कालः कियानभूत् ।**
**विमर्शः प्राह नैवादिं, जाने नान्येऽपि जानते ।।७४५।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. તે રાજ્યના ગ્રહણમાં કેટલો કાળ થયો છે ? વિમર્શ કહે છે. આદિ હું જાણતો નથી. અન્ય પણ જાણતા નથી. ॥૭૪૫॥**

**શ્લોક :-**

**परमार्थस्त्वयं वत्स !, कथ्यते तव सांप्रतम् ।**
**स कर्मपरिणामाख्यो, गरिष्ठो विष्टराधिपः ॥७४६॥**

**શ્લોકાર્થ :-**

**વળી, હે વત્સ ! હમણાં આ પરમાર્થ તને કહેવાય છે. ગરિષ્ઠ કર્મપરિણામ નામનો તે વિષ્ટર અધિપ છે=સિંહાસન ઉપર બેઠેલો રાજા છે. ॥૭૪૬॥**

**શ્લોક :-**

**अयं पुनर्महामोहस्तस्यादेशविधायकः ।**
**तन्नियुक्तभटासेव्यस्तत्कोशस्य च वृद्धिकृत् ॥७४७॥**

**શ્લોકાર્થ :-**

**વળી, આ મહામોહ તેના આદેશને કરનાર છે=કર્મપરિણામના આદેશને કરનાર છે, તેનાથી નિયુક્ત ભટ્ટોથી આસેવ્ય=કર્મપરિણામ રાજાથી નિયોજન કરાયેલા ભટ્ટોથી આસેવ્ય, અને તેના કોશની વૃદ્ધિને કરનાર છે=કર્મપરિણામ રાજાના કોશની વૃદ્ધિને કરનાર છે.**

વિમર્શ પ્રકર્ષને ચિત્તવૃત્તિ અટવીમાં વિષ્ટર ઉપર બેઠેલો કર્મપરિણામ રાજા બતાવે છે અને કહે છે. આ મહામોહ કર્મપરિણામ રાજાના આદેશને કરનાર છે; કેમ કે મહામોહ આપાદક કર્મના અનુસાર જ મહામોહ પ્રવર્તે છે અને કર્મપરિણામ રાજાથી નિયોજન કરાયેલા અપ્રત્યાખ્યાનીય આદિ કષાયરૂપ ભટ્ટોથી સેવ્ય છે. વળી, આ મહામોહ કર્મના પરિણામની વૃદ્ધિને જ કરનાર હોવાથી તેના કોશની વૃદ્ધિને કરનાર છે. **॥૭૪૭॥**

શ્લોક :-

ईदृशानल्पसज्जल्पकल्पनेनाल्पितश्रमौ ।
तावतीत्य गतौ मार्गं, भवचक्राभिधं पुरम् ।।७४८।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારના ઘણા વાર્તાલાપથી સુંદર જલ્પકલ્પ દ્વારા અલ્પ કરાયેલા શ્રમવાળા એવા તે બંને=વિમર્શ અને પ્રકર્ષ બંને, માર્ગને ઓળંગીને ભવચક્ર નામના નગરમાં ગયા. ।।૭૪૮।।

શ્લોક :-

इतश्च शिशिरोऽतीतो, वनकौमारसन्निभः ।
तत्तारुण्यदशातुल्यो, जजृम्भे मधुरुद्धतः ।।७४९।।

શ્લોકાર્થ :-

હવે આ બાજુ વનની કુમાર અવસ્થા સમાન શિશિરઋતુ અતીત થઈ, તેની તારુણ્યદશાતુલ્ય ઉદ્ધત એવી વસંતઋતુ પ્રગટ થઈ. ।।૭૪૯।।

શ્લોક :-

लताकरैर्नृत्यमिव प्रकुर्वन्, कृतान्तकाष्ठागतवातधूतैः ।
दृष्टः स ताभ्यामथ काननेषु, मत्तालिरावैरिव चारु गायन् ।।७५०।।

શ્લોકાર્થ :-

હવે કૃતાંતકાષ્ઠાથી=દક્ષિણ દિશાઓમાંથી, આવેલા પવનથી હલાવેલા લતારૂપી હાથોથી જાણે નૃત્ય કરતો, મત્ત થયેલા ભમરાઓના શબ્દોથી જાણે મનોહર ગાયન કરતો તે=વસંત, તે બંને વડે=વિમર્શ અને પ્રકર્ષ વડે, જંગલમાં જોવાયો. ।।૭૫૦।।

શ્લોક :-

हसन्निवोद्यत्कुसुमाट्टहासैः, पठन् शुकानामिव जल्पितेन ।
रज्यन्निवाशोकलताविलासैर्नमन्निवालोलतरूत्तमाङ्गैः ।।७५१।।

શ્લોકાર્થ :-

ઉદ્ધત થયેલા કુસુમરૂપી અટ્ટહાસોથી જાણે હસતો, પોપટના શબ્દોથી જાણે ભણતો, અશોકલતાના વિલાસોથી જાણે ખુશ થતો, કંપતાં વૃક્ષોરૂપી મસ્તકોથી જાણે નમતો, તે=વસંત, જોવાયો. એમ અન્વય છે. ||૭૫૧||

શ્લોક :-

वपुर्भृतां शापमिव प्रयच्छन्, प्रवृद्धताम्राक्षकुहूरवेण ।
विलोलचूतद्रुममञ्जरीभिराकारयन् विश्वमिवाङ्गुलीभिः ।।७५२।।

શ્લોકાર્થ :-

વૃદ્ધિ પામેલા કોયલના 'કુહૂ' એ શબ્દથી પ્રાણીઓને જાણે શાપ આપતો, કંપતાં એવાં આંબાનાં વૃક્ષોની મંજરીઓરૂપી અંગુલી વડે જાણે જગતને બોલાવતો, તે=વસંત, જોવાયો. એમ અન્વય છે. ||૭૫૨||

શ્લોક :-

रुदन्निव प्रच्युतसिन्दुवारपुष्पालिदम्भाद् गलिताश्रुधारम् ।
क्रन्दन्निव च्छन्ननिकुञ्जगुञ्जत्कपोतहुङ्कारपरंपराभिः ।।७५३।।

શ્લોકાર્થ :-

પડેલાં સિંદુવારનાં પુષ્પોની શ્રેણીઓના દંભથી ગળતી અશ્રુધારા સહિત જાણે રુદન કરતો, ઢંકાયેલી કુંજોમાં ગુંજારવ કરતા કબૂતરના હુંકારાઓની શ્રેણીઓથી જાણે આક્રંદ કરતો તે વસંત જોવાયો. ||૭૫૩||

શ્લોક :-

रजोऽभिवर्षन्निव विप्रकीर्णामोदैः प्रियालद्रुममञ्जरीणाम् ।
प्रदर्शयन् वह्निमिव ज्वलन्तं, समुल्लसत्किंशुककैतवेन ।।७५४।।

શ્લોકાર્થ :-

પ્રિયાલવૃક્ષોની મંજરીઓની વિસ્તીર્ણ સુગંધીઓથી જાણે રજોને વરસાવતો, સમુલ્લસિત થયેલા કેસૂડાઓના બહાનાથી જાણે બળતા એવા અગ્નિને બતાવતો તે વસંત જોવાયો. ||૭૫૪||

શ્લોક :-

धावन्निवोन्मत्तमृगव्रजाणामुत्प्लुत्य यातैर्ललनान्वितानाम् ।
दिवाऽभिवल्गन्निव माधवीनां, परागहस्तैर्विततैरुदस्तैः ।।७५५।।

શ્લોકાર્થ :-

લલના સહિત=હરિણીઓ સહિત, ઉન્મત્ત થયેલા હરણાઓના ટોળાઓને કુદીને ગતિઓથી જાણે દોડતો, વિસ્તૃત ઊંચા ઉછળેલા માધવી લતાઓના પરાગોરૂપી હાથોથી જાણે દિવસે ઉછાળા મારતો તે વસંત જોવાયો. ।।૭૫૫।।

શ્લોક :-

बद्धाञ्जलिः कोरकितैर्द्रुमौघैर्लताप्रतिक्षिप्तमिलिन्ददृष्टिः ।
उदीतनव्याङ्कुरकण्टकश्रीर्मूर्च्छां गतः पञ्चममूर्च्छनाभिः ।।७५६।।

શ્લોકાર્થ :-

ફળની કળીઓથી યુક્ત એવાં વૃક્ષોના સમૂહોથી અંજલિયુક્ત, લતાઓ પ્રતિ ફેંકેલ છે ભમરાઓરૂપી દૃષ્ટિ જેણે એવો, ઊગેલા નવા અંકુરાઓ રૂપી કાંટાની શોભાવાળો, પંચમ રાગની મૂર્છનાઓથી મૂર્છાને પામેલો એવો વસંત પ્રગટ થયો એમ અન્વય છે. ।।૭૫૬।।

શ્લોક :-

तैस्तैर्विलासैरनवग्रहोऽपि, नवग्रहावेशविकारदर्शी ।
अपत्रपः सद्दलरक्षकोऽपि, कृतोदयोऽप्युत्कलिकालसत्तः ।।७५७।।
अष्टभिः कुलकम् ।।

શ્લોકાર્થ :-

તે તે વિલાસોથી અનવગ્રહ પણ નવ ગ્રહના આવેશવાળા વિકારને બતાવનારો, સત્ દલનો રક્ષક પણ લજ્જા વગરનો, કરાયેલા ઉદયવાળો પણ ઉત્કલિકાથી લસદ્ એવો વસંત થયો. ।।૭૫૭।।

શ્લોક :-

ततो विमर्शोऽन्ववदत् प्रकर्षं, काले तवेच्छा भवचक्रदृष्टेः ।
अस्याधुना सुन्दरता हि गुर्वी, पीयूषरश्मेरिव पूर्णिमायाम् ।।७५८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમર્શે પ્રકર્ષને કહ્યું, ભવચક્રને જોવાની તારી ઈચ્છા કાલમાં (સમય આવ્યે પૂર્ણ થશે.), પૂર્ણિમાના દિવસમાં જેમ ચંદ્રની તેમ હમણાં આની=વસંતઋતુની સુંદરતા મોટી છે. ।।૭૫૮।।

શ્લોક :-

धावन्ति लोका बकुलद्रुमेषु, कुर्वन्ति लीलां स्मितमाधवीषु ।
लुभ्यन्ति पश्यारुणपल्लवेषु, न यान्ति तृप्तिं सहकारवृक्षे ।।७५९।।

શ્લોકાર્થ :-

તું જો=વિમર્શ પ્રકર્ષને કહે છે તું જો, લોકો બકુલ વૃક્ષો વિષે દોડે છે, સ્મિત એવી માધવી લતાઓ વિષે લીલાને કરે છે, લાલ રંગનાં પાંદડાંઓ પ્રત્યે લોભાય છે, આંબાના વૃક્ષ પ્રત્યે તૃપ્તિને પામતા નથી. ।।૭૫૯।।

શ્લોક :-

लताः सुभुक्ता मधुपैरतुच्छगुच्छश्रियः पाटलपल्लवाग्राः ।
इमाः स्वतुल्याः कुलटाः श्रयन्ति, लसत्कराः पीनकुचाभिरामाः ।।७६०।।

શ્લોકાર્થ :-

ઉલ્લસાયમાન હાથોવાળી, તથા પુષ્ટ સ્તનથી મનોહર એવી આ કુલટા સ્ત્રીઓ ભમરાઓ વડે સારી રીતે ભોગવાયેલી અતુચ્છ ગુચ્છાઓની શોભાવાળી, લાલ એવાં પાંદડાંઓના અગ્રભાગવાળી પોતાના તુલ્ય એવી આ લતાઓનો, આશ્રય કરે છે. ।।૭૬૦।।

શ્લોક :-

समुद्यतानां कुसुमोच्चयाय, स्त्रीणां कुचस्पर्शमवाप्य मत्ताः ।
स्वेदं सुमौघैर्मरुता च कम्पं, किं सात्त्विकं न स्फुटयन्ति वृक्षाः ।।७६१।।

શ્લોકાર્થ :-

પુષ્પોને એકઠાં કરવા માટે સમુદ્યત થયેલી એવી સ્ત્રીઓના સ્તન-સ્પર્શને પ્રાપ્ત કરીને મત્ત થયેલાં એવાં વૃક્ષો, પુષ્પોના સમૂહથી પસીનાને, અને વાયુથી સાત્ત્વિક એવા કંપને શું પ્રગટ નથી કરતાં ? અર્થાત્ કરે જ છે. ॥૭૬૧॥

શ્લોક :-

पश्यैष चित्तेषु वियोगिनीनां, द्विजोऽग्निहोत्राय पिकः प्रवृत्तः ।
पाठः श्रुतेरस्य निशम्यतेऽसौ, नादो नु साक्षीकृतकामदेवः ॥७६२॥

શ્લોકાર્થ :-

તું જો, વિયોગી સ્ત્રીઓના ચિત્તોમાં સાક્ષીરૂપ કરેલ છે કામદેવ જેણે એવો, આ કોકિલરૂપી બ્રાહ્મણ અગ્નિહોત્ર કરવા લાગ્યો છે, આનો શબ્દરૂપી આ શ્રુતિનો પાઠ સંભળાય છે. ॥૭૬૨॥

શ્લોક :-

उच्चैःस्थितं लातुमपारयन्तीं, प्रियां प्रियोऽत्र स्तनभारनम्राम् ।
दत्ते लतापुष्पमुदीतमोहो, मुहुर्मुहुश्चुम्बननिष्क्रयेण ॥७६३॥

શ્લોકાર્થ :-

અહીં ઊંચે રહેલા લતાનાં પુષ્પને લેવા માટે અસમર્થ થતી, સ્તનના ભારથી નમ્ર થયેલી એવી પ્રિયાને, ઉદીત એવા મોહવાળો પ્રિય વારંવાર ચુંબનના બદલા વડે (લતાનાં પુષ્પોને) આપે છે. ॥૭૬૩॥

શ્લોક :-

लतानिकुञ्जेषु लसन्ति यूनां, बन्धैर्विचित्रैरिह मैथुनानि ।
तैरेव पुष्पैः स्मरमल्लयुद्धावलोकनानन्दिभिरर्चितानि ॥७६४॥

શ્લોકાર્થ :-

કામદેવરૂપી મલ્લના યુદ્ધને જોઈને આનંદિત થયેલાં તે જ પુષ્પો વડે

અર્ચિત થયેલાં યુવાનોના યુગલો વિચિત્ર પ્રકારના બંધો વડે અહીં લતાનિકુંજોમાં વિલાસ કરે છે. ॥૭૬૪॥

શ્લોક :-

कान्तारदेशाः कुसुमोच्चयेच्छुकान्तापदालक्तकरक्तभासः ।
संक्रान्तमन्तः कुसुमेषु रागं, बलादमान्तं बहिरुद्गिरन्ति ।।७६५।।

શ્લોકાર્થ :-

કુસુમને ભેગાં કરવાની ઈચ્છાવાળી સ્ત્રીઓના પગની આલક્તથી= અળતાથી, લાલ કાંતિવાળા પુષ્પોની અંદર સંક્રાંત પામતા, વનના ભાગો નહીં સમાતા એવા રંગને બળથી બહાર કાઢે છે. ॥૭૬૫॥

શ્લોક :-

निरीक्ष्य दोलासु विलोलनेत्रा, विस्तारिहाराः परिवर्तमानाः ।
स्मरोऽपि भूयोलयघूर्णमानभोगीन्द्रभृच्छम्भुधिया बिभेति ।।७६६।।

શ્લોકાર્થ :-

ચપળ નેત્રોવાળી, વિસ્તારિત હારવાળી, હીંચકાઓમાં પરિવર્તન કરતી=હિંચકા ખાતી સ્ત્રીઓને જોઈને કામદેવ પણ ફરી લયથી ઘૂર્ણાયમાન થતા નાગેન્દ્રોને ધારણ કરનાર મહાદેવની બુદ્ધિથી ભય પામે છે. ॥૭૬૬॥

શ્લોક :-

सुवासितं सन्मणिभाजनस्थं, जना घनाम्भोरुहसौरभेण ।
प्रियाधरास्वादसुधानवद्यं, पिबन्ति हृद्याम्रवनेषु मद्यम् ।।७६७।।

શ્લોકાર્થ :-

ઘણા કમળોની સુગંધથી વાસિત થયેલાં, તથા ઉત્તમ મણિના વાસણમાં રહેલા મધને=દારૂને મનોહર આમ્રવનમાં રહેલા લોકો સ્ત્રીના હોઠના સ્વાદના અમૃત સરખું નિર્મલ (માનીને) પીએ છે. ॥૭૬૭॥

શ્લોક :-

गायन्ति गीतानि हसन्ति मत्ताश्चुम्बन्ति कान्तावदनाम्बुजानि ।
वदन्ति गुह्यानि सहस्ततालमापानके के न सुरामदेन ।।७६८।।

શ્લોકાર્થ :-

સુરાના મદથી કેટલાક આપાનકમાં=મધપાનના સ્થાનમાં ગીતોને ગાય છે, મત્ત થયેલા હસે છે, સ્ત્રીનાં મુખરૂપી કમળોને ચુંબન કરે છે. હાથના તાલ સહિત ગુહ્ય બોલે છે. ।।૭૬૮।।

શ્લોક :-

चित्तादिवाकृष्य सुरामदेन, नेत्रेषु रागो निहितः प्रियाणाम् ।
चकास्ति विस्तारितदीप्तिरुच्चैरम्भोधिमध्योद्धृतरत्नबन्धुः ।।७६९।।

શ્લોકાર્થ :-

સુરાના મદથી સ્ત્રીઓના ચિત્તમાંથી જાણે ખેંચીને નેત્રોમાં સ્થાપન કરાયેલો, અત્યંત વિસ્તારયુક્ત કાંતિવાળો, સમુદ્રની મધ્યમાંથી ઉદ્ધૃત રત્નબંધુ એવો રાગ શોભે છે. ।।૭૬૯।।

શ્લોક :-

विघूर्णमानानि मुखानि मद्यान्मृगेक्षणानामधुनाऽरुणानि ।
नवार्ककान्तिच्छुरितोर्मिनृत्यत्सरोजलक्ष्मीं प्रविडम्बयन्ति ।।७७०।।

શ્લોકાર્થ :-

મધપાનથી ડોલતાં સ્ત્રીઓનાં લાલ થયેલાં મુખો નવા સૂર્યની કાંતિથી યુક્ત થયેલાં મોજાંઓથી નાચતાં એવાં કમળોની શોભાને ધારણ કરે છે. ।।૭૭૦।।

શ્લોક :-

वदत्येव विमर्शोऽदो, मधुलीलादिदृक्षया ।
नगरान्निर्गतो राजा, पौरराजकसेवितः ।।७७१।।

શ્લોકાર્થ :-

આ રીતે વિમર્શ બોલ્યે છતે મધુલીલાને જોવાની ઈચ્છાથી=વસંતઋતુની લીલાને જોવાની ઈચ્છાથી, નગરના લોકોથી અને રાજલોકોથી સેવાતો આ રાજા નગરથી નીકળ્યો. ।।૭૭૧।।

શ્લોક :-

स विमर्शप्रकर्षाभ्यां, दृष्टोऽब्धिरिव फेनवान् ।
सितातपत्रस्फीतश्रीर्वज्रीव विबुधाश्रितः ।।७७२।।

શ્લોકાર્થ :-

ફેનવાળા સમુદ્રના જેવો=ઉછાળા મારતા દરિયાના જેવો, સિત આતપત્રની સ્ફીત લક્ષ્મીવાળો=સફેદ છત્રને ધારણ કરનાર હોવાથી સુંદર શોભાવાળો, દેવોથી સેવાતા ઈન્દ્ર જેવો તે રાજા વિમર્શપ્રકર્ષ દ્વારા જોવાયો. ।।૭૭૨।।

શ્લોક :-

उद्यानमथ संप्राप्तो, रेजे राजकमध्यगः ।
शङ्खेषु दक्षिणावर्त, इव विस्तृतदीधितिः ।।७७३।।

શ્લોકાર્થ :-

હવે રાજપુરુષોની મધ્યમાં રહેલો, ઉદ્યાનમાં સંપ્રાપ્ત, શંખોમાં દક્ષિણાવર્તની જેમ વિસ્તૃત તેજવાળો તે રાજા શોભે છે. ।।૭૭૩।।

શ્લોક :-

मृदङ्गाः प्रहतास्तूर्णं, वादिता वेणवस्तदा ।
ययौ तालरवो वृद्धिं, प्रवृत्ता जनकेलयः ।।७७४।।

શ્લોકાર્થ :-

ત્યારે શીઘ્ર મૃદંગો વગાડાયાં, વીણાઓ વગાડાઈ, તાલરવ વૃદ્ધિને પામ્યો. લોકોની રમૂજો પ્રવૃત્ત થઈ. ।।૭૭૪।।

**શ્લોક :-**

**केचिन्नृत्यन्ति वल्गन्ति, केऽपि धावन्ति केचन ।**
**केचित् कलकलायन्ते, हसन्त्यपि च केचन ।।७७५।।**
**केचिद् गायन्ति गीतानि, केऽप्युत्कृष्टीर्वितन्वते ।**
**शृङ्गैः सिञ्चन्ति सौवर्णैः, केऽपि कश्मीरजद्रवैः ।।७७६।।**

**युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**કેટલાક નૃત્ય કરે છે, કેટલાક કૂદે છે, કેટલાક દોડે છે, કેટલાક કલકલ અવાજ કરે છે, કેટલાક હસે પણ છે. કેટલાક ગીતોને ગાય છે, કેટલાક હીંચકાઓ ખાય છે, કેટલાક કેસરથી થયેલા દ્રવોવાળાં સૌવર્ણ શૃંગોથી=સુવર્ણની પિચકારીઓથી સિંચે છે. ।।૭૭૫-૭૭૬।।**

**શ્લોક :-**

**विलासमीदृशं प्रेक्ष्य, विमर्शेनेति चिन्तितम् ।**
**अहो काऽपि महामोहशक्तिर्विश्वप्रमाथिनी ।।७७७।।**

**શ્લોકાર્થ :-**

**આવા પ્રકારનો વિલાસ જોઈને વિમર્શ વડે આ પ્રમાણે વિચારાયું. અહો ! વિશ્વને પ્રમાર્થન કરનાર કોઈક મોહશક્તિ છે.**

તત્ત્વને જોવામાં નિર્મળ દૃષ્ટિવાળા વિમર્શને રાજાની તેવી સર્વ ચેષ્ટા જોઈને વિચાર આવે છે કે વિશ્વના જીવોને ઉન્માર્ગમાં ચઢાવનાર કોઈક મોહશક્તિ છે. જેથી સુખના અર્થી જીવો નિરાકુળ સુખને છોડીને આ પ્રકારે ચેનચાળા કરે છે. **।।૭૭૭।।**

**શ્લોક :-**

**अहो सर्वंकषं वीर्यं, रागकेसरिभूपतेः ।**
**अहो प्रतापो विषयाभिलाषस्य प्रसृत्वरः ।।७७८।।**

શ્લોકાર્થ :-

અહો ! રાગકેસરી રાજાનું બધાને કસનારું વીર્ય=બધાને સ્વાધીન કરનારું વીર્ય, અહો ! વિષયાભિલાષનો વિસ્તાર પામતો પ્રતાપ. ॥૭૭૮॥

શ્લોક :-

अहो कामस्य वामत्वमहो रतिविजृम्भितम् ।
अहो हासभटोल्लासो, विभ्रमः कोऽप्यहो दृढः ॥७७९॥

શ્લોકાર્થ :-

અહો કામનું વક્રપણું. અહો રતિનો વિલાસ. અહો હાસ્ય ભટનો ઉલ્લાસ. અહો કોઈપણ દૃઢ વિભ્રમ=લોકોમાં કોઈક દૃઢ વિભ્રમ છે. જેથી સ્વસ્થતાને છોડીને આવી ચેષ્ટા કરે છે. ॥૭૭૯॥

શ્લોક :-

अहो अदीर्घदर्शित्वमहो विक्षिप्तचित्तता ।
अहो तृष्णानिमग्नत्वमहो श्रोतोऽनुगामिता ॥७८०॥

શ્લોકાર્થ :-

અહો, અદીર્ઘદૃષ્ટિપણું=લોકોનું મૂઢતાને કારણે તત્કાલ ચેષ્ટાઓથી આનંદ લેવાની વૃત્તિરૂપ અદીર્ઘદૃષ્ટિપણું. અહો વિક્ષિપ્તચિત્તતા. અહો તૃષ્ણાનું નિમગ્નપણું=લોકોમાં વર્તતી તૃષ્ણામાં લોકોનું નિમગ્નપણું. અહો શ્રોતઅનુગામિતા=મોહના પ્રવાહરૂપ શ્રોતનું લોકો દ્વારા અનુસરણ. ॥૭૮૦॥

શ્લોક :-

ततः प्रकर्षो जगदे, पश्यंस्तत् तेन चेष्टितम् ।
भद्र ! तेऽमी जना बाह्या, ये मोहादिवशाः स्मृताः ॥७८१॥

શ્લોકાર્થ :-

ત્યારપછી=વિમર્શે પૂર્વમાં સર્વ દૃશ્યો જોઈને મહામોહનો વિલાસ કેવો છે, રાગકેસરીનો વિલાસ કેવો છે ઈત્યાદિ વિચાર્યું ત્યારપછી, તેના

**વડે=વિમર્શ વડે, તે ચેષ્ટિતને જોતો એવો પ્રકર્ષ કહેવાયો. હે ભદ્ર ! પ્રકર્ષ ! તે આ બાહ્ય લોકો છે, જે મોહાદિવશ કહેવાયા છે. ।।૭૮૧।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह चेष्टन्ते, कस्यैवं धामतो जनाः ।**
**विमर्शः प्राह यो दृष्टो, महाविष्टरसंस्थितः ।।७८२।।**
**तृष्णाख्यायां वेदिकायां, भूपतिर्मकरध्वजः ।**
**तस्य प्रियवयस्योऽयं, वसन्तः शिशिरात्यये ।।७८३।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. કોના ધામથી=તેજથી, લોકો આ રીતે ચેષ્ટા કરે છે= પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે ચેષ્ટા કરે છે, વિમર્શ કહે છે, તૃષ્ણાવેદિકા ઉપર મહાવિષ્ટરમાં રહેલો મકરધ્વજ રાજા જે જોવાયો, શિશિર ગયે છતે તેનો પ્રિય મિત્ર આ વસંત છે તેના તેજથી લોકો આ ચેષ્ટા કરે છે એમ અન્વય છે.**

શિશિર ઋતુ પછી વસંતઋતુ આવે છે અને વસંતઋતુ કામનો પ્રિય મિત્ર છે; કેમ કે વસંતઋતુમાં લોકોમાં કામઉલ્લસિત થાય છે અને તૃષ્ણાવેદિકા ઉપર જે વિપર્યાસ નામનું સિંહાસન છે, તેના ઉપર કામદેવ રાજા બેઠેલો છે. જેના પ્રતાપથી કામને વશ થયેલા જીવો વસંતઋતુમાં આ પ્રકારે ચેષ્ટા કરે છે. **॥૭૮૨-૭૮૩॥**

**શ્લોક :-**

**गतस्तदन्तिके कालपरिणत्येकसेवकः ।**
**आज्ञारहस्यं तस्मै च, स्वामिन्यास्तेन भाषितम् ।।७८४।।**

**શ્લોકાર્થ :-**

**કાલપરિણતિનો એક સેવક તેની પાસે=વસંતઋતુની પાસે, ગયો અને તેના વડે=કાલપરિણતિના સેવક વડે, સ્વામી એવી કાલપરિણતિની આજ્ઞાનું રહસ્ય તેને=વસંતઋતુને, કહેવાયું. ।।૭૮૪।।**

શ્લોક :-

गन्तव्यं भवचक्रे मे, मानवावासपत्तने ।
वियोगभीरुस्तदहं, दर्शनाय तवागतः ।।७८५।।

શ્લોકાર્થ :-

ભવચક્રમાં માનવાવાસ નગરમાં મને=કાલપરિણતિના સેવક એવા વસંતઋતુને, જવાનું છે. તે કારણથી વિયોગનો ભીરુ એવો હું=મકરધ્વજના વિયોગનો ભીરુ એવો વસંતઋતુ, તારા દર્શન માટે આવ્યો છું=મકરધ્વજના દર્શન માટે આવ્યો છું. ।।૭૮૫।।

શ્લોક :-

मकरध्वजभूपोऽथ, प्राह किं न स्मरस्यदः ।
वर्षेऽतीते मया तत्र, सहैव विलसिष्यसि ।।७८६।।

શ્લોકાર્થ :-

હવે મકરધ્વજ રાજા કહે છે. શું અતીત વર્ષ વિષયક તું આ સ્મરણ કરતો નથી=અતીત વર્ષમાં તેં મારી સાથે વિલાસ કર્યો, તેમ ભવિષ્યમાં પણ મારી સાથે જ તું વિલાસ કરીશ. ।।૭૮૬।।

શ્લોક :-

गन्तुं दत्ते पुरे तत्र, स्वामिन्याज्ञां यदा तव ।
महामोहनृपो दत्ते, ममाप्याज्ञां तदा ध्रुवम् ।।७८७।।

શ્લોકાર્થ :-

સ્વામિની=કાલપરિણતિરૂપ સ્વામિની, જ્યારે તને=વસંતઋતુને તે નગરમાં=માનવાવાસ નગરમાં, જવા માટે આજ્ઞા કરે છે. ત્યારે નક્કી મહામોહરાજા મને પણ=મકરધ્વજને પણ, આજ્ઞા આપે છે=માનવાવાસમાં જવાની આજ્ઞા આપે છે. ।।૭૮૭।।

શ્લોક :-

वियोगभीर्न तत्कार्या, गन्तव्यं भवताऽधुना ।
अहमप्यनुगच्छामि, त्वामादेशान्महीपतेः ।।७८८।।

શ્લોકાર્થ :-

તે કારણથી વિયોગનો ભય કરવો જોઈએ નહિ. તારા વડે=વસંતઋતુ વડે, માનવાવાસમાં જવું જોઈએ. હું પણ=મકરધ્વજ પણ, મહીપતિના આદેશથી=મહામોહના આદેશથી, તને=વસંતઋતુને, અનુસરું છું. ।।૭૮૮।।

શ્લોક :-

ततः पुरे वसन्तोऽत्र, समायातो विलासवान् ।
अन्वागतश्च मन्त्र्यादीन्, विज्ञप्य मकरध्वजः ।।७८९।।

શ્લોકાર્થ :-

તેથી=વસંતઋતુને મકરધ્વજ અનુસરે છે તેથી, આ નગરમાં= માનવાવાસ નગરમાં, વિલાસવાળો વસંત આવ્યો અને મંત્રી આદિને જણાવીને મકરધ્વજ આવ્યો=માનવાવાસનગરમાં આવ્યો. ।।૭૮૯।।

શ્લોક :-

महामोहेन तद्राज्यं, प्रदत्तं तस्य चाखिलम् ।
दत्ताश्चान्येऽपि भूपालास्तस्य निर्देशवर्तिनः ।।७९०।।

શ્લોકાર્થ :-

મહામોહ વડે તેને=મકરધ્વજને, અખિલ તે રાજ્ય=માનવાવાસ નગરનું રાજ્ય, અપાયું અને અન્ય પણ તેના નિર્દેશવર્તી રાજાઓ અપાયા= મકરધ્વજના નિર્દેશવર્તી રાજાઓ મહામોહ વડે અપાયા. ।।૭૯૦।।

શ્લોક :-

महत्त्वं स्वयमप्यस्य प्रतिपन्नं स्थितिर्हि सा ।
तथैवानुकृतं रागकेसरिप्रमुखैरपि ।।७९१।।

શ્લોકાર્થ :-

**સ્વયં પણ=મહામોહે સ્વયં પણ, આનું=મકરધ્વજનું, મહત્ત્વ સ્વીકાર્યું છે. हि=જે કારણથી, તે સ્થિતિ છે=મકરધ્વજને મહત્ત્વ આપવું તે મહામોહની મર્યાદા છે. રાગકેસરી વગેરે વડે પણ તે પ્રમાણે જ=જે પ્રમાણે મહામોહે મહત્ત્વ આપ્યું તે પ્રમાણે જ, સ્વીકારાયું છે.**

જીવમાં વર્તતા મહામોહને કારણે જ માનવાવાસમાં વસંતઋતુ વખતે લોકોને કામસેવનાની મનોવૃત્તિ થાય છે. તેથી મહામોહે જ તે રાજ્ય મકરધ્વજને આપ્યું છે. વળી, સાથે કામને પોષે તેવા અનેક અવાંતર કષાયોની પરિણતિરૂપ રાજાઓ મહામોહના આદેશથી જીવમાં આવે છે. આથી જ તે તે પ્રકારના વસંતઋતુમાં સંસારી જીવો કામના ચાળાઓ કરે છે. વળી, વસંતઋતુમાં જીવમાં મહામોહ હોવા છતાં મહામોહે જ કામને મહત્ત્વ આપેલું છે; કેમ કે મહામોહની તેવી જ મર્યાદા છે કે જીવોને વસંતઋતુમાં કામવશ કરીને કામનું મહત્ત્વ જ સ્થાપન કરે. વળી, વસંતઋતુમાં લોકો જેમ કામનું અતિસેવન કરે છે, તેમ સુંદર પકવાનો આદિ કરીને વિલાસમય જીવન જીવે છે. તેથી રાગની પરિણતિ વગેરેએ પણ કામને મહત્ત્વ આપેલું છે. **॥૭૯૧॥**

શ્લોક :-

**महामोहवदेवैनं, सेवन्ते तं महाभटाः ।**
**लोलाक्षो मानवावासे, योऽप्ययं बाह्यभूपतिः ।।७९२।।**
**सोऽपि वीर्येण निर्जित्यानेन निःसारितो बहिः ।**
**न च तज्जितमात्मानं, मायामूढः स मन्यते ।।७९३।।**

શ્લોકાર્થ :-

**મહામોહની જેમ જ આને=મકરધ્વજને, તેને=રાગકેસરી વગેરેને, મહાભટો સેવે છે. માનવાવાસમાં જે પણ આ લોલાક્ષ નામનો બાહ્ય રાજા છે તે પણ આના વડે=મકરધ્વજ વડે, વીર્યથી જિતાઈને બહાર કઢાયો છે=નગરની બહાર ઉદ્યાનમાં મોકલાવાયો છે, અને માયામૂઢ એવો તે=લોલાક્ષ રાજા, તેનાથી જિતાયેલા આત્માને માનતો નથી. ।।૭૯૨-૭૯૩।।**

શ્લોક :-

भूयांसो येऽप्यमी लोकाश्चेष्टन्तेऽनेन निर्जिताः ।
नात्मानं तेऽपि जानन्ति, तादृशं पतिताश्छले ।।७९४।।

શ્લોકાર્થ :-

આના વડે=મકરધ્વજ વડે, જિતાયેલા ઘણા પણ જે આ લોકો ચેષ્ટા કરે છે, તે પણ તેવા પ્રકારે છલમાં પડેલા=જે પ્રકારે લોલાક્ષ રાજા મકરધ્વજના છલમાં પડેલા તેવા પ્રકારે છલમાં પડેલા, આત્માને જાણતા નથી. ।।૭૯૪।।

શ્લોક :-

ततो व्यतिकरादस्मान्मकरध्वजधामतः ।
एवं लोका विचेष्टन्ते, वसन्तोन्मादसादराः ।।७९५।।

શ્લોકાર્થ :-

તે વ્યતિકરથી=લોલાક્ષ રાજા અને બીજા પણ ઘણા લોકો મકરધ્વજથી જિતાયા છે અને પોતે જિતાયા છે તે જાણતા નથી તે વ્યતિકરથી, આ મકરધ્વજના તેજને કારણે લોકો વસંતના ઉન્માદમાં આદરવાળા આ રીતે ચેષ્ટા કરે છે. ।।૭૯૫।।

શ્લોક :-

प्रकर्षः प्राह कुत्रासौ, वर्तते मकरध्वजः ।
विमर्शः प्राह नन्वेष, सन्निधौ नाटयत्यमून् ।।७९६।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. આ મકરધ્વજ ક્યાં વર્તે છે. વિમર્શ કહે છે. સન્નિધિમાં આ=મકરધ્વજ, આમને=લોકોને નચાવે છે. ।।૭૯૬।।

શ્લોક :-

प्रकर्षेण ततः प्रोक्तं, कुतोऽसौ नोपलभ्यते ।
विमर्शः प्राह दृश्यन्ते, नान्तराश्चर्मचक्षुषा ।।७९७।।

**શ્લોકાર્થ :-**

**તેથી=વિમર્શે કહ્યું કે મકરધ્વજ લોકોને નચાવે છે તેથી, પ્રકર્ષ વડે કહેવાયું. કયા કારણથી આ=મકરધ્વજ, દેખાતો નથી ? વિમર્શ કહે છે – ચર્મચક્ષુ વડે અંદર રહેલાઓ=અંતરંગ એવા મકરધ્વજ આદિ, દેખાતા નથી. ॥૭૯૭॥**

**શ્લોક :-**

**यदि तद्दर्शनाकाङ्क्षा, बाधते तव मानसम् ।**
**गृहाण विमलालोकं, तन्मदीयं दृगञ्जनम् ।।७९८।।**

**શ્લોકાર્થ :-**

**જો તેના દર્શનની આકાંક્ષા તારા માનસને બાધ કરે છે=મકરધ્વજને જોવાની ઈચ્છા તારા માનસને પીડા કરે છે, તો મારું વિમલાલોક નામનું દૃષ્ટિનું અંજન તું ગ્રહણ કર.**

તત્ત્વને જોવાની વિમર્શશક્તિનું જે સમ્યક્જ્ઞાનરૂપ અંજન છે, તેને તું ગ્રહણ કર. જેથી લોલાક્ષ રાજાદિના સાન્નિધ્યમાં બેઠેલા મકરધ્વજને તું જોઈ શકે. **॥૭૯૮॥**

**શ્લોક :-**

**दीयतां तदिति व्यक्तं, वदतोऽस्य दृशोर्युगम् ।**
**अञ्जितं तेन विमलालोकेनामलतेजसा ।।७९९।।**

**શ્લોકાર્થ :-**

**તે અપાવ. તે પ્રમાણે વ્યક્ત બોલતા આનું=પ્રકર્ષનું, ચક્ષુયુગલ તેના વડે=વિમર્શ વડે, અમલ તેજવાળા એવા વિમલાલોકથી અંજિત કરાયું. ॥૭૯૯॥**

**શ્લોક :-**

**करामलकवत् तेन, दृष्टस्तस्य प्रभावतः ।**
**हृदयेषु मनुष्याणां, ससैन्यो मकरध्वजः ।।८००।।**

શ્લોકાર્થ :-

કરમાં રહેલા આમળાની જેમ તેના પ્રભાવથી=અંજનના પ્રભાવથી, તેના વડે=પ્રકર્ષ વડે, સૈન્ય સહિત મકરધ્વજ મનુષ્યોનાં હૃદયોમાં જોવાયો. ॥૮૦૦॥

શ્લોક :-

सहर्षेण प्रकर्षेण, ततः प्रोक्तं मयाऽपि हि ।
कृतराज्याभिषेकोऽयं, दृश्यते मकरध्वजः ।।८०१।।

શ્લોકાર્થ :-

તેથી=સૈન્ય સહિત મકરધ્વજ જોવાયો તેથી, હર્ષ સહિત પ્રકર્ષ વડે કહેવાયું. કરાયેલા રાજ્યાભિષેકવાળો આ મકરધ્વજ મારા વડે પણ દેખાય છે. ॥૮૦૧॥

શ્લોક :-

एष सिंहासनस्थोऽपि, विध्यत्येतान् शिलीमुखैः ।
जनांस्तान् क्रन्दतो दृष्ट्वा, करतालं ददात्यसौ ।।८०२।।

શ્લોકાર્થ :-

સિંહાસનમાં રહેલો પણ આ=મકરધ્વજ, આ લોકોને=બાહ્ય નગરના લોકોને, બાણોથી વીંધે છે. આક્રંદ કરતા તેઓને જોઈને=કામની પીડાથી આક્રંદ કરતા લોકોને જોઈને, આ=મકરધ્વજ, તાળીઓ વગાડે છે. ॥૮૦૨॥

શ્લોક :-

सुहतं सुहतं देव !, त्वयेति स्फुटभाषिणः ।
उल्लासं वर्धयन्त्यस्य, किङ्कराः पुरतः स्थिताः ।।८०३।।

શ્લોકાર્થ :-

હે દેવ ! તારા વડે સુંદર હણાયું, સુંદર હણાયું=લોકોને સુંદર કામથી વિહ્વળ કરાયા. એ પ્રમાણે સ્પષ્ટ બોલનારા આગળમાં રહેલા

કિંકરો=કામદેવના અવાંતર કષાયો, આનો=મકરધ્વજનો, ઉલ્લાસ વધારે છે. ॥૮૦૩॥

શ્લોક :-

केवलं मातुलाभ्यर्णे सम्प्रत्यस्याखिला अपि ।
विलोक्यन्ते सपत्नीका, महामोहादयो भटाः ॥८०४॥

શ્લોકાર્થ :-

હે મામા ! કેવલ આના=મકરધ્વજના, પાસે હમણાં અખિલ પણ પત્ની સહિત મહામોહાદિ ભટો દેખાય છે=પ્રકર્ષ વડે દેખાય છે. ॥૮૦૪॥

શ્લોક :-

दृश्यन्ते नारतिद्वेषगजेन्द्राद्याः कथं पुनः ।
विमर्शः प्राह तेऽप्यत्र, सन्त्येव हि तिरोहिताः ॥८०५॥

શ્લોકાર્થ :-

વળી, અરતિ, દ્વેષગજેન્દ્ર આદિ કેમ દેખાતાં નથી. વિમર્શ કહે છે. અહીં=મકરધ્વજની પાસે તિરોહિત એવા તે પણ=અરતિ, દ્વેષગજેન્દ્ર આદિ પણ છે જ. ॥૮૦૫॥

શ્લોક :-

अपेक्षन्ते परं सेवाऽवसरं निभृताशयाः ।
राज्येऽस्य यावदाभाव्यं, प्रगल्भन्ते महाभटाः ॥८०६॥

શ્લોકાર્થ :-

પરંતુ નિભૃત આશયવાળા=અવસરે જવું તે પહેલાં નહીં એવા પ્રકારના નિભૃત આશયવાળા, અરતિ આદિ સેવાના અવસરની અપેક્ષા રાખે છે=મકરધ્વજ આદિના સેવાના અવસરની અપેક્ષા રાખે છે. આના=મકરધ્વજના રાજ્યમાં જેટલાઓનો આભાવ્ય છે=જેટલાઓનો આગમનનો સંભવ છે, તેટલા મહાભટો કૂદાકૂદ કરે છે. ॥૮૦૬॥

**શ્લોક :-**

**लोलाक्षो यज्जितोऽनेन, मन्यतेऽस्यैव बन्धुताम् ।**
**महामोहाधिकारोऽयं, हृष्यन्त्येते जनास्तु यत् ।।८०७।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આના વડે=મકરધ્વજ વડે, જિતાયેલો લોલાક્ષ રાજા આની જ બંધુતાને=મકરધ્વજની જ મિત્રતાને, માને છે. આ મહામોહનો અધિકાર છે. જે કારણથી આ લોકો હર્ષિત થાય છે.**

લોલાક્ષ આદિ રાજાઓ કામથી હણાયા. તે કામનો તેઓના ઉપર અધિકાર હતો અને કામથી જિતાયેલા હોવા છતાં લોલાક્ષ રાજા અને લોકો કામને શત્રુ જોતા નથી. પરંતુ બંધુ જુએ છે, તે તેઓના ઉપર મહામોહનો અધિકાર છે. તેથી હર્ષિત થાય છે. **॥૮૦૭॥**

**શ્લોક :-**

**वल्गन्ति च तदाभाव्यं, रागकेसरिभूपतेः ।**
**यच्च लुभ्यन्ति विषयाभिलाषस्य तदूर्जितम् ।।८०८।।**

**શ્લોકાર્થ :-**

**અને ત્યારે રાગકેસરી રાજાનું આભાવ્ય છે, તે કારણથી કૂદે છે=લોકો કૂદે છે. વિષયાભિલાષનું તે ઊર્જિત છે, જે કારણથી લોકો લોભ કરે છે.**

મહામોહના અધિકારને કારણે લોકો વીંધાવા છતાં હર્ષિત થાય છે. તેમ તે જીવો ઉપર રાગકેસરી રાજાનું જે અધિકારરૂપ આભાવ્ય છે, તેને આશ્રયીને લોકો વસંતઋતુમાં ઉદ્યાનમાં કૂદે છે=રાગનો વિલાસ વ્યક્ત કરે છે અને તેઓને તે તે પ્રકારની કામની ઇચ્છારૂપ જે લોભ થાય છે તે તેઓમાં વર્તતા વિષયાભિલાષનો પરિણામ છે. **॥૮૦૮॥**

**શ્લોક :-**

**हासस्यैवाधिकारोऽयं, दीर्घहासैर्हसन्ति यत् ।**
**अभ्यूह्यश्चैवमन्येषां, व्यापारो नियतः पृथग् ।।८०९।।**

**શ્લોકાર્થ :-**

**હાસ્યનો જ આ અધિકાર છે. જે દીર્ઘ હાસ્યોથી હસે છે. આ રીતે=શ્લોક-૮૦૭થી અત્યારસુધી મહામોહ આદિનો અધિકાર બતાવ્યો એ રીતે, અન્યોનો=અન્ય અન્ય કષાયોનો, નિયત પૃથગ્ વિચારવો.**

વસંતઋતુમાં ઉદ્યાનમાં આવેલા લોકો હસે છે, તે જીવો ઉપર હાસ્યમોહનીયનો અધિકાર છે. આ રીતે કષાય-નોકષાયનો અધિકાર બતાવ્યા પછી ગ્રંથકારશ્રી કહે છે. જેમ મોહાદિનો પૃથગ્ પૃથગ્ નિયત વ્યાપાર બતાવ્યો તેમ અન્ય અન્ય કષાયોનો પૃથગ્ પૃથગ્ નિયત વ્યાપાર તમારે સ્વયં વિચારવો. **॥૮૦૯॥**

**શ્લોક :-**

**भुञ्जते यत्पुनर्भोगान्, चुम्बन्त्येते प्रियाननम् ।**
**कुचोपपीडं दयितामालिङ्गति प्रमोदतः ।।८१०।।**
**एतज्जातीयकार्येषु, भूपतिर्मकरध्वजः ।**
**स्वयं व्याप्रीयतेऽन्यस्य, नियोगं न ददाति च ।।८११।।**

**શ્લોકાર્થ :-**

**વળી, આ લોકો ભોગોને જે ભોગવે છે, સ્ત્રીઓના મુખને ચુંબન કરે છે, સ્ત્રીઓના કુચોના ઉપપીડનને પ્રમોદથી આલિંગન કરે છે એ જાતીય કાર્યોમાં મકરધ્વજ રાજા સ્વયં વ્યાપાર કરે છે અને અન્યને નિયોગ આપતો નથી=અધિકાર આપતો નથી.**

શ્લોક-૮૧૦-૮૧૧માં બતાવ્યું, એવી ચેષ્ટાઓ જીવમાં વર્તતો કામનો પરિણામ સ્વયં જ કરે છે. અન્ય કષાયો પાસેથી કરાવતો નથી; કેમ કે વેદના ઉદયનું કાર્ય છે. **॥૮૧૦-૮૧૧॥**

**શ્લોક :-**

**तदेवमत्र विद्यन्तेऽरतिद्वेषादयोऽप्यहो ।**
**स्वनियोगानवसरान्नाविर्भावं तु बिभ्रति ।।८१२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે અહીં=વસંતઋતુમાં એકઠા થયેલા લોકોમાં અરતિ દ્વેષાદિ પણ ખરેખર વિદ્યમાન છે. પરંતુ સ્વનિયોગનો અનવસર હોવાથી આવિર્ભાવને ધારણ કરતા નથી.**

નિમિત્તે ન પ્રાપ્ત થાય ત્યારે વસંતઋતુ કાળમાં લોકો કામની ચેષ્ટા આદિ કરે છે, તોપણ નિમિત્ત મળે તો અરતિ-દ્વેષાદિ થાય તેવી પરિણતિ તે જીવોમાં વિદ્યમાન છે. ફક્ત તે પ્રકારનો સંયોગ નહિ હોવાથી આનંદ-પ્રમોદકાળમાં તે જીવોના ચિત્તમાં અરતિ-દ્વેષ આદિ વ્યક્ત દેખાતા નથી. **॥૮૧૨॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह हृद्वृत्तौ, तत्किं शून्यः स मण्डपः ।**
**विमर्शः प्राह नह्येवं, यदमी कामरूपिणः ।।८१३।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. તો હૃદયવૃત્તિમાં શું તે મંડપ શૂન્ય છે ? વિમર્શ કહે છે. એ પ્રમાણે નથી. જે કારણથી આ=મહામોહાદિ, અંતરંગ શત્રુઓ કામરૂપી છે=બહુરૂપી છે.**

વસંતઋતુમાં માનવાવાસ નગરમાં ફરવા નીકળેલા લોકોમાં મહામોહાદિ દેખાય છે, તેમ શું ચિત્તરૂપી અટવીમાં અત્યારે તે અરતિ દ્વેષાદિ ભાવો નથી, પ્રકર્ષને એ પ્રકારની જિજ્ઞાસા થાય છે. તેનો ઉત્તર આપતાં વિમર્શ કહે છે તેવું નથી; કેમ કે આ મહામોહાદિ અંતરંગ રાજાઓ અનેક રૂપો કરે તેવા છે. એથી ચિત્તરૂપી અટવીનો મંડપ શૂન્ય નથી. તેઓથી ઘેરાયેલો છે, છતાં વસંતઋતુમાં લોકોની તે તે ચેષ્ટા દ્વારા બહાર પણ તેઓ દેખાય છે અને અંતરંગ પણ તેઓ વર્તે છે. **॥૮૧૩॥**

**શ્લોક :-**

**एतैः पूर्णं तदास्थानं, तदत्राभ्यागतैरपि ।**
**आकल्पस्थायि तद्राज्यमिदमित्वरकालिकम् ।।८१४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=આ મહામોહાદિ ચોટાઓ બહુરૂપવાળા છે તે કારણથી, અહીં=માનવાવાસ નગરમાં, આવેલા પણ આમના વડે=મહામોહાદિ વડે, તે આસ્થાન=ચિત્તવિક્ષેપ મંડપમાં ભરાયેલી મહામોહની સભા, પૂર્ણ છે. આકલ્પસ્થાયી તે રાજ્ય છે=ચિત્તવિક્ષેપ મંડપમાં તેઓનું સદાસ્થાયી એવું રાજ્ય છે. વળી, આ=માનવાવાસ નગરમાં, પ્રાપ્ત થયેલું મકરધ્વજનું રાજ્ય ઈત્વરકાલિક છે. ।।૮૧૪।।**

**શ્લોક :-**

**चिरन्तनस्थितेरेवाभिषिच्य मकरध्वजम् ।**
**राज्ये भृत्यं महामोहः, स्थितः सम्प्रति भृत्यवत् ।।८१५।।**

**શ્લોકાર્થ :-**

**ચિરંતન સ્થિતિથી જ મહામોહ ભૃત્ય એવા મકરધ્વજને રાજ્યમાં અભિષેક કરીને હમણાં નોકરની જેમ રહેલો છે.**

અનાદિકાળની સ્થિતિથી જ મહામોહ મકરધ્વજનો સ્વામી હોવા છતાં વસંતઋતુમાં માનવાવાસમાં મકરધ્વજને રાજ્ય આપે છે. તેથી વસંતઋતુમાં કામનું જ એકછત્ર સામ્રાજ્ય વર્તે છે. તે વખતે મહામોહ પણ કામના સેવકનું જ કાર્ય કરે છે. **।।૮૧૫।।**

**શ્લોક :-**

**अत्रस्थैरपि मोहाद्यैरशून्यो मोहमण्डपः ।**
**रवेर्द्यां द्योतयन्त्येव, स्पृशन्तोऽपि भुवं कराः ।।८१६।।**

**શ્લોકાર્થ :-**

**અહીં રહેલા પણ મહામોહાદિથી મોહમંડપ અશૂન્ય છે. ભૂમિમાં સ્પર્શતાં પણ સૂર્યનાં કિરણો આકાશમાં ગગનને પ્રકાશિત કરે જ છે. ।।૮૧૬।।**

**શ્લોક :-**

**अत्रान्तरे स लोलाक्षः, प्रविष्टश्चण्डिकागृहे ।**
**सम्पूज्य तां सुरां पातुमुपविष्टः पुरःस्थले ।।८१७।।**

શ્લોકાર્થ :-

એટલામાં તે લોલાક્ષ ચંડિકાગૃહમાં પ્રવેશ્યો. તેને પૂજીને=ચંડિકાને પૂજીને, સુરાને પીવા માટે આગળના સ્થળમાં બેઠો. ॥૮૧૭॥

શ્લોક :-

बद्धमापानकं तत्र, भाजनेषु धृताः सुराः ।
अर्पिताः स्वर्णचषकाः, पीयते मद्यमुद्धतैः ॥८१८॥

શ્લોકાર્થ :-

ત્યાં આપાનક બંધાયું=ભાજનોમાં સુરા=દારૂ, ધારણ કરાઈ. સ્વર્ણના ચસકાઓ અપાયા. ઉદ્ધત એવા તેઓ વડે મદ્ય પિવાય છે. ॥૬૧૮॥

શ્લોક :-

गीयते सरसं गीतं, कराब्जैरभिनीयते ।
विधीयते प्रियतमाधरबिम्बानुचुम्बनम् ॥८१९॥

શ્લોકાર્થ :-

સરસ ગીત ગવાય છે. કરરૂપી કમળો વડે અભિનય કરાય છે. પ્રિયતમાના હોઠરૂપી બિંબનું અનુચુંબન કરાય છે. ॥૮૧૯॥

શ્લોક :-

भीतयेव ह्रियोन्मादाच्च्युतवस्त्रेषु लीयते ।
स्माराद् गाम्भीर्यपिण्डेन तापादिव विलीयते ॥८२०॥

શ્લોકાર્થ :-

જાણે ભય વડે લજ્જા અને ઉન્માદથી ચ્યુત થયેલાં વસ્ત્રોમાં લીન થવાય છે. કામથી ગાંભીર્યપિંડરૂપે જાણે તાપથી વિલય પામે છે.

કામને વશ જીવોનું વીર્ય વિલય પામે છે. **॥૮૨૦॥**

શ્લોક :-

स्थीयते न विवेकेन, व्यात्तवक्त्रेक्षणाद् भिया ।
मदेन वनितालोकसंमदेनोपचीयते ॥८२१॥

શ્લોકાર્થ :-

ભયને કારણે ખુલ્લા મુખ અને ચક્ષુથી વિવેક વડે રહેવાતું નથી. સ્ત્રીઓના આલોકના સંમદરૂપ મદથી=સ્ત્રીઓના જોવાના અભિલાષરૂપ મદથી, ઉપચાર કરાય છે=તે દારૂપીઠો ઉપચય કરાય છે. ॥૮૨૧॥

શ્લોક :-

लोलाक्षस्य लघुभ्राता, सोन्मादो रिपुकम्पनः ।
प्राणप्रियामथ रतिललितां स्वामनर्त्तयत् ॥८२२॥

શ્લોકાર્થ :-

લોલાક્ષ રાજાનો ઉન્માદવાળો લઘુભ્રાતા રિપુકંપન હવે પ્રાણપ્રિયા એવી રતિલલિતાને સ્વયં નચાવે છે. ॥૮૨૨॥

શ્લોક :-

तां नृत्यन्तीं प्रतापाग्नेर्ज्वालामिव मनोभुवः ।
संक्षोभं प्राप लोलाक्षः, संप्रेक्ष्य विततत्विषम् ॥८२३॥

શ્લોકાર્થ :-

મનોભુવના=કામના પ્રતાપ અગ્નિની જાણે જ્વાલા જેવી વિસ્તૃત કાંતિવાળી નાચતી એવી તેણીને=રતિલલિતાને, જોઈને લોલાક્ષ રાજા સંક્ષોભને પામ્યો. ॥૮૨૩॥

શ્લોક :-

गाढमध्युपपन्नोऽसौ, तस्यां स्थातुं शशाक न ।
निश्चेष्टं मदिरोन्मादादापानकमथाजनि ॥८२४॥

શ્લોકાર્થ :-

ગાઢ ઉત્પન્ન થયેલા કામવાળો આ=લોલાક્ષ રાજા, તેણીમાં રહેવા માટે સમર્થ થયો નહિ=તેણીને સેવ્યા વગર રહેવા માટે સમર્થ થયો નહિ. હવે મદિરાના ઉન્માદથી આપાનક=તે મદિરાનું પીઠું, નિશ્ચેષ્ટિત થયું. ॥૮૨૪॥

શ્લોક :-

सर्वे प्रलुठिता लोकाः, प्रवृत्ताश्छर्दयो मुहुः ।
आगताः सारमेयाश्च, काकाश्चाशुचिकर्दमे ।।८२५।।

શ્લોકાર્થ :-

સર્વ લોકો આળોટવા લાગ્યા. વારંવાર ઊલટીઓ પ્રવૃત્ત થઈ. અશુચિ કર્દમમાં કાગડાઓ અને કૂતરાઓ આવ્યા. ।।૮૨૫।।

શ્લોક :-

लोलाक्षोऽथ सुरोन्मादात्, प्रसुप्ते रिपुकम्पने ।
ग्रहीतुमैहत रतिललितां स्मरपीडितः ।।८२६।।

શ્લોકાર્થ :-

હવે સુરાના ઉન્માદથી રિપુકંપન પ્રસુપ્ત થયે છતે સ્મરથી પીડિત લોલાક્ષ રાજા રતિલલિતાને ગ્રહણ કરવા માટે આવ્યો. ।।૮૨૬।।

શ્લોક :-

दृष्ट्वा प्रसारितौ बाहू, तेनोत्फणफणिप्रभौ ।
भयध्वस्तसुरोन्मादा, प्रवृत्ता सा पलायितुम् ।।८२७।।

શ્લોકાર્થ :-

તેના વડે=લોલાક્ષ રાજા વડે, ઉત્ફણની ફણિની પ્રભાવાળા=સાપની ફણા જેવા, પ્રસારિત કરાયેલા બે બાહુને જોઈને ભયથી ધ્વસ્ત સુરાના ઉન્માદવાળી તે=રતિલલિતા, પલાયન થવા માટે પ્રવૃત્ત થઈ. ।।૮૨૭।।

શ્લોક :-

लोलाक्षेण गृहीता च, वन्येभेनेव हस्तिनी ।
विमोच्य तत्करं तेन, धावन्ती सा पुनर्धृता ।।८२८।।

શ્લોકાર્થ :-

વનના હાથી વડે હાથિણીની જેમ લોલાક્ષ વડે ગ્રહણ કરાઈ. તેના

કરને છોડીને=લોલાક્ષ રાજાના હાથને છોડીને, દોડતી એવી તે= રતિલલિતા, ફરી તેના વડે=લોલાક્ષ રાજા વડે, ફરી ધારણ કરાઈ. ।।૮૨૮।।

શ્લોક :-

पुनर्विमोच्य साऽऽत्मानं, प्रविष्टा चण्डिकागृहे ।
अथ प्रादुरभूद् द्वेषगजेन्द्रो राजशासनात् ।।८२९।।

શ્લોકાર્થ :-

ફરી પોતાને છોડાવીને તે=રતિલલિતા, ચંડિકાગૃહમાં પ્રવેશી. હવે રાજાના શાસનથી=મકરધ્વજની આજ્ઞાથી, દ્વેષગજેન્દ્ર પ્રગટ થયો. ।।૮૨૯।।

શ્લોક :-

स्वडिम्भरूपैः सहितः, प्रकर्षेण निरैक्षि सः ।
विमर्शः प्राह वत्सास्य, साम्प्रतं पश्य चेष्टितम् ।।८३०।।

શ્લોકાર્થ :-

પોતાના બાળકો સહિત તે=દ્વેષગજેન્દ્ર, પ્રકર્ષ વડે જોવાયો. વિમર્શ કહે છે. હે વત્સ ! આનું ચેષ્ટિત=દ્વેષગજેન્દ્રનું ચેષ્ટિત, હમણાં તું જો. ।।૮૩૦।।

શ્લોક :-

ततो द्वेषगजेन्द्रेण, लोलाक्षः समधिष्ठितः ।
दध्यौ खड्गेन हन्म्येनां, या मां त्यक्त्वा पलायिता ।।८३१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી દ્વેષગજેન્દ્રથી લોલાક્ષ અધિષ્ઠિત થયો. વિચાર્યું. ખડ્ગ વડે આણીને=રતિલલિતાને, હણું, જેમને છોડીને પલાયન થઈ. ।।૮૩૧।।

શ્લોક :-

प्रविष्टः खड्गमुद्यम्य, चण्डिकायतनेऽथ सः ।
चण्डिका तेन तद्बुद्ध्या, मदान्धेन विदारिता ।।८३२।।

શ્લોકાર્થ :-

હવે ખડ્ગને ગ્રહણ કરીને તે=લોલાક્ષ રાજા, ચંડિકાઆયતનમાં પ્રવેશ્યો. મદાંધ એવા તેના વડે=લોલાક્ષ રાજા વડે, તદ્બુદ્ધિથી= રતિલલિતાની બુદ્ધિથી, ચંડિકા વિદારણ કરાઈ. ॥૮૩૨॥

શ્લોક :-

बहिर्निरीयाथ रतिललिता कृतपूत्कृतिः ।
तां वार्तां कथयामास, विबोध्य रिपुकम्पनम् ॥८३३॥

શ્લોકાર્થ :-

હવે બહાર નીકળીને કરાયેલા પોકારવાળી રતિલલિતાએ રિપુકંપનને જગાડીને તે વાર્તાને કહી=લોલાક્ષ રાજાની વાર્તાને કહી. ॥૮૩૩॥

શ્લોક :-

तेनापि द्वेषनागेन्द्राधिष्ठितेन प्रियागिरा ।
सतिरस्कारमाहूतो, लोलाक्षो दुष्टचेष्टितः ॥८३४॥

શ્લોકાર્થ :-

પ્રિયાની વાણીથી=રતિલલિતાની વાણીથી, દ્વેષનાગેન્દ્રથી અધિષ્ઠિત એવા તેના વડે પણ=રિપુકંપન વડે પણ, દુષ્ટ ચેષ્ટાવાળો લોલાક્ષ તિરસ્કાર સહિત બોલાવાયો. ॥૮૩૪॥

શ્લોક :-

जातः कोलाहलो भूयान्, सन्नद्धं निखिलं बलम् ।
अयुद्ध्यन्तान्धयुद्धेन, सुरोन्मत्ता मिथो भटाः ॥८३५॥

શ્લોકાર્થ :-

ઘણો કોલાહલ થયો. સંપૂર્ણ બલ સન્નદ્ધ થયું=યુદ્ધ માટે તત્પર થયું. સુરાથી ઉન્મત્ત એવા ભટ્ટો પરસ્પર અંધ યુદ્ધ દ્વારા લડવા લાગ્યા. ॥૮૩૫॥

શ્લોક :-

द्विपैर्द्विपा हयास्तार्क्ष्यैरुष्ट्रैरुष्ट्राः खराः खरैः ।
चूर्णिताः शतशस्तत्र, कातरैरपि कातराः ।।८३६।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે યુદ્ધમાં, હાથીઓથી હાથીઓ, ઘોડાઓથી ઘોડાઓ, ઊંટોથી ઊંટો, ગધેડાઓથી ગધેડા, કાતરથી પણ કાતરો સેંકડો ચૂર્ણ કરાયા. ||૮૩૬||

શ્લોક :-

अकाण्डबहुसंमर्द्दोत्थितशोणितधारया ।
तदा बभूव मद्येन, तर्पिता चण्डिकेव भूः ।।८३७।।

શ્લોકાર્થ :-

અચાનક બહુ સંમર્દથી ઉત્થિત લોહીની ધારા વડે ભૂમિ તર્પિત થઈ. જેમ ચંડિકા મદ્યથી તર્પિત થઈ. ||૮૩૭||

શ્લોક :-

लग्नौ द्वौ खड्गयुद्धेन, लोलाक्षरिपुकम्पनौ ।
जघानाथ महाक्रोधाल्लोलाक्षं रिपुकम्पनः ।।८३८।।

શ્લોકાર્થ :-

લોલાક્ષ અને રિપુકંપન બંને ખડ્ગયુદ્ધથી લાગ્યા. હવે મહાક્રોધથી રિપુકંપને લોલાક્ષને મારી નાખ્યો. ||૮૩૮||

શ્લોક :-

विमर्शश्च प्रकर्षश्च, दृष्ट्वा तं घोरविप्लवम् ।
प्रविष्टौ नगरे तत्र, स्थितौ स्थाने भयोज्झिते ।।८३९।।

શ્લોકાર્થ :-

તે ઘોર વિપ્લવને જોઈને તે નગરમાં પ્રવેશ કરાયેલા વિમર્શ અને પ્રકર્ષ ભયરહિત સ્થાનમાં રહ્યા. ||૮૩૯||

**શ્લોક :-**

विमर्शः प्राह वत्सेदं, दृष्टं द्वेषविजृम्भितम् ।
ध्रुवं पर्यवसानं स्यादीदृशं मद्यपायिनाम् ।।८४०।।

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે. હે વત્સ ! પ્રકર્ષ ! દ્વેષવિજૃંભિત આ જોવાયું. મધપાયી જીવોને આવા પ્રકારનું ધ્રુવ પર્યવસાન થાય.**

મદ્યપાન કરનારા જીવો મદ્યને વશ રિપુકંપન અને લોલાક્ષની જેમ અનુચિત કૃત્યો કરે. **II૮૪૦II**

**શ્લોક :-**

मद्यं मूलमवद्यानां, मद्यं पुण्यद्रुमानलः ।
मद्यं सद्गुणपुष्पाणां, म्लानावातपसंज्वरः ।।८४१।।

**શ્લોકાર્થ :-**

**મધ પાપોનું મૂલ છે. મધ પુણ્યરૂપી વૃક્ષ માટે અગ્નિ છે. મધ સદ્ગુણરૂપી પુષ્પોની મ્લાનિમાં આતપ સંજ્વર છે=સૂર્યનો તીવ્ર તાપ છે. ।।૮૪૧।।**

**શ્લોક :-**

मद्यं च पारदार्यं च यो न त्यजति दुर्मतिः ।
स लोलाक्ष इव क्षीबः, क्षयं याति न संशयः ।।८४२।।

**શ્લોકાર્થ :-**

**મધ અને પારદાર્ય જે દુર્મતિ ત્યાગ કરતો નથી નપુંસક એવો તે લોલાક્ષની જેમ ક્ષય પામે છે, સંશય નથી. ।।૮૪૨।।**

**શ્લોક :-**

प्रकर्षः प्राह वाक्यं ते, प्रमाणं नात्र संशयः ।
तयोः सुखं विचरतोर्गताः केऽप्यथ वासराः ।।८४३।।

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. તમારું વાક્ય પ્રમાણ છે. આમાં=મામાના વાક્યમાં, સંશય નથી. હવે સુખે વિચરતા એવા તે બેના=વિમર્શ-પ્રકર્ષના કેટલાક દિવસો ગયા.**

ભવચક્ર નગરને જોવા માટે વિચરતા વિમર્શ અને પ્રકર્ષના કેટલાક પણ દિવસો પસાર થયા. **॥૮૪૩॥**

**શ્લોક :-**

**दृष्टस्ताभ्यां नृपावाससमीपे पुरुषोऽन्यदा ।**
**प्रकर्षोऽथावदन्मिथ्याभिमानो ह्येष मातुल ! ।।८४४।।**

**શ્લોકાર્થ :-**

**અન્યદા તે બંને દ્વારા=વિમર્શ-પ્રકર્ષ દ્વારા, રાજાના આવાસ સમીપમાં પુરુષ જોવાયો. હવે પ્રકર્ષ બોલ્યો. હે મામા ! આ મિથ્યાભિમાન છે. ॥૮૪૪॥**

**શ્લોક :-**

**इहागतः कुतो हेतोः, पुराद् राजसचित्ततः ।**
**विमर्शोऽवददाहूतो, महामोहेन खल्वयम् ।।८४५।।**

**શ્લોકાર્થ :-**

**રાજસચિત્ત નગરમાં રાગકેસરીનું સામ્રાજ્ય સંભાળવા માટે મિથ્યાભિમાન રહેલો અને રાગકેસરી, મહામોહ વગેરે સંતોષને જીતવા માટે ચિત્તરૂપી અટવીમાં આવેલા. વળી, તે અટવી જોઈને હવે વિમર્શ અને પ્રકર્ષ ભવચક્ર નગરને જુએ છે, ત્યાં મિથ્યાભિમાનને જોઈને પ્રકર્ષ પૂછે છે. આ મિથ્યાભિમાન રાજસચિત્ત નગરથી અહીં કેમ આવ્યો ? તેનો ઉત્તર આપતાં વિમર્શ કહે છે. મહામોહે રાજસચિત્ત નગરથી મિથ્યાભિમાનને અહીં બોલાવ્યો છે. ॥૮૪૫॥**

**શ્લોક :-**

**मकरध्वजराज्यस्य, शोभाहेतोः प्रसेदुषा ।**
**साम्प्रतं यात्युपरिपुकम्पनावासमेष च ।।८४६।।**

**શ્લોકાર્થ :-**

**મકરધ્વજના રાજ્યની શોભાના હેતુને પ્રસાદ કરવાની ઈચ્છાથી મહામોહે મિથ્યાભિમાનને બોલાવેલો છે, એમ પૂર્વશ્લોક સંબંધ છે અને હમણાં આ=મિથ્યાભિમાન, રિપુકંપનના આવાસ પાસે જાય છે.**

મહામોહે માનવાવાસનું રાજ્ય મકરધ્વજને આપ્યું ત્યારે તેની શોભાના હેતુને અતિશય કરવા અર્થે મહામોહે રાજસચિત્ત નગરથી મિથ્યાભિમાનને ભવચક્ર નગરમાં બોલાવેલ છે અને હમણાં તે મિથ્યાભિમાન રિપુકંપનના આવાસમાં જાય છે. **॥૮૪૬॥**

**શ્લોક :-**

**अयं राज्येऽभिषिक्तोऽस्ति, लोलाक्षे निहतेऽधुना ।**
**प्रेषितः स्वामिना मिथ्याभिमानोऽप्यस्य सद्मनि ।।८४७।।**

**શ્લોકાર્થ :-**

**લોલાક્ષ હણાયે છતે હમણાં આ=રિપુકંપન, રાજ્યમાં અભિષેક કરાયેલો છે. સ્વામી વડે=મહામોહ વડે, આના મહેલમાં=રિપુકંપનના મહેલમાં, મિથ્યાભિમાન મોકલાવાયેલો છે. ॥૮૪૭॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह तद्गेहं, प्रदर्शय ममापि तत् ।**
**स्वीचकार विमर्शोऽपि, प्रविष्टौ द्वौ नृपालये ।।८४८।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. તે કારણથી=મહામોહ વડે મિથ્યાભિમાન રિપુકંપનના મહેલમાં મોકલાવાયો છે તે કારણથી, મને પણ તેનું ઘર=રિપુકંપનનું ઘર, બતાવો. વિમર્શે પણ સ્વીકાર કર્યો. બંને પણ નૃપાલયમાં=રિપુકંપનના મહેલમાં, પ્રવેશ્યા. ॥૮૪૮॥**

**શ્લોક :-**

**इतश्च तस्यास्ति मतिकलिताख्या परा प्रिया ।**
**सा तस्मिन्नेव समये, सुतं सूता सुलक्षणम् ।।८४९।।**

શ્લોકાર્થ :-

અને આ બાજુ તેને=રિપુકંપનને, મતિકલિતા નામની શ્રેષ્ઠ પ્રિયા છે. તે સમયમાં જ=વિમર્શ અને પ્રકર્ષ નૃપાલયમાં પ્રવેશ્યા તે સમયમાં જ, તે=મતિકલિતાએ સુલક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. ।।૮૪૯।।

શ્લોક :-

जातमात्रे सुते तत्र, प्रोन्निद्रमिव पङ्कजम् ।
खमिवार्कहतध्वान्तं, तद्राजभवनं बभौ ।।८५०।।

શ્લોકાર્થ :-

ત્યાં પુત્રનો જન્મમાત્ર થયે છતે ખીલેલા કમળની જેમ સૂર્યથી હણાયેલા અંધકારવાળા આકાશની જેમ તે રાજભવન થયું. ।।૮૫૦।।

શ્લોક :-

रचिता मणिदीपौघा, धृता मङ्गलदर्पणाः ।
भूतिरक्षाविधिश्चक्रे, सिद्धार्थैर्भूषिता च भूः ।।८५१।।

શ્લોકાર્થ :-

મણિના દીવાઓના સમૂહ રચાયા. મંગલ દર્પણો ધારણ કરાયાં. ભૂતિની રક્ષાની વિધિ કરાઈ અને ભૂમિ સિદ્ધાર્થોથી ભૂષિત કરાઈ. ।।૮૫૧।।

શ્લોક :-

प्रियं वक्तुं महीशस्य, सुतजन्ममहोत्सवम् ।
वक्षोजभारनम्राऽपि, ययौ वेगात् प्रियंवदा ।।८५२।।

શ્લોકાર્થ :-

પ્રિય એવા પુત્રજન્મના મહોત્સવને રાજાને કહેવા માટે પ્રિયંવદા નામની દાસી સ્તનના ભારથી નમેલી હોવા છતાં પણ વેગથી ગઈ. ।।૮૫૨।।

શ્લોક :-

निवेदिते तया राजा, प्रणयी पुत्रजन्मनि ।
हर्षाङ्कुरैरिवाकीर्णं, वपुरुत्पुलकं दधौ ।।८५३।।

શ્લોકાર્થ :-

તેણી વડે=પ્રિયંવદા વડે, પુત્રજન્મ નિવેદન કરાયે છતે પ્રણયી એવા રાજાએ હર્ષના અંકુરાથી આકીર્ણ શરીરવાળા એવા ઉત્પુલકને ધારણ કર્યું. ।।૮૫૩।।

શ્લોક :-

आयातोऽत्रान्तरे मिथ्याभिमानस्तस्य संनिधौ,
दध्यावधिष्ठितस्तेन, हृदीत्थं रिपुकम्पनः ।।८५४।।

શ્લોકાર્થ :-

એટલામાં તેની સંનિધિમાં=રિપુકંપનની સંનિધિમાં, મિથ્યાભિમાન આવ્યો. તેના વડે=મિથ્યાભિમાન વડે, અધિષ્ઠિત એવા રિપુકંપને હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું. ।।૮૫૪।।

શ્લોક :-

अहो ज़ातः कृतार्थोऽहं, प्राप्तो वंशो ममोन्नतिम् ।
प्रसन्ना देवता मह्यं, मया लब्धं जनुःफलम् ।।८५५।।

શ્લોકાર્થ :-

અહો કૃતાર્થ હું થયો. મારો વંશ ઉન્નતિને પ્રાપ્ત થયો. મારા ઉપર દેવતા પ્રસન્ન છે. મારા વડે જન્મનું ફળ પ્રાપ્ત થયું. ।।૮૫૫।।

શ્લોક :-

हारकुण्डलकेयूरकटकादि ददौ ततः ।
निवेदिकायै दीनारलक्षं चासौ प्रमोदभाक् ।।८५६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પુત્રજન્મથી હર્ષ થયો અને રિપુકંપને શ્લોક-૮૫૫માં કહ્યું એ પ્રમાણે વિચાર્યું ત્યારપછી, પ્રમોદવાળા એવા આણે=રિપુકંપને, નિવેદન કરનારી દાસીને હાર, કુંડલ, કેયૂર, કટકાદિ અને દીનારલક્ષને=લાખ દીનારને, આપ્યું. ।।૮૫૬।।

શ્લોક :-

समुल्लसितगात्रेण, प्रेमगद्गदभाषिणा ।
कारितो विपुलस्तेन, सुतजन्ममहोत्सवः ।।८५७।।

શ્લોકાર્થ :-

સમઉલ્લસિત ગાત્રવાળા, પ્રેમથી ગદ્ગદ્ બોલનારા એવા તેના વડે=રિપુકંપન વડે, વિપુલ=વૈભવવાળો, પુત્રજન્મનો મહોત્સવ કરાવાયો. ।।૮૫૭।।

શ્લોક :-

प्रवृद्धे हर्षपाथोधौ, सुतेन्दूल्लासतस्ततः ।
धीरो वीचिध्वनिरिवोत्थितस्तूर्यध्वनिः क्षणात् ।।८५८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પ્રવૃદ્ધ થયેલા હર્ષના માર્ગનો સમૂહ હોતે છતે પુત્રરૂપી ચંદ્રના ઉલ્લાસથી વીચિધ્વનિની જેમ ક્ષણથી ધીર એવો વાજિંત્રનો ધ્વનિ ઉત્થિત થયો. ।।૮૫૮।।

શ્લોક :-

कश्मीरजन्मकस्तूरीसम्मर्दकृतकर्दमम् ।
लसदंशुमणिव्रातविडम्बितरविप्रभम् ।।८५९।।
हसत्कञ्चुकिकं नृत्यत्कुब्जवामनशोभनम् ।
त्रुटद्धारलताकीर्णं, दीयमानधनोन्मदम् ।।८६०।।
विलासिनीकृतोल्लासं, रम्यं वेषोद्भटैर्भटैः ।
बहुरूपमिवामोदाज्जातं, तद्राजमन्दिरम् ।।८६१।।
।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

કેસર, કસ્તુરીના સંમર્દથી કરાયેલા કાદવવાળું, વિલાસ પામતાં કિરણોવાળા મણિના સમૂહથી વિડંબિત કરી છે રવિની પ્રભા જેણે એવું,

હસતી કંચુકીવાળું, નૃત્ય કરતા કુબ્જ અને વામનની શોભાવાળું, ત્રુટતી હારની લતાથી આકીર્ણ, અપાતા ધનના ઉન્માદવાળું, વિલાસિની એવી સ્ત્રીઓથી કરાતા ઉલ્લાસવાળું, વેષથી ઉદ્ભટ એવા ભટ્ટો વડે રમ્ય, આમોદથી=હર્ષથી, જાણે બહુરૂપ થયેલું તે રાજમંદિર થયું. ।।૮૫૯થી ૮૬૧।।

શ્લોક :-

तदा भृत्यगणे नृत्यं, प्रमोदेन वितन्वति ।
ननर्त स्वयमप्युच्चैः प्रीत्या भूपतिरुद्भुजः ।।८६२।।

શ્લોકાર્થ :-

ત્યારે નોકરગણમાં પ્રમોદથી નૃત્ય વિસ્તાર પામે છે. સ્વયં રાજા પણ ઊંચી ભુજાવાળો પ્રીતિથી નાચ્યો. ।।૮૬૨।।

શ્લોક :-

दृष्ट्वाऽपृच्छत् प्रकर्षस्तन्मातुलं जातकौतुकः ।
किमितीमे रटन्त्युच्चैर्विस्फारितमुखा जनाः ।।८६३।।

શ્લોકાર્થ :-

તે રાજમંદિરને જોઈને જાતકૌતુકવાળા એવા પ્રકર્ષે મામાને પૂછ્યું. ક્યા કારણથી વિસ્ફારિત મુખવાળા આ લોકો ઊંચેથી બોલે છે. ।।૮૬૩।।

શ્લોક :-

काष्ठानि चर्मनद्धानि, बाढमास्फोटयन्ति किम् ।
किं मृद्भारं वहन्त्येते, धावन्ति किमितस्ततः ।।८६४।।

શ્લોકાર્થ :-

ચર્મનદ્ધો=ચામડાંઓથી બંધાયેલાં એવાં કાષ્ઠોને કેમ અત્યંત આસ્ફોટન કરે છે. કેમ મૃદ્ભારને આ લોકો વહન કરે છે. કેમ આમતેમ દોડે છે.

ચામડાથી બંધાયેલાં એવાં વાજિંત્રોને કેમ વગાડે છે, એમ કહીને પ્રકર્ષ વાજિંત્રોનું કુત્સિત સ્વરૂપ બતાવે છે. પર્વતની માટી જેવાં સુવર્ણનાં આભરણોને

કેમ વહન કરે છે એમ બતાવીને આભૂષણો પર્વતની માટી સ્વરૂપ છે તેવો બોધ કરાવે છે અને પુત્રજન્મ નિમિત્તે આમતેમ લોકો દોડે છે, તે કેમ દોડે છે એમ પૂછે છે. **॥૮૬૪॥**

**શ્લોક :-**

**किं विण्मूत्रपिठर्यश्च, मन्दं मन्दं चलन्त्यमूः ।**
**किञ्चैष सदनस्येशः, करोत्यात्मविडम्बनम् ।।८६५।।**

**શ્લોકાર્થ :-**

**વિષ્ટા, મૂત્રના પિઠરવાળી એવી આ સ્ત્રીઓ મંદ મંદ કેમ ચાલે છે ? વળી આ સદનનો સ્વામી એવો આ રિપુકંપન આત્મવિડંબનાને કેમ કરે છે ?**

રાજમંદિરમાં જે સ્ત્રીઓ પુત્રજન્મ નિમિત્તે આમતેમ ફરે છે, તે સર્વ તત્ત્વની દૃષ્ટિથી વિષ્ટા-મૂત્રના પિઠરવાળી છે તેવો બોધ કરાવે છે અને રિપુકંપન ઊંચા હાથ કરીને જે નાચે છે તે પોતાની વિડંબના સ્વરૂપે છે, તે પ્રકારે પ્રકર્ષ જુએ છે. **॥૮૬૫॥**

**શ્લોક :-**

**विमर्शः प्राह भद्रेदं, मिथ्यामानस्य जृम्भितम् ।**
**अनेनोत्पादितो ह्यस्य, सुतो मेऽभूदिति भ्रमः ।।८६६।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે. હે ભદ્ર ! પ્રકર્ષ ! આ=પ્રકર્ષે જે સર્વ પ્રશ્ન કર્યા એ, મિથ્યામાનનું=મિથ્યાભિમાનનું, જૃંભિત છે. हि=જે કારણથી, મને પુત્ર થયો, એ પ્રકારે આને=રિપુકંપનને, આના દ્વારા=મિથ્યાભિમાન દ્વારા ભ્રમ ઉત્પાદન કરાયો. ॥૮૬૬॥**

**શ્લોક :-**

**तद्वासनाविलासाच्च, प्रवृत्तेयं विडम्बना ।**
**वेत्त्येनमेष बन्धुं स्वं, विडम्बकमपि स्फुटम् ।।८६७।।**

શ્લોકાર્થ :-

**તે વાસનાના વિલાસથી=મિથ્યાભિમાન દ્વારા ઉત્પન્ન થયેલ વાસનાના વિલાસથી, આ વિડંબના પ્રવૃત્ત છે=રાજમહેલમાં રહેલા લોકોની આ પ્રકારની વિડંબના પ્રવૃત્ત છે. આ=રિપુકંપન, સ્પષ્ટ એવા વિડંબક પણ આને=મિથ્યાભિમાનને, સ્વબંધુ જાણે છે.**

વસ્તુતઃ કષાયને વશ પુત્રજન્મને જોઈને હર્ષ થાય છે તેમ વિવેકી પુરુષ જાણે છે પરંતુ વિપર્યાસને કારણે પોતાને થતો મિથ્યાભિમાન જીવને બંધુ જેવો જણાય છે. **II૮૬૭II**

શ્લોક :-

प्रकर्षः प्राह यद्येवं, योऽस्यास्ति परवानिह ।
स एष कीदृशो लोके, गीयते रिपुकम्पनः ।।८६८।।

શ્લોકાર્થ :-

**પ્રકર્ષ કહે છે. જો આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, અહીં=સંસારમાં, આને=મિથ્યાભિમાનને, જે પરવશ છે લોકમાં તે આ રિપુકંપન કેવા પ્રકારનો કહેવાય છે ? II૮૬૮II**

શ્લોક :-

विमर्शः प्राह वत्सायं, न भावरिपुकम्पनः ।
ख्यातिरस्योदिता लोके, बाह्यशत्रुप्रकम्पनात् ।।८६९।।

શ્લોકાર્થ :-

**વિમર્શ કહે છે હે વત્સ ! પ્રકર્ષ ! આ=રિપુકંપન, ભાવરિપુકંપન નથી=ભાવથી અંતરંગ શત્રુને કંપાવે એવો નથી. લોકમાં આની ખ્યાતિ બાહ્ય શત્રુના પ્રકંપનથી છે. II૮૬૯II**

શ્લોક :-

बाह्यप्रत्यर्थिकोटीनां, समर्थो यः प्रमर्द्दने ।
सोऽपि ज्ञानं विना नैव, प्रभूष्णुर्भाववैरिणाम् ।।८७०।।

**શ્લોકાર્થ :-**

**બાહ્ય પ્રત્યર્થી કોટીઓના પ્રમર્દનમાં=બાહ્ય શત્રુઓના પ્રમર્દનમાં, જે સમર્થ છે તે પણ જ્ઞાન વગર ભાવશત્રુઓના પ્રમર્દનમાં સમર્થ નથી જ.**

બાહ્ય શત્રુઓને જીતવામાં સમર્થ એવો પણ રિપુકંપન આત્માના પારમાર્થિક બોધના અભાવને કારણે ભાવશત્રુ એવા રાગાદિને નાશ કરવા સમર્થ નથી. **॥૮૭૦॥**

**શ્લોક :-**

**तेनास्य वत्स ! को दोषः, को वा निखिलदेहिनाम् ।**
**यतोऽत्र तत्त्वचिन्तायां, ज्ञानाभावोऽपराध्यति ।।८७१।।**

**શ્લોકાર્થ :-**

**હે વત્સ પ્રકર્ષ ! તે કારણથી=જ્ઞાનના અભાવને કારણે અંતરંગ શત્રુને નાશ કરવામાં રિપુકંપન સમર્થ નથી તે કારણથી, આનો શું દોષ છે ? અથવા બધા લોકોનો શું દોષ છે ? જે કારણથી અહીં=અંતરંગ શત્રુને નહિ જીતવા વિષયક તત્ત્વચિંતામાં જ્ઞાનનો અભાવ અપરાધ પામે છે.**

રિપુકંપનને પોતાના આત્માના વાસ્તવિક સ્વરૂપનું અજ્ઞાન છે, તેથી મિથ્યાભિમાનને વશ મોહના ચાળા કરે છે. તે તેનામાં વર્તતા જ્ઞાનના અભાવનો દોષ છે. **॥૮૭૧॥**

**શ્લોક :-**

**क्रोधादिभ्योऽखिलेभ्योऽपि, पापमज्ञानमुल्बणम् ।**
**जनो मिथ्याभिमानस्य, येन बद्ध्वा प्रदीयते ।।८७२।।**

**શ્લોકાર્થ :-**

**બધા પણ ક્રોધાદિથી ઉત્કટ પાપ અજ્ઞાન છે. જેના વડે=જે અજ્ઞાન વડે, જન=લોક બાંધીને મિથ્યાભિમાનને અપાય છે.**

બધા પાપોમાં ઉત્કટ પાપ અજ્ઞાન છે. જે જીવને દોરડાથી બાંધીને મિથ્યાભિમાનને સોંપે છે અને જે મિથ્યાભિમાન જીવની સર્વ વિડંબના કરે છે. આથી જ રિપુકંપન પણ પુત્રજન્મના મિથ્યાભિમાનથી અસંબદ્ધ ચેષ્ટાઓ કરે છે. **॥૮૭૨॥**

**શ્લોક :-**

**तेनाभिभूतचित्तश्च, न जानाति हिताहितम् ।**
**विडम्बयति चात्मानं, ग्रहग्रस्त इवानिशम् ।।८७३।।**

**શ્લોકાર્થ :-**

**અને તેનાથી=અજ્ઞાનથી અભિભૂત થયેલો જીવ હિતાહિતને જાણતો નથી અને ગ્રહગ્રસ્ત પુરુષની જેમ આત્માની સતત વિડંબના કરે છે.**

અજ્ઞાનને વશ જીવો રાગાદિ ક્લેશો કરીને વર્તમાનના ભવમાં દુઃખનું કારણ બને, આગામી દુઃખનું કારણ બને તે રીતે આત્માની વિડંબના કરે છે. **॥૮૭૩॥**

**શ્લોક :-**

**कदापि नाभिमन्यन्ते ज्ञानेन तु हतांहसः ।**
**लोकाश्चर्यकरीं प्राप्य, श्रियं पौरन्दरीमपि ।।८७४।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાન વડે હણ્યાં છે પાપો જેણે એવો પુરુષ લોકોને આશ્ચર્ય કરનારી ઈન્દ્રની પણ સમૃદ્ધિને પામીને ક્યારેય પણ હું સમૃદ્ધ છું, તેમ માનતો નથી.**

વિમર્શ પ્રકર્ષને કહે છે કે સમ્યગ્જ્ઞાનને પામેલા જીવો આત્માની સમૃદ્ધિને જ સમૃદ્ધિ રૂપે જોનારા છે, તેથી બાહ્ય સમૃદ્ધિથી પોતે સમૃદ્ધ છે, તેમ ક્યારેય પોતાને માનતા નથી. **॥૮૭૪॥**

**શ્લોક :-**

**गिरिमृत्स्नां धनं पश्यन्, धावत्यज्ञानलुप्तधीः ।**
**अनादिनिधनं ज्ञानं, धनं पश्यन्ति योगिनः ।।८७५।।**

**શ્લોકાર્થ :-**

**અજ્ઞાનથી લુપ્ત બુદ્ધિવાળો પર્વતની માટીને ધન જોતો દોડે છે. યોગીઓ અનાદિ નિધનરૂપ જ્ઞાનને ધન જુએ છે.**

આત્માની નિર્લેપ પરિણતિરૂપ અનાદિ અનંત જ્ઞાનને ધનરૂપે જુએ છે. **॥૮૭૫॥**

**શ્લોક :-**

**बाह्यामज्ञानिनः प्राप्य, पुत्रदारादिसम्पदम् ।**
**स्मयन्ते ज्ञानमग्नास्तामन्तः पश्यन्ति निश्चलाम् ।।८७६।।**

**શ્લોકાર્થ :-**

**બાહ્ય પુત્ર, સ્ત્રી આદિ સંપત્તિને પામીને અજ્ઞાનીઓ સ્મયને કરે છે=અભિમાનને કરે છે. જ્ઞાનમગ્ન જીવો અંતરમાં નિશ્ચલ એવી તેને=સંપત્તિને, જુએ છે=અંતરંગ ગુણસંપત્તિને સ્થિર જુએ છે. ||૮૭૬||**

**શ્લોક :-**

**प्रतिष्ठां वेत्ति विष्टावच्छमाग्नेर्भस्मसम्पदम् ।**
**जागर्ति ज्ञानवानन्तर्बहिः शेते तु सर्वदा ।।८७७।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનવાળો પુરુષ પ્રતિષ્ઠાને વિષ્ટા જેવી જાણે છે, શમરૂપી અગ્નિની ભસ્મરૂપ સંપદને જાણે છે=બાહ્ય સંપત્તિને જાણે છે, અંતરંગ જાગે છે, વળી બહાર સર્વદા સૂએ છે.**

સિદ્ધના સદૃશ સ્વરૂપવાળો અરૂપી મારો આત્મા છે અને તેમાં મગ્ન એવો હું સુખી છું, તેમ જેઓ જાણે છે તેવા જ્ઞાનવાન પુરુષો પોતાની બાહ્ય પ્રતિષ્ઠાને વિષ્ટા જેવી માને છે અને કર્મોને બાળવા માટે અગ્નિ જેવો શમનો પરિણામ છે, તેની ભસ્મરૂપ આ બાહ્ય સંપદાઓ છે, તેથી બાહ્ય સંપદાઓ તેને નિઃસાર જણાય છે. વળી, આત્માના વીતરાગભાવને પ્રગટ કરવા માટે તે મહાત્મા સદા જાગે છે અને આત્માથી ભિન્ન દેહ કે દૃષ્ટ એવા બાહ્ય પદાર્થોને જાણવામાં સદા ઊંઘે છે=સદા અપ્રવૃત્ત હોય છે. **||૮૭૭||**

**શ્લોક :-**

**यैर्बद्धो ज्ञानपाशेन, मिथ्यामानाभिधो रिपुः ।**
**ते धन्यास्ते महात्मानस्ते च विश्वोपकारिणः ।।८७८।।**

**શ્લોકાર્થ :-**

**જેઓ વડે જ્ઞાનરૂપી પાસાથી મિથ્યાભિમાન નામનો શત્રુ બંધાયો તે**

**ધન્ય છે, તે મહાત્મા છે અને તેઓ વિશ્વને ઉપકાર કરનારા છે.**

આત્માના નિરાકુળ સ્વભાવના જ્ઞાનના બળથી બાહ્ય પદાર્થોના સંગમાં મારાપણાની બુદ્ધિરૂપ મિથ્યાભિમાન જેઓએ બદ્ધ કર્યો છે તેઓ જ ધન્ય છે, મહાત્મા છે અને જગતને સન્માર્ગ બતાવીને ઉપકાર કરનારા છે. **॥૮૭૮॥**

**શ્લોક :-**

**जितमिथ्याभिमानानामखण्डज्ञानसम्पदाम् ।**
**साधूनां नोपमा लोके, सदेवमनुजासुरे ।।८७९।।**

**શ્લોકાર્થ :-**

**જીત્યો છે મિથ્યાભિમાન જેમણે એવા અખંડ જ્ઞાનસંપદાવાળા સાધુઓને સદેવ, મનુષ્ય અને અસુરરૂપ લોકમાં ઉપમા નથી.**

ત્રણે લોકમાં સાધુ સર્વોત્તમ પુરુષ છે; કેમ કે અસ્ખલિત શુદ્ધ આત્માનું જ્ઞાન તેઓના ચિત્તમાં સ્ફુરાયમાન થાય છે અને તેના કારણે બાહ્ય પદાર્થોમાં મારાપણાની બુદ્ધિરૂપ મિથ્યાભિમાન ક્યારેય થતું નથી. **॥૮૭૯॥**

**શ્લોક :-**

**यावच्च प्रवदत्येवं, विमर्शः प्रथमानधीः ।**
**आगतौ भूपभवनद्वारे तावदुभौ नरौ ।।८८०।।**

**શ્લોકાર્થ :-**

**અને જ્યાં સુધી આ પ્રમાણે વિસ્તાર પામતી બુદ્ધિવાળો વિમર્શ બોલે છે, ત્યાં સુધી રાજાના ભવનના દ્વારમાં બે મનુષ્યો આવ્યા. ॥૮૮૦॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह दृश्येते, नरौ मातुल ! काविमौ ।**
**स प्राह मतिमोहश्च, शोकश्चेह समागतौ ।।८८१।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. હે મામા ! આ બે નર કોણ દેખાય છે ? તે=વિમર્શ, કહે છે. મતિમોહ અને શોક અહીં=ભવચક્રમાં, આવ્યા છે.**

પૂર્વમાં વિમર્શે અને પ્રકર્ષે તામસચિત્ત નગરમાં ત્યાંના રખેવાળ તરીકે મતિમોહને જોયેલ અને શોક પાસેથી સર્વ માહિતી મેળવેલ તે બંને અહીં નિમિત્તને પામીને રિપુકંપનના મહેલમાં આવ્યા છે. **॥૮૮૧॥**

**શ્લોક :-**

**पूत्कारोऽत्रान्तरे प्रौढः, सञ्जातः सूतिकागृहे ।**
**अधावंश्चेटिका राजाभिमुखं शोकनिर्भराः ।।८८२।।**

**શ્લોકાર્થ :-**

**એટલામાં=મતિમોહ અને શોક રાજમહેલમાં પ્રવેશ્યા એટલામાં, સૂતિકાગૃહમાં મોટો પૂત્કાર થયો. શોકનિર્ભર ચેટિકાઓ=દાસીઓ, રાજા અભિમુખ દોડી. ।।૮૮૨।।**

**શ્લોક :-**

**कातरोऽभूत् किमित्येतद् भूपः पृच्छन् पुनः पुनः ।**
**ताः प्राहुः कण्ठलग्नासुर्बालोऽभूद्भग्नलोचनः ।।८८३।।**

**શ્લોકાર્થ :-**

**આ શું છે ? એ પ્રમાણે ફરી ફરી પૂછતો રાજા કાયર થયો. તેઓ=ચેટિકાઓ, બોલી. કંઠમાં લાગેલા પ્રાણવાળો બાલ ભગ્નલોચન થયો.**

બાળક મૃત્યુના શય્યા ઉપર થયેલો ચક્ષુ ચકળવકળ કરે તેવી સ્થિતિમાં થયો છે, તેમ તે દાસીઓ બોલી. **॥૮૮૩॥**

**શ્લોક :-**

**गतोऽथ सूतिकागेहे, दुःखवज्राहतो नृपः ।**
**दृष्टश्च दारकः किञ्चिच्छेषायुष्कः सुलक्षणः ।।८८४।।**

**શ્લોકાર્થ :-**

**હવે સૂતિકાગૃહમાં ગયેલો રાજા દુઃખરૂપી વજ્રથી હણાયો અને સુલક્ષણવાળો પુત્ર કંઈક શેષ આયુષ્યવાળો જોવાયો. ।।૮૮૪।।**

**શ્લોક :-**

**समाहूता महावैद्याः, पृष्टं च किमभूदिदम् ? ।**
**ते प्राहुरयमातङ्कः, सद्योघाती महाबलः ।।८८५।।**

**શ્લોકાર્થ :-**

**મહાવૈદ્યો બોલાવાયા અને આ શું થયું ? એ પુછાયું. તેઓ=વૈદ્યો, બોલ્યા. શીઘ્ર ઘાતી મહાબલવાળો આ આતંક છે=જ્વર છે. ।।૮૮૫।।**

**શ્લોક :-**

**नृपः प्राह स्वशक्त्या यः, प्रोज्जीवयति दारकम् ।**
**तस्मै राज्यं प्रयच्छामि, स्यां तस्यानुचरोऽप्यहम् ।।८८६।।**

**શ્લોકાર્થ :-**

**રાજા કહે છે. જે સ્વશક્તિથી બાળકને જીવાડે છે તેને હું રાજ્ય આપુ છું. અનુચર પણ હું તેનો થાઉં.**

રિપુકંપનને પુત્ર થયો એ પ્રકારની જે બુદ્ધિ થઈ તે મિથ્યાભિમાન હતું. જે મિથ્યાભિમાન રાજસચિત્ત નગરનો રખેવાળ હતો. વળી, પુત્રની અત્યંત વિષમ સ્થિતિ જોઈને રિપુકંપનને મતિમોહ થાય છે કે આ જીવિત હોતે છતે જ હું જીવીશ, તે મતિમોહ છે. જે તામસચિત્ત નગરનો રખેવાળ છે અને મતિમોહની સાથે તે પ્રકારનો શોક તેના ચિત્તમાં પ્રગટ થયો. **।।૮૮૬।।**

**શ્લોક :-**

**तदाकर्ण्य जनाश्चक्रुर्मन्त्रयन्त्रादिकाः क्रियाः ।**
**पश्यतामेव तेषां च, पञ्चत्वं प्राप दारकः ।।८८७।।**

**શ્લોકાર્થ :-**

**તે સાંભળીને=શ્લોક-૮૮૬માં રિપુકંપને કહ્યું તે સાંભળીને, લોકો મંત્રયંત્રાદિક ક્રિયાઓ કરવા લાગ્યા અને તેઓના જોતાં જ=લોકોના જોતાં જ, પુત્ર પંચત્વને પામ્યો=મૃત્યુને પામ્યો. ।।૮૮૭।।**

**શ્લોક :-**

**शोकश्च मतिमोहश्च, राजराज्ञीशरीरयोः ।**
**अत्रान्तरे प्रविष्टौ तौ, वेतालौ कामरूपिणौ ।।८८८।।**

**શ્લોકાર્થ :-**

**એટલામાં=પુત્રનું મૃત્યુ થયું એટલામાં, રાજા અને રાણીના શરીરમાં શોક અને મતિમોહ પ્રવેશ્યા. તે બંને કામરૂપી વૈતાલો છે.**

પુત્રની સ્થિતિ ખરાબ થઈ ત્યારે મતિમોહ અને શોક રાજમહેલમાં પ્રવેશેલ. પરંતુ પુત્રનું મૃત્યુ થયું તે સાંભળીને રાજા અને રાણીના શરીરમાં મતિમોહ અને શોક પરિણતિરૂપે પ્રગટ થયા અને તે અનેક રૂપને કરનારા વૈતાલ જેવા છે તેનાથી લોકો ક્રંદન આદિ કરે છે, જે આગળ બતાવે છે. **॥૮૮૮॥**

**શ્લોક :-**

**ताभ्यां हाहारवश्चक्रे, करुणाक्रन्दभैरवः ।**
**राज्ञी निपतिता भूमौ, राजा प्राणैरमुच्यत ।।८८९।।**

**શ્લોકાર્થ :-**

**તે બંને દ્વારા=રાજા-રાણી દ્વારા, કરુણ, આક્રંદથી ભૈરવ એવો હાહારવ કરાયો. રાણી ભૂમિમાં પડી. રાજા પ્રાણથી મુકાયો. ॥૮૮૯॥**

**શ્લોક :-**

**ततो भूमिलुलत्केशं, दलितोरुविभूषणम् ।**
**वियोगसर्पनिर्मोकलालाक्लिन्नास्यकोटरम् ।।८९०।।**
**उरस्ताडनसंमिश्रं, निर्भग्नवलयावलि ।**
**बृहदाक्रन्दनं जातं, रिपुकम्पनयोषिताम् ।।८९१।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી રિપુકંપનની સ્ત્રીઓનું ભૂમિ ઉપર લટકતા કેશવાળું, પડી ગયેલા ઊરુના વિભૂષણવાળું, વિયોગરૂપી સાપથી મુકાયેલી લાળોથી**

**ક્લિષ્ટ મુખના કોટરવાળું, છાતીના તાડનથી સંમિશ્ર, નિર્ભગ્ન થયેલી છે વલયની આવલિઓ જેને એવું મોટું આક્રંદન થયું. ||૮૯૦-૮૯૧||**

**શ્લોક :-**

**सर्वतः करुणध्वानपरं पश्यन् जनं ततः ।**
**विस्मयप्रेरितो बुद्धेस्तनयो मातुलं जगौ ।।८९२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી સર્વથી કરુણ અવાજમાં તત્પર લોકોને જોતો, વિસ્મયથી પ્રેરિત થયેલો બુદ્ધિનો પુત્ર=પ્રકર્ષ, મામાને બોલ્યો. ||૮૯૨||**

**શ્લોક :-**

**किमेतत्क्षणमात्रेण, हित्वा प्राचीननर्त्तनम् ।**
**नर्त्तनान्तरमारब्धं, लोकैर्भङ्ग्यन्तरादिदम् ।।८९३।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાચીન નર્તનને છોડીને ક્ષણમાત્રથી આ શું ? લોકો વડે ભંગ્યંતરથી આ નર્તનાંતર આરંભ કરાયું.**

પૂર્વમાં લોકો વડે રાગને વશ જે નૃત્યાદિ કર્યું, તે પ્રકર્ષને લોકોની નર્તનની ચેષ્ટા જેવું અસંબદ્ધ દેખાય છે અને ત્યારપછી અન્ય પ્રકારનું રોકકળરૂપ આવા પ્રકારનું નર્તન લોકો વડે કેમ કરાયું, તેમ મામાને પૂછે છે; કેમ કે બુદ્ધિના પ્રકર્ષને સંસારનું વાસ્તવિક સ્વરૂપ યથાર્થ દેખાય છે. પુત્રનો જન્મ અને પુત્રનું મૃત્યુ એ સંસારનું સ્વાભાવિક સ્વરૂપ છે. તેને નહિ જાણતા લોકો આ નર્તન કેમ કરે છે, એ પ્રકારની જિજ્ઞાસાથી પ્રકર્ષ મામાને પૂછે છે. **||૮૯૩||**

**શ્લોક :-**

**विमर्शः प्राह यौ दृष्टौ, प्रविशन्तौ नरौ त्वया ।**
**ताभ्यामित्थं विनाट्यन्ते, लोकाः स्वातन्त्र्यवर्जिताः ।।८९४।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે. જે બે મનુષ્યો તારા વડે પ્રવેશતા જોવાયા, તે બંને**

**દ્વારા આ પ્રમાણે સ્વાતંત્ર્યથી વર્જિત લોકો વિનાટન કરાય છે.**

મતિમોહ અને શોકરૂપ બે પુરુષોને પરતંત્ર લોકો આ રીતે નચાવાય છે. **॥૮૯૪॥**

**શ્લોક :-**

**यथा मिथ्याभिमानेन, तादृशं नाटिताः पुरा ।**
**तथैतादृशमेताभ्यां, नाट्यन्तेऽमी तपस्विनः ।।८९५।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે મિથ્યાભિમાનથી પૂર્વમાં તેવું નચાવાયું=રિપુકંપનનો રાજમહેલ હર્ષયુક્ત થયો તે પ્રકારે નચાવાયું. તે રીતે આ તપસ્વી લોકો આ બંને દ્વારા=મતિમોહ અને શોક દ્વારા, આ પ્રકારે નચાવાય છે. ।।૮૯૫।।**

**શ્લોક :-**

**शोको वा मतिमोहो वा, तेषामेव न बाधकः ।**
**पश्यन्ति ज्ञानदृष्ट्या ये, समग्रं क्षणभङ्गुरम् ।।८९६।।**

**શ્લોકાર્થ :-**

**શોક અથવા મતિમોહ તેઓને જ બાધક નથી, જે જ્ઞાનદૃષ્ટિથી સમગ્રને ક્ષણભંગુર જુએ છે.**

જેઓને જિનવચનાનુસાર સંસારની વ્યવસ્થાનો યથાર્થ બોધ છે, તેઓને જીવો સ્વકર્મથી મરે છે, તેવો સ્પષ્ટ બોધ હોય છે. તેથી શોક થતો નથી કે તત્ત્વને જોવામાં મતિમોહ થતો નથી. તેથી કોઈના મૃત્યુમાં પણ સંવેગથી જ વાસિત મતિવાળા થાય છે, પરંતુ શોકાતુર થતા નથી. **॥૮૯૬॥**

**શ્લોક :-**

**मिथ्याज्ञानवतां शोकः स्यान्नष्टैरिष्टसङ्गमैः ।**
**तत्त्वज्ञानां तु वैराग्यशस्त्रमुत्तेजितं भवेत् ।।८९७।।**

**શ્લોકાર્થ :-**

**મિથ્યાજ્ઞાનવાળા જીવોને નાશ પામેલા ઈષ્ટ સંગમોથી શોક થાય. વળી, તત્ત્વજ્ઞાનવાળા જીવોને વૈરાગ્યરૂપી શસ્ત્ર ઉત્તેજિત થાય.**

વિપર્યાસવાળા જીવોને ધનાદિ નાશમાં શોક થાય છે. તત્ત્વના જાણનારા જીવોને મોહનાશનું શસ્ત્ર તેવા નિમિત્તોથી તીક્ષ્ણ બને છે. તેથી પૂર્વ કરતાં પણ વધારે વેગથી તેઓ મોહનાશ કરવા સમર્થ બને છે. આથી ઇષ્ટના નાશમાં તીવ્રસંવેગ થવાને કારણે વિવેકી જીવોને મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૮૯૭॥**

**શ્લોક :-**

**आदावेव हि निर्णीतेऽनित्यभावे क्व शोचनम् ? ।**
**नित्यभावे तु निर्णीते, ध्रुवः शोको यदुच्यते ।।८९८।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, આદિમાં જ અનિત્યભાવ નિર્ણીત હોતે છતે=ઇષ્ટ વસ્તુનો અનિત્યભાવ નિર્ણીત હોતે છતે, શોક ક્યાંથી હોય ?=નાશમાં શોક થાય નહિ. વળી નિત્યભાવ નિર્ણીત થયે છતે ધ્રુવ શોક છે. જે કારણથી કહેવાય છે. ॥૮૯૮॥**

**શ્લોક :-**

**अनित्यताकृतबुद्धिर्म्लानमाल्यो न शोचति ।**
**नित्यताकृतबुद्धिस्तु भग्नभाण्डोऽपि शोचति ।।८९९।।**

**શ્લોકાર્થ :-**

**અનિત્યતાકૃત બુદ્ધિવાળો મ્લાન માલ્યવાળો શોક કરતો નથી. વળી, નિત્યતાકૃત બુદ્ધિવાળો ભગ્ન ભાંડવાળો પણ શોક કરે છે.**

ગળામાં પહેરેલી ફૂલની માળા પરિમિત કાળમાં મ્લાન થશે તેવો સ્પષ્ટ બોધ હોવાથી માળા પહેરનારને મ્લાનતા જોઈને શોક થતો નથી અને ઘડો હજી રહેશે એવી નિત્યતાકૃત બુદ્ધિવાળો પુરુષ ઘડો ફૂટે છે, ત્યારે શોક કરે છે, તેમ અનિત્ય ભાવનાથી આત્માને વાસિત કર્યો છે, તેઓને કોઈના મૃત્યુમાં કે ધનાદિ નાશમાં શોક થતો નથી. **॥૮૯૯॥**

**શ્લોક :-**

**गाढप्रेमवशादेष मतिमोहान्मृतो नृपः ।**
**प्रलापं कारयत्येवं, शोकस्तु करुणं जनैः ।।९००।।**

શ્લોકાર્થ :-

ગાઢ પ્રેમના વશથી આ રાજા મતિમોહને કારણે મર્યો. આ રીતે શોક લોકો દ્વારા કરુણ પ્રલાપને કરાવે છે. ॥૯૦૦॥

શ્લોક :-

प्रकर्षः प्राह किं भूपगेहेऽस्मिन्नेव मातुल ! ।
इदमीदृशमापन्नं, किंवाऽन्यत्रापि जायते ॥९०१॥

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. હે મામા ! શું આ જ રાજાના ઘરમાં આ આવું થયું= પ્રથમ મિથ્યાભિમાન થયું અને ત્યારપછી મતિમોહ અને શોક થયો એ એવું થયું, અથવા શું અન્યત્ર પણ થાય છે ? ॥૯૦૧॥

શ્લોક :-

विमर्शः प्राह नैतादृग्, भवचक्रेऽतिदुर्लभम् ।
भावैर्नैकैर्भृतं ह्येतत्, परस्परविरोधिभिः ॥९०२॥

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. ભવચક્રમાં આવા પ્રકારનું નૃત્ય અતિદુર્લભ નથી. हि=જે-કારણથી, આ=ભવચક્ર, પરસ્પર વિરોધી એવા અનેક ભાવોથી ભરાયેલું છે. ॥૯૦૨॥

શ્લોક :-

अम्बरभ्रमणजश्रमतप्तो, ध्वान्तपङ्कहरणाशुचिगात्रः ।
स्नातुमिच्छुरिव तिग्ममरीचिर्वारिधेरथ जगाम समीपम् ॥९०३॥

શ્લોકાર્થ :-

હવે આકાશના ભ્રમણથી થયેલા શ્રમથી તપ્ત, અંધકારરૂપી કાદવના હરણથી થયેલા અશુચિ ગાત્રવાળો, એવો સૂર્ય જાણે સ્નાન કરવાની ઈચ્છાવાળો સમુદ્રની સમીપમાં ગયો અર્થાત્ સૂર્યાસ્ત થયો. ॥૯૦૩॥

**શ્લોક :-**

**एकतामुपगता बभुरुच्चैराकुलाश्च निलयाश्रयणाय ।**
**स्वीयचारविषयाद् विनिवृत्ता, भास्करस्य च जनस्य च गावः ।।९०४।।**

**શ્લોકાર્થ :-**

**પોતાના ચારના વિષયથી નિવૃત્ત થયેલ=પોતાના ગમનની પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલ, સૂર્યનાં કિરણો અને લોકોની વાણીઓ નિલયના આશ્રય માટે આકુલ=લોકોની વાણી પોતાના ઘરમાં રહેવાના આશ્રયથી આકુલ અને સૂર્યનાં કિરણો સમુદ્રમાં નિવાસના આશ્રયણ માટે આકુલ અત્યંત એકતાને પામ્યાં.**

સૂર્યનાં કિરણો અને લોકોની વાણી એકસ્વરૂપનો આશ્રયણ કરીને એકતાને પામ્યાં. **॥૯૦૪॥**

**શ્લોક :-**

**चक्रवाकहृदयात् परिदीर्घाक्रन्दनिर्यदसुसन्ततिचेष्टा ।**
**मूर्च्छदुग्रविरहानलदग्धादाकुलारवपतत्त्रिभिरूहे ।।९०५।।**

**શ્લોકાર્થ :-**

**મૂર્ચ્છા પામતા ઉગ્ર વિરહરૂપી અગ્નિથી દગ્ધ એવા ચક્વાકના હૃદયથી પરિદીર્ઘ આક્રંદને કારણે નીકળતી અસુસંતતિની ચેષ્ટા આકાશમાંથી ઊતરતાં પક્ષીઓથી આકુલ છે એમ હું ઊહ કરું છું. ॥૯૦૫॥**

**શ્લોક :-**

**पद्मिनीहृदयसंगतरागैः, स्फूर्त्तिमद्भिरिव संभृतमूर्तेः ।**
**रश्मयो विबभुरम्बुधिकूलं, यास्यतोऽहिमरुचेरतिशोणाः ।।९०६।।**

**શ્લોકાર્થ :-**

**સ્ફુરાયમાન થતા એવા કમલિનીના હૃદયમાં પ્રાપ્ત થયેલા રાગોથી જાણે ભરેલી મૂર્તિના કિરણો હોય એવા સમુદ્રના કાંઠા તરફ જતા સૂર્યનાં અત્યંત લાલ કિરણો શોભવા લાગ્યાં. ॥૯૦૬॥**

શ્લોક :-

द्यामभित्वरयितुं रतयोग्यस्फारभूषणविधौ विधिवेत्री ।
आगता सितरुचेः प्रियदूती, कुङ्कुमारुणतनुर्ननु सन्ध्या ।।९०७।।

શ્લોકાર્થ :-

સંભોગ ક્રિયાને યોગ્ય મનોહર ભૂષણની વિધિમાં બ્રહ્માની છડીદાર એવી, કુંકુમ સરખા લાલ શરીરવાળી એવી, ચંદ્રની પ્રિયદૂતી સંધ્યા આકાશરૂપી સ્ત્રીઓને ઉતાવળ કરવા માટે આવી. ।।૯૦૭।।

શ્લોક :-

अञ्जनाचलभुवः प्रविसर्पत्पाटलापटलपाटलभासः ।
सान्ध्यरागकलितः किल भागः, पश्चिमः श्रियमगाद् गगनस्य ।।९०८।।

શ્લોકાર્થ :-

અંજનાચલ પર્વતની પૃથ્વીથી વિસ્તાર પામતો ગુલાબના સમૂહ સરખો ગુલાબી રંગની કાંતિવાળો, સંધ્યારંગથી યુક્ત, આકાશનો પશ્ચિમ ભાગ ખરેખર શોભાને પ્રાપ્ત કરે છે. ।।૯૦૮।।

શ્લોક :-

व्याप्तमम्बरमथोल्बणसन्ध्यावह्निधूमसदृशैस्तिमिरौघैः ।
तारकैस्तरलकान्तिभिरुच्चैस्तत्स्फुलिङ्गनिकरैरिव रेजे ।।९०९।।

શ્લોકાર્થ :-

ભયંકર એવી સંધ્યારૂપી અગ્નિના ધૂમાડા સરખા અંધકારોના સમૂહથી વ્યાપ્ત થયેલું આકાશ, જાણે તણખાંઓના સમૂહ હોય તેમ ચપલ કાંતિવાળા તારાઓ વડે અત્યંત શોભવા લાગ્યું. ।।૯૦૯।।

શ્લોક :-

संहता भुवि समासमभावा, दृष्टनष्टमुदभाव्यत विश्वम् ।
उद्धतेन तिमिरेण किमाप्तो, बौद्धबुद्धिपिटकात् पटुभावः ।।९१०।।

શ્લોકાર્થ :-

ઉદ્ધત એવા અંધકાર વડે શું બૌદ્ધોના બુદ્ધિના પિટકમાંથી પટુભાવ પ્રાપ્ત કરાયો હતો ? કે જેથી (ઉદ્ધત એવા તે અંધકાર વડે) પૃથ્વીમાં સમ અસમ ભાવો હરી લેવાયા અને વિશ્વ જાણે જોવાયેલું છતું જ નષ્ટ કરાયું. ||૯૧૦||

શ્લોક :-

म्लानिमाप नलिनीवनलक्ष्मीः, प्रोल्ललास रजनीचरराजी ।
कौशिकाः पथि सुखेन विचेरुर्मूकतां परिययुर्बत काकाः ।।९११।।

શ્લોકાર્થ :-

કમલિનીના વનની શોભા મ્લાનભાવને પ્રાપ્ત થઈ, નિશાચરોની શ્રેણી ઉલ્લાસ પામી, ઘુવડો માર્ગમાં સુખેથી વિચરવા લાગ્યા, કાગડાઓ મૌનપણાને ખરેખર ભજવા લાગ્યા. ||૯૧૧||

શ્લોક :-

स्फीतनीलसिचयोरुरुचीनां, कामुकं प्रति रसेन यतीनाम् ।
निह्नवाज्जनदृशां कुलटानां, रुच्यतामुपययौ तिमिरौघः ।।९१२।।

શ્લોકાર્થ :-

સ્થૂલ નીલ વસ્ત્રોથી મનોહર કાંતિવાળી તથા રસ વડે કામુક તરફ જતી એવી કુલટા સ્ત્રીઓને અંધકારનો સમૂહ લોકોની દૃષ્ટિ રોકવાથી રુચિપણાને પામ્યો. ||૯૧૨||

શ્લોક :-

गच्छतेव निजकालनियोगादाहिता दिनकृता पुनराप्त्यै ।
दीप्तिरस्ततिमिरा प्रजजृम्भे, दीपकेष्वनुगृहं विधृतेषु ।।९१३।।

શ્લોકાર્થ :-

પોતાના કાલના નિયોગથી જતા એવા સૂર્ય વડે જાણે ફરીથી મેળવવા

માટે થાપણ તરીકે રાખેલી, તથા નષ્ટ કરેલ છે અંધકાર જેણે એવી કાંતિ, દરેક ઘરોમાં પ્રગટેલા દીપકોમાં સ્ફુરાયમાન થઈ. ॥૯૧૩॥

શ્લોક :-

आबभार विधुना परिमुक्तं, नव्यसंगमरसोल्लसितेन ।
नाकिनेतुरथ दिग् घनसारक्षोदसोदरमभीशुसमूहम् ।।९१४।।

શ્લોકાર્થ :-

નવા સંગમના રસથી ઉલ્લસિત એવા ચંદ્ર વડે મુકાયેલા ઘનસારના ચૂર્ણ સમાન કિરણોના સમૂહને પૂર્વદિશા ધારણ કરવા લાગી. ॥૯૧૪॥

શ્લોક :-

क्षालयन् मलिनमम्बरमुच्चैरुच्छलज्जलकणोपमतारम् ।
निर्मलांशुसलिलैरुपशैलं, ध्वान्तपङ्कमनयद् व्ययमिन्दुः ।।९१५।।

શ્લોકાર્થ :-

ઊછળતા પાણીના કણની ઉપમાવાળા તારાઓ છે જેમાં એવા મલિન આકાશને અત્યંત નિર્મલ કિરણોરૂપી જલથી ક્ષાલન કરતો એવો ચંદ્ર અંધકારરૂપી કાદવને પર્વત સમીપે નષ્ટ કરવા લઈ ગયો. ॥૯૧૫॥

શ્લોક :-

संगमो विधुकरैर्निपतद्भिर्जाह्नवीयमुनयोर्यदभूत् खे ।
तेन मुण्डनमभूदिह रात्रिब्राह्मणीतिमिरकेशभरस्य ।।९१६।।

શ્લોકાર્થ :-

આકાશમાં જે ગંગા-યમુનાનો સંગમ થયો, તેથી અહીં પડતાં એવાં ચંદ્રનાં કિરણોથી રાત્રિરૂપી બ્રાહ્મણીના અંધકારરૂપી વાળોના સમૂહનું મુંડન થયું. ॥૯૧૬॥

શ્લોક :-

कुन्दसुन्दरलसत्करजालं, विष्टपत्रयजयाय पटिष्ठम् ।
चारुचक्रमिव मान्मथमेकं, खे रराज विधुमण्डलमुद्यत् ।।९१७।।

શ્લોકાર્થ :-

મોગરા જેવાં સુંદર અને સ્ફુરાયમાન કિરણોના સમૂહવાળું, વિષ્ટપ ત્રયના જય માટે=જગતત્રયના જય માટે તત્પર એવું, એક કામદેવરૂપ જાણે સુંદર ચક્ર હોય તેમ ઊગતું ચંદ્રનું મંડલ આકાશમાં શોભવા લાગ્યું. ॥૯૧૭॥

શ્લોક :-

आददेऽङ्गममृतैः परिषिञ्चन्, यो विलासिषु सुधाघटलीलाम्।
सोऽप्यभूद् विधुरहो विरहिण्याश्चण्डकुण्डलितसर्पकरण्डः ॥९१८॥

શ્લોકાર્થ :-

વિલાસી પુરુષોમાં અમૃત વડે અંગને સિંચન કરતો જે ચંદ્ર અમૃતના ઘડાની લીલાને ધારણ કરે છે તે પણ ચંદ્ર આશ્ચર્ય છે કે વિરહવાળી સ્ત્રીઓને પ્રચંડ કુડંલાકારે રહેલ સર્પનો કરંડીઓ થયો. ॥૯૧૮॥

શ્લોક :-

पार्वतीप्रणतशंकरचूलानिर्गलत्सुरनदीजलरम्याः ।
धौतविश्ववलयाः प्रसरन्तो, रेजिरे तुहिनरश्मिमयूखाः ॥९१९॥

શ્લોકાર્થ :-

પાર્વતીથી નમાયેલા એવા મહાદેવની શિખામાંથી ગળતી ગંગાનાં પાણી સરખા મનોહર, ધોયેલ છે જગતના વલયો જેણે, એવાં વિસ્તાર પામતાં ચંદ્રનાં કિરણો કાંતિ શોભવા લાગ્યા. ॥૯૧૯॥

શ્લોક :-

इत्थं चन्द्रोदये जाते, जनानन्दविधायिनि ।
दृष्टो निजापणद्वारे, ताभ्यां कश्चिन्महेश्वरः ॥९२०॥

શ્લોકાર્થ :-

આ રીતે લોકોના આનંદને કરનાર ચંદ્રનો ઉદય થતે છતે પોતાની દુકાનના દ્વારમાં તે બંને દ્વારા=વિમર્શ અને પ્રકર્ષ દ્વારા કોઈક મહેશ્વર જોવાયો. ॥૯૨૦॥

શ્લોક :-

युतो नैकैर्वणिक्पुत्रैर्निविष्टस्तुङ्गविष्टरे ।
मणिभिः पद्मरागाद्यैः, प्रहृष्यन्निहितैः पुरः ।।९२१।।

શ્લોકાર્થ :-

અનેક વણિકપુત્રોથી યુક્ત, ઊંચા વિષ્ટર ઉપર બેઠેલો, આગળ સ્થાપન કરાયેલા પદ્મરાગાદિ મણિઓથી હર્ષિત થતો કોઈક મહેશ્વર જોવાયો. એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ।।૯૨૧।।

શ્લોક :-

राजतैः काञ्चनैः स्तोमैरुद्गर्वहृदयो भृशम् ।
अलङ्कारैश्च वस्त्रैश्च, विचित्रैश्चित्रमाप्नुवन् ।।९२२।।

શ્લોકાર્થ :-

ચાંદી, સુવર્ણના સમૂહોથી અત્યંત ગર્વહૃદયવાળો, અલંકારોથી અને વિવિધ પ્રકારનાં વસ્ત્રોથી આશ્ચર્યને પામતો કોઈક મહેશ્વર જોવાયો, એમ અન્વય છે. ।।૯૨૨।।

શ્લોક :-

प्रकर्षः प्राह लक्ष्मीवान्, मातुलायं किमीदृशः ।
तिरश्चीनपतद्दृष्टिः, सरलं नेक्षते जनम् ।।९२३।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ બોલ્યો, હે મામા ! આ આવા પ્રકારની લક્ષ્મીવાળો દૃષ્ટિને તિર્છી નાખતો સરલજનને કેમ જોતો નથી ? ।।૯૨૩।।

શ્લોક :-

नाकर्णयति किं वाक्यं, दत्ते किं नोचितोत्तरम् ।
प्राञ्जलीनपि संनम्रान् मन्यते तृणवत्कथम् ।।९२४।।

શ્લોકાર્થ :-

કેમ વાક્યને સાંભળતો નથી, કેમ ઉચિત ઉત્તર આપતો નથી, હાથ જોડીને સંનમ્ર થયેલા લોકોને તૃણની જેમ કેમ માને છે ? ॥૯૨૪॥

શ્લોક :-

रत्नादीनि मुहुः पश्यन्, किं निजाङ्गानि खादति ।
किं स्वलीलामनुस्मृत्य, निमीलयति लोचने ॥९२५॥

શ્લોકાર્થ :-

વારંવાર રત્નાને જોતો તે પોતાનાં અંગોને કેમ ખાય છે ?=પોતાના લોભ કષાયને વશ થઈને આત્માની ઉત્તમ પ્રકૃતિનો કેમ નાશ કરે છે ? પોતાની લીલાનું અનુસ્મરણ કરીને=પોતાના વૈભવનું અનુસ્મરણ કરીને, કેમ બે આંખોને મીંચે છે ? ॥૯૨૫॥

શ્લોક :-

विमर्शः प्राह भद्रेह, शृणु हेतुं समाहितः ।
अस्ति मिथ्याभिमानस्य, धनगर्वाभिधः सुहृत् ॥९२६॥

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. હે ભદ્ર પ્રકર્ષ ! અહીં=મહેશ્વરની આવી ચેષ્ટામાં, હેતુને સમાહિત થયેલો=સમાધાન પામેલો એવો, તું સાંભળ=ચિત્તની સ્વસ્થતા-પૂર્વક તું સાંભળ. મિથ્યાભિમાનનો ધનગર્વ નામનો મિત્ર છે. ॥૯૨૬॥

શ્લોક :-

तेन हृत्वाऽस्य सर्वस्वं, वराकोऽयमधिष्ठितः ।
जानाति धन्यमात्मानं, कृत्रिमैः कनकादिभिः ॥९२७॥

શ્લોકાર્થ :-

આનું સર્વસ્વ હરણ કરીને=મહેશ્વરનું અંતરંગ ધનરૂપ સર્વસ્વનું હરણ કરીને તેના વડે=ધનગર્વ વડે, અધિષ્ઠિત થયેલો એવો આ વરાક= મહેશ્વર, કૃત્રિમ એવા કનકાદિ વડે આત્માને ધન્ય માને છે.

બાહ્ય પદાર્થોમાં પોતાનાપણાના અભિમાનરૂપ મિથ્યાભિમાનનો મિત્ર ધનગર્વ છે; કેમ કે બાહ્ય એવા ધનમાં મારાપણાનું અભિમાન છે અને ધનગર્વથી અધિષ્ઠિત એવો મહેશ્વર બાહ્ય ધનથી પોતાને ધન્ય માને છે. **॥૯૨૭॥**

**શ્લોક :-**

**परस्वत्वकृतोन्माथस्तत्स्वरूपं न पश्यति ।**
**श्रद्धत्ते न हितं मार्गं, नालोचयति चायतिम् ।।९२८।।**

**શ્લોકાર્થ :-**

**પરમાં સ્વત્વના કરાયેલા ઉન્માથવાળો મહેશ્વર તેના સ્વરૂપને= ધનગર્વના સ્વરૂપને, જોતો નથી. હિતમાર્ગની શ્રદ્ધા કરતો નથી. ભવિષ્યનું આલોચન કરતો નથી.**

પર એવા ધનમાં સ્વપણાની બુદ્ધિનો ઉન્માદ મહેશ્વરમાં વર્તે છે. છતાં પોતાનામાં ઉન્માદ છે, તેને જોતો નથી. આથી જ અકષાયરૂપ હિતમાર્ગની રુચિ કરતો નથી અને આ ધનગર્વનું ભવિષ્યમાં અનુચિત ફળ છે, તેનું આલોચન કરતો નથી. **॥૯૨૮॥**

**શ્લોક :-**

**अपूर्णोऽप्यनुकम्प्योऽपि, पूर्णतां स्वस्य वेत्ति यत् ।**
**जगदुन्माथि तदिदं, धनगर्वस्य चेष्टितम् ।।९२९।।**

**શ્લોકાર્થ :-**

**અપૂર્ણ પણ, અનુકંપ્ય પણ જે પોતાની પૂર્ણતાને જાણે છે, તે આ જગતને ઉન્માથ કરનાર ધનગર્વનું ચેષ્ટિત છે.**

ધનના ગર્વવાળા જીવો ગુણથી પોતે અપૂર્ણ છે. કષાયોથી આકુળ હોવાથી અનુકંપ્ય છે, છતાં ધનથી પોતે પૂર્ણ છે તેમ માને છે તે ધનગર્વ ચેષ્ટિત છે. **॥૯૨૯॥**

**શ્લોક :-**

**पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।**
**पूर्णानन्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ।।९३०।।**

શ્લોકાર્થ :-

જેના વડે કૃપણો=લાલચુ જીવો, પુરાય છે. તેની ઉપેક્ષા જ=તે ધનની ઉપેક્ષા જ, પૂર્ણતા છે. મનીષીઓની પૂર્ણ આનંદરૂપી અમૃતથી સ્નિગ્ધ આ દૃષ્ટિ છે. ॥૯૩૦॥

શ્લોક :-

अतात्त्विकी विकल्पैः स्यात्, पूर्णताऽब्धेरिवोर्मिभिः ।
पूर्णानन्दस्तु भगवांस्तिमितोदधिसन्निभः ॥९३१॥

શ્લોકાર્થ :-

વિકલ્પોથી અતાત્ત્વિકી પૂર્ણતા થાય, જેમ ઊર્મિઓથી સમુદ્રની પૂર્ણતા. વળી ભગવાન એવો પૂર્ણ આનંદવાળો આત્મા સ્થિર સમુદ્ર જેવો છે. ઈચ્છાના કલ્લોલ વગરનો છે. ॥૯૩૧॥

શ્લોક :-

अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं, जगदद्भुतदायकः ॥९३२॥

શ્લોકાર્થ :-

અપૂર્ણ એવો આત્મા=ધનાદિથી અપૂર્ણ એવો આત્મા, પૂર્ણતાને પામે છે=અંતરંગ સ્વસ્થતારૂપ પૂર્ણતાને પામે છે. વળી, પુરાતો=ધનાદિથી પુરાતો, હીનતાને પામે છે=અંતરંગ ગુણોથી હીનતાને પામે છે. આ પૂર્ણ આનંદનો સ્વભાવ જગતને અદ્ભુતદાયક છે. ॥૯૩૨॥

શ્લોક :-

वदत्येवं विमर्शोऽथ, भुजङ्गस्तत्र कश्चन ।
राजकीयं धनं हृत्वा, कान्दिशीकः समागतः ॥९३३॥

શ્લોકાર્થ :-

હવે આ પ્રમાણે વિમર્શ કહે છે તે ત્યાં=તે મહેશ્વર પાસે, રાજાનું ધન

હરણ કરીને ચારે દિશામાં જોતો કોઈક ભુજંગ નામનો પુરુષ આવ્યો. ।।૯૩૩।।

શ્લોક :-

भुजङ्गं प्रत्यभिज्ञाय, स वाणिजभुजङ्गमः ।
किञ्चिन्मूल्यं प्रदायास्य, तज्जग्राहाखिलं धनम् ।।९३४।।

શ્લોકાર્થ :-

ભુજંગને જાણીને=ચોરને જાણીને, વાણિયારૂપી ચોર એવો તે મહેશ્વર આનું=રાજકીય ધનનું કંઈક મૂલ્ય આપીને તે અખિલ ધન=ચોરેલું સંપૂર્ણ ધન, ગ્રહણ કર્યું. ।।૯૩૪।।

શ્લોક :-

प्रनष्टोऽथ भुजङ्गोऽसावागतं नृपतेर्बलम् ।
कुतश्चित् तत्क्रयोदन्तं, श्रुत्वा तत्रातिभीषणम् ।।९३५।।

શ્લોકાર્થ :-

હવે આ ભુજંગ ચોર, નાસી ગયો. કોઈક રીતે તેના ખરીદીના વૃત્તાંતને સાંભળીને ત્યાં=મહેશ્વર પાસે, અતિ ભીષણ રાજાનું બલ આવ્યું. ।।૯૩૫।।

શ્લોક :-

सलोप्त्रं वणिजं बद्ध्वा, निन्युर्भूपभटास्ततः ।
लुण्टितं भवनं तस्य, विलुप्ता रत्नराशयः ।।९३६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી રાજાના માણસો ચોરીના માલ સહિત વાણિયાને બાંધીને લઈ ગયા. તેનું ભવન લુંટાયું. રત્નરાશિઓ વિલુપ્ત થઈ. ।।૯૩૬।।

શ્લોક :-

किंकराश्च वणिक्पुत्रा, बान्धवाश्च पलायिताः ।
हंसे श्येनेन साक्रन्दं, गृहीत इव पक्षिणः ।।९३७।।

શ્લોકાર્થ :-

અને જેમ બાજપક્ષી દ્વારા આક્રંદ કરતું એવું હંસ ગ્રહણ કરાયે છતે અન્ય પક્ષીઓ પલાયન થાય તેમ રાજપુરુષથી વાણિયો ગ્રહણ કરાયે છતે વણિકપુત્રો, કિંકરો અને બાંધવો આક્રંદ કરતા પલાયન થયા. ॥૯૩૭॥

શ્લોક :-

ततो विगतसर्वस्वो, बन्धुभिः परिवर्जितः ।
रासभारोपितः कण्ठबद्धलोप्त्रोऽतिविह्वलः ।।९३८।।
नीयमानो नृपजनैर्निन्द्यमानः पृथग्जनैः ।
विद्राणवदनो दृष्टः, स ताभ्यां वाणिजस्तदा ।।९३९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ચાલ્યું ગયું છે સર્વસ્વ જેનું એવો બંધુથી પરિવર્જિત ગધેડા ઉપર આરોપણ કરાયેલો, કંઠમાં બાંધેલા ચોરીના માલવાળો, અતિ વિહ્વળ, રાજાના લોકોથી લઈ જવાતો, સામાન્ય લોકોથી નિંદા કરાતો, દીન મુખવાળો તે વાણિયો ત્યારે તે બંને દ્વારા=વિમર્શ, પ્રકર્ષ દ્વારા, જોવાયો. ॥૯૩૮-૯૩૯॥

શ્લોક :-

प्रकर्षो विस्मितः प्राह, मातुलेदं किमद्भुतम् ।
किं स्वप्नोऽयं भ्रमः किं वा, माया वा काऽपि मोहिनी ।।९४०।।

શ્લોકાર્થ :-

વિસ્મિત થયેલો પ્રકર્ષ કહે છે. હે મામા ! શું આ અદ્ભુત છે. શું આ સ્વપ્ન છે. શું ભ્રમ છે, શું માયા છે અથવા કોઈક મોહિની છે ? ॥૯૪૦॥

શ્લોક :-

यदस्य दृश्यते लीला, न सा तत्र च गौरवम् ।
न तद्धाम न गर्वोऽसौ, दृग्विलासा न तेऽधुना ।।९४१।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આની=મહેશ્વરની, લીલા દેખાય છે. તે લીલા નથી અને તે ગૌરવ નથી. તેનો ધામ નથી. આ ગર્વ નથી. તેના=મહેશ્વરના, દૃષ્ટિના વિલાસો હમણાં નથી.**

થોડીવાર પહેલાં મહેશ્વરના જે ધનના ગર્વને કારણે વિલાસો હતા. તે સર્વ રાજપુરુષોથી પકડાયા પછી દીનતા સ્વરૂપે જોઈને પ્રકર્ષ વિમર્શને કહે છે. આ શું ? સ્વપ્નાદિ જેવું છે, જેથી ક્ષણમાં મહેશ્વરનું આ સર્વ પરિવર્તન દેખાય છે. **॥૯૪૧॥**

**શ્લોક :-**

**विमर्शः प्राह सत्योऽसौ, वृत्तान्तो नात्र विभ्रमः ।**
**अत एव महाप्राज्ञा, धनगर्वं न कुर्वते ।।९४२।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે. આ સત્ય વૃત્તાંત છે. આમાં=મહેશ્વરના વૃત્તાંતમાં, વિભ્રમ નથી. આથી જ=મહેશ્વરને ધનગર્વનું આવું અનુચિત ફળ મળ્યું આથી જ, મહાપ્રાજ્ઞ પુરુષો ધનગર્વને કરતા નથી. ॥૯૪૨॥**

**શ્લોક :-**

**सन्ध्याभ्ररागवल्लोके, धनं हि क्षणनश्वरम् ।**
**विस्तारिमारुतधूतध्वजाञ्चलचलाचलम् ।।९४३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, સંધ્યાના વાદળાના રાગની જેમ વિસ્તાર પામતા પવનથી ફરકતા ધજાના છેડા જેવું ચલાચલ લોકમાં ધન ક્ષણનશ્વર છે. ॥૯૪૩॥**

**શ્લોક :-**

**अस्य वाणिजकस्येव, धनं गर्वोष्मदूषितम् ।**
**ज्वलदुल्मुकसंकाशं, महानर्थाय जायते ।।९४४।।**

શ્લોકાર્થ :-

આ વાણિયાની જેમ બળતા ઉલ્મુકના જેવું=બળતા ઉંબાડિયાના જેવું, ગર્વની ઉષ્માથી દૂષિત એવું ધન મહાઅનર્થ માટે થાય છે. ॥૯૪૪॥

શ્લોક :-

अर्जितं क्लेशकोटीभिस्तथायुरिव रक्षितम् ।
नश्यद्धनं क्षणेनैव, नेक्ष्यते खरशृङ्गवत् ।।९४५।।

શ્લોકાર્થ :-

ક્લેશકોટીથી અર્જન કરાયેલું અને આયુષ્યની જેમ રક્ષણ કરાયેલું નાશ પામતું ધન ક્ષણથી જ ગધેડાના શિંગડાની જેમ દેખાતું નથી. ॥૯૪૫॥

શ્લોક :-

अलीकधनगर्वेण, विह्वलीभूतचेतसाम् ।
इहामुत्र च दुःखौघमानं कर्तुं न शक्यते ।।९४६।।

શ્લોકાર્થ :-

ખોટા ધનગર્વથી વિહ્વલીભૂત ચિત્તવાળાઓના દુઃખના સમૂહનું પ્રમાણ આલોકમાં અને પરલોકમાં કરવું શક્ય નથી. ॥૯૪૬॥

શ્લોક :-

प्रकर्षः प्राह येन स्याद्धनं मातुल ! निश्चलम् ।
शुभावहविपाकं च, स हेतुर्विद्यते न वा ।।९४७।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. હે મામા ! જેના વડે નિશ્ચલ ધન થાય, શુભાવહ વિપાકવાળો થાય, તે હેતુ વિદ્યમાન છે કે નહીં ?

પ્રાપ્ત થયેલું ધન તે ભવમાં નાશ પામે નહિ અને શુભફળને લાવનારું થાય તેવો હેતુ વિદ્યમાન છે કે નહિ, એ પ્રકારે પ્રકર્ષ પૂછે છે. ॥૯૪૭॥

**શ્લોક :-**

**विमर्शः प्राह वत्सेदृग्, नासंभवि धनं भुवि ।**
**विरलानां तु तद्धेतुसंयोगः स्यान्महात्मनाम् ।।९४८।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે હે વત્સ ! આવું ધન=મરતાં સુધી નાશ ન પામે અને શુભફળને આપે, એવું ધન જગતમાં અસંભવી નથી. પરંતુ વિરલ એવા મહાત્માઓને તેના હેતુનો સંયોગ થાય=તેવા ધનના કારણનો સંયોગ થાય. ।।૯૪૮।।**

**શ્લોક :-**

**पुण्यं पुण्यानुबन्ध्येव, निश्चलं कुरुते धनम् ।**
**वृद्धिं नयति च स्तोकाः, परं तत् कर्तुमीशते ।।९४९।।**

**શ્લોકાર્થ :-**

**પુણ્યાનુબંધી જ પુણ્ય ધનને નિશ્ચલ કરે છે અને વૃદ્ધિને લઈ જાય છે. પરંતુ તેને થોડા જીવો કરવા માટે સમર્થ છે.**

જે જીવો પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરે છે, તેઓને પ્રાપ્ત થયેલું ધન મરણ સુધી સ્થિર રહે છે અને જન્માંતરમાં પણ અધિક અધિક વૃદ્ધિ પામે છે. પરંતુ થોડા જીવો જ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવા સમર્થ છે. **।।૯૪૯।।**

**શ્લોક :-**

**गुरुदेवादिशुश्रूषा, वैराग्यं प्राणिनां दया ।**
**पुण्यं पुण्यानुबन्ध्येतच्छीलवृत्तिश्च निर्मला ।।९५०।।**

**શ્લોકાર્થ :-**

**ગુરુ, દેવાદિની શુશ્રૂષા, વૈરાગ્ય, પ્રાણીઓની દયા અને નિર્મલ શીલવૃત્તિ એ પુણ્યાનુબંધી પુણ્ય છે.**

વિવેકપૂર્વક ગુરુદેવાદિની શુશ્રૂષાદિ પુણ્યાનુબંધી પુણ્યનાં કારણો છે. તેને જેઓ વિવેકપૂર્વક સેવે છે, તેઓ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને તેવા જીવોને

જે ધનાદિ મળે છે તે નિશ્ચલ હોય છે અને ઉત્તર ઉત્તરના ભવમાં અધિક અધિક મળે છે. **॥૯૫૦॥**

**શ્લોક :-**

**संतापशान्तिरन्येषां, विश्वानुग्रह एव च ।**
**दमनं च स्वचित्तस्य, पुण्यं पुण्यानुबन्ध्यदः ।।९५१।।**

**શ્લોકાર્થ :-**

**અન્યોના સંતાપની શાંતિ, વિશ્વનો અનુગ્રહ જ અને સ્વચિત્તનું દમન એ પુણ્યાનુબંધી પુણ્ય છે.**

જેઓ વિવેકપૂર્વક અન્ય જીવોના ચિત્તના સંતાપને શાંત કરે છે, જગતના જીવો પ્રત્યે દયાળુ સ્વભાવવાળા છે, પોતાનું ચિત્ત વિષયોથી પરાઙ્મુખ કરે છે એ સર્વ પ્રવૃત્તિ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે. **॥૯૫૧॥**

**શ્લોક :-**

**प्राच्ये वाऽस्मिन् भवे प्राप्तं, पुण्यं पुण्यानुबन्धि यैः ।**
**गुणराशिनिबद्धेव, तेभ्यः श्रीर्याति न क्वचित् ।।९५२।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના ભવમાં કે આ ભવમાં જેઓ વડે પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરાયું છે, તેઓથી ગુણરાશિમાં નિબદ્ધની જેમ લક્ષ્મી ક્યારેય જતી નથી. ॥૯૫૨॥**

**શ્લોક :-**

**ते हि तत्र धने मूर्च्छां, न कुर्वन्ति महाशयाः ।**
**क्षेत्रेषु योजयन्त्येतत्, स्वयं च परिभुञ्जते ।।९५३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તેઓ=પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવો, મહાશયવાળા તે ધનમાં=પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલા ધનમાં, મૂર્છાને પ્રાપ્ત**

કરતા નથી. આને=પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલા ધનને, ક્ષેત્રોમાં=ઉચિત સ્થાનોમાં, યોજન કરે છે અને સ્વયં ભોગવે છે=તે ધનનો પોતાના જીવનની આવશ્યકતામાં ઉપયોગ કરે છે. ।।૯૫૩।।

શ્લોક :-

एवं च श्रीर्विकीर्णाऽपि, नैर्मल्यायैव जायते ।
जहाति न स्वपार्श्वं च, विधोरिव महाप्रभा ।।९५४।।

શ્લોકાર્થ :-

આ રીતે વિકીર્ણ પણ લક્ષ્મી=સદ્સ્થાનોમાં યોજન કરાયેલી લક્ષ્મી, નિર્મલતા માટે જ થાય છે અને ચંદ્રની મહાપ્રભા જેમ ચંદ્રને ત્યાગ કરતી નથી, તેમ સ્વપાર્શ્વને છોડતી નથી=ધનવાન પુરુષના પડખાને છોડતી નથી. ।।૯૫૪।।

શ્લોક :-

कीर्णा कर्पूरधारा श्रीः, कपिकच्छूर्धृता हृदि ।
दानभोगावतः कार्यौ, मूर्च्छागर्वौ न धीमता ।।९५५।।

શ્લોકાર્થ :-

કીર્ણા લક્ષ્મી=ઉચિત સ્થાને વપરાયેલી લક્ષ્મી, કર્પૂરધારા જેવી છે=કર્પૂરની જેમ સર્વત્ર સુગંધને ફેલાવનાર છે. હૃદયમાં ધારણ કરાયેલી=મમત્વથી હૃદયમાં સ્થાપન કરાયેલી, લક્ષ્મી કપિકચ્છૂ છે=વાંદરાને ચળ આવે તેવી મૂર્છા કરાવનાર છે. આથી દાન-ભોગ કરવાં જોઈએ. બુદ્ધિવાન પુરુષે મૂર્છાગર્વ કરવાં જોઈએ નહિ. ।।૯૫૫।।

શ્લોક :-

लक्ष्मीर्दासीकृता नित्यं, स्वामीयत्येव देहिनाम् ।
दासीयति विपर्यस्तस्वभावा स्वामिनी कृता ।।९५६।।

શ્લોકાર્થ :-

દાસીકૃત એવી લક્ષ્મી દેહીઓને=જીવોને, નિત્ય સ્વામી જ બનાવે

**છે. વિપર્યસ્ત સ્વભાવવાળી સ્વામિની કરાયેલી લક્ષ્મી દાસ બનાવે છે= જીવને લક્ષ્મીનો દાસ બનાવે છે. ।।૯૫૬।।**

**શ્લોક :-**

**वर्जनीयः प्रयत्नेन, चौर्यगन्धोऽपि जानता ।**
**अस्य वाणिजकस्येव, महानर्थोऽन्यथा भवेत् ।।९५७।।**

**શ્લોકાર્થ :-**

**જાણતા પુરુષે આનો=લક્ષ્મીનો, ચૌર્યનો ગંધ પણ (પ્રયત્નથી) વર્જન કરવો જોઈએ, અન્યથા આ વાણિયાની જેમ મહાઅનર્થ થાય.**

જેમ પ્રસ્તુતમાં મહેશ્વરે ચોરીનો માલ લીધો, તેમ ચોરીની ગંધ પણ સર્વથા પ્રયત્નથી વિવેકીએ વર્જન કરવી જોઈએ. નહિતર તે મહેશ્વરની જેમ મહાઅનર્થ થાય. **॥૯૫૭॥**

**શ્લોક :-**

**विमर्शेऽदो वदत्येव, युवा कश्चिद् वणिक्पथे ।**
**दुर्बलो मलिनः क्षामोऽवतीर्णो जीर्णवस्त्रभृत् ।।९५८।।**

**શ્લોકાર્થ :-**

**આને વિમર્શ બોલ્યે છતે જ=પૂર્વના શ્લોકોમાં કહ્યું એ કથનને વિમર્શ કહે છતે જ, વણિક્પથમાં દુર્બલ, મલિન, ક્ષીણ થયેલા શરીરવાળો, જીર્ણ વસ્ત્રને ધારણ કરનારો કોઈક યુવાન અવતીર્ણ થયો. ।।૯૫૮।।**

**શ્લોક :-**

**आपणे निहितग्रन्थिर्दृष्टस्ताभ्यां स लोलधीः ।**
**गृहीता मोदकास्तेन, रूपकैश्चित्तमोदकाः ।।९५९।।**

**શ્લોકાર્થ :-**

**બજારમાં નિહિત ગ્રંથિવાળો=કોઈ દુકાનમાં ખરીદી માટે ધનની પોટલીને કાઢતો, લોલ બુદ્ધિવાળો તે=પૂર્વ ગાથામાં બતાવેલ યુવાન, તે બંને**

દ્વારા=વિમર્શ-પ્રકર્ષ દ્વારા, જોવાયો. તેના વડે=તે યુવાન પુરુષ વડે, રૂપિયાઓથી ચિત્તને આનંદ દેનારા મોદકો ગ્રહણ કરાયા. ॥૯૫૯॥

શ્લોક :-

स्रजः पर्णानि गन्धांश्च, क्रीत्वा वस्त्रयुगं तथा ।
गत्वोपवापि भुक्त्वा च, भोजनं तृप्तिमाप सः ॥९६०॥

શ્લોકાર્થ :-

માળા, પર્ણો=પાન-બીડાં, ગંધો=સુગંધી પદાર્થો અને વસ્ત્રયુગલને ખરીદીને કૂવા પાસે જઈને અને ભોજનને ખાઈને તે તૃપ્તિને પામ્યો. ॥૯૬૦॥

શ્લોક :-

ततस्ताम्बूलमास्वाद्य, धृत्वा पुष्पस्रजं हृदि ।
सौरभाढ्यः स्फुरद्वक्त्रः, प्रस्थितो नृपलीलया ॥९६१॥
पुनः पुनः स्फुरत्कान्ति, प्रेक्षते मुकुरे मुखम् ।
मोदते गन्धमाघ्राय, गर्वेण नरिनर्ति च ॥९६२॥

શ્લોકાર્થ :-

ત્યારપછી તાંબૂલનું આસ્વાદન કરીને હૃદય ઉપર પુષ્પમાળાને ધારણ કરીને સૌરભથી યુક્ત, સ્ફુરાયમાન થતા મુખવાળો=મલકાતા મુખવાળો, રાજાની લીલાથી પ્રસ્થિત થયો. ફરી ફરી દર્પણમાં સ્ફુરત્કાંતિવાળા મુખને જુએ છે. ગંધને સૂંઘીને આનંદિત થાય છે. ગર્વથી નાચે છે. ॥૯૬૧-૯૬૨॥

શ્લોક :-

प्रकर्षो विस्मितः प्रोचे, युवाऽयं को नु मातुल ! ।
क्व प्रस्थितः किमुद्दिश्य, किं विकारैश्च भज्यते ॥९६३॥

શ્લોકાર્થ :-

વિસ્મિત એવો પ્રકર્ષ બોલ્યો. હે મામા ! કોણ આ યુવાન છે ? કોને ઉદ્દેશીને ક્યાં પ્રસ્થિત છે ? વિકારોથી કેમ મલકાય છે ? ॥૯૬૩॥

શ્લોક :-

विमर्शः प्राह गणिकाव्यसनी रमणो ह्ययम् ।
सामुद्रदत्तिरत्रैव, वास्तव्यः पत्तने युवा ।।९६४।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. ગણિકાનો વ્યસની આ રમણ છે. આ જ નગરમાં સામુદ્રદત્તિના નામનો યુવાન વસનારો છે. ॥૯૬૪॥

શ્લોક :-

अनेनाल्पैर्दिनैरेव, शोषितं पापबुद्धिना ।
धनं समुद्रदत्तस्य, ग्रीष्मार्केण सरो यथा ।।९६५।।

શ્લોકાર્થ :-

પાપબુદ્ધિવાળા એવા આના વડે=રમણ વડે, થોડા દિવસોથી સમુદ્રદત્તનું ધન શોષણ કરાયું. જે પ્રમાણે ઉનાળાના સૂર્યથી સમુદ્ર સરોવર શોષિત થાય. ॥૯૬૫॥

શ્લોક :-

जातोऽयमधुनेदृक्षो, निर्धनः परकर्मकृत् ।
परकर्मकरत्वेन, कतिचित् प्राप रूपकान् ।।९६६।।

શ્લોકાર્થ :-

હમણાં આ આવા પ્રકારનો નિર્ધન, પરના કર્મને કરનારો થયો. પારકા કર્મકરપણાથી=પારકા કર્મને કરવાથી, કેટલાક રૂપિયાઓને પ્રાપ્ત કર્યા. ॥૯૬૬॥

શ્લોક :-

नाटितो व्यसनेनाथ, कुरुते यत् तदीक्ष्यते ।
अस्ति ह्यत्र पुरे ख्याता, वेश्या मदनमञ्जरी ।।९६७।।

શ્લોકાર્થ :-

હવે વ્યસનથી નચાવેલો જે કરે છે તે જોવાશે. हि=જે કારણથી, આ નગરમાં ખ્યાત એવી મદનમંજરી વેશ્યા છે. ||૯૬૭||

શ્લોક :-

तस्याश्च कुन्दकलिका, पुत्री लावण्यवाहिनी ।
तस्यामासक्तचित्तेन, धनमेतेन नाशितम् ।।९६८।।

શ્લોકાર્થ :-

અને તેની લાવણ્યને વહન કરનારી કુંદકલિકા પુત્રી છે. તેમાં આસક્ત ચિત્તવાળા આના વડે=રમણ વડે, ધન નાશ કરાયું. ||૯૬૮||

શ્લોક :-

गेहान्निस्सारितश्चायं, धनहीनस्तया रयात् ।
प्रस्थितोऽद्य गृहे तस्याः, किंचित् प्राप्य धनं पुनः ।।९६९।।

શ્લોકાર્થ :-

આ=રમણ, ધનહીન તેણી વડે=વેશ્યા વડે, શીઘ્ર ઘરથી કાઢી મુકાયો. આજે વળી કંઈક ધન પ્રાપ્ત કરીને તેણીના ઘરે=વેશ્યાના ઘરે, પ્રસ્થિત છે. ||૯૬૯||

શ્લોક :-

अत्रान्तरे प्रकर्षेण, दृष्टः सानुचरो नरः ।
सतूणीरः समाकृष्टशरः पृष्टश्च मातुलः ।।९७०।।

શ્લોકાર્થ :-

એટલામાં સતૂણીર=ભાથા સહિત, ખેંચેલા બાણવાળો અનુચર સહિત મનુષ્ય પ્રકર્ષ વડે જોવાયો અને મામા પુછાયા. ||૯૭૦||

શ્લોક :-

कोऽयं माम ! निहन्त्येनं, स प्राह मकरध्वजः ।
चर्यया निर्गतो रात्रौ, भयानुचरसंयुतः ।।९७१।।

**શ્લોકાર્થ :-**

**હે મામા ! આને=રમણને, કોણ આ હણે છે ? તે=મામા, કહે છે. રાત્રિમાં ચર્યાથી નીકળેલો ભયરૂપી અનુચરથી યુક્ત મકરધ્વજ હણે છે. ॥૯૭૧॥**

**શ્લોક :-**

रमणोऽयमनेनैव, प्रेरितो याति तद्गृहे ।
अतः परं च यद् भावि, तन्निभालय कौतुकम् ।।९७२।।

**શ્લોકાર્થ :-**

**આ રમણ આનાથી જ પ્રેરિત=મકરધ્વજથી જ પ્રેરિત, તેના ઘરમાં=વેશ્યાના ઘરમાં, જાય છે અને હવે પછી જે કૌતુક થશે તેને તું જો. ॥૯૭૨॥**

**શ્લોક :-**

एवमस्त्विति तेनोक्ते, गतौ तौ गणिकागृहे ।
दृष्टा च कुन्दकलिका, वेश्मद्वारे विभूषिता ।।९७३।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે હો, એ પ્રમાણે તેના વડે=પ્રકર્ષ વડે, કહેવાયે છતે તે બંને=વિમર્શ અને પ્રકર્ષ; ગણિકાગૃહમાં ગયા અને વેશ્યાના દ્વારમાં વિભૂષિત એવી કુંદકલિકા જોવાઈ. ॥૯૭૩॥**

**શ્લોક :-**

वालिता कन्धरा नासा, विमर्शेनाथ कुञ्चिता ।
प्रकर्षः प्राह हेतुस्ते, को व्यलीकस्य मातुल ! ।।९७४।।

**શ્લોકાર્થ :-**

**હવે વિમર્શ વડે ડોક વળાઈ. નાસિકા સંકોચિત કરાઈ. પ્રકર્ષ કહે છે. હે મામા ! તમારા વ્યલીકનો કોણ હેતુ છે ?**

કેમ માથું બીજી બાજુ વાળ્યું અને દુર્ગંધથી વ્યાકુળ થયેલી નાસિકાને મચડી એ પ્રમાણે પ્રકર્ષ પૂછે છે. **॥૯૭૪॥**

શ્લોક :-

स प्राह पुष्पवसनालंकारपिहितामिमाम् ।
नवश्रोतःस्रुतां विष्टाकोष्ठिकां किं न पश्यसि ? ।।९७५।।

શ્લોકાર્થ :-

તે=વિમર્શ, કહે છે. પુષ્પ, વસ્ત્ર અને અલંકારોથી ઢંકાયેલી આ નવ-શ્રોતથી ગંદકીને કાઢતી વિષ્ટાકોષ્ઠિકાને તું કેમ જોતો નથી ? ||૯૭૫||

શ્લોક :-

इतो दुष्यति दुर्गन्धाच्छपे तुभ्यं शिरो मम ।
तदस्या दूरतः स्थित्वा, पश्यावो यद् भवेदिह ।।९७६।।

શ્લોકાર્થ :-

આ દુર્ગંધથી મારું માથું દૂષિત થાય છે. તને સોગંદથી કહું છું. તે કારણથી આના=વેશ્યાના, દૂરથી રહીને અહીં=વેશ્યાના ઘરમાં, જે થાય તે આપણે બંને જોઈએ. ||૯૭૬||

શ્લોક :-

प्रकर्षोऽपि जगौ युक्तमुक्तं मातुल ! मे त्वया ।
ममाप्यशुचिगन्धेन, महार्तिरिह जायते ।।९७७।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ પણ બોલ્યો – હે મામા ! મને તમારા વડે યુક્ત કહેવાયું. અહીં=વેશ્યાના ઘરમાં, મને પણ અશુચિના ગંધથી મહાર્તિ=પીડા, થાય છે. ||૯૭૭||

શ્લોક :-

अपसृत्य ततो दूरे, स्थितौ तौ रमणो युवा ।
आगतोऽत्रान्तरे पश्चात्, सभयो मकरध्वजः ।।९७८।।

**શ્લોકાર્થ :-**

ત્યારપછી ખસીને તે બંને દૂર રહ્યા. યુવાન રમણ આવ્યો. એટલામાં પાછળથી ભયસહિત મકરધ્વજ આવ્યો. ॥૯૭૮॥

**શ્લોક :-**

दृष्ट्वाऽथ कुन्दकलिकां, ममज्ज रमणोऽमृते ।
मुदा मदनमञ्जर्या, संज्ञितां तं च सैक्षत ।।९७९।।

**શ્લોકાર્થ :-**

હવે કુંદકલિકાને જોઈને રમણ અમૃતમાં ડૂબ્યો. આનંદથી મદનમંજરી દ્વારા સંજ્ઞિત એવી તેણીએ=કુંદકલિકાએ, તેને=રમણને, જોયો. ॥૯૭૯॥

**શ્લોક :-**

आकर्णाकृष्टबाणस्तं, जघान मकरध्वजः ।
अभ्यन्तरे प्रविश्याथ, तस्याः स प्रददौ धनम् ।।९८०।।

**શ્લોકાર્થ :-**

આકર્ણ સુધી=કર્ણ સુધી, ખેંચાયેલા બાણવાળા મકરધ્વજે તેને=રમણને, માર્યું. હવે અભ્યંતરમાં પ્રવેશીને=ઘરમાં પ્રવેશીને, તેણે=રમણે, તેણીને ધન આપ્યું. ॥૯૮૦॥

**શ્લોક :-**

तद्गृहीत्वा समीपस्था, जगौ मदनमञ्जरी ।
वत्स ! त्वया कृतं सम्यग्, वत्सा त्वयि समुत्सुका ।।९८१।।

**શ્લોકાર્થ :-**

તેને ગ્રહણ કરીને પાસે રહેલી મદનમંજરી બોલી. હે વત્સ ! રમણ તારા વડે સમ્યગ્ કરાયું. કુંદકલિકા તારામાં સમુત્સુક છે. ॥૯૮૧॥

**શ્લોક :-**

इहाऽऽजिगमिषुः किन्तु, चण्डाख्योऽस्ति नृपात्मजः ।
तत् तावत् तिष्ठ लीनस्त्वं, पश्चाद् भोगांश्च भोक्ष्यसे ।।९८२।।

શ્લોકાર્થ :-

પરંતુ અહીં ચંડ નામનો રાજાનો પુત્ર આવવાની ઈચ્છાવાળો છે. તે કારણથી ત્યાં સુધી લીન રહે=ગુપ્ત રહે. પાછળથી તું ભોગોને ભોગવીશ. ||૯૮૨||

શ્લોક :-

रमणोऽभूदिदं श्रुत्वा, भयाधिष्ठितविग्रहः ।
चण्डोऽथाभ्यागतो द्वारे, भूयान् कोलाहलोऽजनि ।।९८३।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને ભયઅધિષ્ઠિત શરીરવાળો રમણ થયો. હવે દ્વારમાં ચંડ આવ્યો. ઘણો કોલાહલ થયો. ||૯૮૩||

શ્લોક :-

चण्डस्तूर्णं प्रविष्टोऽथ, रमणं च ददर्श सः ।
असिपुत्रीं समाकृष्य, हन्तुं व्यवसितश्च तम् ।।९८४।।

શ્લોકાર્થ :-

હવે શીઘ્ર ચંડ પ્રવેશ્યો અને તેણે=ચંડે રમણને જોયો અને તલવારને ખેંચીને તેને હણવા માટે તત્પર થયો. ||૯૮૪||

શ્લોક :-

दैन्यं प्राप्तोऽथ रमणो, मुखक्षिप्तदशाङ्गुलिः ।
अष्टाङ्गपादपतनं, चण्डस्य कृतवान् भिया ।।९८५।।

શ્લોકાર્થ :-

હવે મુખમાં નાંખેલી દશ અંગુલિવાળો રમણ દૈન્યને પ્રાપ્ત થયો. ભયથી ચંડને અષ્ટાંગપાદપતન કર્યું. ||૯૮૫||

શ્લોક :-

ततश्चण्डो दयोत्पत्त्या, मारयामास नैव तम् ।
रोषोत्कर्षात् परं तस्य, त्रोटिता तेन नासिका ।।९८६।।

**શ્લોકાર્થ :-**

**અને તેથી દયાની ઉત્પત્તિ થવાને કારણે ચંડે તેને માર્યો નહિ જ. પરંતુ રોષના ઉત્કર્ષથી તેના વડે=ચંડ વડે, તેની નાસિકા કાપી નંખાઈ. ||૯૮૬||**

**શ્લોક :-**

**लुप्तौ कर्णौ चक्षुरेकं, कृष्टं विदलिता रदाः ।**
**दत्तः पार्ष्णिप्रहारोऽथ, हसितं गणिकाद्वयम् ।।९८७।।**

**શ્લોકાર્થ :-**

**બે કર્ણ કાપી નંખાયા. એક ચક્ષુ ખેંચી નંખાઈ. દાંતો તોડી નંખાયા. એડીનો પ્રહાર અપાયો. ગણિકાદ્વય વડે હસાયું. ||૯૮૭||**

**શ્લોક :-**

**कृतस्ताभ्यां हृतस्वान्तश्चण्डः पेशलभाषितैः ।**
**राजलोकैर्हतो निर्यन्, मुक्तश्च रमणोऽसुभिः ।।९८८।।**

**શ્લોકાર્થ :-**

**તે બંને દ્વારા=બે ગણિકાઓ દ્વારા, સુંદર વચનોથી હરણ કરાયેલા અંતઃકરણવાળો ચંડ કરાયો. રાજલોકો વડે હણાયેલો નીકળતો રમણ પ્રાણથી મુકાયો. ||૯૮૮||**

**શ્લોક :-**

**दध्यौ प्रकर्षः कामस्य, भयस्य च विचेष्टितम् ।**
**कुट्टिन्याश्चातिगहनं, साक्षात् प्रेक्षणकोपमम् ।।९८९।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષે કામનું અને ભયનું વિચેષ્ટિત વિચાર્યું અને વેશ્યાનું સાક્ષાત્ નાટકની ઉપમાવાળું અતિગહન વિચાર્યું.**

*જીવમાં કામનો પરિણામ અને ભયનો પરિણામ કઈ રીતે પ્રવૃત્તિ કરાવે છે,* તે રમણના દૃષ્ટાંતથી પ્રકર્ષે વિચાર્યું. વળી, તે વેશ્યા કઈ રીતે રમણ સાથે વાત

કરે છે અને ચંડ નામના રાજપુત્ર સાથે કઈ રીતે વર્તન કરે છે ઇત્યાદિ નાટકની ઉપમાવાળું વેશ્યાનું અતિગહન ચરિત્ર પ્રકર્ષે વિચાર્યું. **॥૯૮૯॥**

**શ્લોક :-**

**विमर्शः प्राह येऽप्यन्ये, भवन्ति गणिकारताः ।**
**तेषामीदृशमेव स्यान्नाटकं विस्मयावहम् ।।९९०।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે, જે પણ અન્ય ગણિકામાં આસક્ત થાય છે, તેઓનું આવું જ=રમણ જેવું જ, વિસ્મયને કરનારું નાટક થાય. ।।૯૯૦।।**

**શ્લોક :-**

**वेश्याभिर्हृतसर्वस्वा, भवन्ति कुलदूषणाः ।**
**न च मूढा विरज्यन्ते, शोच्यामपि गता दशाम् ।।९९१।।**

**શ્લોકાર્થ :-**

**વેશ્યાઓ વડે હરણ કરાયેલા સર્વ ધનવાળા કુલદૂષણવાળા થાય છે અને મૂઢો શોચ્ય પણ દશાને પામેલા વિરક્ત થતા નથી=વેશ્યાથી વિરક્ત થતા નથી. ।।૯૯૧।।**

**શ્લોક :-**

**सर्पिण्य इव विश्वास्या, नान्या अपि हि योषितः ।**
**दृग्विषाहिसमानासु, वेश्यासु प्रश्न एव कः ? ।।९९२।।**

**શ્લોકાર્થ :-**

**સર્પિણી જેવી અન્ય પણ સ્ત્રીઓ વિશ્વાસ કરવાયોગ્ય નથી. દૃષ્ટિવિષ સર્પ સમાન વેશ્યાઓમાં શું પ્રશ્ન જ છે ?=વિશ્વાસનો કોઈ પ્રશ્ન જ નથી.**

કામવૃત્તિને શમન કરવા અર્થે મહાત્મા ભાવન કરતાં વિચારે છે કે સાપિણી જેમ વિશ્વસનીય નથી; કેમ કે ગમે ત્યારે ડંખ આપે તેમ વેશ્યાથી અન્ય સ્ત્રીઓ પણ સ્વાર્થવશ ગમે ત્યારે વિશ્વાસઘાત કરે. જ્યારે વેશ્યાઓ તો અતિ સ્વાર્થી

હોય છે. તેથી તેના પ્રત્યે વિશ્વાસ કરાય નહિ. આ પ્રકારે ભાવન કરવાથી કામને વશ વેશ્યાગમનનો અધ્યવસાય ઉત્પન્ન થયો હોય તે ક્ષીણ થાય છે. **॥૯૯૨॥**

**શ્લોક :-**

**कुष्टिनोऽपि हि पश्यन्ति, स्मराभान् धनदायिनः ।**
**निर्लाक्षालक्तकप्रायान्, वेश्या मुञ्चन्ति निर्धनान् ।।९९३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, વેશ્યાઓ ધનને દેનારા કોઢ રોગવાળાને પણ કામદેવ જેવો જુએ છે, નિર્લાક્ષ આલક્તકપ્રાયઃ એવા નિર્ધનોને મૂકે છે. ॥૯૯૩॥**

**શ્લોક :-**

**प्रकर्षेणोदितं सत्यमेतन्नास्त्यत्र संशयः ।**
**ततो निर्वाहितस्ताभ्यां, रात्रिशेषः क्वचिद् गृहे ।।९९४।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ વડે કહેવાયું. આ સત્ય છે=મામાએ વેશ્યા વિષયક કહ્યું એ સત્ય છે, આમાં=મામાના કથનમાં, સંશય નથી. ત્યારપછી તે બંને દ્વારા=મામા અને ભાણેજ દ્વારા, કોઈક ગૃહમાં રાત્રિ શેષ પસાર કરાઈ. ॥૯૯૪॥**

**શ્લોક :-**

**आलिलिङ्ग रजनीविरहार्तो, द्यां ससंभ्रममथाम्बुजपाणिः ।**
**तद्वशेन निपपात मणीनां, हारयष्टिरिव तारकराजी ।।९९५।।**

**શ્લોકાર્થ :-**

**હવે રાત્રિમાં પોતાનો વિરહ હોવાથી આર્ત્ત થયેલા એવા સૂર્યએ સંભ્રમપૂર્વક પૃથ્વીને આલિંગન આપ્યું, તેના વશથી=સૂર્યના આલિંગનના વશથી, મણિઓના હારની માળાઓની જેમ અમ્બુજપાણીવાળી એવી તારાઓની શ્રેણી પડી. ॥૯૯૫॥**

શ્લોક :-

वासवस्य विधिनाऽजनि भासां (सा), गर्भिणीव परिपाण्डुमुखी दिग् ।
ध्वान्तशान्तिशुचिदोहदपूर्तेरुच्छ्वसत्तनुरनूनविनोदा ।।९९६।।

શ્લોકાર્થ :-

ઈન્દ્રની દિશા (એટલે પૂર્વદિશા) કાંતિથી બ્રહ્મા વડે ગર્ભિણી સ્ત્રીની પેઠે આસપાસથી પાંડુર મુખવાળી કરાઈ, તથા અંધકારની શાંતિરૂપી પવિત્ર દોહલો સંપૂર્ણ થવાથી પુલકિતશરીરવાળી અને અત્યંત વિનોદવાળી થઈ. ।।૯૯૬।।

શ્લોક :-

यद्भिया दिवमगात् पितुरङ्कं, द्राग् विहाय परिशङ्क्य तमिन्दुः ।
ज्वालजालजटिलं वडवाग्निं, भानुमुत्थितमयाच्चरमाशाम् ।।९९७।।

શ્લોકાર્થ :-

જે વડવાનલના ભયથી ચંદ્ર, પિતાનો (સમુદ્રનો) ઉત્સંગ શીઘ્ર છોડીને આકાશમાં ગયો હતો, તે જ જ્વાલાઓથી પુષ્ટ થયેલા વડવાગ્નિને ઊગેલા સૂર્યના (મિષથી) શંકીને તુરત છેલ્લી આશાને (પશ્ચિમ દિશાને) તે પ્રાપ્ત થયો. ।।૯૯૭।।

શ્લોક :-

ध्वान्तधूलिरखिलाऽपि निरस्ता, शोधिता भगणकर्करपङ्क्तिः ।
अंशुकुङ्कुमरसैः स्नपितं खं, भास्करेण नववासरराज्ये ।।९९८।।

શ્લોકાર્થ :-

નવા દિવસ સંબંધી રાજ્ય મળે છતે, સૂર્ય વડે અંધકારરૂપી સઘળી પણ ધૂલિને દૂર કરાઈ, તથા તારાઓના સમૂહરૂપી કાંકરાઓની શ્રેણિને ચોખ્ખી કરાઈ અને કિરણોરૂપી કુંકુમના રસ વડે આકાશ સ્નાન કરાવાયું. ।।૯૯૮।।

શ્લોક :-

आगते न पिदधे किमु पत्यौ, द्यौस्त्यजन्त्युपपतिं हिमभासम् ।
ऊषसाऽरुणिमकुङ्कुमलेपे, तारकच्छलनखव्रणपङ्क्तिम् ।।९९९।।

શ્લોકાર્થ :-

(પોતાનો) સ્વામી સૂર્ય આવતે છતે, યારરૂપ ચંદ્રને તજતી એવી આકાશ રૂપી (કુલટા સ્ત્રીએ) પ્રભાતે લાલ કુંકુમના લેપમાં તારાઓના મિષથી થયેલી નખોરિયાંઓની શ્રેણિને શું છુપાવી નહીં ? (અર્થાત્ છુપાવી જ) ||૯૯૯||

શ્લોક :-

किं पुनः स्पृशसि यः परकूले, मामपश्रियमपोह्य गतोऽभूः ।
साञ्जनाश्रुततिमित्यभिभानुं, पद्मिनी मधुकरैः किरति स्म ।।१०००।।

શ્લોકાર્થ :-

વિલખી થયેલી એવી મને તજીને તું પરદેશ ગયો હતો, ત્યારે હવે ફરીને તું મને શા માટે અડકે છે ? (એમ કહેતી થકી) કમલિની ભમરાઓના (મિષથી) અંજન સહિત આંસુઓની શ્રેણિને સૂર્યની સમીપે ખેરવે છે. ||૧૦૦૦||

શ્લોક :-

संहृता नृपशुपक्षिगणेभ्यस्तामसी दिनकृतोदयभाजा ।
एकतामुपगता खलु निद्रा, कौशिकालिनयनेषु निलीना ।।१००१।।

શ્લોકાર્થ :-

ઉદય પામતા સૂર્યે મનુષ્ય, પશુ અને પક્ષીના સમૂહો પાસેથી તામસી નિદ્રાને દૂર કરી; પછી તે નિદ્રા એકઠી થઈને ખરેખર ઘૂવડોની શ્રેણીઓની આંખોમાં ભરાઈ બેઠી. ||૧૦૦૧||

**શ્લોક :-**

**यद्गृहेऽन्धतमसाभिधचौरः, स्थास्यतीह स भविष्यति दण्ड्यः ।**
**डिण्डिमध्वनिरभूदिति भानोश्चारुकाकुकृकवाकुकुटुम्बात् ।।१००२।।**

**શ્લોકાર્થ :-**

**અહીં જેના ઘરમાં અંધતમસ નામનો ચોર રહેશે, તે પુરુષ દંડ યોગ્ય થશે, મનોહર વાણીવાળા કૂકડાઓના કુટુંબથી આ પ્રકારનો સૂર્યના ઢંઢેરાનો શબ્દ થયો. ।।૧૦૦૨।।**

**શ્લોક :-**

**गाढगात्रपरिरम्भविजृम्भिप्रेमनिर्दलितरात्रिवियोगा ।**
**चक्रवाकयुगसंगमलीला विस्मयं न हृदि कस्य वितेने ?।।१००३।।**

**શ્લોકાર્થ :-**

**વળી તે પ્રભાત સમયે શરીરના નિબિડ આલિંગનથી ઊછળતા પ્રેમે કરીને નષ્ટ થયેલ છે રાત્રિ સંબંધી વિયોગ જેમાં, એવી ચક્રવાકોનાં યુગ્મોના સંગમની લીલા કોના હૃદયમાં આશ્ચર્ય વિસ્તારતી નહોતી ?**

સર્વના હૃદયમાં આશ્ચર્ય કરતી હતી. **।।૧૦૦૩।।**

**શ્લોક :-**

**इत्थं सूर्योदये जाते, विमर्शः प्राह वत्स ! ते ।**
**भवचक्रदिदृक्षायां, महदस्ति कुतूहलम् ।।१००४।।**

**શ્લોકાર્થ :-**

**એવી રીતે સૂર્યનો ઉદય થયે છતે વિમર્શે કહ્યું કે, હે વત્સ ! ભવચક્રને જોવાની ઇચ્છામાં તને મોટું કુતૂહલ છે !**

તત્ત્વને જોનાર બુદ્ધિનો પ્રકર્ષ જે જીવમાં વર્તે છે, તે જીવોને ભવચક્ર કઈ રીતે વિડંબનાથી યુક્ત છે, તે જોવામાં મહાન કુતૂહલ હોય છે. તેથી તેનું અવલોકન કરીને તેવા જીવો ભવથી ચિત્તને વિરક્ત, વિરક્તતર કરે છે. **।।૧૦૦૪।।**

**શ્લોક :-**

**न शक्यतेऽतिविस्तीर्णं, तदेकैकाश्रयेक्षणात् ।**
**द्रष्टुं कात्स्न्र्येन तेनायं, चारुरारुह्यतां नगः ।।१००५।।**

**શ્લોકાર્થ :-**

**એકએક આશ્રયને જોવાથી=ભવચક્રના સર્વ પ્રસંગોમાંથી એક એકના આશ્રયને જોવાથી, અતિ વિસ્તીર્ણ એવું તે=ભવચક્ર, જોવા માટે શક્ય નથી. તે કારણથી સુંદર એવો આ પર્વત આરોહણ કરાવાય=આપણા બે દ્વારા આરોહણ કરાવાય. ।।૧૦૦૫।।**

**શ્લોક :-**

**महाप्रभावो विस्तीर्णो, विवेकाख्योऽतिनिर्मलः ।**
**भवचक्रस्थितिः सर्वा, समारूढैरिहेक्ष्यते ।।१००६।।**

**શ્લોકાર્થ :-**

**મહાપ્રભાવવાળો, વિસ્તીર્ણ, વિવેક નામનો અતિનિર્મલ આ સુંદર પર્વત આપણા દ્વારા આરોહણ કરાવાય એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. અહીં=આ પર્વત ઉપર, આરૂઢ થયેલા જીવો વડે સર્વ ભવચક્રની સ્થિતિ જોવાય છે. ।।૧૦૦૬।।**

**શ્લોક :-**

**यच्च न ज्ञायते पृष्ट्वा, तदुत्कण्ठा प्रपूर्यताम् ।**
**एवमस्त्विति तेनोक्ते, समारूढावुभौ नगे ।।१००७।।**

**શ્લોકાર્થ :-**

**અને જે પૂછીને જણાતું નથી, તેની ઉત્કંઠા પૂર્ણ થાઓ, આ પ્રમાણે હો, એ પ્રમાણે તેના વડે=પ્રકર્ષ વડે કહેવાયે છતે બંને પર્વત ઉપર આરૂઢ થયા.**

પ્રકર્ષ વિમર્શને પૂછીને જાણવા યત્ન કરે છે. છતાં તેવી ઘણી વસ્તુ છે કે જે જે ઉત્કંઠા પૂછીને પૂર્ણ થતી નથી, પરંતુ વિવેક પર્વત ઉપર ચઢીને જોવાથી તે

સર્વ ઉત્કંઠા પૂર્ણ થાય છે; કેમ કે વિવેક પર્વત પર આરોહણ થવાથી તત્ત્વને જોવામાં સમર્થ માર્ગાનુસારી ઊહ પ્રવર્તે છે જેનાથી સંસારનું યથાસ્થિત સ્વરૂપ દેખાય છે. તેથી વિમર્શ અને પ્રકર્ષ બંને પર્વત ઉપર ચડે છે. **II૧૦૦૭II**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह सकलं, भवचक्रमिहेक्ष्यते ।**
**दीनो देवकुले नग्नो, कः पुनर्मातुलास्त्ययम् ।।१००८।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. અહીં=વિવેક પર્વત ઉપર, સકલ ભવચક્ર દેખાય છે. હે મામા ! દેવકુલમાં=દેવકુલમાં રહેલો, દીન, નગ્ન એવો આ કોણ છે? ||૧૦૦૮||**

**શ્લોક :-**

**नंष्टुकामो दिगालोकी, क्षुत्क्षामो वेष्टितो नरैः ।**
**विमर्शः प्राह पुत्रोऽयं, कुबेरस्य श्रियां निधेः ।।१००९।।**

**શ્લોકાર્થ :-**

**નાસવાની ઈચ્છાવાળો, દિશાને અવલોકન કરનારો, ક્ષીણ થયેલા શરીરવાળો, લોકોથી વીંટળાયેલો આ પુરુષ કોણ છે ? એમ પૂર્વ સાથે સંબંધ છે. વિમર્શ કહે છે. લક્ષ્મીના નિધિ એવા કુબેરનો આ પુત્ર છે. ||૧૦૦૯||**

**શ્લોક :-**

**नाम्ना कपोतो गौणेन, मुख्यनाम्ना धनेश्वरः ।**
**द्यूतव्यसनिनाऽनेन, पितृवित्तं विनाशितम् ।।१०१०।।**

**શ્લોકાર્થ :-**

**ગૌણ નામથી કપોત, મુખ્ય નામથી ધનેશ્વર આ પુત્ર છે. તેમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. જુગારના વ્યસની એવા આના વડે=ધનેશ્વર વડે, પિતાનું ધન નાશ કરાયું. ||૧૦૧૦||**

શ્લોક :-

द्यूतायैष सृजन् चौर्यं, धने निष्ठापिते निजे ।
राज्ञा कदर्थितो मान्यपुत्रत्वान्न तु नाशितः ।।१०११।।

શ્લોકાર્થ :-

પોતાનું ધન નાશ થયે છતે જુગાર માટે આ ચોરીને કરતો રાજા વડે કદર્થના કરાયો. વળી, માન્ય એવા શ્રેષ્ઠિના પુત્રપણું હોવાથી નાશ ન કરાયો. ।।૧૦૧૧।।

શ્લોક :-

कर्पटाद्यखिलं रात्रावद्य चानेन हारितम् ।
कृतो व्यसनतप्तेन, मस्तकेन पणस्ततः ।।१०१२।।

શ્લોકાર્થ :-

અને આજે રાત્રિમાં આના વડે અખિલ કોડી આદિ હરાયું, વ્યસનથી તપ્ત એવા તેના વડે ત્યારપછી મસ્તકથી અર્થાત્ સોદો કરાયો=જુગારમાં પોતાનું મસ્તક મુકાયું. ।।૧૦૧૨।।

શ્લોક :-

एतैश्च कितवैर्धूर्तैः, शिरोऽप्यस्य जिघृक्षुभिः ।
जितोऽयं नाट्यते ह्येवं, नंष्टुं शक्नोति न क्वचित् ।।१०१३।।

શ્લોકાર્થ :-

આ ધૂર્ત ઠગારાઓ વડે આનું મસ્તક પણ જિતાયું. મારવાની ઈચ્છાવાળા એવા ધૂર્તો વડે આ=ધનેશ્વર, આ રીતે નચાવાય છે, ક્યાંય નાસવા માટે સમર્થ નથી. ।।૧૦૧૩।।

શ્લોક :-

प्रकर्षः प्राह किं ज्ञाता, नानेन द्यूतविक्रिया,
द्यूतं हि धनकक्षाग्निर्मृत्योर्मित्रं गुणामयः ।।१०१४।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. શું આના વડે=ધનેશ્વર વડે, ધૂતવિક્રિયા=જુગારના અનર્થો, જણાયા છે ? हि=જે કારણથી, ધૂત ધનરૂપી કક્ષામાં=વેલોમાં, અગ્નિ જેવો છે, મૃત્યુનો મિત્ર છે. ગુણમાં રોગ છે. ।।૧૦૧૪।।

શ્લોક :-

विमर्शः प्राह किं कुर्यान्महामोहवशो ह्ययम् ।
द्यूते रसात् प्रवर्तन्ते, तद्वशा हि नराधमाः ।।१०१५।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. મહામોહને વશ એવો આ=ધનેશ્વર, શું કરે ? हि=જે કારણથી, તેને વશ=મહામોહને વશ નરાધમો, ધૂતમાં રસથી પ્રવર્તે છે. ।।૧૦૧૫।।

શ્લોક :-

उल्लापो भवति व्यक्तो, यावदेवं तयोर्द्वयोः ।
मस्तकं कितवैस्तावत्, त्रोटितं तस्य वृन्तवत् ।।१०१६।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી આ પ્રમાણે=પૂર્વમાં કહ્યું તે પ્રમાણે, તે બંનેનો=વિમર્શ અને પ્રકર્ષનો, ઉલ્લાપ=વાર્તાલાપ, વ્યક્ત થાય છે, ત્યાં સુધી તેનું= ધનેશ્વરનું, મસ્તક જુગારીઓ વડે ડીંટાની જેમ તોડી નંખાયું. ।।૧૦૧૬।।

શ્લોક :-

तद् दृष्ट्वाऽमन्यत द्यूतं, महाऽनर्थविधायकम् ।
प्रकर्षोऽथ वने तस्य, दृग् नीलाब्जनिभाऽपतत् ।।१०१७।।

શ્લોકાર્થ :-

તેને જોઈને=ધનેશ્વરના મસ્તકને જુગારીઓએ ફોડી નાખ્યું તેને જોઈને, પ્રકર્ષે ધૂતને મહાન અનર્થને કરનાર માન્યું. હવે તેની=પ્રકર્ષની, નીલકમલ જેવી દષ્ટિ વનમાં પડી. ।।૧૦૧૭।।

શ્લોક :-

कृत्वा तत्संमुखं हस्तं, ततः स प्राह मातुलम् ।
क एष तुरगारूढः, प्रधावत्यनुजम्बुकम् ।।१०१८।।

શ્લોકાર્થ :-

તેના સન્મુખ હાથને કરીને ત્યારપછી તે=પ્રકર્ષ, મામાને=વિમર્શને, કહે છે. ઘોડા ઉપર આરૂઢ થયેલો કોણ આ શિયાળની પાછળ દોડે છે ? ।।૧૦૧૮।।

શ્લોક :-

उद्गीर्णास्त्रः स्वयं दुःखी, दुःखदश्चान्यदेहिनाम् ।
मध्याह्नेऽपि क्षुधा क्षामः, पिपासाशोषिताननः ।।१०१९।।

શ્લોકાર્થ :-

શિયાળ પાછળ દોડનાર પુરુષ કેવો છે ? તેનું વર્ણન કરે છે. ઉગામેલા શસ્ત્રવાળો, સ્વયં દુઃખી, અન્ય જીવોને દુઃખ દેનારો, મધ્યાહ્નમાં પણ ક્ષુધાથી દુર્બલ થયેલો, પિપાસાથી શોષાયેલા મુખવાળો કોણ આ પુરુષ શિયાળની પાછળ દોડે છે ? એમ અન્વય છે. ।।૧૦૧૯।।

શ્લોક :-

विमर्शः प्राह ललितपुरेऽयं ललनो नृपः ।
मृगयानिरतोऽरण्ये, तिष्ठत्येष दिवानिशम् ।।१०२०।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. લલિતપુરમાં લલન નામનો આ રાજા છે. શિકારમાં નિરત એવો આ રાત-દિવસ અરણ્યમાં રહે છે. ।।૧૦૨૦।।

શ્લોક :-

मन्त्रिभिर्वार्यमाणोऽपि, मित्रैश्च न निवर्तते ।
राजकार्येषु सीदत्सु, चिन्तितं राज्यचिन्तकैः ।।१०२१।।

हंसस्थाने यथा काको, नासौ राज्ये तथोचितः ।
ततो बहिरकार्षुस्तं, पुत्रं राज्ये निधाय ते ।।१०२२।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

મંત્રીઓ દ્વારા અને મિત્રો દ્વારા વારણ કરાતો પણ નિવર્તન પામતો નથી. રાજકાર્ય સિદાયે છતે રાજચિંતકો વડે વિચારાયું, જે પ્રમાણે હંસના સ્થાને કાગડો ઉચિત નથી, તે પ્રમાણે રાજ્યમાં આ=લલન રાજા, ઉચિત નથી, તેથી તેઓએ પુત્રને રાજ્યમાં સ્થાપન કરીને તેને= લલન રાજાને, બહાર કાઢ્યો. ||૧૦૨૧-૧૦૨૨||

શ્લોક :-

तिष्ठत्येष तथाऽप्येको, मृगयातत्परो वने ।
मांसलुब्धो न दुःखं स्वं, जानाति विषकीटवत् ।।१०२३।।

શ્લોકાર્થ :-

તોપણ શિકારમાં તત્પર એવો આ વનમાં એકલો રહે છે. માંસલુબ્ધ એવો આ વિષના કીડાની જેમ પોતાના દુઃખને જાણતો નથી. ||૧૦૨૩||

શ્લોક :-

परतः प्राप्तमपि यो, मांसं खादति सोऽधमः ।
हत्वा भक्षयतस्तच्च स्वयं जीवान् किमुच्यताम् ।।१०२४।।

શ્લોકાર્થ :-

પરથી=બીજા પાસેથી, પ્રાપ્ત પણ માંસને જે ખાય છે તે અધમ છે અને જીવોને હણીને સ્વયં તેનું ભક્ષણ કરતાં=માંસનું ભક્ષણ કરતાં (જીવનું) શું કહેવું ?=તે અધમ છે. ||૧૦૨૪||

શ્લોક :-

भुञ्जानो मांसमशुचि, बीभत्सं कृमिसंकुलम् ।
राक्षसश्वशृगालादेर्विशिष्येत कथं नरः ? ।।१०२५।।

શ્લોકાર્થ :-

અશુચિ, કૃમિથી સંકુલ, બીભત્સ એવા માંસનું ભક્ષણ કરતો મનુષ્ય રાક્ષસ, કૂતરા અને શિયાળ આદિથી કેવી રીતે વિશેષ થાય ?=રાક્ષસાદિ જેવો જ છે. ॥૧૦૨૫॥

શ્લોક :-

विमर्शोऽदो वदत्येव, प्रधावन्ननुजम्बुकम् ।
अधोमुखो महागर्ते, पतितो ललनो मृतः ॥१०२६॥

શ્લોકાર્થ :-

આને વિમર્શ બોલ્યે છતે જ=શ્લોક-૧૦૨૪, ૧૦૨૫માં કહ્યું એને બોલ્યે છતે જ, શિયાળ પાછળ દોડતો લલન રાજા મહા ગર્તમાં અધોમુખ પડેલો મર્યો. ॥૧૦૨૬॥

શ્લોક :-

प्रकर्षोऽपृच्छदस्याभूत्, किमेतन्मृगयाफलम् ।
विमर्शः प्राह नन्वेतत्, पुष्पं नारकिता फलम् ॥१०२७॥

શ્લોકાર્થ :-

પ્રકર્ષે પૂછ્યું. શું આ=ખાડામાં પડ્યો એ, શિકારનું ફલ આને થયું. વિમર્શ કહે છે, ખરેખર આ=ખાડામાં પડ્યો એ, પુષ્પ છે. નારકિતા ફલ છે. ॥૧૦૨૭॥

શ્લોક :-

इतश्च राजपुरुषैः, कञ्चित् तप्तत्रपुद्रवम् ।
पाय्यमानं नरं दृष्ट्वा, प्रकर्षः प्राह मातुलम् ॥१०२८॥

શ્લોકાર્થ :-

અને આ બાજુ રાજપુરુષો વડે તપાવેલા સીસાને પિવડાવતા કોઈક નરને જોઈને પ્રકર્ષ મામાને કહે છે. ॥૧૦૨૮॥

શ્લોક :-

अमीभिर्निर्घृणैरेष, नरः किमिति पीड्यते ? ।
विमर्शः प्राह चणकपुरवासी महाधनः ।।१०२९।।
सार्थेशः सुमुखो ह्येष, वाक्पारुष्यात्तु जन्मजात् ।
लेभे दुर्मुख इत्याख्यां, लोके प्रकृतिदीपिकाम् ।।१०३०।।

શ્લોકાર્થ :-

નિર્ઘૃણ એવા આમના વડે=દયા વગરના એવા રાજપુરુષો વડે, આ મનુષ્ય કયા કારણથી પીડા કરાય છે. વિમર્શ કહે છે, ચણકપુરવાસી મહાધનવાળો, સાર્થનો સ્વામી, સુંદર મુખવાળો આ, જન્મથી થયેલ વાણીના પારુષ્યને કારણે લોકમાં 'દુર્મુખ' એ પ્રકારની પ્રકૃતિને બતાવનાર નામને પામ્યો. ।।૧૦૨૯-૧૦૩૦।।

શ્લોક :-

स्त्रीभक्तराजदेशानां, कथास्वयमभूद् रतः ।
शशाक धर्तुं नासभ्यां, निःसरन्तीं मुखाद् गिरम् ।।१०३१।।

શ્લોકાર્થ :-

સ્ત્રી, ભોજન, રાજ અને દેશની કથામાં આ=દુર્મુખ, રત થયો. મુખમાંથી નીકળતી અસભ્ય વાણીને રોકવા માટે સમર્થ થયો નહિ. ।।૧૦૩૧।।

શ્લોક :-

गतो राजा रिपून् जेतुमितश्च चणकाधिपः ।
तीव्राख्यस्तेन रिपवो, युधि वीर्येण निर्जिताः ।।१०३२।।

શ્લોકાર્થ :-

આ બાજુ તીવ્ર નામનો ચણક નગરનો રાજા શત્રુઓને જીતવા ગયો. તેના વડે યુદ્ધમાં વીર્યથી શત્રુઓ જિતાયા. ।।૧૦૩૨।।

શ્લોક :-

मध्येसभं नृपकथां, चकारेतश्च दुर्मुखः ।
जितो नृपोऽरिभिश्चण्डैः, पलायध्वं ततो जनाः ।।१०३३।।

શ્લોકાર્થ :-

આ બાજુ મધ્ય સભામાં દુર્મુખે રાજાની કથા કરી. ચંડ એવા શત્રુ વડે રાજા જિતાયો. તેથી હે લોકો ! તમે પલાયન થાઓ. ।।૧૦૩૩।।

શ્લોક :-

तदाकर्ण्य पुरं सर्वं, नष्टं संजातसंभ्रमम् ।
समागतो नृपोऽपश्यत्, तद् दग्धवनसन्निभम् ।।१०३४।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=દુર્મુખના વચનને સાંભળીને, થયેલા સંભ્રમવાળું સર્વ નગર નાસ્યું. આવેલા રાજાએ દગ્ધવન જેવું તે=પોતાનું નગર, જોયું. ।।૧૦૩૪।।

શ્લોક :-

श्रुत्वा कुतश्चिद् तद्वार्तां, कुपितो दुर्मुखोपरि ।
दण्डमीदृशमस्यादात्, पुनरावासिते पुरे ।।१०३५।।

શ્લોકાર્થ :-

કોઈક પાસેથી તે વાર્તાને સાંભળીને=દુર્મુખના કથનની વાર્તાને સાંભળીને, દુર્મુખ ઉપર કુપિત થયો. ફરી પુરઆવાસિત થયે છતે આને=દુર્મુખને, આવા પ્રકારનો દંડ આપ્યો=કડકડતું સીસુ તેના મુખમાં રેડવાનો દંડ આપ્યો. ।।૧૦૩૫।।

શ્લોક :-

प्रकर्षः प्राह हा कष्टमेतावद् दुर्वचःफलम् ।
विमर्शः प्राह विकथोन्मथितानामियत् कियत् ।।१०३६।।

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. હા કષ્ટ છે. દુર્વચનનું આવું ફળ છે. વિમર્શ કહે છે. વિકથાના ઉન્મથિત જીવોને આ કેટલું છે ? અર્થાત્ અલ્પ છે. ॥૧૦૩૬॥**

**શ્લોક :-**

कृपाणी गुणवल्लीनां, वाणी नूनमयन्त्रिता ।
प्रमाणीकुरुते कोऽपि, प्राणी न मुखरं जनम् ।।१०३७।।

**શ્લોકાર્થ :-**

**ખરેખર અનિયંત્રિત વાણી=ગુણવલ્લીઓની કૃપાણી છે=ગુણોને નાશ કરનારી છે. કોઈપણ પ્રાણી મુખરજનને પ્રમાણ કરતો નથી. ॥૧૦૩૭॥**

**શ્લોક :-**

भारत्युच्छृङ्खला वत्स ! ध्रुवं बन्धाय देहिनाम् ।
मोचनाय तु संलीनेत्येषा तत्प्रकृतिस्थितिः ।।१०३८।।

**શ્લોકાર્થ :-**

**હે વત્સ ! ઉચ્છૃંખલ વાણી જીવોને ધ્રુવ બંધ માટે છે. સંલીનવાણી મુક્તિ માટે છે. એ પ્રકારની આ તેની=વાણીની, પ્રકૃતિની સ્થિતિ છે.**

અસંયમિતવાણી જીવોને તે તે પ્રકારના કષાયોનો ઉદ્રેક કરીને કર્મબંધનું કારણ બને છે અને વચનગુપ્તિ અને ભાષાસમિતિથી સંલીન થયેલી વાણી કષાયોનો ક્ષય કરીને મોક્ષ માટે થાય છે. એ પ્રકારની વાણીની પ્રકૃતિની સ્થિતિ છે. **॥૧૦૩૮॥**

**શ્લોક :-**

तदस्य विकथामूलं, दुर्भाषाफलमीदृशम् ।
आपन्नं परलोके च, ध्रुवा दुर्गतियातना ।।१०३९।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=વાણીનો આ પ્રકારનો સ્વભાવ છે તે કારણથી, આને=દુર્મુખને, વિકથામૂલ આવા પ્રકારનું દુર્ભાષાનું ફલ છે અને પરલોકમાં ધ્રુવ દુર્ગતિની યાતના પ્રાપ્ત છે.**

વસ્તુતઃ જેઓ રાજકથા કરે છે, અત્યારના દેશકાળનો વિચાર કરે છે અને સત્તા ઉપરના લોકો વિશે પોતપોતાના સાચા કે કાલ્પનિક અભિપ્રાયો બાંધે છે તેઓને કદાચ આ ભવમાં તેનાં કટુ ફળો સાક્ષાત્ ન પ્રાપ્ત થાય તોપણ તે પ્રકારના ભાવોથી જે પ્રકારના કષાયના પરિણામો થાય છે તેના કટુ વિપાક અવશ્ય પરલોકમાં છે તેમ વિચારીને નિરર્થક વિચારોથી અને વચનપ્રયોગથી આત્માને સંવરવાળો કરવો જોઈએ. **॥૧૦૩૯॥**

**શ્લોક :-**

**अत्रान्तरे प्रकर्षस्य, राजमार्गे पपात दृग् ।**
**तत्रैको मानवः शुभ्रो, दृष्टः पृष्टश्च मातुलः ।।१०४०।।**

**શ્લોકાર્થ :-**

**એટલામાં પ્રકર્ષની દૃષ્ટિ રાજમાર્ગમાં પડી. ત્યાં=રાજમાર્ગમાં, એક શુભ્રમાનસ જોવાયો અને મામા પુછાયા. ॥૧૦૪૦॥**

**શ્લોક :-**

**कोऽयं क्व याति स प्रोचे, रागकेसरिसैनिकः ।**
**हर्षोऽयं मानवावासे, वासवाख्यवणिग्गृहे ।।१०४१।।**
**प्रवेक्ष्यति मनः कर्तुमस्योत्सवतरङ्गितम् ।**
**बालकालवियुक्तस्य, वयस्यस्य समागमात् ।।१०४२।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**આ કોણ છે ? ક્યાં જાય છે ? તે=મામા, બોલ્યા. રાગકેસરીનો સૈનિક હર્ષ એવો આ માનવાવાસમાં બાલકાળથી વિયુક્ત મિત્રના સમાગમને કારણે વાસવ નામના વણિકના ગૃહમાં આનું=મિત્રનું, ઉત્સવ તરંગિત મન કરવા માટે પ્રવેશ કરશે=હર્ષ પ્રવેશ કરશે. ॥૧૦૪૧-૧૦૪૨॥**

**શ્લોક :-**

**निरैक्षत प्रकर्षोऽथ, सुविस्फारितलोचनः ।**
**धनदत्तेन सुहृदा, वासवो मिलितस्तदा ।।१०४३।।**

શ્લોકાર્થ :-

હવે સુવિસ્ફારિત લોચનવાળા પ્રકર્ષે જોયું ત્યારે મિત્ર એવા ધનદત્તની સાથે વાસવ મળ્યો. ॥૧૦૪૩॥

શ્લોક :-

मिलनाद् धनदत्तस्य, हर्षाविष्टोऽथ वासवः ।
सबान्धवः समित्रश्च, विततान महोत्सवम् ।।१०४४।।

શ્લોકાર્થ :-

હવે ધનદત્તના મિલનથી વાસવ હર્ષ આવિષ્ટ થયો. બાંધવ સહિત અને મિત્ર સહિત મહોત્સવને કર્યો. ॥૧૦૪૪॥

શ્લોક :-

अकाण्डवासवगृहक्षोभं हर्षविनिर्मितम् ।
प्रकर्षः प्रेक्षते यावद्, दृष्टस्तावन्नरोऽसितः ।।१०४५।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી પ્રકર્ષ હર્ષવિનિર્મિત અકાંડવાસવના ગૃહના ક્ષોભને જુએ છે, ત્યાં સુધી શ્યામ એવો નર જોવાયો. ॥૧૦૪૫॥

શ્લોક :-

तेनोक्तं च नरः कोऽयं, मातुल ! द्वारि तिष्ठति ? ।
विमर्शः प्राह शोकस्य, विषादोऽयं महासुहृत् ।।१०४६।।

શ્લોકાર્થ :-

અને તેના વડે=પ્રકર્ષ વડે, કહેવાયું. હે મામા ! કયો આ મનુષ્ય દ્વારમાં રહે છે ? વિમર્શ કહે છે. શોકનો મહામિત્ર આ વિષાદ છે. ॥૧૦૪૬॥

શ્લોક :-

वाञ्छत्यत्रैष पथिकः, प्रवेष्टुं यश्च कश्चन ।
भवनेऽस्य विषादोऽयं, प्रविष्टेऽस्मिन् प्रवेक्ष्यति ।।१०४७।।

**શ્લોકાર્થ :-**

**અહીં=આ ગૃહમાં, જે કોઈ આ પથિક પ્રવેશ કરવા માટે ઈચ્છે છે= કોઈક નવો પથિક પ્રવેશ કરવા માટે ઈચ્છે છે. ભવનમાં આનો પ્રવેશ થયે છતે=આ પથિકનો પ્રવેશ થયે છતે, આ વિષાદ પ્રવેશ કરશે.**

આ આવેલો પથિક આ શ્રેષ્ઠીના ઘરમાં પ્રવેશ કરીને કોઈક વિષાદના સમાચાર આપવાનો છે, તેથી તેના ઘરમાં વિષાદનો પ્રવેશ થશે. **॥૧૦૪૭॥**

**શ્લોક :-**

**वासवस्य ततो गुह्यं, प्रविश्य पथिकोऽब्रवीत् ।**
**पपात मूर्च्छितः पृथ्व्यां, विषादाधिष्ठितोऽथ सः ।।१०४८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી પથિકે પ્રવેશ કરીને વાસવને ગુહ્ય કહ્યું=એકાંતમાં ગુપ્ત કથન કર્યું. હવે તે=વાસવ, વિષાદથી અધિષ્ઠિત થયેલો પૃથ્વી ઉપર મૂર્છિત પડ્યો. ।।૧૦૪૮।।**

**શ્લોક :-**

**वायुदानादिना लब्धचेतनः प्रललाप च ।**
**हा पुत्र ! तव संजाता, काऽवस्था मम कर्मणा ।।१०४९।।**

**શ્લોકાર્થ :-**

**વાયુદાનાદિથી પ્રાપ્ત થયેલા ચેતનવાળો પ્રલાપ કરવા લાગ્યો. હે પુત્ર ! મારા કર્મથી તારી કઈ અવસ્થા થઈ. ।।૧૦૪૯।।**

**શ્લોક :-**

**निर्गतोऽभाग्यसंभाराद् वत्स ! वारयतोऽपि मे ।**
**विधिना निर्घृणेनेदं, कृतं तव करोमि किम् ? ।।१०५०।।**

**શ્લોકાર્થ :-**

**હે વત્સ ! વારતા પણ મારા અભાગ્યના સંભારથી તું નીકળ્યો.**

નિર્ઘૃણ એવા વિધિ વડે=ક્રૂર એવા ભાગ્ય વડે, તારું આ કરાયું. હું શું કરું ? ||૧૦૫૦||

**શ્લોક :-**

**विषादस्तत्प्रलापेन, प्रविष्टः स्वजनेष्वपि ।**
**सर्वे हाहारवपराः, प्रलपन्ति स्म ते भृशम् ।।१०५१।।**

**શ્લોકાર્થ :-**

**તે પ્રલાપથી=વાસવના તે પ્રલાપથી, સ્વજનોમાં વિષાદ પેઠો. તે સર્વ હાહારવમાં તત્પર અત્યંત પ્રલાપ કરવા લાગ્યા. ||૧૦૫૧||**

**શ્લોક :-**

**अभून्मूढं गतानन्दं, वासवीयं गृहं ततः ।**
**तद् दृष्ट्वा मातुलं प्राह, प्रकर्षः कोऽयमुद्भ्रमः ? ।।१०५२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી વાસવનું ઘર ગત આનંદવાળું મૂઢ થયું. તે જોઈને પ્રકર્ષ મામા પ્રત્યે કહે છે. કયો આ ઉદ્ભ્રમ છે.**

વાસવનું ઘર ક્ષણ પહેલાં આનંદવાળું હતું. ક્ષણમાં વિષાદવાળું થયું, તે કયો આ ઉદ્ભ્રમ છે. **||૧૦૫૨||**

**શ્લોક :-**

**स प्राहैष यथा पूर्वं, हर्षेण प्रविनाटितः ।**
**तपस्विनं विषादोऽयं, नाटयत्यधुना तथा ।।१०५३।।**

**શ્લોકાર્થ :-**

**તે=વિમર્શ, કહે છે. જે પ્રમાણે આ=વાસવ, પૂર્વમાં હર્ષથી નચાવાયો. આ વિષાદ હમણાં તે પ્રકારે તપસ્વીને=દુઃખી એવા વાસવને, નચાવે છે. ||૧૦૫૩||**

શ્લોક :-

प्रकर्षः प्राह किं गुह्यं, कर्णे पान्थेन भाषितम् ? ।
विमर्शः प्राह पुत्रोऽस्य, वर्तते वर्धनाभिधः ।।१०५४।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. પાન્થ વડે કર્ણમાં=વાસવના કાનમાં, શું ગુહ્ય કહેવાયું ? વિમર્શ કહે છે. આનો=વાસવનો, વર્ધન નામનો પુત્ર વર્તે છે. ।।૧૦૫૪।।

શ્લોક :-

वार्यमाणोऽपि स गतो, द्रविणार्जनकाम्यया ।
देशान्तरे धनं भूरि, समागच्छन्नुपार्ज्य सः ।।१०५५।।

શ્લોકાર્થ :-

વારણ કરાતો પણ તે ધનઅર્જનની કામનાથી દેશાંતરમાં ગયો. ઘણું ધન ઉપાર્જન કરીને તે=પુત્ર, આવે છે. ।।૧૦૫૫।।

શ્લોક :-

कादम्बर्यां महाटव्यां, गृहीतः परिमोषिभिः ।
लुप्तं धनं हतः सार्थो, जना बन्दीकृतास्तथा ।।१०५६।।

શ્લોકાર્થ :-

કાદંબરી મહાટવીમાં ચોરો વડે ગ્રહણ કરાયો. ધન લુંટાયું, સાર્થ હણાયો અને લોકો કેદમાં પુરાયા. ।।૧૦૫૬।।

શ્લોક :-

तन्मध्ये वर्धनं नीत्वा, पल्ल्यां ते यातनाशतैः ।
सार्थवाहोऽयमित्युच्चैर्धनार्थमकदर्थयन् ।।१०५७।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

તેના મધ્યે=બંદી કરાયેલા લોકોના મધ્યમાં, વર્ધનને પલ્લીમાં લઈ

જઈને "આ સાર્થવાહ છે" એ પ્રમાણે અત્યંત સેંકડો યાતનાથી ધન માટે તેઓએ કદર્થના કરી. ||૧૦૫૭||

**શ્લોક :-**

अयं लम्बनकस्तस्य, गृहजो दासदारकः ।
नष्ट्वा कथञ्चिदायातो, वृत्तान्तं च न्यवेदयत् ।।१०५८।।

**શ્લોકાર્થ :-**

તેના ઘરમાં જન્મેલો આ લંબનક નામનો દાસદારક કોઈક રીતે નાસીને આવ્યો અને વૃત્તાંતને નિવેદિત કર્યું. ||૧૦૫૮||

**શ્લોક :-**

यदकार्षीत् ततश्चायं, भवता दृष्टमेव तत् ।
प्रकर्षः प्राह किं त्राणं, प्रलापाद्यैर्भवेदिह ।।१०५९।।

**શ્લોકાર્થ :-**

તેનાથી=લંબનકથી, જે કરાયું તે આ તારા વડે=પ્રકર્ષ વડે, જોવાયું જ છે. પ્રકર્ષ કહે છે. પ્રલાપ આદિથી=વિષાદના પ્રલાપ આદિથી, શું અહીં=વાસવના પુત્રના પ્રસંગમાં, શું ત્રાણ થાય ? ||૧૦૫૯||

**શ્લોક :-**

विमर्शः प्राह न त्राणमेतैः कस्यापि जायते ।
नाटके तु विषादस्य, भवन्त्यभिनयोर्मयः ।।१०६०।।

**શ્લોકાર્થ :-**

વિમર્શ કહે છે. આનાથી=પ્રલાપ આદિથી, કોઈનું પણ ત્રાણ થતું નથી પરંતુ વિષાદના નાટકમાં અભિનયની ઊર્મિઓ થાય છે.

નોકષાયના પરિણામરૂપ વિષાદ જીવને નચાવતો હોય છે ત્યારે તે વિષાદના અભિનયની ઊર્મિઓરૂપ તે પ્રલાપો થાય છે. **||૧૦૬૦||**

શ્લોક :-

धनदत्तागमे तुष्टा, विषण्णा वर्धनापदि ।
असमीक्ष्यकृतो ह्येते, किं कुर्वन्तु तपस्विनः ।।१०६१।।

શ્લોકાર્થ :-

**ધનદત્તના આગમમાં તોષ પામેલા, વર્ધનની આપત્તિમાં વિષાદ પામેલા, અસમીક્ષ્ય કરનારા=વિચાર્યા વગર કરનારા, આ તપસ્વીઓ શું કરે ?**

વિચારીને કરનારા હોય તો સંસારનું નાટક જોઈને સંવેગને પામે. પરંતુ વિચાર્યા વગર કરનારા હોવાથી નોકષાયની વિડંબનાને પામે છે. **॥૧૦૬૧॥**

શ્લોક :-

नैतस्यैव गृहे नाट्यं, वत्स ! हर्षविषादयोः ।
भवचक्रेऽखिले किन्तु कारणैरपरापरैः ।।१०६२।।

શ્લોકાર્થ :-

**હે વત્સ ! પ્રકર્ષ ! હર્ષ-વિષાદનું આના જ ઘરમાં નાટ્ય નથી=નાટક નથી. પરંતુ બીજા બીજા કારણોથી અખિલ ભવચક્રમાં હર્ષ-વિષાદનું નાટક છે. ।।૧૦૬૨।।**

શ્લોક :-

प्रकारा दुःशका वक्तुं, शृङ्गग्राहिकयाऽखिलाः ।
भवचक्रपुरेऽशेषान्, पथाऽनेन समुन्नय ।।१०६३।।

શ્લોકાર્થ :-

**શૃંગગ્રાહિકપણાથી=અંગુલિના નિર્દેશથી, અખિલ પ્રકારો=હર્ષ-વિષાદના નાટકના બધા પ્રકારો, કહેવા માટે દુ:શક્ય છે. આ પથથી=વાસવના ઘરમાં થયેલ હર્ષ-વિષાદના નાટકના પથથી, ભવચક્રપુરમાં અશેષને જાણ=બધાં નાટકોને તું જાણ. ।।૧૦૬૩।।**

શ્લોક :-

अवान्तपुरैरेतद् भूरिभिः परिपूरितम् ।
सुविख्यातं तथाऽप्यत्र, श्रेष्ठं पुरचतुष्टयम् ।।१०६४।।

શ્લોકાર્થ :-

આ=ભવચક્ર, ઘણાં અવાંતરપુરોથી પરિપૂરિત સુવિખ્યાત છે તોપણ અહીં=ભવચક્રમાં, શ્રેષ્ઠ ચાર નગરો છે. ।।૧૦૬૪।।

શ્લોક :-

एकं हि मानवावासं, द्वितीयं विबुधालयम् ।
तृतीयं पशुसंस्थानं, तुर्यं पापिष्ठपञ्जरम् ।।१०६५।।

શ્લોકાર્થ :-

એક માનવાવાસ છે, બીજું વિબુધાલય છે, ત્રીજું પશુસંસ્થાન છે, ચોથું પાપિષ્ઠપંજર છે. ।।૧૦૬૫।।

શ્લોક :-

तत्रेदं मानवावासं, सदा मोहादिभिर्युतम् ।
क्वचिदिष्टागमोल्लासि द्वेष्यसंगहतं क्वचित् ।।१०६६।।

શ્લોકાર્થ :-

ત્યાં=ભવચક્રમાં, આ માનવાવાસ સદા મોહાદિથી યુક્ત, કોઈક સ્થાનમાં ઈષ્ટ આગમ ઉલ્લાસવાળું, કોઈક સ્થાનમાં દ્વેષ્યના સંગથી હણાયેલું છે. ।।૧૦૬૬।।

શ્લોક :-

धनप्राप्त्योन्मदं क्वापि, तन्नाशव्याकुलं क्वचित् ।
दौर्भाग्यसंभृतं क्वापि, क्वापि सौभाग्यशोभनम् ।।१०६७।।
क्वचित् पापिजनाकीर्णं, क्वचिद् धर्मनटान्वितम् ।
चरित्रैर्विविधैः पूर्णमन्तरङ्गमहीभुजम् ।।१०६८।।

શ્લોકાર્થ :-

ક્યાંક ધનપ્રાપ્તિના ઉન્માદવાળું, ક્યાંક ધનના નાશથી વ્યાકુળ, ક્યાંક દૌર્ભાગ્યથી યુક્ત, ક્યાંક સૌભાગ્યથી શોભન, ક્યાંક પાપીજનોથી આકીર્ણ, ક્યાંક ધર્મનટોથી અન્વિત, અંતરંગ રાજાઓનાં વિવિધ ચરિત્રોથી પૂર્ણ આ માનવાવાસ છે એમ શ્લોક-૧૦૬૬ સાથે સંબંધ છે. ।।૧૦૬૭-૧૦૬૮।।

શ્લોક :-

द्वितीयं चारु संतानमन्दारहरिचन्दनैः ।
रत्नहाटकसंघातघटितानेकपाटकम् ।।१०६९।।
मणिप्रभाहतध्वान्तं, नित्यालोकं विराजितम् ।
चलत्कुण्डलकेयूरमौलिहारप्रभास्वरैः ।।१०७०।।
रतिसागरनिर्मग्नैरम्लानवनदामभिः ।
नित्यप्रमुदितैर्देवैरप्सरःपरिरम्भिभिः ।।१०७१।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

સંતાન, મંદાર, હરિચંદનો વડે સુંદર, રત્ન અને સુવર્ણના સમૂહોથી ઘડાએલું અનેક પાડાવાળું, મણિની પ્રભાથી હણાયેલા અંધકારવાળું, નિત્ય પ્રકાશવાળું, ચાલતા કુંડલ, કેયૂર, મુગુટહારની પ્રભાનાં કિરણોવાળા, રતિસાગરમાં નિમગ્ન, અમ્લાન વનની માળાઓવાળા, નિત્ય પ્રમોદિત, અપ્સરાઓથી પરિરમ્ભિત એવા દેવો વડે શોભતું બીજું=વિબુધાલય, છે. ।।૧૦૬૯થી ૧૦૭૧।।

શ્લોક :-

साताख्यं कृतवान् कर्मपरिणामोऽत्र नायकम् ।
तेनेदं सतताह्लादं, शान्तविघ्नविनायकम् ।।१०७२।।
ईर्ष्याशोकभयक्रोधलोभमोहमदभ्रमैः ।
परीतमपि मुग्धानां, भाति रम्यमिदं पुरम् ।।१०७३।।

**શ્લોકાર્થ :-**

**અહીં=વિબુધાલયમાં, કર્મપરિણામ રાજાએ શાતા નામના નાયકને કર્યો. તેનાથી આ=વિબુધાલય, સતત આહ્લાદવાળું, શાંત થયેલા વિઘ્નના સમૂહવાળું, ઈર્ષ્યા, શોક, ભય, ક્રોધ, લોભ, મોહ, મદ ભ્રમો વડે ઘેરાયેલું પણ મુગ્ધોને આ નગર રમ્ય ભાસે છે.**

વિબુધાલય બાહ્ય રીતે અત્યંત સુંદર છે તોપણ ત્યાં રહેલા દેવોના ઈર્ષ્યા આદિ અંતરંગ કષાયોની પરિણતિ છે, તેથી પરમાર્થથી રમ્ય નથી તોપણ બાહ્યને જોનારા મુગ્ધ જીવોને દેવલોક રમ્ય દેખાય છે. **॥૧૦૭૨-૧૦૭૩॥**

**શ્લોક :-**

**तेनेत्थं वर्णितं दुःखाकुलितं परमार्थतः ।**
**विवेकशिखरस्थानामिदमप्यवभासते ।।१०७४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ઈર્ષ્યાદિ ભાવોથી વિબુધાલય ઘેરાયેલું છે તે કારણથી, આ રીતે વર્ણન કરાયેલું વિવેકશિખરમાં રહેલા જીવોને આ પણ= વિબુધાલય પણ, પરમાર્થથી દુઃખથી આકુલ જણાય છે.**

વિવેક પર્વત પર જે અપ્રમત્ત શિખર છે, તેના ઉપર રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવોને આત્માની અકષાય અવસ્થા જ સુખરૂપ દેખાય છે. કષાયો વિડંબના સ્વરૂપ દેખાય છે. તેથી બાહ્ય વૈભવથી યુક્ત પણ વિબુધાલય પરમાર્થથી કષાયોના કાલુષ્યને કારણે દુઃખઆકુલ તેઓને જણાય છે. તેથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો સદા જ મોક્ષસુખની એક ઇચ્છા કરે છે. **॥૧૦૭૪॥**

**શ્લોક :-**

**तृतीयं क्षुत्पिपासाभीबन्धोद्वेगप्रपीडितैः ।**
**जनैरनन्तैः संकीर्णं, महामोहवशीकृतैः ।।१०७५।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષુધા, પિપાસા, ભય, બંધ, ઉદ્વેગથી પીડાયેલા મહામોહથી વશ**

કરાયેલા અનંત લોકોથી સંકીર્ણ ત્રીજું=પશુસંસ્થાન નામનું નગર છે. ।।૧૦૭૫।।

શ્લોક :-

चतुर्थे तु पुरे लोका वसन्ति तमसावृताः ।
नायकोऽत्र कृतोऽसातवेद्याख्यो मोहभूभुजा ।।१०७६।।

શ્લોકાર્થ :-

વળી ચોથા નગરમાં તમસથી આવૃત લોકો વસે છે. અહીં=ચોથા પુરમાં, મોહરાજા વડે અશાતાવેદનીય નામનો નાયક કરાયો છે. ।।૧૦૭૬।।

શ્લોક :-

तत्र लोकाः कदर्थ्यन्ते, परमाधार्मिकासुरैः ।
पाय्यन्ते तप्तताम्राणि, दार्यन्ते क्रकचोत्करैः ।।१०७७।।
खाद्यन्ते निजमांसानि, दह्यन्ते प्रबलाऽग्निना ।
भृज्यन्ते तत्र तार्यन्ते, क्रूरां वैतरणीं नदीम् ।।१०७८।।
शाल्मलीरभिरोह्यन्ते, विकटा वज्रकण्टकैः ।
कुन्ततोमरनाराचैश्छिद्यन्ते च सहस्रशः ।।१०७९।।
।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

ત્યાં=ચોથા પુરમાં, લોકો પરમાધામી દેવો વડે કદર્થના કરાય છે. તપાવેલું સીસુ પિવડાવાય છે. કરવતોથી વિદારણ કરાય છે. પોતાનાં માંસો ખવડાવાય છે. પ્રબલ અગ્નિ દ્વારા અત્યંત બળાવાય છે. ત્યાં= અગ્નિમાં, ભુંજાય છે. ક્રૂર વૈતરણી નદીમાં તરાવાય છે. વિકટ એવા વજ્રકંટકોવાળાં શાલ્મલી વૃક્ષોથી આરોહણ કરાય છે અને ભાલા, તોમર, નારાચો વડે હજારો વખત છેદાય છે. ।।૧૦૭૭થી ૧૦૭૯।।

શ્લોક :-

सप्तात्र पाटकाः सन्ति, तत्राद्ये पाटकत्रये ।
परमाधार्मिकैरित्थं, जन्यते दुःखसन्ततिः ।।१०८०।।

શ્લોકાર્થ :-

અહીં=ચોથા નગરમાં, સાત પાડાઓ છે, ત્યાં પ્રથમના ત્રણ પાડામાં પરમાધાર્મિકો વડે આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દુઃખસંતતિ ઉત્પન્ન કરાય છે. ||૧૦૮૦||

શ્લોક :-

परस्परं च कुर्वन्ति, दुःखमेते निरन्तरम् ।
षट्पाटकेषु भिद्यन्ते, सप्तमे वज्रकण्टकैः ।।१०८१।।

શ્લોકાર્થ :-

છ પાડાઓમાં=પહેલી છ નારકોમાં, આ=નારકીઓ પરસ્પર નિરંતર દુઃખને કરે છે. સાતમામાં=સાતમી નરકમાં, વજકંટકોથી ભેદાય છે. ||૧૦૮૧||

શ્લોક :-

न वक्तुं कोटिजिह्वोऽपि, दुःखमत्र क्षमो भवेत् ।
एकान्तदुःखसंकीर्णं, तदिदं पापिपञ्जरम् ।।१०८२।।

શ્લોકાર્થ :-

અહીં=નારકના દુઃખના વિષયમાં, કોટી જિહ્વાવાળો પણ દુઃખને કહેવા માટે સમર્થ નથી. તે કારણથી આ પાપપિંજર એકાંત દુઃખથી સંકીર્ણ છે. ||૧૦૮૨||

શ્લોક :-

तस्मादेतानि चत्वारि ज्ञातानि भवता यदि ।
पुराणि न तदा ज्ञेयं, भवचक्रेऽवशिष्यते ।।१०८३।।

શ્લોકાર્થ :-

તે કારણથી આ ચાર નગરો જો તારા વડે જણાયા=પ્રકર્ષ વડે જણાયા, તો ભવચક્રમાં જ્ઞેય બાકી રહેતું નથી. ||૧૦૮૩||

શ્લોક :-

इति श्रुत्वा प्रकर्षोऽदात्, भवचक्रेऽभितो दृशम् ।
संभ्रान्तोऽथ जगौ नार्यः, का एताः सप्त मातुल ! ।।१०८४।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે સાંભળીને પ્રકર્ષે ચારેબાજુથી ભવચક્રમાં દૃષ્ટિને આપી. હવે સંભ્રાંત થયેલો બોલ્યો, હે મામા ! આ સાત નારીઓ કોણ છે ? ।।૧૦૮૪।।

શ્લોક :-

बीभत्सदर्शनाः कृष्णा, लुप्ताशेषमहोभराः ।
लोकानां दारुणाकारा, वेताल्य इव भीतिदाः ।।१०८५।।

શ્લોકાર્થ :-

બીભત્સ દર્શનવાળી, કાળા વર્ણવાળી, લુપ્ત થયેલા અશેષ મહોભરવાળી=સંપૂર્ણ તેજનો સમૂહ નાશ કર્યો છે જેણે એવી, દારુણ આકારવાળી, લોકોને વૈતાલની જેમ ભયને દેનારી આ સાત નારી કોણ છે ? એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ।।૧૦૮૫।।

શ્લોક :-

किंप्रयुक्ताश्च किंवीर्यास्तथैताः किंपरिच्छदाः ।
कं निहन्तुं प्रवर्तन्ते, विमर्शोऽभिदधे ततः ।।१०८६।।
जरा रुजा मृतिश्चान्या, खलता च कुरूपता ।
दरिद्रता दुर्भगता, नामतोऽमूः प्रकीर्तिताः ।।१०८७।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

કિમ્ પ્રયુક્તા=કયા કારણથી વ્યાપારવાળી થયેલી, કયા વીર્યવાળી અને કયા પરિવારવાળી આ=સાત નારીઓ કોને હણવા માટે પ્રવર્તે છે. ત્યારપછી વિમર્શે કહ્યું. જરા, રોગ, અન્ય મૃત્યુ, ખલતા, કુરૂપતા, દરિદ્રતા, દુર્ભગતા નામથી આ=સાત નારીઓ, કહેવાઈ છે. ।।૧૦૮૬-૧૦૮૭।।

**શ્લોક :-**

मूलभूपस्त्रिया कालपरिणत्या प्रयोजिता ।
बाह्यहेतुशतैश्चापि, जरा तत्रेह जृम्भते ।।१०८८।।

**શ્લોકાર્થ :-**

**ત્યાં=સાત નારીઓમાં, મૂલરાજાની સ્ત્રી એવી=કર્મપરિણામ રાજાની સ્ત્રી એવી, કાલપરિણતિથી સેંકડો બાહ્ય હેતુઓ દ્વારા પ્રયોજિત એવી જરા અહીં=ભવચક્રમાં વિલસે છે. ।।૧૦૮૮।।**

**શ્લોક :-**

बलं तेजश्च लावण्यमालिङ्ग्येयं विलुम्पति ।
गाढाश्लेषान्मनो नृणामस्या वीर्यमदः स्मृतम् ।।१०८९।।

**શ્લોકાર્થ :-**

**મનુષ્યોના મનને ગાઢ આશ્લેષથી આલિંગન કરીને આ=જરા, બલ, તેજ, લાવણ્યનો વિલોપ કરે છે. આનું=જરાનું, આ વીર્ય કહેવાયું છે.**

જેમ જેમ જરા અવસ્થા સંસારી જીવોને પ્રાપ્ત થાય છે તેમ તેમ સામાન્યથી સંસારી જીવને તેના પ્રત્યે અરુચિ થાય છે તે જરાનું મનુષ્યોના મનને ગાઢ આશ્લેષ છે અને તેના પ્રત્યેના દ્વેષથી ચિત્તમાં કલુષતા થાય છે તેથી જરા વૃદ્ધિ પામે છે; કેમ કે કષાયોથી શરીરશક્તિ ક્ષીણ થાય છે. **।।૧૦૮૯।।**

**શ્લોક :-**

वलीपलितवैकल्यबाधिर्यान्ध्यकुवर्णताः ।
कम्पकार्कश्यशैथिल्यदीनतादन्तहीनताः ।।१०९०।।
जरायाः परिवारोऽयमनेन परिवारिता ।
मत्तेव गन्धकरिणी, सर्वत्र विलसत्यसौ ।।१०९१।।

**શ્લોકાર્થ :-**

**વલી=કરચલીઓથી યુક્ત, પલિત=શ્વેતવાળ, વૈકલ્ય, બહેરાપણું, અંધ્ય, કુવર્ણતા, કમ્પ, કાર્કશ્ય, શૈથિલ્ય, દીનતા, દાંતની હીનતા**

જરાનો આ પરિવાર છે. આનાથી પરિવારિત=આ પરિવારથી વીંટળાયેલી આ=જરા, સર્વત્ર મત્ત એવી ગંધહસ્તીની જેમ વિલાસ કરે છે. ॥૧૦૯૦-૧૦૯૧॥

શ્લોક :-

अस्ति योऽनुचरः कालपरिणत्या महाबलः ।
यौवनाख्यस्तदादेशात्, प्रविष्टोऽङ्गेषु देहिनाम् ।।१०९२।।
संयुतो वल्गनोल्लासधावनोद्भ्रमसंमदैः ।
गर्वशौण्डिर्यषिङ्गत्वधैर्याद्यैश्च पदातिभिः ।।१०९३।।
मूर्तिस्फूर्तिस्मरावेशसन्निवेशविधायकम् ।
क्रुद्धाकृत्येव तमियं, मृद्नाति सपरिच्छदम् ।।१०९४।।
।। त्रिभिर्विशेषकम् ।

શ્લોકાર્થ :-

કાલપરિણતિનો મહાબલ એવો જે યૌવન નામનો અનુચર તેણીના આદેશથી=કાલપરિણતિના આદેશથી, જીવોનાં અંગોમાં પ્રવેશ પામેલો છે. વલ્ગન, ઉલ્લાસ, દોડવાપણું, ઉદ્‌ભ્રમ, સંમદ, ગર્વ, શૂરવીરપણું, મશ્કરી, ધૈર્યાદિ પદાતિઓથી યુક્ત એવો જે યૌવન છે. તેને અર્થાત્ મૂર્તિ, સ્ફૂર્તિ, સ્મરઆવેશ, સંનિવેશના વિધાયક એવા તેને=યૌવનને આ=જરા, ક્રોધ આકૃતિથી જ પરિવાર સહિત મર્દન કરે છે. ॥૧૦૯૨થી ૧૦૯૪॥

શ્લોક :-

ततो भवन्ति जरसा, जना मर्द्दितयौवनाः ।
भार्ययाऽपि पराभूतास्तनयैरप्युपेक्षिताः ।।१०९५।।

શ્લોકાર્થ :-

તેથી જરાથી લોકો મર્દિત યૌવનવાળા થાય છે. પત્નીથી પણ પરાભૂત થયેલા, પુત્રોથી પણ ઉપેક્ષા કરાયેલા થાય છે. ॥૧૦૯૫॥

**શ્લોક :-**

**यो वेदनीयनृपतेर्वयस्यो रसनाभिधः ।**
**वर्णितस्तत्प्रयुक्तेयं, रुजाऽपि नृपतेर्भुजा ।।१०९६।।**

**શ્લોકાર્થ :-**

**વેદનીય રાજાનો રસના નામનો જે મિત્ર વર્ણન કરાયો, તેનાથી પ્રયુક્ત એવી આ રુજા પણ, રાજાની ભુજા છે.**

શાતા-અશાતારૂપ વેદનીય કર્મ છે તેનો મિત્ર રસના છે. આથી સંસારી જીવો રસના દ્વારા શાતાને અનુભવવા યત્ન કરે છે અને તેનાથી પ્રયુક્ત સંસારી જીવોને રોગ થાય છે; કેમ કે રસનાને વશ થયેલા જીવો યથા-તથા આહાર કરીને રોગને પ્રાપ્ત કરે છે અને આ રોગ વેદનીયકર્મ રાજાની એક ભુજા સ્વરૂપ છે; કેમ કે અશાતા ઉત્પન્ન કરે છે. **॥૧૦૯૬॥**

**શ્લોક :-**

**रजस्तमोऽभिसंपातः, संप्राप्तिः कालकर्मणाम् ।**
**वातपित्तकफक्षोभो, हेतुः सर्वो रुजामयम् ।।१०९७।।**

**શ્લોકાર્થ :-**

**રાગ, દ્વેષનો અભિસંતાપ, કાલકર્મોની સંપ્રાપ્તિ=રોગનાં આપાદક કર્મોની પ્રાપ્તિ, વાત, પિત્ત, કફનો ક્ષોભ સર્વ આ રોગનો હેતુ છે.**

જીવમાં વર્તતી રાગની અને દ્વેષની પરિણતિ રોગનો હેતુ છે. બંધાયેલું અશાતાવેદનીય કર્મ રોગનો હેતુ છે. શરીરમાં રહેલા વાતાદિનો ક્ષોભ રોગનો હેતુ છે. **॥૧૦૯૭॥**

**શ્લોક :-**

**बाह्यान्यपि निमित्तानि, प्रयुङ्क्तेऽसात एव यत् ।**
**हेतुः प्राणिषु संलीनस्तत्त्वतस्तदयं रुजाम् ।।१०९८।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અશાતા જ=અશાતાવેદનીય કર્મ જ, બાહ્ય નિમિત્તોને**

વ્યાપારવાળા કરે છે, તે કારણથી પ્રાણીઓમાં તત્ત્વથી સંલીન એવો રોગનો આ હેતુ છે=શ્લોક-૧૦૯૭માં બતાવ્યો એ રોગનો હેતુ છે. ॥૧૦૯૮॥

શ્લોક :-

स्वास्थ्यं निहत्य वीर्येण, करोत्यातुरतामियम् ।
ज्वरातिसारकुष्टार्शःप्रमेहप्लीहधूमकाः ॥१०९९॥
अम्लकग्रहणीशूलहिक्काश्वासक्षयभ्रमाः ।
गुल्महृद्रोगसम्मोहकण्डून्मादजलोदराः ॥११००॥
शिरोनेत्रार्तिवीसर्पच्छर्दिशोषभगन्दराः ।
सर्वेऽप्यस्याः परीवारस्तेनेयं भुवि दुर्जया ॥११०१॥

શ્લોકાર્થ :-

વીર્યથી સ્વાસ્થ્યને હણીને આ=રોગ, આતુરતાને કરે છે, જ્વર, અતિસાર, કુષ્ટ, અર્શ, પ્રમેહ, પ્લીહ, ધૂમક, અમ્લક, ગ્રહણી, શૂલ, હિક્કા, શ્વાસ, ક્ષય, ભ્રમ, ગુલ્મ, હૃદયરોગ, સંમોહ, ખણજ, ઉન્માદ, જલોદર, શિર અને નેત્રની પીડા, વિસ્તાર પામતી શરદી, શોષ, ભગંદર સર્વ પણ આનો=રોગનો, પરિવાર છે. તે કારણથી આ=રોગ, જગતમાં દુર્જય છે. ॥૧૦૯૯-૧૧૦૦-૧૧૦૧॥

શ્લોક :-

हन्ति नीरोगतां सातनियुक्तां पाटवावहाम् ।
इयमाधिं वितनुते, व्याधिं चाखिलदेहिनाम् ॥११०२॥

શ્લોકાર્થ :-

આ=રોગ શાતાથી નિયુક્ત પાટવને લાવનાર=દેહની પટુતાને કરનાર, એવી નીરોગતાને હણે છે. બધા શરીરધારીઓને આધિનો અને વ્યાધિનો વિસ્તાર આ=રોગ, કરે છે. ॥૧૧૦૨॥

શ્લોક :-

रुदन्ति दीर्घपूत्कारैर्दीनं जल्पन्ति मानवाः ।
लुठन्तीतस्ततो मूढा, अनया विह्वलीकृताः ॥११०३॥

શ્લોકાર્થ :-

આના વડે=રોગ વડે, વિહ્વલ કરાયેલા મૂઢ માનવો, દીર્ઘ પૂત્કારો દ્વારા રડે છે, દીન બોલે છે, આમતેમ આળોટે છે. ॥૧૧૦૩॥

શ્લોક :-

मृतिरायुर्नृपस्यास्तसमयेन प्रयोजिता ।
विषाग्निशस्त्रपानीयगिरिपाताद्यपेक्षिणी ॥११०४॥

શ્લોકાર્થ :-

વિષની, અગ્નિની, શસ્ત્રની, પાનીમાં પાતની, ગિરિથી પાતાદિની અપેક્ષા કરનારી મૃતિ આયુષ્યરૂપી રાજાના અસ્ત સમયથી પ્રયોજન કરાઈ છે. ॥૧૧૦૪॥

શ્લોક :-

हरत्युच्छ्वासनिःश्वासं, चेष्टां भाषां च चेतनाम् ।
क्षणेन देहिनामेषा, वीर्यमस्या वदन्त्यदः ॥११०५॥

શ્લોકાર્થ :-

આ=મૃતિ, દેહધારીઓની ચેતનાને ક્ષણથી હરણ કરે છે, ઉચ્છ્‌વાસ, નિઃશ્વાંસને હરણ કરે છે, ચેષ્ટાને અને ભાષાને હરણ કરે છે. આનું=મૃતિનું, આ વીર્ય કહે છે. ॥૧૧૦૫॥

શ્લોક :-

इयं न वीर्यवत्येका परिवारमपेक्षते,
इन्द्रोपेन्द्रादयोऽप्यस्याः, कम्पन्ते नाममात्रतः ॥११०६॥

શ્લોકાર્થ :-

વીર્યવાળી એવી આ એકલી મૃતિ પરિવારની અપેક્ષા રાખતી નથી, આના નામમાત્રથી ઈન્દ્રોપેન્દ્રાદિ પણ કંપાયમાન થાય છે. ॥૧૧૦૬॥

**શ્લોક :-**

भार्यामायुर्नृपस्यैषा, जीविकां स्थितिदायिनीम् ।
हत्वा स्वस्थानतोऽन्यत्र, जनान्नयति लीलया ।।११०७।।

**શ્લોકાર્થ :-**

**આયુષ્ય રાજાની સ્થિતિને દેનારી, જીવિકા નામની ભાર્યાને હણીને આ=મૃતિ, લોકોને સ્વસ્થાનથી અન્યત્ર લીલાથી લઈ જાય છે. ।।૧૧૦૭।।**

**શ્લોક :-**

अस्ति पापोदयो वत्स !, सेनानीर्मूलभूपतेः ।
तेनैषा खलता वत्स ! नियुक्ता भवचक्रके ।।११०८।।

**શ્લોકાર્થ :-**

**હે વત્સ ! મૂલ ભૂપતિનો સેનાની=કર્મપરિણામ રાજારૂપ મૂલનો સેનાની પાપોદય છે, તેના વડે=પાપોદય વડે, હે વત્સ ! આ ખલતા ભવચક્રમાં નિયુક્ત કરાઈ છે. ।।૧૧૦૮।।**

**શ્લોક :-**

बाह्यं निमित्तमप्यस्या, विद्यते खलसंगमः ।
पापोदयोद्भवः सोऽपि, विज्ञेयः परमार्थतः ।।११०९।।

**શ્લોકાર્થ :-**

**આનું=ખલતાનું, બાહ્ય નિમિત્ત પણ ખલનો સંગમ વિદ્યમાન છે. તે પણ=ખલનો સંગમ પણ, પરમાર્થથી પાપોદયનો ઉદ્ભવ છે.**

ખલતા તો ખલતા આપાદક પાપકર્મના ઉદયથી થાય છે, પરંતુ ખલતાની પરિણતિ પ્રગટ કરવામાં બળવાન નિમિત્ત કારણ ખલનો સંગમ છે અને તે પણ ખલસંગમની પ્રાપ્તિના કારણીભૂત પાપના ઉદયથી થાય છે. **।।૧૧૦૯।।**

**શ્લોક :-**

शाठ्यपैशुन्यदौःशील्यमित्रद्रोहकृतघ्नताः ।
मर्मोद्घट्टनवैयात्यनैर्लज्ज्यमदमत्सराः ।।१११०।।

गुरुविप्लवरोषाद्याः, खलतापरिचारकाः ।
एतद्युताऽङ्गिनां चेतो, मथ्नातीयं स्ववीर्यतः ।।१११११।। युग्मम् ।।

**શ્લોકાર્થ :-**

**લુચ્ચાઈ, ચુગલી, દુઃશીલતા, મિત્રોનો દ્રોહ, કૃતઘ્નપણું, મર્મોનો પ્રહાર, જંગલીપણું, નિર્લજ્જપણું, મદ, મત્સર, ગુરુનો વિપ્લવ, રોષાદિ ખલતાના પરિચારકો છે. આનાથી યુક્ત એવી આ=પોતાના પરિવારથી યુક્ત એવી ખલતા, સ્વવીર્યથી સંસારી જીવોના ચિત્તને બગાડે છે. ॥૧૧૧૦-૧૧૧૧॥**

**શ્લોક :-**

इयं पुण्योदयाख्येन, सैनान्या मूलभूपतेः ।
नियोजितं द्वितीयेन, हन्ति सौजन्यपूरुषम् ।।१११२।।
गाम्भीर्यप्रश्रयस्थैर्यदाक्षिण्यादिपदातिभिः ।
युतं लोके च कुर्वाणं, सद्विश्रम्भसुखासिकाम् ।।१११३।। युग्मम् ।।

**શ્લોકાર્થ :-**

**મૂલરાજાના પુણ્યોદય નામના બીજા સેનાની વડે નિયોજન કરાયેલ ગાંભીર્ય, પ્રશ્રય, સ્થિરતા, દાક્ષિણ્યાદિ પદાતિઓથી યુક્ત લોકમાં સદ્વિશ્વાસના સુખને કરતા એવા સૌજન્ય પુરુષને આ=ખલતા, હણે છે.**

જીવમાં ગુણની નિષ્પત્તિના કારણીભૂત એવો પુણ્યોદય વર્તતો હોય, તેનાથી બધા જીવો પ્રત્યે સૌજન્યપૂર્વક વર્તન કરે તેવી પ્રકૃતિ થાય છે. તેનો નાશ ખલતા કરે છે; કેમ કે તેનાથી વિરુદ્ધ એવી ક્લિષ્ટકર્મજન્ય ખલતાની પરિણતિ છે. **॥૧૧૧૨-૧૧૧૩॥**

**શ્લોક :-**

खादन्तो वर्गमात्मीयं, खलतानिहता जनाः ।
बध्नन्ति परनिन्दास्थि, गले नीचा शुनोऽपि हि ।।१११४।।

**શ્લોકાર્થ :-**

**પોતાના વર્ગને નાશ કરતા, કૂતરાથી પણ નીચ એવા ખલતાથી હણાયેલા લોકો ગળામાં પરનિંદારૂપી હાડકાને બાંધે છે.**

જેઓમાં ખલતાની પરિણતિ પ્રગટ થઈ છે, તેઓ પોતાના પરિચિત વ્યક્તિઓની જ નિંદા કરીને તેઓનો વિનાશ કરે છે અને પરનિંદારૂપ હાડકાને પોતાના ગળામાં બાંધે છે, જેનાથી મહાપાપની પ્રાપ્તિ થાય છે. **॥૧૧૧૪॥**

**શ્લોક :-**

**संतोषकृतवृत्तीनां, सतां प्रत्यर्थिनः खलाः ।**
**वानेयतृणवृत्तीनां, मृगाणामिव लुब्धकाः ।।१११५।।**

**શ્લોકાર્થ :-**

**જેમ વનના તૃણથી જીવનારા મૃગલાઓના શત્રુ શિકારીઓ છે, તેમ સંતોષથી જીવનારા સંતપુરુષોના શત્રુઓ ખલ છે.**

સંતોષથી જીવીને આત્મકલ્યાણ કરતા મહાત્માઓને ખલ પુરુષો વિઘ્નો કરીને તેમને ઉપદ્રવ કરનારા થાય છે. **॥૧૧૧૫॥**

**શ્લોક :-**

**क्वचिदुष्णाः क्वचिच्छीताः, क्वचिन्मध्यमवृत्तयः ।**
**नैकरूपाः खलाः क्रूराः, सन्निपाता इव ज्वराः ।।१११६।।**

**શ્લોકાર્થ :-**

**સન્નિપાતવાળા જ્વરોની જેમ. ક્વચિત્ ઉષ્ણ=ક્રોધવાળા, ક્વચિત્ શીતળ=બાહ્યથી શાંત રસવાળા, ક્વચિત્ મધ્યમ વૃત્તિવાળા ખલ પુરુષો અનેક રૂપવાળા ક્રૂર હોય છે. ॥૧૧૧૬॥**

**શ્લોક :-**

**नामनामा महीनाथो, यो मया पूर्ववर्णितः ।**
**भवचक्रे युनक्त्येनां, स क्रौर्येण कुरूपताम् ।।१११७।।**

શ્લોકાર્થ :-

નામ નામનો જે રાજા મારા વડે પૂર્વમાં વર્ણન કરાયો તે ક્રૂરતાથી ભવચક્રમાં આ કુરૂપતાને યોજે છે=નામકર્મની પાપપ્રકૃતિથી જીવમાં કુરૂપતા પ્રાપ્ત થાય છે. ।।૧૧૧૭।।

શ્લોક :-

निमित्तान्यपि बाह्यानि, तदादेशव्यपेक्षया ।
परिकुप्यत्कफादीनि, जनयन्ति कुरूपताम् ।।१११८।।

શ્લોકાર્થ :-

તેના આદેશની અપેક્ષાથી=નામકર્મના ઉદયથી, પરિકોપ પામતાં કફાદિ રૂપ બાહ્ય નિમિત્તો પણ કુરૂપતાને ઉત્પન્ન કરે છે. ।।૧૧૧૮।।

શ્લોક :-

वीर्यमस्यास्तदङ्गस्था, यदुद्वेगं करोत्यसौ ।
कुण्ठताकाण्यकुब्जत्ववामनत्वविवर्णताः ।।१११९।।
बाधिर्यखञ्जताऽऽन्ध्याद्या, वर्तन्तेऽस्याः परिच्छदे ।
नियुक्तां हन्ति नाम्नैव, तद्युतेयं सुरूपताम् ।।११२०।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

અંગમાં રહેલી આ=કુરૂપતા, જે ઉદ્વેગને કરે છે=જીવને જે ઉદ્વેગને કરે છે, તે આનું=કુરૂપતાનું, વીર્ય છે. કુંઠતા, કાણાપણું, કુબ્જપણું, વામનપણું, વિપરીત વર્ણપણું, બહેરાપણું, લંગડાપણું, અંધપણું આદિ આના=કુરૂપતાના, પરિવારમાં વર્તે છે. તેનાથી યુક્ત=પોતાના પરિવારથી યુક્ત, આ=કુરૂપતા, નામકર્મથી જ નિયુક્ત એવી સુરૂપતાને હણે છે. ।।૧૧૧૯-૧૧૨૦।।

શ્લોક :-

भवन्ति क्रीडनस्थानं, कुरूपा रूपगर्विणाम् ।
निर्गुणाश्च भवन्त्येते, गुणा ह्याकृतिसंश्रयाः ।।११२१।।

**શ્લોકાર્થ :-**

**રૂપગર્વી જીવોને કુરૂપો=કુરૂપ જીવો, ક્રીડાનું સ્થાન થાય છે અને આ=કુરૂપ જીવો, નિર્ગુણ હોય છે. हि=જે કારણથી, ગુણો આકૃતિના આશ્રવવાળા થાય છે.**

જેઓને પોતાના રૂપનો ગર્વ છે, તેવા જીવો કુરૂપ જીવોને જોઈને તેની મશ્કરી કરે છે. વળી કુરૂપ જીવો પ્રાયઃ નિર્ગુણ હોય છે; કેમ કે ભૂતકાળમાં તે પ્રકારની પાપપ્રકૃતિ બાંધી છે, ત્યારે દોષોનું સેવન કરીને દોષોની પ્રકૃતિનો સંચય કરેલો છે. તેથી વર્તમાનમાં કુરૂપ થયા તેમ નિર્ગુણ પણ હોય છે. વળી, સુંદર આકૃતિવાળા જીવોમાં પ્રાયઃ ગુણો હોય છે; કેમ કે સુંદર આકૃતિને અનુકૂળ પુણ્ય બાંધ્યું ત્યારે ગુણોનું સેવન કરેલું છે. તેથી સુંદર આકૃતિની-સાથે પ્રાયઃ તેવા જીવોને ગુણો પણ પ્રાપ્ત થાય છે. **॥૧૧૨૧॥**

**શ્લોક :-**

**पुरस्कृताऽन्तरायेण, पापोदयचमूभृता ।**
**दरिद्रता प्रयुक्तेयं, द्यूताद्यैर्बाह्यहेतुभिः ।।११२२।।**

**શ્લોકાર્થ :-**

**પાપોદયરૂપ સેનાથી ધારણ કરાયેલી, અંતરાયકર્મથી આગળ કરાયેલી જુગારાદિ બાહ્ય હેતુથી પ્રયુક્ત આ દરિદ્રતા છે. ।।૧૧૨૨।।**

**શ્લોક :-**

**दुराशापाशपतितं, निर्धनं कुरुते जनम्,**
**एषा वीर्येण शेषाहिफणाभोगभयंकरी ।।११२३।।**

**શ્લોકાર્થ :-**

**શેષનાગની ફણા જેવી ભયંકર એવી આ=દરિદ્રતા, દુરાશારૂપી પાશમાં પડેલ જનને વીર્યથી નિર્ધન કરે છે. ।।૧૧૨૩।।**

**શ્લોક :-**

**मौढ्यं पराभवो दैन्यं, प्रायशो बह्वपत्यता ।**
**बुभुक्षाऽरतिसंतापहृदयन्यूनताऽर्थनाः ।।११२४।।**

इत्यादि परिवारोऽस्या, हन्तीयं तेन संयुता ।
ऐश्वर्याख्यं नरं श्रेष्ठं, पुण्योदयनियुक्तकम् ।।११२५।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

મૂઢપણું, પરાભવ, દીનતા, પ્રાયઃ કરીને બહુ પુત્ર, પુત્રી આદિ, ક્ષુધા, અરતિ, સંતાપ, હૃદયની ન્યૂનતા, યાચના ઈત્યાદિ આનો=દરિદ્રતાનો, પરિવાર છે. તેનાથી=પરિવારથી, સંયુત એવી આ=દરિદ્રતા, પુણ્યોદયથી નિયુક્ત ઐશ્વર્ય નામના શ્રેષ્ઠ પુરુષને હણે છે. ।।૧૧૨૪-૧૧૨૫।।

શ્લોક :-

दरिद्रताहतैश्वर्या, रात्रावपि न शेरते ।
चिन्ताग्निनैव दह्यन्ते, प्रत्यक्षा इव नारकाः ।।११२६।।

શ્લોકાર્થ :-

દરિદ્રતાથી હણાયેલા ઐશ્વર્યવાળા રાત્રિમાં પણ સૂતા નથી, નારકની જેમ પ્રત્યક્ષ ચિંતારૂપી અગ્નિથી જ બળે છે. ।।૧૧૨૬।।

શ્લોક :-

इयं दुर्भगता नामनृपेणैव नियोजिता ।
वैरूप्यदुःस्वभावादिबाह्यहेतुव्यपेक्षिणी ।।११२७।।

શ્લોકાર્થ :-

વૈરૂપ્ય, દુઃસ્વભાવ આદિ બાહ્ય હેતુની અપેક્ષાવાળી આ દુર્ભગતા નામકર્મરૂપ રાજા વડે નિયોજન કરાયેલી છે. ।।૧૧૨૭।।

શ્લોક :-

अनभीष्टमतिद्वेष्यं, यदेषा कुरुते जनम् ।
तदिदं वीर्यमेतस्या, जगत्त्रयभयावहम् ।।११२८।।

શ્લોકાર્થ :-

આ=દુર્ભગતા, જનને જે અનભીષ્ટ અને અતિદ્વેષી કરે છે, તે આ જગતત્રયના ભયને લાવનારું આનું=દુર્ભગતાનું, વીર્ય છે. ।।૧૧૨૮।।

શ્લોક :-

परिवारः किलैतस्या दीनताऽभिभवस्त्रपा ।
न्यूनता चित्तलघुता, वेषविज्ञानहीनता ।।११२९।।

શ્લોકાર્થ :-

ખરેખર, દીનતા, અભિભવ, લજ્જા, ન્યૂનતા, ચિત્તની લઘુતા, વેષવિજ્ઞાનની હીનતા આનો=દુર્ભગતાનો, પરિવાર છે. ।।૧૧૨૯।।

શ્લોક :-

नियुक्तां सुप्रसन्नेन, नाम्ना सुभगतामियम् ।
हन्ति तत्कोपसमयस्फुटलब्धोदयाऽङ्गिनाम् ।।११३०।।

શ્લોકાર્થ :-

તેના=પોતાના પરિવારના, કોપના સમયથી સ્પષ્ટ પ્રાપ્ત થયેલા ઉદયવાળી આ=દુર્ભગતા, સુપ્રસન્ન એવા નામથી નિયુક્ત એવી જીવોની સુભગતાને હણે છે. ।।૧૧૩૦।।

શ્લોક :-

अनया हतसौभाग्या, वल्लभानामवल्लभाः ।
शोकेन परिरभ्यन्ते, निजनिन्दापरायणाः ।।११३१।।

શ્લોકાર્થ :-

આના વડે=દુર્ભગતા વડે, હરણ કરાયેલા સૌભાગ્યવાળા, વલ્લભોના અવલ્લભ, પોતાની નિંદામાં પરાયણ જીવો શોકથી પરિતાપને પામે છે. ।।૧૧૩૧।।

**શ્લોક :-**

**प्राह प्रकर्षः सन्त्यासां, किं मातुल ! न वारकाः ।**
**लोकपालाः क्षितीशाद्या, दोर्दण्डोद्धृतभूभराः ।।११३२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, હે મામા ! બે ભુજાદંડથી ધારણ કરેલ છે પૃથ્વીનો ભાર જેમણે એવા લોકપાલો, રાજાદિ, આમના=આ સ્ત્રીઓના, શું વારક નથી ? ।।૧૧૩૨।।**

**શ્લોક :-**

**विमर्शः प्राह नैवासां, कोऽपीष्टे विनिवारणे ।**
**प्रभुष्वपि स्फुरत्यासां, वीर्यमुन्माथि दारुणम् ।।११३३।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે, આમના=સાત નારીઓના, વિનિવારણમાં કોઈપણ (ઈષ્ટે)=સમર્થ નથી જ, આમનું ઉન્મથન કરનાર એવું દારુણ વીર્ય સમર્થોમાં પણ સ્ફુરાયમાન થાય છે. ।।૧૧૩૩।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह तद् यत्नः, किमासां विनिवारणे ।**
**न कार्यो देहिना प्राह, विमर्शो निश्चयात् तथा ।।११३४।।**
**एता ह्यवश्यभाविन्यः, क्षेप्तुं शक्या न केनचित् ।**
**अशक्यार्थप्रवृत्तेश्च, फलं नान्यच्छ्रमाद् ऋते ।।११३५।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, તો શું આમના વિનિવારણમાં સંસારી જીવોએ યત્ન ન કરવો જોઈએ. વિમર્શ કહે છે, નિશ્ચયથી તે પ્રકારે છે. हि=જે કારણથી, અવશ્ય થનારી જ આ નારીઓ કોઈના વડે ફેંકવા માટે શક્ય નથી અને અશક્યાર્થમાં પ્રવૃત્તિનું શ્રમને છોડીને અન્ય ફળ નથી.**

આ સાતેય સ્ત્રીઓ તે તે કર્મજન્ય જીવની પરિણતિરૂપ હોવાથી તે કર્મના

ઉદયથી તે પરિણતિનું નિવારણ નિશ્ચયથી કોઈ કરી શકે નહિ. વ્યવહારથી શું કરી શકાય તે આગળ બતાવશે. **॥૧૧૩૪-૧૧૩૫॥**

**શ્લોક :-**

**यतन्ते तद्विनाशाय, तथाऽपि व्यवहारतः ।**
**स्वागोमलो हि सर्वत्र, क्षालनीयः क्रियाम्भसा ।।११३६।।**

**શ્લોકાર્થ :-**

**તોપણ=નિશ્ચયથી તે નારીઓનું નિવારણ શક્ય નથી તોપણ, વ્યવહારથી તેમના વિનાશ માટે=તે નારીઓના વિનાશ માટે, યત્ન કરે છે=યોગીઓ યત્ન કરે છે. हि=જે કારણથી, પોતાના પાપરૂપી મલ ક્રિયારૂપી પાણીથી સર્વત્રએ ધોવો જોઈએ.**

પૂર્વમાં બાંધેલાં કર્મોને દૂર કરવા અર્થે જેઓ જિનવચનાનુસાર ઉચિત ક્રિયાઓ કરે છે, તેનાથી તે તે દરિદ્રતાદિ આપાદક કર્મો નાશ પામે છે. તેથી વ્યવહારથી તેના નાશનો ઉપાય ઉચિત જિનવચનાનુસાર ક્રિયા છે અને નિશ્ચયથી તે તે પ્રકારે વિપાકને પામેલું કર્મ તે તે કાર્ય અવશ્ય કરે છે, તેથી તેના નિવારણનો કોઈ ઉપાય નથી. **॥૧૧૩૬॥**

**શ્લોક :-**

**प्रवर्त्यते हठात् कर्मपरिणामेन मानवः ।**
**कार्यौ हर्षविषादौ नो, तत्र निश्चयवेदिना ।।११३७।।**

**શ્લોકાર્થ :-**

**હઠથી મનુષ્ય કર્મપરિણામ દ્વારા પ્રવર્તાવાય છે, ત્યાં=કર્મજન્ય કાર્યમાં, નિશ્ચયને જાણનારા પુરુષે હર્ષ વિષાદ કરવા જોઈએ નહિ.**

પૂર્વમાં કહેલ સાત સ્ત્રીઓ તે તે કર્મના ઉદયથી ભવચક્રમાં વર્તે છે, તેથી જે જીવોનાં જે પ્રકારનાં કર્મો હોય તે કર્મોથી બલાત્કારે મનુષ્ય તે તે ભાવોને પામે છે. જેમ સનત્કુમાર ચક્રવર્તીને રોગઆપાદક કર્મ હતું તો રોગની પ્રાપ્તિ થઈ અને નિશ્ચયનયના પરમાર્થને જાણનાર બુદ્ધિમાન પુરુષે વિચારવું જોઈએ કે નિશ્ચયનય સ્વદૃષ્ટિથી ઉચિત પ્રવૃત્તિ કરવાનું કહે છે. વ્યવહારનય સ્વદૃષ્ટિથી

ઉચિત પ્રવૃત્તિ કરવાનું કહે છે. તેથી નિશ્ચયનયની દૃષ્ટિના પરમાર્થને જાણનારા પુરુષે તે તે કર્મના ઉદયથી જે જે પ્રાપ્ત થાય ત્યારે હર્ષ, વિષાદ કરવો જોઈએ નહિ. પરંતુ મધ્યસ્થ બુદ્ધિથી ચિત્તને પ્રવર્તાવવું જોઈએ. જેથી અશુભ કર્મના કે શુભ કર્મના વિપાકમાં પણ મધ્યસ્થભાવને કારણે આત્મહિતની પ્રાપ્તિ થાય. **॥૧૧૩૭॥**

**શ્લોક :-**

**व्यवहारनयज्ञोऽपि, सद्धेतौ यतते बुधः ।**
**जरादीनां विनाशे च, सद्धेतुर्धर्म एव हि ।।११३८।।**

**શ્લોકાર્થ :-**

**વ્યવહારનયને જાણનારો પણ બુધ પુરુષ સદ્હેતુમાં યત્ન કરે છે અને જરાદિના વિનાશમાં સદ્હેતુ જ ધર્મ છે.**

વ્યવહારનય કહે છે કે સમ્યગ્ રીતે ધર્મમાં પ્રવૃત્તિ કરવાથી પાપપ્રકૃતિઓ ક્ષીણ થાય છે અને પુણ્યપ્રકૃતિઓ બળવાન થાય છે અને ધર્મના પ્રકર્ષથી સર્વ કર્મોનો નાશ થાય છે માટે જરાદિ સ્ત્રીઓના ઉપદ્રવોથી ભય પામેલા જીવે સદ્ધર્મમાં જ યત્ન કરવો જોઈએ. **॥૧૧૩૮॥**

**શ્લોક :-**

**नास्ति यत्र जराद्युत्थः, क्लेशः सा निर्वृतिः पुरी ।**
**ज्ञानश्रद्धानचारित्रमयो धर्मस्तदाप्तिकृत् ।।११३९।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં જરાદિ ઉત્થ ક્લેશ નથી, તે નિર્વૃતિ નગરી છે, તેને પ્રાપ્ત કરાવનાર જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રમય ધર્મ છે. ।।૧૧૩૯।।**

**શ્લોક :-**

**रत्नत्रयोत्थवीर्याणां, मुक्तेर्मार्गेऽपि तिष्ठताम् ।**
**क्लेशास्तनूभवन्त्येव, सुखपद्धतिरेधते ।।११४०।।**

**શ્લોકાર્થ :-**

**રત્નત્રયથી ઉત્થિત વીર્યવાળા, મોક્ષમાર્ગમાં પણ રહેલા જીવોના ક્લેશો**

**અલ્પ થાય જ છે, સુખપદ્ધતિ વિસ્તાર પામે છે.**

મોક્ષમાં જરાદિથી ઉત્પન્ન થનારા ક્લેશો નથી અને જેઓ મોક્ષમાર્ગમાં યત્નવાળા છે, તેઓના જરાદિ ક્લેશો અલ્પ થાય જ છે; કેમ કે તેવા જીવો મોક્ષ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી પણ સુદેવ, સુમાનુષત્વને પ્રાપ્ત કરે છે. તેથી તેઓના જીવનમાં સુખ-સંપત્તિ વિસ્તાર પામે છે. **॥૧૧૪૦॥**

**શ્લોક :-**

**सदैवामुक्तमेताभिर्भवचक्रपुरं पुनः ।**
**चतुर्विधमपि प्रौढदुःखसंभारदारुणम् ।।११४१।।**

**શ્લોકાર્થ :-**

**વળી ચાર પ્રકારનું પણ, પ્રૌઢ દુઃખના સમૂહથી દારુણ એવું ભવચક્રરૂપ નગર આ સ્ત્રીઓથી સદા જ અમુક્ત છે. ।।૧૧૪૧।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह यद्येवं, ततोऽत्र वसतां नृणाम् ।**
**किं जायते न निर्वेदो, विमर्शः प्रत्यभाषत ।।११४२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, જો આ પ્રમાણે છે=ભવચક્ર આ ખરાબ સ્ત્રીઓથી અમુક્ત છે એ પ્રમાણે છે, તો અહીં=ભવચક્રમાં, વસતા મનુષ્યોને નિર્વેદ કેમ થતો નથી ? વિમર્શ પ્રત્યુત્તર આપે છે. ।।૧૧૪૨।।**

**શ્લોક :-**

**निर्विद्यन्ते जना नास्मान्महामोहादिमोहिताः ।**
**पापेन कर्मणा तेषां, रतिरत्रैव जायते ।।११४३।।**

**શ્લોકાર્થ :-**

**મહામોહાદિથી મોહિત જીવો આનાથી=ભવચક્રથી, નિર્વેદને પામતા નથી, પાપકર્મથી તેઓને=મહામોહાદિથી મોહિત જીવોને, અહીં જ= ભવચક્રમાં જ, રતિ થાય છે.**

વિપર્યાસ આપાદક પ્રચુર કર્મવાળા જીવોને જરાદિ ક્લેશથી યુક્ત પણ ભવ ભોગવિલાસની સામગ્રીથી રતિનું કારણ બને છે. **॥૧૧૪૩॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह तर्ह्येषां, चिन्तया किं दुरात्मनाम् ।**
**केवलं दर्शितं वीर्यं, त्वया मोहादिभूभुजाम् ।।११४४।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, આ દુરાત્માઓની ચિંતા વડે શું ?=પાપકર્મથી રતિવાળા જીવોની ચિંતા વડે શું ? કેવલ તારા વડે=વિમર્શ વડે, મોહાદિ રાજાઓનું વીર્ય બતાવાયું. ॥૧૧૪૪॥**

**શ્લોક :-**

**कुदृष्टिजानिर्यस्तूक्तो, मिथ्यादर्शननामकः ।**
**भवचक्रे न तद्वीर्यं, दर्शितं तत् प्रदर्शय ।।११४५।।**

**શ્લોકાર્થ :-**

**જે વળી મિથ્યાદર્શન નામનો કુદૃષ્ટિનો જનક જે કહેવાયો તેનું વીર્ય ભવચક્રમાં બતાવાયું નથી તેને જ બતાવો=પ્રકર્ષ કહે છે તેને જ બતાવો. ॥૧૧૪૫॥**

**શ્લોક :-**

**विमर्शः प्राह तस्यैवाधीनं पुरचतुष्टयम् ।**
**स्थानानि दर्शयाम्युच्चैस्तद्वशानां विशिष्य ते ।।११४६।।**
**दृश्यन्ते मानवावासे, ह्यवान्तरपुराणि षट् ।**
**यान्यमूनि ध्रुवं तानि, तेषां स्थानानि लक्षय ।।११४७।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે – તેને જ આધીન ચાર નગરો છે, તેના વશ થયેલા જીવોનાં સ્થાનોને હું અત્યંત બતાનું છું, વિશેષ કરીને તે=તેને વશ**

જીવોનાં સ્થાનો, માનવાવાસમાં દેખાય છે. हि=જે કારણથી, જે આ અવાંતર નગરો છ છે, તે ધ્રુવ તેઓનાં સ્થાનો તું જાણ. ||૧૧૪૬-૧૧૪૭||

શ્લોક :-

एकमत्र पुरं तावन्नैयायिकमितीरितम् ।
नैयायिकाश्च गीयन्ते, ते जना येऽत्र संस्थिताः ।।११४८।।

શ્લોકાર્થ :-

અહીં=માનવાવાસમાં, એક નગર નૈયાયિક એ પ્રમાણે કહેવાયું છે. આમાં=નૈયાયિક નગરમાં, રહેલા તે લોકો નૈયાયિકો કહેવાયા છે. ||૧૧૪૮||

શ્લોક :-

अन्यद् वैशेषिकं नाम, पुरमत्राभिधीयते ।
जना वैशेषिकास्तेऽमी, येऽस्य मध्ये व्यवस्थिताः ।।११४९।।

શ્લોકાર્થ :-

બીજું નગર અહીં=ભવચક્રમાં, વૈશેષિક નામનું કહેવાય છે. આના મધ્યમાં=વૈશેષિક નગરની મધ્યમાં, જે લોકો રહેલા છે, તે આ વૈશેષિક લોકો કહેવાય છે. ||૧૧૪૯||

શ્લોક :-

तथा परं बुधैः सांख्यं, पुरमत्र प्रकाशितम् ।
ये चैतदधितिष्ठन्ति, लोकास्ते सांख्यसंज्ञकाः ।।११५०।।

શ્લોકાર્થ :-

અને બીજું નગર બુધો વડે અહીં=માનવાવાસમાં, સાંખ્ય પ્રકાશિત કરાયું અને જે લોકો આમાં=સાંખ્ય નગરમાં, રહે છે, તે સાંખ્ય સંજ્ઞાવાળા છે. ||૧૧૫૦||

શ્લોક :-

इहापरं पुनर्बौद्धं, पुरं संगीयते बुधैः ।
प्रसिद्धा बौद्धसंज्ञास्ते, जना मध्येऽस्य ये स्थिताः ।।११५१।।

શ્લોકાર્થ :-

અહીં=માનવાવાસમાં, વળી બીજું બૌદ્ધ નગર બુધો વડે કહેવાય છે, આના મધ્યમાં જે લોકો રહેલા છે, તે બૌદ્ધ સંજ્ઞાવાળા પ્રસિદ્ધ છે. ।।૧૧૫૧।।

શ્લોક :-

मीमांसकाभिधं चान्यत्, पुरं प्राज्ञैः प्रदर्शितम् ।
मीमांसकाश्च गीयन्ते, लोकास्ते येऽत्र संस्थिताः ।।११५२।।

શ્લોકાર્થ :-

અને મીમાંસક નામનું બીજું નગર પ્રાજ્ઞો વડે બતાવાયું અને જે અહીં=મીમાંસક નગરમાં, રહેલા લોકો છે, તે મીમાંસકો કહેવાય છે. ।।૧૧૫૨।।

શ્લોક :-

लोकायतमिति प्रोक्तं, पुरमत्रापरं बुधैः ।
ये वास्तव्या इह ख्याता, बार्हस्पत्याश्च ते जनाः ।।११५३।।

શ્લોકાર્થ :-

અહીં=માનવાવાસમાં બીજું નગર બુધો વડે લોકાયત એ પ્રમાણે કહેવાયું. અહીં=લોકાયત નગરમાં વસનારા જેઓ છે, તે લોકો બાર્હસ્પત્ય=બૃહસ્પતિ સંબંધી, પ્રસિદ્ધ છે. ।।૧૧૫૩।।

શ્લોક :-

तदेतेषु पुरेषूच्चैर्ये लोकाः परिदर्शिताः ।
ते मिथ्यादर्शनस्याऽऽज्ञां, पालयन्ति विशेषतः ।।११५४।।

શ્લોકાર્થ :-

તે આ નગરોમાં જે લોકો અત્યંત બતાવાયા, તેઓ વિશેષથી મિથ્યાદર્શનની આજ્ઞાનું પાલન કરે છે. ||૧૧૫૪||

શ્લોક :-

विमर्शः प्राह षड् यानि, श्रूयन्ते लोकवार्तया ।
दर्शनानि किमेतानि, तान्युक्तानि त्वया मम ।।११५५।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે, લોકવાર્તાથી જે છ દર્શનો સંભળાય છે, શું આ તે દર્શનો તમારા વડે=વિમર્શ વડે, મને=પ્રકર્ષને, કહેવાયા ? ||૧૧૫૫||

શ્લોક :-

विमर्शः प्राह तान्येव, पञ्च मीमांसकं विना ।
पुराण्येतानि षट्स्वेतन्नेष्टं मीमांसकं पुरम् ।।११५६।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. મીમાંસક વગર તે જ આ પાંચ નગરો છે, છમાં આ મીમાંસક નગર ઈષ્ટ નથી. ||૧૧૫૬||

શ્લોક :-

जैमिनिर्वेदरक्षार्थं, दोषजातोद्दिधीर्षया ।
चकार येन मीमांसां, दृष्ट्वा तीर्थिकविप्लवम् ।।११५७।।

શ્લોકાર્થ :-

જૈમનિ ઋષિએ વેદની રક્ષા માટે દોષના સમૂહનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી તીર્થિકના વિપ્લવને જોઈને જે કારણથી મીમાંસા કરી. ||૧૧૫૭||

શ્લોક :-

तस्मादेतानि पञ्चैव, पुरं मीमांसकं विना ।
लोकैर्दर्शनसंख्यायां, गण्यन्ते नात्र संशयः ।।११५८।।

શ્લોકાર્થ :-

તે કારણથી મીમાંસક વગર આ પાંચ જ નગર લોકો વડે દર્શનની સંખ્યામાં ગણાય છે. એમાં સંશય નથી. ||૧૧૫૮||

શ્લોક :-

प्रकर्षः प्राह यद्येवं, ततः षष्ठं क्व वर्तते ।
विमर्शः प्राह यदिदं, विवेकाद्रौ निरीक्ष्यते ।।११५९।।
अप्रमत्तत्वशिखरं, तुङ्गं तत्र निवेशितम् ।
पुरं यद् विततं षष्ठं, तज्जैनमभिधीयते ।।११६०।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે, જો આ પ્રમાણે છે=મીમાંસક વિના પાંચ જ નગરો છે, તો છઠ્ઠું નગર ક્યાં વર્તે છે ? વિમર્શ કહે છે, વિવેકરૂપી પર્વતમાં જે આ ઊંચું અપ્રમત્ત શિખર દેખાય છે, ત્યાં નિવેશ પામેલું વિસ્તૃત છઠ્ઠું જે નગર છે, તે જૈન કહેવાય છે. ||૧૧૫૯-૧૧૬૦||

શ્લોક :-

अत्र स्थितानां लोकानां, न मिथ्यादर्शनाभिधः ।
बाधकः स्यात् प्रकृत्यैव, महामोहमहत्तमः ।।११६१।।

શ્લોકાર્થ :-

અહીં=જૈનનગરમાં, રહેલા લોકોને પ્રકૃતિથી જ મિથ્યાદર્શન નામનો મહામોહનો મહત્તમ બાધક થતો નથી. ||૧૧૬૧||

શ્લોક :-

प्रकर्षः प्राह बाध्यन्ते, यदनेन स्थिता अधः ।
शिखरस्था न बाध्यन्ते, को हेतुस्तत्र मातुल ! ।।११६२।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે, આનાથી=વિવેક પર્વતથી નીચે રહેલા જીવો જે કારણથી બાધા પામે છે=મિથ્યાદર્શનથી બાધા પામે છે, શિખર ઉપર રહેલા=

**અપ્રમત્ત શિખર ઉપર રહેલા બાધા પામતા નથી. હે મામા ! તેમાં કોણ હેતુ છે ? ॥૧૧૬૨॥**

**શ્લોક :-**

**विमर्शः प्राह पुर्यस्ति, महामोहादिभूभुजाम् ।**
**मुक्तिर्भुक्तेरतिक्रान्ता, निर्द्वन्द्वानन्दशालिनी ।।११६३।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે, મહામોહાદિ રાજાઓની ભુક્તિથી અતિક્રાંત નિર્દ્વન્દ્વાનંદશાલી એવી મુક્તિ નગરી છે.**

ચિત્તવૃત્તિ અટવીમાં મહામોહાદિનું સ્થાન છે, મોક્ષમાં ચિત્ત નથી, કર્મ નથી, કેવલ આત્મા છે. તેથી નિર્દ્વંદ્વ આનંદશાળી મુક્તિનગરી છે, જ્યાં મહામોહના કોઈ ચોરટાઓનું સ્થાન નથી. **॥૧૧૬૩॥**

**શ્લોક :-**

**सर्वेऽपि गन्तुमिच्छन्ति, तामधःपुरवासिनः ।**
**मुक्त्वा लोकायतं स्वैः स्वैर्मिथो मार्गैर्विरोधिभिः ।।११६४।।**

**શ્લોકાર્થ :-**

**લોકાયતને છોડીને પોતપોતાના પરસ્પર વિરોધી માર્ગો વડે, તેણીને=મુક્તિનગરીને, નીચે નગરમાં વસનારા સર્વે નગરવાસીઓ પણ જવા માટે ઈચ્છે છે. ॥૧૧૬૪॥**

**શ્લોક :-**

**न मुक्तेः प्रापका युक्ताः, पन्थानस्ते च कल्पिताः ।**
**विवेकशिखरस्थैस्तु, दृष्टः पन्थास्तदाप्तिकृत् ।।११६५।।**

**શ્લોકાર્થ :-**

**કલ્પિત એવા તે માર્ગો=નીચેમાં રહેનારા પુરવાસીના માર્ગો, મુક્તિના પ્રાપક યુક્ત નથી. વળી, વિવેકશિખર પર રહેલા પુરુષો વડે જોવાયેલો માર્ગ તેની પ્રાપ્તિને કરનાર છે=મુક્તિની પ્રાપ્તિને કરનાર છે.**

પૂર્વના શ્લોકમાં કહેલ લોકાયતને છોડીને વિવેક પર્વતની નીચે રહેલા સર્વ નગરવાસીઓ વિવેકવાળા નહિ હોવાથી મોક્ષમાર્ગની સ્વસ્વ કલ્પના કરે છે. વસ્તુતઃ એકાંતવાદથી દૂષિત તેઓની મતિ હોવાથી તેઓનો કલ્પિત માર્ગ મોક્ષપ્રાપક નથી. વળી વિવેકશિખર ઉપર રહેલા જીવો સ્યાદ્વાદથી તત્ત્વને જોનારા છે. તેથી સર્વજ્ઞના વચનાનુસાર અને યુક્તિ અને અનુભવ અનુસાર મોક્ષમાર્ગને જોનારા છે. તે માર્ગ મોક્ષનું કારણ છે. **॥૧૧૬૫॥**

**શ્લોક :-**

**त्यक्तमार्गाः कुमार्गं च, संश्रितास्तदधःश्रिताः ।**
**मिथ्यादर्शनलुप्ताशा, गिरिस्थास्तु न तादृशाः ।।११६६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યક્ત માર્ગવાળા=પારમાર્થિક મોક્ષમાર્ગનો ત્યાગ કર્યો છે જેણે એવા અને કુમાર્ગને આશ્રય કરેલા=મોક્ષનો જે માર્ગ નથી તે માર્ગને સ્વીકારેલા, તેનાથી નીચે રહેલા=વિવેક પર્વતથી નીચે રહેલા, મિથ્યાદર્શનથી લુપ્ત આશાવાળા છે. વળી, પર્વત ઉપર રહેલા=વિવેક પર્વત ઉપર રહેલા, તેવા નથી. ।।૧૧૬૬।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह येऽमीभिर्मुक्तिमार्गाः प्रकल्पिताः ।**
**प्रत्येकं तानहं श्रोतुमिच्छाम्युत्पन्नकौतुकः ।।११६७।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, જે આમના વડે=વિવેક પર્વતથી નીચે રહેલા દર્શનવાદીઓ વડે, મુક્તિના માર્ગો કલ્પાયેલા છે, ઉત્પન્ન કૌતુકવાળો એવો હું પ્રત્યેક એવા તેઓને સાંભળવા ઈચ્છું છું. ।।૧૧૬૭।।**

**શ્લોક :-**

**विमर्शः प्राह यद्येवं, समाधाय ततो मनः ।**
**वक्ष्यमाणान्मया वत्स ! तान् मार्गानवधारय ।।११६८।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે, જો આ પ્રમાણે છે તો મનનું સમાધાન કરીને હે વત્સ ! મારા વડે કહેવાતા તે માર્ગોને તું અવધારણ કર.**

તત્ત્વને અભિમુખ ચિત્ત જાય, યથાતથા વિકલ્પો ન થાય તે પ્રકારે મનનું સમાધાન કરીને મારા વડે કહેવાતા તેઓના માર્ગને તું અવધારણ કર. **॥૧૧૬૮॥**

**શ્લોક :-**

**तत्त्वज्ञानाद् भवेन्मुक्तिरिति सर्वैर्विनिश्चितम् ।**
**तानि नैयायिकानां च, प्रमाणादीनि षोडश ।।११६९।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય એ પ્રકારે સર્વ વડે નિશ્ચય કરાયું અને નૈયાયિકોનાં સોળ પ્રમાણો છે.**

બધા દર્શનવાદીઓ માને છે કે તત્ત્વનું યથાર્થ જ્ઞાન થાય તો મુક્તિ થાય. આ માન્યા પછી નૈયાયિકો તત્ત્વજ્ઞાનના ઉપાયભૂત પ્રમાણાદિ સોળ તત્ત્વો કહે છે. જેનો બોધ મોક્ષ સાથે કોઈ કાર્ય-કારણભાવરૂપે જોડાયેલો નથી. તેથી અસંબદ્ધ જ પ્રલાપ છે. **॥૧૧૬૯॥**

**શ્લોક :-**

**प्रमायाः करणं तत्र, प्रमाणं तच्चतुर्विधम् ।**
**प्रत्यक्षमनुमानं चोपमानं शाब्दमेव च ।।११७०।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=નૈયાયિકને અભિમત સોળ તત્ત્વમાં, પ્રમાનું કરણ પ્રમાણ છે. તે ચાર પ્રકારનું છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ જ. ॥૧૧૭૦॥**

**શ્લોક :-**

**ज्ञानं प्रत्यक्षमक्षार्थयोगजं व्यभिचारि न ।**
**तत्पूर्वं त्रिविधं प्राहुरनुमानं विशारदाः ।।११७१।।**

શ્લોકાર્થ :-

ઈન્દ્રિય અને યોગના અર્થથી થનારું પ્રત્યક્ષ જ્ઞાન વ્યભિચારી નથી. તત્પૂર્વક ત્રણ પ્રકારનું અનુમાન વિશારદો કહે છે. ।।૧૧૭૧।।

શ્લોક :-

पूर्ववच्छेषवच्चैव, दृष्टं सामान्यतश्च तत् ।
हेतोः कार्यस्य कार्याच्च, हेतोरन्यस्य चान्यतः ।।११७२।।

શ્લોકાર્થ :-

તે=ત્રિવિધ અનુમાન, પૂર્વવદ્, શેષવદ્ અને સામાન્યથી જોવાયું છે. હેતુથી કાર્યનું અનુમાન છે. કાર્યથી હેતુનું અનુમાન થાય છે. અન્યથી અન્યનું અનુમાન થાય છે. ।।૧૧૭૨।।

શ્લોક :-

यथा मेघोन्नतेर्वृष्टिर्भविष्यत्यनुमीयते ।
पूरभेदाच्च जाता साऽन्यदिग्प्राप्तेर्गती रवौ ।।११७३।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે મેઘની ઉન્નતિથી વૃષ્ટિ થશે, એ પ્રકારે અનુમાન કરાય છે=હેતુથી કાર્યનું અનુમાન કરાય છે, અને પૂરના ભેદથી તે=મેઘવૃષ્ટિ, થઈ એ પ્રકારનું અનુમાન કાર્યથી હેતુનું છે; કેમ કે પૂરનો અતિશય મેઘવૃષ્ટિથી થાય છે. તેથી કાર્યથી મેઘવૃષ્ટિરૂપ કારણનું અનુમાન થાય છે. અન્ય દિગ્‌ની પ્રાપ્તિથી સૂર્યમાં ગતિનું અનુમાન થાય છે, તે અન્યથી અન્યનું અનુમાન છે. ।।૧૧૭૩।।

શ્લોક :-

उपमानं स्मृतं संज्ञासंज्ञिसंबन्धसंगतिः ।
आप्तोपदेशः शब्दश्च, मानमेतच्चतुर्विधम् ।।११७४।।

શ્લોકાર્થ :-

સંજ્ઞા-સંજ્ઞીના સંબંધની સંગતિ ઉપમાન કહેવાયું છે. આપ્ત ઉપદેશ શબ્દ છે. આ=હમણાં વર્ણન કર્યું એ, ચાર પ્રકારનું પ્રમાણ છે. ।।૧૧૭૪।।

શ્લોક :-

आत्मदेहेन्द्रियस्वान्तधीदोषार्थप्रवृत्तयः ।
प्रेत्यभावः फलं दुःखं, प्रमेयं मुक्तिरेव च ।।११७५।।

શ્લોકાર્થ :-

**આત્મા, દેહ, ઈન્દ્રિય, સ્વાંત=મન, બુદ્ધિ, દોષ, અર્થ, પ્રવૃત્તિ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ અને મુક્તિ એ પ્રમેય છે.**

નૈયાયિકને માન્ય સોળ તત્ત્વમાંથી પ્રથમ ચાર પ્રકારનું પ્રમાણ બતાવ્યું. હવે પ્રમેય તત્ત્વ શું છે, તે પ્રસ્તુત શ્લોકથી બતાવેલ છે અને જ્ઞાનથી જેનો બોધ થાય તે પ્રમેય કહેવાય. તે પ્રમેય આત્મા છે, દેહ છે, ઇન્દ્રિય છે, મન છે,-બુદ્ધિ છે. વળી, પોતાનામાં વર્તતા દોષો છે, જીવના જે ઇષ્ટ-અનિષ્ટ પદાર્થો છે, તે અર્થ છે. જીવ જે પ્રવૃત્તિઓ કરે છે, તે પણ પ્રમેય છે. પ્રેત્યભાવ=પરલોકનો ભાવ તે પણ પ્રમેય છે અને પોતાના કૃત્યનું જે ફળ છે તે પણ પ્રમેય છે. જીવને જે દુઃખનો અનુભવ થાય છે અને મુક્તિ એટલા પદાર્થો પ્રમેય છે. **॥૧૧૭૫॥**

શ્લોક :-

संशयः कीर्तितं ज्ञानं, विरुद्धोभयकोटिकम् ।
येन प्रयुक्तः पुरुषश्चेष्टते तत् प्रयोजनम् ।।११७६।।

શ્લોકાર્થ :-

**સંશય વિરુદ્ધ ઉભય કોટિવાળું જ્ઞાન કહેવાયું છે. જેનાથી પ્રયુક્ત પુરુષ ચેષ્ટા કરે છે, તે પ્રયોજન છે.**

આ પુરુષ છે કે વૃક્ષ છે એ પ્રકારનું વિરુદ્ધ બે કોટિવાળું જ્ઞાન સંશય છે અને કોઈક પ્રયોજનને આશ્રયીને પુરુષ ચેષ્ટા કરે છે, તે પુરુષનું પ્રયોજન છે. **॥૧૧૭૬॥**

શ્લોક :-

दृष्टान्तो निश्चयस्थानं, सिद्धान्तोऽर्थः प्रतिष्ठितः ।
आनुमानिकवाक्यस्य, देशानवयवान् जगुः ।।११७७।।

શ્લોકાર્થ :-

દૃષ્ટાંત નિશ્ચિત સ્થાન છે. પ્રતિષ્ઠિત અર્થ સિદ્ધાંત છે. આનુમાનિક વાક્યના દેશોને અવયવો કહે છે=નૈયાયિકો કહે છે. ॥૧૧૭૭॥

શ્લોક :-

तर्को व्याप्यसमारोपे, व्यापकस्य प्रसञ्जनम् ।
अवधारणरूपं च, ज्ञानं निर्णय उच्यते ।।११७८।।

શ્લોકાર્થ :-

વ્યાપ્યના સમારોપમાં વ્યાપકનું પ્રસંજન તર્ક છે=જો પર્વતમાં અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય એ પ્રકારનું કથન તર્ક છે. અવધારણરૂપ જ્ઞાન નિર્ણય કહેવાય છે. ॥૧૧૭૮॥

શ્લોક :-

बुभुत्सया कथा वादो, जल्पश्च विजिगीषया ।
स्वपक्षस्थापना हीना, वितण्डा परिकीर्तिता ।।११७९।।

શ્લોકાર્થ :-

જાણવાની ઇચ્છાથી કથાવાદ છે, જીતવાની ઇચ્છાથી જલ્પ છે. હીન એવી સ્વપક્ષની સ્થાપના વિતંડા કહેવાય છે. ॥૧૧૭૯॥

શ્લોક :-

हेत्वाभासा असिद्धाद्याश्छलमाकूतदूषणम् ।
असद्भूतोत्तरं जातिः, सा चोत्कर्षसमादिका ।।११८०।।

શ્લોકાર્થ :-

અસિદ્ધ આદિ હેત્વાભાસો છે, આકૂતનું દૂષણ અસદ્ભૂત ઉત્તર જાતિ છે, તે જાતિ ઉત્કર્ષ સમાદિકા છે. ॥૧૧૮૦॥

શ્લોક :-

पराजयस्य हेतुश्च, निग्रहस्थानमिष्यते ।
नैयायिकपदार्थानां, समासोऽयं प्रकीर्तितः ।।११८१।।

**શ્લોકાર્થ :-**

**પરાજયનો હેતુ નિગ્રહસ્થાન ઈચ્છાય છે. નૈયાયિકના પદાર્થોનો આ સંક્ષેપ કહેવાય. ॥૧૧૮૧॥**

**શ્લોક :-**

**द्रव्यं गुणस्तथा कर्म, सामान्यं च विशेषयुक् ।**
**समवायश्च षड् भावा, वैशेषिकनये स्मृताः ।।११८२।।**

**શ્લોકાર્થ :-**

**દ્રવ્ય, ગુણ અને કર્મ=ક્રિયા, સામાન્ય, વિશેષયુક્ત, સમવાય, છ ભાવો વૈશેષિક મતમાં કહેવાયા છે. ॥૧૧૮૨॥**

**શ્લોક :-**

**भूरापोऽग्निर्मरुद् व्योम, कालो दिगसुमान्मनः ।**
**नव द्रव्याण्यमून्याहुर्गुणा रूपं रसस्तथा ।।११८३।।**
**गन्धः स्पर्शश्च संख्या च, परिमाणं पृथक्त्वयुक् ।**
**संयोगश्च विभागश्च, परत्वं चापरत्वयुक् ।।११८४।।**
**संस्कारधर्माधर्मेच्छासुखयत्नाकबुद्धयः ।**
**द्वेषो गुरुत्वद्रवत्वे स्नेहः शब्दस्तथेत्यमी ।।११८५।।**

**શ્લોકાર્થ :-**

**પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, કાલ, દિશા, અસુમાન=આત્મા, મન આ નવ દ્રવ્યો કહે છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વયુક્ત, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વયુક્ત, સંસ્કાર, ધર્મ, અધર્મ, ઈચ્છા, સુખ, યત્ન, અક=દુઃખ, બુદ્ધિ, દ્વેષ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ આ ચોવીશ ગુણો છે.**

પૂર્વમાં વૈશેષિકના છ પદાર્થો બતાવ્યા, તેમાંથી દ્રવ્યો નવ છે તેમ બતાવ્યું. ગુણો ચોવીશ છે તે બતાવ્યું. હવે કર્મ કેટલાં છે તે બતાવે છે. **॥૧૧૮૩થી ૧૧૮૫॥**

શ્લોક :-

उत्क्षेपणं तथाऽवक्षेपणमाकुञ्चनं तथा ।
प्रसारणं च गमनं, पञ्च कर्माण्यकीर्तयन् ।।११८६।।

શ્લોકાર્થ :-

ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન, પાંચ કર્મો કહ્યાં છે. ।।૧૧૮૬।।

શ્લોક :-

सामान्यं द्विविधं प्रोक्तं, परमेकं तथाऽपरम् ।
द्रव्यत्वाद्यपरं व्याप्यं, सत्तादि व्यापकं परम् ।।११८७।।

શ્લોકાર્થ :-

સામાન્ય બે પ્રકારનું કહેવાયું છે. એક પર અને બીજું અપર. દ્રવ્યત્વાદિ અપર વ્યાપ્ય છે. સત્તાદિ વ્યાપક પર છે. ।।૧૧૮૭।।

શ્લોક :-

विशेषोऽन्त्यः स्मृतो नित्यद्रव्यव्यावृत्तिकारणम् ।
संबन्धोऽयुतसिद्धानां, समवायः प्रकीर्तितः ।।११८८।।

શ્લોકાર્થ :-

નિત્ય દ્રવ્યની વ્યાવૃત્તિનું કારણ એવું અંત્ય વિશેષ કહેવાયું છે. અયુત સિદ્ધોનો સંબંધ સમવાય કહેવાયો છે. ।।૧૧૮૮।।

શ્લોક :-

द्वे प्रमाणे मते चास्य, प्रत्यक्षं लैङ्गिकं तथा ।
वैशेषिकमतस्यायं, समासार्थः प्रकीर्तितः ।।११८९।।

શ્લોકાર્થ :-

આના મતે=વૈશેષિકના મતે, બે પ્રમાણ છે. પ્રત્યક્ષ અને લૈંગિક. વૈશેષિક મતનો આ સમાસાર્થ કહેવાયો. ।।૧૧૮૯।।

શ્લોક :-

सांख्याः प्राहुः शिवं गच्छेत्, पञ्चविंशतितत्त्ववित् ।
सत्त्वं रजस्तमश्चेति, गुणास्तत्र त्रयः स्मृताः ।।११९०।।

શ્લોકાર્થ :-

સાંખ્યો કહે છે. પચ્ચીશ તત્ત્વને જાણનારો મોક્ષમાં જાય. સત્ત્વ, રજસ, તમ એ પ્રમાણે ત્યાં=સાંખ્યદર્શનમાં ત્રણ ગુણો કહેવાયા છે. ।।૧૧૯૦।।

શ્લોક :-

प्रसादलाघवाद्वेषासंगप्रसवसंमदाः ।
सत्त्वकार्याणि संतापस्तम्भोद्वेगाविशोषणम् ।।११९१।।
अपद्वेषश्च भेदश्च, कार्याणि रजसो जगुः ।
तमःकार्याणि रौद्रत्वं, सादनं दैन्यगौरवे ।।११९२।।युग्मम् ।।

શ્લોકાર્થ :-

પ્રસાદ, લાઘવ, અદ્વેષ, અસંગ, પ્રસવ, સંમદ=હર્ષ, એ સત્ત્વનાં કાર્યો છે. સંતાપ, સ્તંભ, ઉદ્વેગ, અવિશોષણ; અપદ્વેષ અને ભેદ રજોગુણનાં કાર્યો કહે છે=સાંખ્યો કહે છે. રૌદ્રત્વ, સાદન, દૈન્ય અને ગૌરવ તમનાં કાર્યો છે. ।।૧૧૯૧-૧૧૯૨।।

શ્લોક :-

प्रकृतिः समतावस्था, प्रोक्तैषां स्यात् ततो महान् ।
स गुणाष्टकसंपन्नबुद्धितत्त्वाभिधो मतः ।।११९३।।

શ્લોકાર્થ :-

આમની=સત્ત્વ, રજસ્, તમો ગુણની સમતા અવસ્થા પ્રકૃતિ કહેવાઈ છે. તેનાથી=પ્રકૃતિથી, મહાન થાય છે. તે=મહાન, ગુણાષ્ટકસંપન્ન બુદ્ધિ તત્ત્વ નામનું મનાયું છે=આઠ ગુણોથી યુક્ત બુદ્ધિતત્ત્વ મહાન કહેવાયું છે. ।।૧૧૯૩।।

શ્લોક :-

अहंकारो भवत्यस्मात्, स्वप्ने व्याघ्रादिमानकृत् ।
एकादशेन्द्रियाण्यस्मान्मनोधीकर्मभेदतः ।।११९४।।

શ્લોકાર્થ :-

આનાથી=બુદ્ધિથી, સ્વપ્નમાં વ્યાઘ્રાદિના માનને કરનાર અહંકાર થાય છે=સ્વપ્નમાં હું વાઘ આદિ છું એ પ્રકારના અભિમાનને કરનાર અહંકાર થાય છે. આનાથી=અહંકારથી, મન, બુદ્ધિ અને કર્મના ભેદથી અગિયાર ઇન્દ્રિયો થાય છે. ।।૧૧૯૪।।

શ્લોક :-

त्वग्जिह्वाघ्राणदृक्श्रोत्राण्याहुर्बुद्धीन्द्रियाणि वै ।
वाक्पाणिपायूपस्थांह्रीन्, पञ्च कर्मेन्द्रियाणि च ।।११९५।।

શ્લોકાર્થ :-

ત્વચા, જિહ્વા, ઘ્રાણ, દૃષ્ટિ, શ્રોત્રેન્દ્રિય એ પાંચ બુદ્ધિ ઇન્દ્રિયો કહેવાય છે. વાક્, પાણિ, ગુદાદ્વાર, લિંગ, પગ એ પાંચ કર્મેન્દ્રિય કહેવાય. ।।૧૧૯૫।।

શ્લોક :-

स्पर्शो रसश्च रूपं च, गन्धः शब्दस्तथाऽत्यणुः ।
स्युस्तन्मात्राणि पञ्चैव, तत एव तमोघनात् ।।११९६।।

શ્લોકાર્થ :-

તે જ તમોઘનથી અત્યંત અણુ એવા સ્પર્શ, રસ, રૂપ, ગંધ અને શબ્દ પાંચ તન્માત્રાઓ થાય છે. ।।૧૧૯૬।।

શ્લોક :-

तेभ्यश्च पञ्च भूतानि, प्रपञ्चः प्राकृतो ह्ययम् ।
चतुर्विंशतितत्त्वात्मा, पुमानन्यो निरञ्जनः ।।११९७।।

**શ્લોકાર્થ :-**

**તેનાથી=પાંચ તન્માત્રાથી પાંચ ભૂતો થાય છે. પ્રાકૃત એવો આ પ્રપંચ=પ્રકૃતિમાંથી થનારો આ પ્રપંચ, ચોવીશ તત્ત્વ સ્વરૂપ છે. અન્ય પુરુષ નિરંજન છે.**

સાંખ્યદર્શનના મતે પ્રકૃતિ અને પુરુષ એમ બે તત્ત્વો છે. પ્રકૃતિમાંથી પૂર્વમાં વર્ણન કર્યું, એ ચોવીશ તત્ત્વો પ્રગટ થાય છે અને તે ચોવીશ તત્ત્વોથી અન્ય પુરુષ નિર્લેપ છે અને આ પચ્ચીશ તત્ત્વનો જેને યથાર્થ સૂક્ષ્મ બોધ થાય છે, તેને તેના જ્ઞાનથી મોક્ષ થાય છે. આ પ્રકારનો સાંખ્યદર્શનનો સિદ્ધાંત છે. **॥૧૧૯૭॥**

**શ્લોક :-**

**भोगार्थं प्रकृतेः पुंसां, योगं पङ्ग्वन्धयोरिव ।**
**विनोपमानं त्रीण्येव, प्रमाणानि च ते जगुः ।।११९८।।**

**શ્લોકાર્થ :-**

**પુરુષના ભોગ માટે પ્રકૃતિનો યોગ છે. જેમ પંગુ અને આંધળાનો યોગ છે અર્થાત્ પુરુષ પંગુ છે અને પ્રકૃતિ આંધળી છે, એ બેનો યોગ છે. ઉપમાન વગર ત્રણ જ પ્રમાણો, તેઓ=સાંખ્યદર્શન, કહે છે. ॥૧૧૯૮॥**

**શ્લોક :-**

**सांख्यदर्शनसंक्षेपः, प्रोक्तोऽयमथ वर्ण्यते ।**
**बौद्धानां दर्शनं प्रोचुर्द्वादशायतनानि ते ।।११९९।।**

**શ્લોકાર્થ :-**

**સાંખ્યદર્શનનો આ સંક્ષેપ કહેવાયો. હવે બૌદ્ધોનું દર્શન વર્ણન કરાય છે. તેઓ=બૌદ્ધો બાર આયતનો કહે છે. ॥૧૧૯૯॥**

**શ્લોક :-**

**पञ्चेन्द्रियाणि शब्दाद्याः, पञ्च स्वान्तं सुखादयः ।**
**धर्माश्चेति प्रमाणे द्वे, प्रत्यक्षं लैङ्गिकं तथा ।।१२००।।**

શ્લોકાર્થ :-

પાંચ ઈન્દ્રિયો, શબ્દાદિ પાંચ, સ્વાંત=મન અને સુખાદિ ધર્મો એ બાર આયતનો છે. બે પ્રમાણ છે. પ્રત્યક્ષ અને લૈંગિક=અનુમાન. ||૧૨૦૦||

શ્લોક :-

वैभाषिकसौत्रान्तिकयोगाचाराश्च माध्यमिकनामा ।
बौद्धाश्चतुर्विधाः स्युः, प्राहुर्वैभाषिकास्तत्र ।।१२०१।।

શ્લોકાર્થ :-

વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર, માધ્યમિક, બૌદ્ધો ચાર પ્રકારના છે. ત્યાં વૈભાષિકો કહે છે. ||૧૨૦૧||

શ્લોક :-

क्षणिकं हि वस्तु जातिर्जनयति तत्स्थापिका स्थितिर्भवति ।
जर्जरयति च जरा, तन्नाशो नाशयति पुद्गलकम् ।।१२०२।।

શ્લોકાર્થ :-

વસ્તુ ક્ષણિક છે. જાતિ ઉત્પન્ન કરે છે. તેની સ્થાપક=ઉત્પત્તિની સ્થાપિકા સ્થિતિ છે. જરા જર્જરિત કરે છે. તેનો નાશ પુદ્ગલને નાશ કરે છે. ||૧૨૦૨||

શ્લોક :-

विज्ञानरूपसंज्ञाः, संस्कारो वेदनेति चाभिमताः ।
परलोकगामिनो हि, स्कन्धाः सौत्रान्तिकैर्नाम्ना ।।१२०३।।

શ્લોકાર્થ :-

સૌત્રાંતિકો વડે નામથી વિજ્ઞાન, રૂપ, સંજ્ઞા, સંસ્કાર અને વેદના પરલોકગામી સ્કંધો સ્વીકારાયા છે. ||૧૨૦૩||

શ્લોક :-

क्षणिकः संस्कारगणः, स्वलक्षणं पारमार्थिकं तेषाम् ।
शब्दार्थोऽन्यापोहो, मोक्षः सन्तानविच्छेदः ।।१२०४।।

શ્લોકાર્થ :-

સંસ્કારનો સમુદાય ક્ષણિક છે, તેઓનું=સંસ્કારનું, સ્વલક્ષણ પારમાર્થિક છે, શબ્દાર્થ, અન્ય અપોહ છે, સંતાનનો વિચ્છેદ મોક્ષ છે. ॥૧૨૦૪॥

શ્લોક :-

योगाचारमते खलु, भुवनं विज्ञानविलसितं सर्वम् ।
बाह्योऽर्थः सांवृतिकः, प्रकाशते वासनाजालात् ।।१२०५।।

શ્લોકાર્થ :-

યોગાચારના મતમાં સર્વ ભુવન વિજ્ઞાનવિલસિત છે, વાસનાના સમૂહથી સાંવૃતિક=કાલ્પનિક, બાહ્ય અર્થ દેખાય છે. ॥૧૨૦૫॥

શ્લોક :-

नीलादिवासनागृहमालयविज्ञानमभिमतं तैश्च ।
तत्संशुद्धिर्मुक्तिः, प्रवृत्तिविज्ञानततिरूपा ।।१२०६।।

શ્લોકાર્થ :-

નીલાદિ વાસનાનું ગૃહ તેઓ વડે આલયવિજ્ઞાન મનાયું છે અને તેની સંશુદ્ધિ=આલયવિજ્ઞાનની સંશુદ્ધિ, મુક્તિ છે. પ્રવૃત્તિવિજ્ઞાન વિસ્તારરૂપ છે. ॥૧૨૦૬॥

શ્લોક :-

माध्यमिकमते सर्वं, स्वप्नाभं मानमेयधीर्मिथ्या ।
शून्यत्वदशा मुक्तिस्तदर्थमेवाखिलोऽभ्यासः ।।१२०७।।

શ્લોકાર્થ :-

માધ્યમિકના મતમાં સર્વ સ્વપ્ન જેવું છે, પ્રમાણ પ્રમેયની બુદ્ધિ મિથ્યા છે, શૂન્યત્વદશા મુક્તિ છે, તેના માટે જ=શૂન્યત્વદશાના માટે જ, અખિલ અભ્યાસ છે. ॥૧૨૦૭॥

શ્લોક :-

लोकायतैः पुनर्मुक्तिनगरी न गरीयसी ।
मन्यते पुण्यपापादेरभावं ते हि मेनिरे ।।१२०८।।

શ્લોકાર્થ :-

લોકાયતો વડે વળી શ્રેષ્ઠ એવી મુક્તિનગરીને માનતા નથી, તેઓ પુણ્ય-પાપાદિના અભાવને માને છે. ||૧૨૦૮||

શ્લોક :-

मानं प्रत्यक्षमेवैषां, तत्त्वं भूतचतुष्टयम् ।
विषयेन्द्रियदेहाख्या, समुदायेऽस्य जायते ।।१२०९।।

શ્લોકાર્થ :-

આમને=લોકાયતોને, પ્રત્યક્ષ જ પ્રમાણ છે, ભૂતચતુષ્ટય તત્ત્વ છે, આના સમુદાયમાં=ભૂતચતુષ્ટયના સમુદાયમાં, વિષય, ઈન્દ્રિય, દેહ એ પ્રકારે નામ થાય છે. ||૧૨૦૯||

શ્લોક :-

चैतन्यं जायते तेभ्यो, मद्याङ्गेभ्यो मदो यथा ।
जलबुद्बुदवज्जीवाः, पुमर्थो न स्मराद् ऋते ।।१२१०।।

શ્લોકાર્થ :-

તેઓથી=ભૂતચતુષ્ટયથી, ચૈતન્ય થાય છે, જે પ્રમાણે મદ્યાંગોથી મદ થાય છે, જલના પરપોટાની જેમ જીવો છે, સ્મરને છોડીને=આનંદને છોડીને પુરુષનો અર્થ નથી. ||૧૨૧૦||

શ્લોક :-

दृष्टहान्यप्रदृष्टार्थकल्पनादोषसंभवात् ।
न भूतेभ्यः परं तत्त्वमिति लोकायतस्थितिः ।।१२११।।

શ્લોકાર્થ :-

દૃષ્ટની હાનિ અને અદૃષ્ટાર્થની કલ્પનામાં દોષનો સંભવ હોવાને કારણે ભૂતોથી=ચાર ભૂતોથી, પર=બીજું, તત્ત્વ નથી એ પ્રમાણે લોકાયતની સ્થિતિ છે. ।।૧૨૧૧।।

શ્લોક :-

मीमांसकाः पुनः प्राहुर्वेदपाठादनन्तरम् ।
कर्तव्या धर्मजिज्ञासा, तन्निमित्तं च चोदना ।।१२१२।।

શ્લોકાર્થ :-

વળી મીમાંસકો કહે છે, વેદ પાઠ પછી ધર્મજિજ્ઞાસા કરવી જોઈએ, તેના નિમિત્તે પ્રેરણા છે. ।।૧૨૧૨।।

શ્લોક :-

सा च प्रवर्तकं वाक्यं, धर्मस्तेनैव लक्ष्यते ।
अभावाद् वक्तृदोषाणां, तत्प्रामाण्यं हि निश्चलम् ।।१२१३।।

શ્લોકાર્થ :-

અને તે=ચોદના પ્રવર્તક વાક્ય છે, તેનાથી જ ધર્મ જણાય છે=પ્રવર્તક વાક્યથી જ ધર્મ જણાય છે, વક્તાના દોષનો અભાવ હોવાથી તેનું પ્રામાણ્ય નિશ્ચલ છે=ચોદનારૂપ પ્રવર્તક વાક્યનું પ્રામાણ્ય નિશ્ચલ છે. ।।૧૨૧૩।।

શ્લોક :-

प्रत्यक्षमनुमानं चोपमानं शब्द एव च ।
अर्थापत्तिरभावश्च, षट् प्रमाणानि जैमिनेः ।।१२१४।।
अप्रमत्तत्वशिखरे, विवेकाद्रेः स्थिता अमी ।
जैनास्तु वत्स ! मन्यन्ते, मुक्तिमार्गमिमं शुभम् ।।१२१५।।

શ્લોકાર્થ :-

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ અને અર્થાપત્તિ અને અભાવ

**જૈમિનીના મતે છ પ્રમાણો છે. વિવેકરૂપી પર્વતના અપ્રમત્તત્વ શિખરમાં રહેલા આ જૈનો હે વત્સ પ્રકર્ષ ! આ શુભ મુક્તિમાર્ગને માને છે. ॥૧૨૧૪-૧૨૧૫॥**

**શ્લોક :-**

***जीवाजीवाश्रवा बन्धः, संवरो निर्जरा तथा ।***
**मोक्षश्च सप्त तत्त्वानि, ज्ञेयानि हितमिच्छता ।।१२१६।।**

**શ્લોકાર્થ :-**

**જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ સાત તત્ત્વો હિતને ઈચ્છતા પુરુષ વડે જાણવા જોઈએ. ॥૧૨૧૬॥**

**શ્લોક :-**

**ज्ञानमेतत् तथा श्रद्धा, संगत्यागश्च सर्वथा ।**
**त्रयं मोक्षपथो ह्येष, सिद्धिर्नैकतरात्यये ।।१२१७।।**

**શ્લોકાર્થ :-**

**આ જ્ઞાન=શ્લોક-૧૨૧૬માં કહેલ સાત તત્ત્વોનું જ્ઞાન એ જ્ઞાન અને શ્રદ્ધા અને સર્વથા સંગત્યાગ ત્રય આ મોક્ષપથ છે. એકતરના અત્યયમાં=જ્ઞાન, દર્શન, ચારિત્રમાંથી એકતરના અભાવમાં, સિદ્ધિ નથી. ॥૧૨૧૭॥**

**શ્લોક :-**

**नास्मिन् विधिनिषेधानां, विरोधो जैनदर्शने ।**
**शुद्धं ह्येतत् कषच्छेदतापलक्षणकोटिभिः ।।१२१८।।**

**શ્લોકાર્થ :-**

**આ જૈનદર્શનમાં વિધિનિષેધોનો વિરોધ નથી. હિ=જે કારણથી, આ=જૈનદર્શન કષ, છેદ, તાપ, લક્ષણ, કોટિથી શુદ્ધ છે.**

જૈનદર્શનમાં સંસારનાં કારણોનો નિષેધ છે અને મોક્ષનાં કારણોને સેવવાની વિધિ છે. તેથી તે કષ શુદ્ધ છે. તેને અનુરૂપ સર્વ ઉચિત ક્રિયાઓનું વિધાન છે, તેથી જૈનદર્શન છેદશુદ્ધ છે અને તેને અનુરૂપ પદાર્થોનું સ્વરૂપ છે. તેથી જૈનદર્શન

તાપશુદ્ધ છે માટે વિધિ-નિષેધ સાથે ઉચિત ક્રિયા અને પદાર્થવાદનો વિરોધ નહિ હોવાને કારણે જૈનદર્શન શુદ્ધ છે. **॥૧૨૧૮॥**

**શ્લોક :-**

**अनन्तपर्ययोपेतं, प्रमेयं द्रव्यमिष्यते ।**
**सत्ता तल्लक्षणं सा चोत्पादध्रौव्यव्ययात्मिका ।।१२१९।।**

**શ્લોકાર્થ :-**

**અનંતપર્યાયથી યુક્ત પ્રમેય દ્રવ્ય ઇચ્છાય છે=જૈનદર્શનમાં ઇચ્છાય છે. સત્તા તેનું લક્ષણ છે=દ્રવ્યનું લક્ષણ છે અને તે=સત્તા, ઉત્પાદ, ધ્રૌવ્ય, વ્યયાત્મિકા છે. ।।૧૨૧૯।।**

**શ્લોક :-**

**प्रत्यक्षं च परोक्षं च, द्वे प्रमाणे जिनागमे ।**
**दिगियं दुस्तरो ह्यत्र, प्रमाणनयविस्तरः ।।१२२०।।**

**શ્લોકાર્થ :-**

**જિનાગમમાં પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ છે. આ=શ્લોક-૧૨૧૫થી અત્યારસુધી જૈનદર્શનનું સ્વરૂપ બતાવ્યું એ, દિશા છે=બોધ સંક્ષેપથી બોધ કરવાનો માર્ગ છે. हि=જે કારણથી, અહીં=જૈનદર્શનમાં, પ્રમાણનયનો વિસ્તર દુસ્તર છે. ।।૧૨૨૦।।**

**શ્લોક :-**

**चत्वारो वादिनोऽत्राद्यास्तत्त्वतो मुक्त्यवेदिनः ।**
**आत्मानं ते यदिच्छन्ति, नित्यं वा सर्वथा क्षयि ।।१२२१।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=છ દર્શનો બતાવ્યાં એમાં, આદ્ય ચાર વાદીઓ, તત્ત્વથી મુક્તિને નહિ જાણનારા છે. જે કારણથી તેઓ=આદ્ય ચાર વાદીઓ, આત્માને નિત્ય અથવા સર્વથા ક્ષણિક ઇચ્છે છે.**

પહેલા ચાર વાદીઓમાંથી કેટલાક આત્માને એકાંત નિત્ય માને છે, તેના મતાનુસાર આત્મા નિત્ય હોવાથી તેને મુક્તિનો સંભવ નથી; કેમ કે બંધનમાં હોય અને મુકાય તે મુક્તિ કહેવાય અને નિત્ય આત્માને તે સંભવે નહિ. વળી, સર્વથા ક્ષણિકવાદીના મતે બીજી ક્ષણમાં આત્માનો અભાવ થાય છે. તેથી તેના *મતે પણ મુક્તિ સંભવે નહિ. તેથી મુક્તિના પારમાર્થિક અર્થને જાણનારા તે* ચારે વાદીઓ નથી. **॥૧૨૨૧॥**

**શ્લોક :-**

**न च नित्यैकरूपस्य, सर्वगत्वेन युज्यते ।**
**आत्मनो गमनं मुक्तौ, नष्टत्वान्नश्वरस्य च ।।१२२२।।**

**શ્લોકાર્થ :-**

**અને નિત્ય એકરૂપ એવા આત્માનું સર્વગતપણું હોવાને કારણે મુક્તિમાં ગમન ઘટતું નથી અને નશ્વરનું નષ્ટપણું હોવાથી=ક્ષણિકવાદીના મતે આત્માનું નશ્વરપણું હોવાને કારણે બીજી ક્ષણમાં નષ્ટપણું હોવાથી, મુક્તિમાં ગમન ઘટતું નથી. ।।૧૨૨૨।।**

**શ્લોક :-**

**तस्मात् तपस्विनो ह्येते, मुक्तिमार्गं न जानते ।**
**मोक्षो लोकायतानां तु नीविमोक्षो हि योषिताम् ।।१२२३।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી તપસ્વી એવા આ=આદ્ય ચાર વાદીઓ, મુક્તિમાર્ગને જાણતા નથી. વળી, સ્ત્રીઓના નીવિનો મોક્ષ=સ્ત્રીઓના કેડે રહેલા વસ્ત્રના નાડાનો મોક્ષ, લોકાયતોનો મોક્ષ છે અર્થાત્ સ્ત્રીઓને નગ્ન કરીને તેની સાથે વિલાસ કરવો એ મોક્ષ છે. ।।૧૨૨૩।।**

**શ્લોક :-**

**अतिदुष्टाशयकरं, क्लिष्टसत्त्वविचिन्तितम् ।**
**पापश्रुतं सदा धीरैर्वर्ज्यं नास्तिकदर्शनम् ।।१२२४।।**

શ્લોકાર્થ :-

અતિદુષ્ટ આશયને કરનારું, ક્લિષ્ટ જીવોથી વિચારાયેલું, પાપશ્રુતવાળું, નાસ્તિક દર્શન ધીરો વડે સદા વર્જનીય છે. ।।૧૨૨૪।।

શ્લોક :-

ये सर्वज्ञं निराकृत्य, वेदप्रामाण्यमास्थिताः ।
निर्वृतिस्तत्त्वतोऽभीष्टा, न तैर्मीमांसकैरपि ।।१२२५।।

શ્લોકાર્થ :-

જે સર્વજ્ઞનું નિરાકરણ કરીને વેદના પ્રામાણ્યને સ્વીકારનારા છે, તે મીમાંસકો વડે પણ તત્ત્વથી નિર્વૃતિ ઈષ્ટ નથી. ।।૧૨૨૫।।

શ્લોક :-

भूमिष्ठास्तदिमे सर्वे, न मुक्तिपथदर्शिनः ।
अप्रमत्तत्वशिखरस्थितास्तद्दर्शिनो जनाः ।।१२२६।।

શ્લોકાર્થ :-

તે કારણથી ભૂમિમાં રહેલાં આ સર્વ દર્શનો મુક્તિપથને જોનારાં નથી. અપ્રમત્તત્વ શિખરમાં રહેલા લોકો તેને જોનારા છે. ।।૧૨૨૬।।

શ્લોક :-

तन्मिथ्यादर्शनग्रस्ता भवचक्रस्थिता जनाः ।
तादृशा नाद्रिसानुस्था, निःस्पृहा धूतकल्मषाः ।।१२२७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ભૂમિ ઉપર રહેલા જીવો મુક્તિપથને જોનારા નથી તે કારણથી, મિથ્યાદર્શનથી ગ્રસ્ત, ભવચક્રમાં રહેલા લોકો તેવા પ્રકારના પર્વતના શિખર ઉપર રહેલા નથી, નિઃસ્પૃહ નથી, ત્યક્ત પાપવાળા નથી.

જેઓ વિવેક પર્વતના અપ્રમત્ત શિખર ઉપર રહેલા નથી, તેઓ કોઈપણ

દર્શનમાં હોય તે સર્વ મિથ્યાદર્શનથી ગ્રસ્ત છે, ભવચક્રમાં રહેલા છે. પરંતુ મોક્ષપથને જોનારા તેવા પ્રકારના વિવેક પર્વત રહેલા નથી. તેથી જ સ્વસ્વદર્શનના રાગથી ગ્રસ્ત હોવાને કારણે તત્ત્વને જોવામાં માર્ગાનુસારી યત્નવાળા નથી માટે નિઃસ્પૃહી નથી. આથી જ વિપર્યાસને આપાદક ક્લિષ્ટ કર્મો હોવાને કારણે ધોયેલા પાપવાળા પણ નથી. **॥૧૨૨૭॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह तदिदं, भवचक्रस्य दर्शनम् ।**
**महाहास्यकरं सिद्धं, नात्रास्मद्वाञ्छितं किल ।।१२२८।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. તે આ ભવચક્રનું દર્શન મહાહાસ્યકર સિદ્ધ થયું. અહીં અમારું વાંછિત કંઈ નથી.**

પ્રકર્ષ સંતોષને જોવા અર્થે ભવચક્રનું દર્શન કરવા નીકળેલ ત્યાં ભવચક્રનું અનેક પ્રકારનું દર્શન કર્યું. જે અત્યંત અસમંજસરૂપ છે તેમ દેખાયું. તેથી પ્રકર્ષ વિમર્શને કહે છે. આપણને વાંછિત સંતોષનું દર્શન હતું તે આપણને પ્રાપ્ત થયું નહિ. **॥૧૨૨૮॥**

**શ્લોક :-**

**संतोषदर्शनायावामागतौ स न वीक्षितः ।**
**न च तत्सहिता लोकास्तत् तान् दर्शय साम्प्रतम् ।।१२२९।।**

**શ્લોકાર્થ :-**

**સંતોષ દર્શન માટે આપણે બંને આવ્યા. તે=સંતોષ જોવાયો નહિ અને તેના સહિત લોકો=સંતોષ સહિત લોકો, જોવાયા નહિ. તે કારણથી હવે તેઓને=સંતોષ સહિત લોકોને, તમે બતાવો. ।।૧૨૨૯।।**

**શ્લોક :-**

**विमर्शः प्राह शिखरे, जैनं पुरमिह स्थितम् ।**
**तद्यावोऽत्र यथा मुख्या, दिदृक्षा तव पूर्यते ।।१२३०।।**

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. આ શિખરમાં જૈનપુર રહેલું છે. તે કારણથી અહીં= જૈનપુરમાં, આપણે બંને જઈએ. જે પ્રમાણે તારી મુખ્ય જોવાની ઈચ્છા= સંતોષને જોવાની ઈચ્છા, પૂર્ણ થાય. ।।૧૨૩૦।।

શ્લોક :-

एवमस्त्विति तेनोक्ते, तौ तत्र नगरे गतौ ।
दृष्टाश्च मुनयस्तत्र, तपोनिर्धूतकल्मषाः ।।१२३१।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે થાવ=જૈનપુરમાં આપણે જઈએ એ પ્રમાણે થાવ, એમ તેના વડે=પ્રકર્ષ વડે, કહેવાયે છતે તે બંને તે નગરમાં ગયા. ત્યાં તપથી નિર્ધૂત કલ્મષવાળા મુનિઓ જોવાયા. ।।૧૨૩૧।।

શ્લોક :-

विमर्शः प्राह ते ह्येते, लोका येऽन्तर्द्विषच्छिदः ।
त्रसानां स्थावराणां च, बान्धवाः सर्वदेहिनाम् ।।१२३२।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. તે આ લોકો છે જેઓ અંતર્શત્રુને છેદનારા છે અને ત્રસ, સ્થાવર સર્વ જીવોના બાંધવો છે. ।।૧૨૩૨।।

શ્લોક :-

नादत्तग्राहिणः सत्यवाचोऽमी ब्रह्मचारिणः ।
निरीहाः स्वशरीरेऽपि, निर्ममा निष्परिग्रहाः ।।१२३३।।

શ્લોકાર્થ :-

અદત્તને ગ્રહણ કરનારા નથી. સત્ય વાણીવાળા આ=મુનિઓ, બ્રહ્મચારી, અનિચ્છાવાળા, સ્વશરીરમાં પણ નિર્મમ, નિષ્પરિગ્રહવાળા છે. ।।૧૨૩૩।।

શ્લોક :-

चित्तवृत्तिमहाटव्यामेतेषां सा प्रमत्तता ।

शुष्का नदी तद्विलासपुलिनं गलितं द्रुतम् ।।१२३४।।

શ્લોકાર્થ :-

આમની ચિત્તરૂપી મહાટવીમાં જે પ્રમત્તતા નદી શુષ્ક છે, તદ્વિલાસ પુલિન શીઘ્ર ગળી ગયેલું છે. ।।૧૨૩૪।।

શ્લોક :-

भग्नश्च चित्तविक्षेपमण्डपः पतिताऽखिला ।

तृष्णाऽऽख्या वेदिका नष्टं, विपर्यासाख्यविष्टरम् ।।१२३५।।

શ્લોકાર્થ :-

ચિત્તવિક્ષેપ મંડપ ભગ્ન છે. તૃષ્ણા નામની વેદિકા સંપૂર્ણ પતિત છે. વિપર્યાસ નામનું વિષ્ટર નષ્ટ થઈ ગયું છે. ।।૧૨૩૫।।

શ્લોક :-

महामोहनृपो लीनः, शीर्णाविद्याङ्गयष्टिकः ।

हतो मिथ्यात्ववेतालस्तथैतै रागकेसरी ।।१२३६।।

શ્લોકાર્થ :-

શીર્ણ થયેલી અવિદ્યાના અંગરૂપી દેહવાળો મહામોહરાજા લીન થયેલો છે=ચિત્તરૂપી અટવીમાં ક્યાંક ભયથી સંતાઈ ગયેલો છે. મિથ્યાત્વ વેતાલ હણાયેલો છે. તે પ્રમાણે આમના વડે=મુનિઓ વડે, રાગકેસરી હણાયેલો છે. ।।૧૨૩૬।।

શ્લોક :-

भिन्नो द्वेषगजेन्द्रोऽपि, विदीर्णो मकरध्वजः ।

उच्चाटितश्च विषयाभिलाषस्तत्प्रिया हताः ।।१२३७।।

**શ્લોકાર્થ :-**

**દ્વેષગજેન્દ્ર પણ ભેદાયેલો છે. મકરધ્વજ વિદીર્ણ થયેલો છે. વિષયાભિલાષ ઉચ્ચાટિત કરાયેલો છે. તેની પ્રિયા=વિષયાભિલાષની પ્રિયા, હણાયેલી છે. ।।૧૨૩૭।।**

**શ્લોક :-**

**विहिंसितो हासभटो, जुगुप्सा चारतिः क्षते ।**
**भयशोकौ विदलितौ, नष्टा दुष्टाशयादयः ।।१२३८।।**

**।। पञ्चभिः कुलकम् ।।**

**શ્લોકાર્થ :-**

**હાસભટો હસી કઢાયા છે. જુગુપ્સા અને અરતિ હણાઈ છે. ભયશોક વિદલિત કરાયા છે. દુષ્ટ આશયાદિ નાશ કરાયા છે. ।।૧૨૩૮।।**

**શ્લોક :-**

**नष्टानि डिम्भरूपाणि, ज्ञानाद्यावरणैः सह ।**
**मैत्र्यं ययुर्नृपाश्चैषां, चत्वारः सप्तमध्यगाः ।।१२३९।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનાદિ આવરણ સહિત બાળકો નાસી ગયા. આમના=સુસાધુઓના, સાત રાજાઓની મધ્યમાં રહેલા ચાર રાજાઓ મૈત્રીને પામ્યા.**

આ મુનિઓમાંથી કેટલાક નિર્મળ મતિ-શ્રુતવાળા છે. કેટલાક નિર્મળ અવધિજ્ઞાનવાળા છે. કેટલાક મનઃપર્યવજ્ઞાનવાળા છે તો કેટલાક કેવળજ્ઞાનવાળા છે. તે સર્વ મુનિઓના જ્ઞાનાદિ આવરણ સહિત પાંચે જ્ઞાનનાં આવારક કર્મો નાસી ગયાં=કેટલાકનાં નાશ પામ્યાં અને કેટલાકનાં નાશ પામવાની તૈયારીમાં છે અને દર્શનાવરણ સહિત તેના અવાંતર નવ ભેદરૂપ ડિમ્ભો પણ કેટલાક મુનિઓનાં નાશ પામવાની તૈયારીમાં છે અને કેટલાક મુનિઓનાં તે ડિમ્ભો નાસી ગયાં. વળી કેટલાક મુનિઓના મોહનીય છોડીને સાત કર્મોરૂપ સાત રાજાઓ હતા. તેમાંથી અઘાતિ કર્મોરૂપ ચાર રાજાઓ પૂર્વમાં મોહનીયના

સાન્નિધ્યથી ચોરટાઓ જેવા હતા. તેથી અઘાતિ કર્મો પણ કષાયો ઉત્પન્ન કરીને આત્માનું અહિત કરતા હતા. પરંતુ તે મુનિઓના અચિંત્ય વીર્યને જોઈને તે ચાર રાજાઓએ મૈત્રીભાવનો સ્વીકાર કર્યો. આથી જ તેમના સંયમની વૃદ્ધિમાં અઘાતિ કર્મો સહાયક થાય છે. તેથી તે મહાત્માઓ ચાર કર્મોના બળથી જ અંતરંગ શત્રુઓનો નાશ કરવા માટે પ્રયત્નશીલ થાય છે. **॥૧૨૩૯॥**

**શ્લોક :-**

**भास्वन्ती ध्यानयोगेन, चित्तवृत्तिः प्रभासते ।**
**शान्तसर्वविकारेयमन्यैव हि महात्मनाम् ।।१२४०।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનયોગથી ચિત્તવૃત્તિ તેજસ્વી દેખાય છે. हि=જે કારણથી, મહાત્માઓની શાંત સર્વ વિકારવાળી આ=ચિત્તવૃત્તિ, અન્ય જ છે=અન્ય જીવો કરતાં જુદા પ્રકારની જ છે. ।।૧૨૪૦।।**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह विहितं, भवता साधु मातुल ! ।**
**अमून् दर्शयता नेत्रे, सुधावृष्टिः कृता मम ।।१२४१।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે હે મામા ! તમારા વડે સુંદર કરાયું. આમને બતાવતાં=મુનિઓને બતાવતાં, તમારા વડે મારા નેત્રમાં સુધાવૃષ્ટિ કરાઈ. ।।૧૨૪૧।।**

**શ્લોક :-**

**अद्यापि दर्शनीयोऽसौ, वर्णितो यो महाबलः ।**
**स संतोषमहीपालः, कृपालुः सर्वदेहिषु ।।१२४२।।**

**શ્લોકાર્થ :-**

**હજી પણ આ=સંતોષ, બતાવવા યોગ્ય છે. જે મહાબલ વર્ણન કરાયો=ચોરટાઓને નાશ કરવામાં મહાસમર્થ વર્ણન કરાયો. તે સંતોષ મહીપાલ સર્વ દેહીઓમાં કૃપાલુ છે. ।।૧૨૪૨।।**

શ્લોક :-

विमर्शः प्राह विस्तीर्णो, दृश्यते योऽत्र मण्डपः ।
शुभचित्तसमाधानो, नाम्नाऽत्र वसतां प्रियः ।।१२४३।।

શ્લોકાર્થ :-

**વિમર્શ કહે છે. જે અહીં=ચિત્તરૂપી અટવીમાં, શુભચિત્તસમાધાન નામનો મંડપ દેખાય છે. અહીં=શુભચિત્તસમાધાનમાં, વસતા જીવોને પ્રિય છે. ।।૧૨૪૩।।**

શ્લોક :-

स संतोषमहीपालो, जानाम्यत्र भविष्यति ।
प्रवेष्टव्यं तदत्रेति, प्रविष्टौ तौ शुभाशयौ ।।१२४४।।

શ્લોકાર્થ :-

**તે સંતોષ મહીપાલ હું જાણું છું. અહીં હશે=શુભચિત્તસમાધાન મંડપમાં હશે. તે કારણથી અહીં=શુભચિત્તસમાધાન મંડપમાં, પ્રવેશવું જોઈએ. એથી શુભાશયવાળા એવા તે બંને=સંતોષ મહીપાલનાં દર્શન કરીને આત્મહિત સાધવારૂપ શુભાશયવાળા વિમર્શ અને પ્રકર્ષે, પ્રવેશ કર્યો= ચિત્તસમાધાન મંડપમાં પ્રવેશ કર્યો. ।।૧૨૪૪।।**

શ્લોક :-

ताभ्यां स मण्डपो दृष्टो, विश्वतापव्यथाऽपहः ।
राजकान्तःस्थितो दृष्टो, नृपस्तत्र चतुर्मुखः ।।१२४५।।

શ્લોકાર્થ :-

**તે બંને દ્વારા વિશ્વના તાપની વ્યથાને દૂર કરનાર તે મંડપ જોવાયો. ત્યાં=તે મંડપમાં, રાજક અંતઃસ્થિત=રાજાઓના સમુદાયની અંદરમાં રહેલ ચતુર્મુખ રાજા જોવાયો.**

વિમર્શ અને પ્રકર્ષ ચિત્તસમાધાન મંડપમાં પ્રવેશ કરે છે જ્યાં પ્રવેશેલા પુરુષનું ચિત્ત સંસારના સર્વ ભાવોથી પર થઈને નિરાકુલ ભાવને અભિમુખ જનારું બને

છે તેથી તે મંડપ કષાયજન્ય વિશ્વના તાપની વ્યથાને દૂર કરનાર છે અને તેવા ચિત્તમાં તે મહાત્માને અનેક ગણધરો આદિથી વીંટળાયેલા ચતુર્મુખવાળા તીર્થંકરો દેખાય છે. આથી જ વર્તમાનમાં પણ જેઓ તત્ત્વના ભાવનથી ચિત્તસમાધાનને પ્રાપ્ત કરે છે તેઓની દૃષ્ટિમાં તીર્થંકરો સાક્ષાત્ ચારમુખથી સન્માર્ગને બતાવતા હોય તેવા સ્વરૂપે બુદ્ધિરૂપી ચક્ષુથી દેખાય છે. **॥૧૨૪૫॥**

**શ્લોક :-**

**विशालवेदिकाऽऽरूढः, प्रौढसिंहासनस्थितः ।**
**सेवितो भूरिलोकेन, नेत्रासेचनकः सताम् ॥१२४६॥**

**શ્લોકાર્થ :-**

**વિશાલવેદિકા આરૂઢ, પ્રૌઢ સિંહાસનમાં રહેલ, ઘણા લોકોથી સેવાતા સંત પુરુષોના નેત્રને અમૃતનું સિંચન કરનાર એવા ચતુર્મુખ રાજા જોવાયા એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૧૨૪૬॥**

**શ્લોક :-**

**ततः प्रकर्षस्तं दृष्ट्वा, महाऽऽनन्दतरङ्गितः ।**
**मातुलं मानसे किञ्चिच्छंशयालुरभाषत ॥१२४७॥**

**શ્લોકાર્થ :-**

**તેથી=શુભચિત્તસમાધાન મંડપમાં પરમગુરુનાં દર્શન થયાં તેથી, તેમને જોઈને=પરમગુરુને જોઈને, મહાઆનંદથી તરંગિત માનસમાં કંઈક સંશયાળું એવો પ્રકર્ષ મામાને બોલ્યો.**

વિચક્ષણ પુરુષની બુદ્ધિ જ્યારે પ્રકર્ષથી ઉપયોગવાળી થઈને ચિત્તસમાધાન મંડપમાં પ્રવેશ કરે છે ત્યારે પરમગુરુનું પારમાર્થિક સ્વરૂપ વિચક્ષણ પુરુષને ઉપસ્થિત થાય છે તેથી અત્યંત આનંદ થાય છે અને કંઈક વિશેષની જિજ્ઞાસા અર્થે વિચક્ષણ પુરુષ વિચાર કરે છે. **॥૧૨૪૭॥**

**શ્લોક :-**

**अहो रम्यं पुरं जैनमिदं यत्रेदृशः प्रभुः ।**
**इदृक्षो मण्डपो लोकाश्चेदृशा दृष्टिशर्मदाः ॥१२४८॥**

**શ્લોકાર્થ :-**

**અહો રમ્ય આ જૈનપુર છે. જ્યાં આવા પ્રભુ છે. આવું મંડપ છે. આવા લોકો છે. સુખને દેનારી દૃષ્ટિ છે.**

પ્રકર્ષ પરમગુરુના દર્શનથી હર્ષિત થઈને કહે છે. જિન થવા માટે યત્ન કરનારા ઉત્તમ પુરુષોથી પૂર્ણ એવું જૈનનગર અતિ રમ્ય છે અને જે નગરમાં વસતા જીવો ચાર મુખવાળા પરમગુરુની સદા ઉપાસના કરે છે, તેથી તેઓના ચિત્તમાં આવા પ્રભુ છે. વળી જૈનપુરમાં વસતા જીવોના ચિત્તમાં આવા પ્રકારનો સુંદર મંડપ છે કે જેથી હંમેશા તે જીવો શાંતરસમાં વર્તે છે અને જ્યાં વસતા લોકો આવા સુંદર પરિણતિવાળા છે અને જે જૈનપુરને જોવામાત્રથી સુખની પ્રાપ્તિ થાય છે. **॥૧૨૪૮॥**

**શ્લોક :-**

**यत्रेदृशं विवेकाद्रौ, पुरं स भवचक्रके ।**
**स्थितः कथं दोषपूर्णे, विमर्शोऽप्यब्रवीत् ततः ।।१२४९।।**
**चित्तवृत्तिमहाटव्यामस्त्यसौ परमार्थतः ।**
**उपचारेण विद्वद्भिर्भवचक्रे निगद्यते ।।१२५०।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**જે વિવેક પર્વતમાં આવું નગર છે=શ્લોક-૧૨૪૮માં કહ્યું એવું રમ્ય નગર છે, તે=તે વિવેક પર્વત, દોષપૂર્ણ એવા ભવચક્રમાં કેવી રીતે રહેલો છે ? તેથી વિમર્શે પણ કહ્યું. પરમાર્થથી આ=વિવેક પર્વત, ચિત્તવૃત્તિ મહાટવીમાં છે. ઉપચારથી વિદ્વાનો વડે ભવચક્રમાં કહેવાય છે.**

શ્લોક-૧૨૪૮માં બતાવ્યું તેવું જૈનનગર વિવેક પર્વત ઉપર છે, તેથી વિવેક પર્વત અતિ ગુણોનું સ્થાન છે; કેમ કે જે જીવોના ચિત્તમાં વિવેક પ્રગટ્યો છે, તેઓને જ જૈનનગર તેવા ઉત્તમ સ્વરૂપવાળું દેખાય છે. અન્ય જીવો તે જૈનનગરને જોવા પણ સમર્થ નથી અને ભવચક્ર ચાર ગતિઓના પરિભ્રમણરૂપ જીવની વિડંબનારૂપ છે. તેથી દોષપૂર્ણ છે અને તેવા દોષપૂર્ણ ભવચક્રમાં વિવેક પર્વત સંભવે નહિ; કેમ કે ચાર ગતિના પરિભ્રમણને

અનુકૂળ ક્લિષ્ટ ચિત્ત ભવચક્ર છે અને વિવેક એ ભવચક્રના ઉચ્છેદને અનુકૂળ ઉત્તમ ચિત્ત સ્વરૂપ છે. તેથી દોષપૂર્ણ ચિત્તમાં વિવેક સંભવી શકે નહિ. એ પ્રકારના સંશયથી પ્રકર્ષે મામાને પ્રશ્ન કર્યો. તેના ઉત્તરરૂપે વિમર્શ કહે છે. જીવના મતિજ્ઞાન સ્વરૂપ ચિત્તરૂપી મહાટવી છે, તેમાં વિવેક ઉત્પન્ન થાય છે. તેથી પરમાર્થથી વિવેક પર્વત ભવચક્રમાં નથી, પરંતુ ચિત્તરૂપી મહાટવીમાં છે. આમ છતાં વિદ્વાનો ભવચક્રમાં વિવેક પર્વત છે, એમ ઉપચારથી કહે છે; કેમ કે ચાર ગતિમાં ભટકનારા જીવો ભવચક્રમાં છે અને તેઓના જ મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્તરૂપી મહાટવીમાં વિવેક પર્વત છે. તેથી ભવચક્રવાસી જીવોની ચિત્તરૂપી અટવીમાં વિવેક થતો હોવાને કારણે વિદ્વાનો ઉપચારથી ભવચક્રમાં વિવેક પર્વત છે, એમ કહે છે. **॥૧૨૪૯-૧૨૫૦॥**

**શ્લોક :-**

**अस्ति येनात्र विस्तीर्णं, पुरं सात्त्विकमानसम् ।**
**तत्र स्थितो विवेकाद्रिरुपचारस्ततः कृतः ।।१२५१।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં=ભવચક્રમાં વિસ્તીર્ણ સાત્ત્વિક માનસ પુર છે, ત્યાં રહેલો વિવેક પર્વત છે, તેથી ઉપચાર કરાયો=ભવચક્રમાં છે, એ પ્રકારે ઉપચાર કરાયો.**

ભવચક્રમાં વર્તતા જીવોમાંથી કેટલાક જીવોમાં કષાયના નાશને અનુકૂળ શુભ પરિણામરૂપ સાત્ત્વિક મન પ્રગટે છે અને સાત્ત્વિક મન ભવચક્રવાસી જીવોમાં છે અને તે સાત્ત્વિક માનસ નગરમાં વિવેક પર્વત છે, તેથી ભવચક્રમાં વિવેક પર્વત છે, એમ ઉપચાર કરાય છે. **॥૧૨૫૧॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह यद्येवं, तदाधारोऽस्य यद् गिरेः ।**
**पुरं सात्त्विकचित्ताख्यं, तद्गता ये बहिर्जनाः ।।१२५२।।**
**विवेकशैलो यश्चायं, विस्तीर्णं शिखरं च यत् ।**
**अप्रमत्तत्वमिह यत्, पुरं जैनं च सुन्दरम् ।।१२५३।।**

बहिरङ्गा जना येऽत्र, यः समाधानमण्डपः ।
सा चेयं वेदिका यच्च, विष्टरं यश्च भूपतिः ।।१२५४।।
यश्चायं परिवारोऽस्य, तत्सर्वं मम कीर्तय ।
विमर्शः प्राह यद्येवं, शृणु तत् प्रणिधानभाक् ।।१२५५।।
।। चतुर्भिः कलापकम्।।

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. જો આ પ્રમાણે છે=ભવચક્રમાં સાત્ત્વિક માનસ નગર છે, તેમાં વિવેક પર્વત છે માટે ઉપચારથી ભવચક્રમાં છે એમ કહેવાય છે એ પ્રમાણે છે, તો આ ગિરિનો આધાર જે સાત્ત્વિક ચિત્ત નામનું નગર છે; તદ્દગત જે બહિર્જનો છે=સાત્ત્વિક ચિત્તમાં રહેલા જે સંસારી જીવો છે, જે આ વિવેક પર્વત છે અને જે અહીં=વિવેક પર્વત ઉપર, વિસ્તીર્ણ અપ્રમત્તત્વ શિખર છે અને જે સુંદર જૈનપુર છે, અહીં=જૈનપુરમાં જે બહિરંગજનો છે=સંસારી જીવો છે, જે સમાધાન મંડપ છે અને જે આ વેદિકા છે અને જે વિષ્ટર છે અને જે રાજા છે અને આનો=રાજાનો જે આ પરિવાર છે, તે સર્વ મને કહો. તેના પ્રણિધાનવાળો વિમર્શ કહે છે. જો આ પ્રમાણે છે તો તું સાંભળ=પ્રકર્ષે કરેલા સર્વ પ્રશ્નોના તાત્પર્યને સ્પર્શવાને અનુકૂળ પ્રણિધાનવાળો વિમર્શ કહે છે, તું સાંભળ. ।।૧૨૫૨થી ૧૨૫૫।।**

**શ્લોક :-**

यदिदं पर्वताधारः, पुरं सात्त्विकमानसम् ।
स्वयमेव भुनक्त्येतत्, स कर्मपरिणामराट् ।।१२५६।।

**શ્લોકાર્થ :-**

**પર્વતનો આધાર=વિવેક પર્વતનો આધાર, જે આ સાત્ત્વિક માનસ નગર છે એને તે કર્મપરિણામ રાજા સ્વયં જ ભોગવે છે.**

સંસારી જીવો તત્ત્વને પામ્યા પૂર્વે પણ કોઈક રીતે શુભ પરિણામવાળા થાય છે ત્યારે તે શુભપરિણામ આપાદક કર્મોને કારણે તે જીવોમાં સાત્ત્વિક માનસ

પ્રગટે છે. જેમ અનુસુંદર ચક્રવર્તીના જીવને નંદીવર્ધનના પૂર્વના હાથીના ભવમાં પોતાના અનુચિત વર્તનના પશ્ચાત્તાપનો પરિણામ થયો તે તે પ્રકારના કર્મના પરિણામને કારણે સાત્ત્વિક માનસરૂપ હતો. આ પ્રકારના જે કોઈ શુભભાવો થાય છે, તે સાત્ત્વિક માનસરૂપ છે. **॥૧૨૫૬॥**

**શ્લોક :-**

**शुभाशयाद्यैरन्यैश्च, भोजयेत् प्रवरैर्नृपैः ।**
**भटभुक्त्या न दत्ते तु, महामोहादिभूभुजाम् ।।१२५७।।**

**શ્લોકાર્થ :-**

**અને શુભાશય આદિ અન્ય શ્રેષ્ઠ રાજાઓ સાથે કર્મપરિણામ રાજા ભોગવે છે=સાત્ત્વિક માનસનું રાજ્ય ભોગવે છે. પરંતુ મહામોહાદિ રાજાઓને ભટભુક્તિથી આપતો નથી.**

સાત્ત્વિક માનસમાં આવેલા જીવો શુભાશય કરે છે; શુભલેશ્યા કરે છે, જે કર્મપરિણામ રાજાના અવાંતર જ શ્રેષ્ઠ રાજાઓ છે, તે સર્વની સાથે સાત્ત્વિક માનસ નગરનું સંચાલન કર્મપરિણામ રાજા કરે છે. પરંતુ જેમ વિવેક પર્વતની નીચે રહેલા સાત્ત્વિક માનસથી અન્ય જે ક્લિષ્ટ નગરો છે, તે સર્વને સંચાલન કરવા અર્થે કર્મપરિણામ રાજા એ મહામોહાદિ રાજાઓને આપ્યા છે, તેમ સાત્ત્વિક માનસ નગર તે ચોરટાઓને કર્મપરિણામ રાજા સોંપતો નથી. **॥૧૨૫૭॥**

**શ્લોક :-**

**इदं हि भवचक्रोत्थमपि सर्वगुणास्पदम् ।**
**पङ्कोत्थमपि किं पद्मं, मन्दिरं न श्रियो भवेत् ।।१२५८।।**

**શ્લોકાર્થ :-**

**આ=સાત્ત્વિકપુર, ભવચક્રમાં રહેલું હોવા છતાં પણ સર્વ ગુણોનું સ્થાન છે. શું કાદવમાંથી થયેલું કમળ મંદિરની લક્ષ્મીને પામતું નથી ?**

ભવચક્રમાં સાત્ત્વિકપુર નગર છે અને જીવો જે કંઈક શુભભાવો કરે છે, તે સાત્ત્વિક ભાવો છે તોપણ તેઓમાં વિપર્યાસ પ્રચુર છે. તેથી પ્રાયઃ સાત્ત્વિક માનસ નથી. ક્ષણભર આવે છે અને જાય છે. જેમ નંદીવર્ધનના જીવને હાથીના

ભવમાં આવેલું સાત્ત્વિક માનસ ક્ષણસ્થાયી હતું તોપણ સાત્ત્વિક માનસના ઉત્તમ સંસ્કારો સર્વ ગુણોને લાવનાર છે. આથી જ જેઓને વારંવાર સાત્ત્વિક માનસ થાય છે, મિથ્યાત્વ જેઓનું ગળેલું છે તેવા જીવો શીઘ્ર સર્વ ગુણસંપદાને પ્રાપ્ત કરે છે. તેથી ભવચક્રમાં રહેલું પણ આ સાત્ત્વિક માનસ સર્વ ગુણોની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. **॥૧૨૫૮॥**

**શ્લોક :-**

**सुधामयमिदं स्फीतं, शीतगोरिव मण्डलम् ।**
**अर्कबिम्बमिव ध्वान्तैर्मुक्तमेतदुपद्रवैः ।।१२५९।।**
**शीतं चन्दनवच्छायाऽन्वितं नन्दनवृक्षवत् ।**
**महेश्वरवदुत्संगविलसत्सर्वमङ्गलम् ।।१२६०।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**ચંદ્રના મંડલની જેમ સ્ફીત અમૃતમય આ છે=સાત્ત્વિક માનસ છે. અંધકારથી મુક્ત એવા સૂર્યના બિંબની જેમ ઉપદ્રવોથી મુક્ત આ છે= સાત્ત્વિક માનસ છે. ચંદનની જેમ શીત છે. નંદનવૃક્ષની જેમ છાયાઅન્વિત છે. ઉત્સંગમાં વિલાસ કરતા મહેશ્વરની જેમ સર્વમંગલ છે=સાત્ત્વિક નગર સર્વમંગલ છે.**

સાત્ત્વિક નગર એટલે કષાયોના કંઈક ઉન્મૂલનપૂર્વક જીવનો મધ્યસ્થ પરિણામ છે. આથી જ નંદીવર્ધનના જીવને હાથીના ભવમાં પાપનો પશ્ચાત્તાપ થયો તે મધ્યસ્થ પરિણતિરૂપ હતો અને મધ્યસ્થ પરિણતિ સર્વ પ્રકારે સુંદર છે, તેને પ્રસ્તુત બે શ્લોકોમાં દૃષ્ટાંતથી બતાવેલ છે. ફક્ત વિવેક પર્વત ઉપર રહેલા જૈનનગરમાં વર્તતા લોકોના જેવી મધ્યસ્થ પરિણતિ સાત્ત્વિક નગરમાં નથી તોપણ તેને અભિમુખ કંઈક મધ્યસ્થ પરિણતિ છે. તેથી તત્કાલ સુખ કરે છે અને સુખની પરંપરાનું જ કારણ છે. **॥૧૨૫૯-૧૨૬૦॥**

**શ્લોક :-**

**इदं पश्यन्ति नाधन्या, निधानमिव भूस्थितम् ।**
**अन्तर्दृष्ट्याऽतिविमलमाकाशस्फटिकोपमम् ।।१२६१।।**

**શ્લોકાર્થ :-**

**અંતર્દષ્ટિથી અતિવિમલ આકાશ અને સ્ફટિકની ઉપમાવાળા આને= સાત્ત્વિક માનસપુરને, અધન્ય જીવો જોતા નથી, જેમ ભૂમિમાં રહેલા નિધાનને અધન્ય જીવો જોતા નથી.**

સાત્ત્વિકપુર નગર કષાયોના શમનપૂર્વક કંઈક મધ્યસ્થ પરિણતિ સ્વરૂપ છે. તેથી અંતર્દષ્ટિથી અતિવિમલ છે અને આકાશ જેવું સ્વચ્છ છે અને સ્ફટિક જેવું નિર્મલ છે. તેવા સાત્ત્વિક માનસને ધન્ય જીવો જુએ છે. ફક્ત કેટલાક જીવો નંદીવર્ધન આદિની જેમ તે સાત્ત્વિક માનસને ક્ષણભર જોઈને ક્લિષ્ટ માનસમાં જ વર્તે છે. તેથી તેનું ક્ષણિક દર્શન વિશેષ ફલવાળું થતું નથી. પરંતુ મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા કરી તે રૂપ સાત્ત્વિક માનસ મિથ્યાત્વની મંદતા હોવાને કારણે વિવેકપ્રાપ્તિનું કારણ હતું. **॥૧૨૬૧॥**

**શ્લોક :-**

**अत्रस्थानां विवेकाद्रिरेति दृग्गोचरं नृणाम् ।**
**स्थितिरत्रास्य सिद्धाद्रेर्दृष्टौ सिद्धाञ्जनायते ।।१२६२।।**

**શ્લોકાર્થ :-**

**અહીં રહેલા મનુષ્યોને=સાત્ત્વિક માનસમાં રહેલા મનુષ્યોને, વિવેક પર્વત દષ્ટિગોચરને પ્રાપ્ત કરે છે. અહીં=સાત્ત્વિક માનસમાં, આની સ્થિતિ=વિવેક પર્વતની સ્થિતિ, સિદ્ધાદ્રિના દર્શનમાં સિદ્ધાંજનનું કાર્ય કરે છે.**

સાત્ત્વિક માનસ નગરમાં રહેલા જીવો દીર્ઘકાળ ત્યાં જ રહે તો તેઓને વિવેક પર્વત દેખાય છે અર્થાત્ સાત્ત્વિક નગરમાં દીર્ઘકાળ ભમવાથી તે નગરમાં રહેલો વિવેક પર્વત તે જીવોને દૃષ્ટિગોચર બને છે. વળી, સાત્ત્વિક માનસ નગરમાં વિવેક પર્વતની સ્થિતિ છે તે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિરૂપ સિદ્ધ પર્વતને જોવામાં સિદ્ધ અંજનનું કાર્ય કરે છે. તેથી જેઓ વિવેક પર્વત ઉપર ચડે છે, તેઓને સિદ્ધ અવસ્થા કેવી ઉત્તમ સુખ સ્વરૂપ છે, તેનું દર્શન થાય છે. આથી જ વિવેક પર્વત ઉપર ચડેલા જીવો અપ્રમત્ત શિખર ઉપર ચડીને સતત સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ અર્થે ઉદ્યમશીલ બને છે. **॥૧૨૬૨॥**

**શ્લોક :-**

**अत्र स्थिता जना रम्याः, पुरस्यैवानुभावतः ।**
**अतिरम्याः पुनस्ते स्युर्विवेकशिखरं गताः ।।१२६३।।**

**શ્લોકાર્થ :-**

**અહીં રહેલા=સાત્ત્વિકપુર નગરમાં રહેલા, લોકો નગરના જ અનુભાવથી રમ્ય છે. વળી, વિવેક શિખર ઉપર ગયેલા તેઓ અતિ રમ્ય છે.**

જેઓ નંદીવર્ધન આદિની જેમ ક્ષણભર સાત્ત્વિક નગરને પામીને બહાર નીકળે છે તેઓ ક્ષણભર રમ્યભાવ પામીને ક્લિષ્ટ ચિત્તને કારણે અરમ્ય બને છે. પરંતુ જેઓ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા છે, તેવા અપુનર્બંધક આદિ જીવો સાત્ત્વિક માનસ નગરના અનુભાવથી રમ્ય જણાય છે. આથી જ તેઓ કષાયોની મંદતાને કારણે માતા-પિતાની સાથે ઉચિત પ્રવૃત્તિ કરવારૂપ અનેક પ્રકારના શુભભાવો કરે છે. વળી, જેઓ વિવેક પર્વતના શિખર ઉપર ગયેલા છે, તેવા સમ્યગ્દષ્ટિ આદિ જીવો તો સર્વ ઉદ્યમથી મોહનાશ કરવા માટે યત્નવાળા છે, તેથી અતિરમ્ય છે. **॥૧૨૬૩॥**

**શ્લોક :-**

**अत्र स्थितानां लोकानां, रोचते जैनसत्पुरम् ।**
**इक्षुयष्टिरिवोष्ट्राणां, नान्येषां भववासिनाम् ।।१२६४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સાત્ત્વિક માનસમાં રહેલા લોકોને, જૈનસત્પુર રુચે છે=વિવેક પર્વત ઉપર રહેલું જૈનનગર ગમે છે. જેમ ઊંટોને શેરડી ગમતી નથી, તેમ અન્યભવવાસી જીવોને જૈનપુર ગમતું નથી.**

સાત્ત્વિક માનસવાળા જીવોને કષાયોના અપ્રવર્તનરૂપ ઉચિત પ્રવૃત્તિઓ રોચક લાગે છે. તેથી જેઓ હજી જૈનશાસનને પામ્યા નથી, છતાં પ્રકૃતિથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ તેઓને સાર જણાય છે, તેવા જીવોને જૈનપુરનું વર્ણન કોઈ મહાત્મા કરે તો તે પુરની અત્યંત ઉચિત પ્રવૃત્તિ જોઈને તેઓને તે નગર પ્રત્યે

રુચિ થાય છે. જ્યારે જેઓ સાત્ત્વિક માનસ નગરમાં નથી, બહાર ભટકનારા છે, તેથી કષાયોના ક્લિષ્ટ ચિત્તવાળા છે, તેઓને જૈનપુર રુચતું નથી. ક્વચિત્ સાધ્વાચાર કે શ્રાવકાચાર પાળતા હોય તોપણ અત્યંત વિવેકપૂર્ણ જૈનપુર તેઓને રમ્ય ભાસતું નથી. સ્વમતિકલ્પિત તુચ્છ અસાર આચારવાળું જૈનપુર નહિ હોવા છતાં તેને જૈનપુર રૂપે ભાસે છે. **॥૧૨૬૪॥**

**શ્લોક :-**

**ऊर्ध्वस्थमपि पश्यन्तस्तन्मोदन्तेऽत्रवासिनः ।**
**चकोरा इव चन्द्रस्य, पिबन्तः किरणामृतम् ।।१२६५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં રહેલા જીવો=સાત્ત્વિકપુર નગરમાં રહેલા જીવો, ઊર્ધ્વમાં રહેલા તેને જોતા=અપ્રમત્ત શિખર ઉપર રહેલા જૈનપુરને જોતા, આનંદિત થાય છે. જેમ ચંદ્રના કિરણામૃતને પીતા ચકોરો આનંદિત થાય છે.**

જે જીવો સાત્ત્વિક માનસનગરમાં આવેલા છે, તેથી અપુનર્બંધક અવસ્થાને પામેલા છે અને હજી સમ્યક્ત્વને પામી શક્યા નથી, છતાં સુગુરુ આદિની પ્રાપ્તિથી તેઓને વિવેક પર્વત ઉપર રહેલ જૈનપુરનું સ્વરૂપ જાણવા મળે ત્યારે તેઓ અત્યંત હર્ષિત થાય છે. જેનાથી તેઓ સમ્યક્ત્વની પ્રાપ્તિને આસન્ન આસન્નતર થાય છે. **॥૧૨૬૫॥**

**શ્લોક :-**

**अयं गिरिः पुनर्घोरदुःखनाशकरो नृणाम् ।**
**श्रिया गरिष्ठो दृष्टोऽपि, काऽऽरोहस्य तु संकथा ।।१२६६।।**

**શ્લોકાર્થ :-**

**વળી મનુષ્યોના ઘોર દુઃખના નાશને કરનારો આ પર્વત છે=વિવેક પર્વત છે. જોવાયેલો પણ લક્ષ્મીથી ગરિષ્ઠ છે. વળી આરોહણની સંકથા શું ?=આરોહણની સંકથા ગરિષ્ઠતર છે.**

જે જીવો સાત્ત્વિક માનસ નગરમાં વર્તે છે અને તેઓને માટે આ વિવેક પર્વત ચાર ગતિઓના પરિભ્રમણરૂપ ઘોર દુઃખના નાશને કરનારો છે. આમ

છતાં જ્યાં સુધી તે સાત્ત્વિક માનસવાળા જીવો વિવેક પર્વત ઉપર ચઢ્યા નથી, છતાં તે પર્વતને જુએ છે, ત્યારે પણ તેઓના કલ્યાણ માટે તે સાત્ત્વિક નગર બને છે; કેમ કે તેવા જીવોને જૈનશાસનની અત્યંત ઉચિત પ્રવૃત્તિઓ પ્રત્યે બદ્ધરાગ થાય છે. વળી, જેઓ તે વિવેક પર્વત ઉપર ઉપદેશ આદિના બળથી આરોહણ કરે છે, તેઓને તો તે વિવેક પર્વત સંસારની સર્વ વિડંબનાઓનો શીઘ્ર અંત કરનાર બને છે. આથી જ સાત્ત્વિક માનસ નગરમાં રહેલા જીવો સુગુરુના ઉપદેશથી વિવેક પર્વત ઉપર રહેલા જૈનનગરને જાણીને ઉલ્લસિત વીર્યવાળા થાય છે, ત્યારે ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વને પામે છે અને શીઘ્ર સંસારનો અંત કરવા તત્પર થાય છે. **॥૧૨૬૬॥**

**શ્લોક :-**

**अत्र स्थिताः प्रपश्यन्तो, भवचक्रं करस्थितम् ।**
**जनास्ततो विरज्यन्ते, कूटकार्षापणादिव ।।१२६७।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=વિવેક પર્વત ઉપર, રહેલા લોકો ભવચક્રને કરમાં રહેલા જોતા તેનાથી=ભવચક્રથી, વિરક્ત થાય છે. જેમ કૂટકાર્ષાપણથી જીવો વિરક્ત થાય છે.**

જેઓ ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વને પામેલા છે, તેઓ વિવેક પર્વત ઉપર રહેલા છે અને તેઓને આખું ભવચક્ર હાથમાં રહેલા આમળાની જેમ વિડંબના સ્વરૂપ દેખાય છે. તેથી ભવચક્રથી તેઓ વિરક્ત બને છે. જેમ ધનના અર્થી જીવો ખોટા સિક્કાથી વિરક્ત થાય છે, તેમ ભવચક્ર કદર્થના કરનાર હોવાથી તેઓ વિરક્ત થાય છે. **॥૧૨૬૭॥**

**શ્લોક :-**

**अत्र स्थितानां स्त्रीवर्गः, स्मशानघटिकाकृतिः ।**
**स्मशानधूमसदृशी, भाति तत्प्रेमपद्धतिः ।।१२६८।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=વિવેક પર્વત ઉપર, રહેલા જીવોને સ્ત્રીવર્ગ સ્મશાનની ઘટિકાની**

**આકૃતિ ભાસે છે. તેમની પ્રેમપદ્ધતિ=સ્ત્રીઓની પ્રેમપદ્ધતિ, સ્મશાનના ધૂમ જેવી દેખાય છે.**

સ્મશાનમાં કોઈને બાળવા માટે લઈ જવામાં આવે તે દૃશ્ય વિડંબના સ્વરૂપ છે, તેમ સ્ત્રીવર્ગ જીવને કષાયોથી આકુળ કરે તેવું હોવાથી વિવેકી જીવોને વિડંબના સ્વરૂપ દેખાય છે. વળી, સંસારી જીવોને સ્ત્રીઓની પ્રેમપદ્ધતિ રમ્ય જણાય છે, પરંતુ વિવેકીઓને સ્મશાનમાં મડદા બાળવાથી જે ધુમાડો નીકળે તેના જેવી સ્ત્રીઓની પ્રેમપદ્ધતિ જણાય છે; કેમ કે આત્માના નિરાકુળ સ્વભાવનો વિનાશ કરીને તે પ્રેમપદ્ધતિ જીવને મૂઢતા માત્ર આપાદન કરે છે. **॥૧૨૬૮॥**

**શ્લોક :-**

**नान्यत्र प्रतिबन्धः स्यादस्मिन् दृष्टिपथं गते ।**
**भ्रमति भ्रमरोऽन्यत्र, किं दृष्टे मालतीवने ? ।।१२६९।।**

**શ્લોકાર્થ :-**

**આ દૃષ્ટિપથને પામ્યે છતે=વિવેક પર્વત દૃષ્ટિપથને પામ્યે છતે, અન્યત્ર=સંસારની ભોગાદિ પ્રવૃત્તિમાં, પ્રતિબંધ થતો નથી. માલતીવન જોવાયે છતે શું ભમરો અન્યત્ર ભમે છે ? ।।૧૨૬૯।।**

**શ્લોક :-**

**स्पृष्ट्वाऽपि दुःखिनो नैनं, भवचक्रगता अपि ।**
**भवन्त्यौषधिलिप्ताङ्गा, वह्निपुञ्जस्थिता इव ।।१२७०।।**

**શ્લોકાર્થ :-**

**આને=વિવેક પર્વતના શિખરને, સ્પર્શીને પણ ભવચક્રમાં ગયેલા પણ દુઃખી થતા નથી. જેમ વહ્નિના પુંજમાં રહેલા ઔષધિથી લિપ્ત અંગવાળા દુઃખી થતા નથી.**

જેઓ સાત્ત્વિક માનસ નગરને પામીને કોઈક રીતે વિવેક પર્વતના શિખરને સ્પર્શે અને તેથી સમ્યક્ત્વને પામે ત્યારપછી સમ્યક્ત્વથી પાત પામીને ભવચક્રમાં જાય છે તોપણ પૂર્વની જેમ અત્યંત દુઃખી થતા નથી, પરંતુ અલ્પકાળમાં ફરી સમ્યક્ત્વને પામે છે. જેમ અગ્નિ જેવા કષાયના પુંજમાં રહેલા જીવો ઔષધિથી

લિપ્ત અંગવાળા હોવાથી કષાયરૂપી અગ્નિની વિડંબના પામતા નથી, તેમ સમ્યક્ત્વને પામ્યા પછી ભ્રષ્ટ થયેલા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પૂર્વની જેમ કષાયોના ક્લેશને પામતા નથી. **॥૧૨૭૦॥**

**શ્લોક :-**

**शिखरं च विवेकाद्रेरिदं दोषनिबर्हणम् ।**
**महामोहादिशत्रूणामुच्चाटनकरं परम् ।।१२७१।।**

**શ્લોકાર્થ :-**

**અને વિવેક પર્વતનું આ શિખર દોષને નાશ કરનારું છે. મહામોહાદિ શત્રુઓને અત્યંત ઉચ્ચાટન કરનાર છે.**

સમ્યગ્દૃષ્ટિ જીવો અવિરતિવાળા હોય તોપણ પ્રતિદિન સાધુ સામાચારીને તે રીતે શ્રવણ કરે છે કે જેથી ભાવચારિત્રની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો ક્ષીણક્ષીણતર થાય. જેથી દોષનો નાશ થાય છે અને ચિત્તવૃત્તિમાં મહામોહાદિ શત્રુઓને તે મહાત્માઓ સતત તે ચિત્તરૂપી અટવીમાંથી ઉચ્ચાટન કરે છે. **॥૧૨૭૧॥**

**શ્લોક :-**

**कथञ्चिदागताः शैले, महामोहादिशत्रवः ।**
**शिखरादप्रमत्तत्वाल्लोठ्यन्तेऽस्मान्मुनीश्वरैः ।।१२७२।।**

**શ્લોકાર્થ :-**

**પર્વત ઉપર કોઈક રીતે મહામોહાદિ શત્રુઓ આવ્યા. મુનીશ્વરો વડે આમને=મહામોહાદિ શત્રુઓને, અપ્રમત્તત્વ શિખરથી નીચે ગબડાવાય છે.**

જૈનનગરમાં અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને મુનીશ્વરો વર્તે છે અને મુનીશ્વરોના ચિત્તમાં પણ ઉપસર્ગો આદિ નિમિત્તોને પામીને મહામોહાદિ શત્રુઓ ઊઠે છે. છતાં ભગવાનના વચનના ભાવન દ્વારા અપ્રમત્ત શિખર ઉપર રહેલા તે મહાત્માઓ મહામોહાદિ શત્રુઓને શીઘ્ર નીચે ગબડાવે છે. **॥૧૨૭૨॥**

**શ્લોક :-**

**इतः सद्भावनायन्त्रमुक्तैर्ध्यानोरुगोलकैः ।**
**सैन्यं दन्दह्यते सर्वं महामोहादिभूभुजाम् ।।१२७३।।**

**શ્લોકાર્થ :-**

**આ પર્વત પરથી સદ્ભાવનારૂપી યંત્રો વડે મુકાયેલા ધ્યાનરૂપી તોપગોળાઓ વડે મહામોહાદિ રાજાઓનું સર્વ સૈન્ય અત્યંત બળે છે.**

મુનીશ્વરો શિખર ઉપર આવેલા મહામોહાદિને નીચે ગબડાવે છે, પરંતુ તે પર્વતની નીચે મહામોહનું સૈન્ય બેઠેલું છે, તેઓને પણ અત્યંત નાશ કરવા અર્થે મુનિઓ આત્માને સદ્ભાવનાઓથી અત્યંત ભાવિત કરે છે. જેનાથી તે મહામોહનું સૈન્ય અત્યંત બળે છે; કેમ કે ચિત્તમાં ઉત્તમ ભાવનાઓથી મહાત્માઓ જ્યારે વાસિત બને છે, ત્યારે મહામોહાદિના સંસ્કારો અનાદિથી સ્થિર થયેલા આત્મા ઉપર છે તે સર્વ ક્ષીણક્ષીણતર થાય છે. **॥૧૨૭૩॥**

**શ્લોક :-**

**विद्यतेऽत्र करग्राह्यं, साम्यकल्पलताफलम् ।**
**अधःस्थितैर्यदास्वादः, स्वप्नेऽपि हि न लभ्यते ।।१२७४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=વિવેક પર્વત ઉપર, સામ્ય કલ્પલતાનું ફળ=સમભાવની પરિણતિના ફળરૂપ સુદેવત્વ અને સુમાનુષત્વ, કરગ્રાહ્ય વિદ્યમાન છે. જેનો આસ્વાદ નીચે રહેલા જીવો વડે સ્વપ્નમાં પણ પ્રાપ્ત થતો નથી.**

વિવેક પર્વત ઉપર રહેલા જીવો સદા સિદ્ધ અવસ્થાના પ્રબળ ઉપાયરૂપ સામ્યભાવથી આત્માને ભાવિત કરે છે. તેથી સામ્ય કલ્પલતાનું ફળ તેઓને પ્રાપ્ત કરવું અતિ સુગમ છે. જ્યારે વિવેક પર્વત નીચે રહેલા સાત્ત્વિક માનસ નગરમાં કે અન્યત્ર રહેલા જીવોને સ્વપ્નમાં પણ તે સામ્ય કલ્પલતાના ફળનો ભાવ પ્રાપ્ત થતો નથી; કેમ કે સામ્યભાવના પરમાર્થનું જ અજ્ઞાન છે. **॥૧૨૭૪॥**

**શ્લોક :-**

**निवेशितमिह प्रौढं, पुरं जैनं सुखावहम् ।**
**पुण्यहीनैर्जनैरेतद्, भवचक्रेऽतिदुर्लभम् ।।१२७५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=વિવેક પર્વતના અપ્રમત્ત શિખર ઉપર પ્રૌઢ, સુખને લાવનારું**

**જૈનપુર રહેલું છે. પુણ્યહીન જીવો વડે=તત્ત્વની પ્રાપ્તિમાં બાધક ક્ષયોપશમરૂપ પુણ્ય તેનાથી રહિત જીવો વડે, આ=જૈનપુર, ભવચક્રમાં અતિદુર્લભ છે.**

જીવમાં વિવેક પ્રગટે છે, ત્યારપછી નિષ્કષાય અવસ્થાને અનુકૂળ અપ્રમાદભાવ વર્તે છે. ત્યારે તેઓ જિન થવાને યત્નવાળા હોવાથી જૈનપુરમાં વસનારા છે અને તે જૈનપુર કષાયોના શમન દ્વારા અને પુણ્યપ્રકૃતિના ઉત્કર્ષ દ્વારા સુખને લાવનારું છે અને જેઓમાં તત્ત્વને જોવામાં વિપર્યાસ વર્તે છે એવા પુણ્યહીન જીવો વડે ભાવથી જૈનપુર ક્યારેય પ્રાપ્ત થતું નથી. માત્ર દ્રવ્યથી જ શુભ આચારો સેવીને વિવેક પર્વતથી નીચે તેઓ વસનારા છે. **॥૧૨૭૫॥**

**શ્લોક :-**

**कालेन भूयसा यान्ति कृच्छ्रात् सात्त्विकमानसे ।**
**भवचक्रे ततो यान्ति, पुण्यहीनाः पुनर्जनाः ।।१२७६।।**

**શ્લોકાર્થ :-**

**ઘણા કાળથી, મુશ્કેલીથી જીવો સાત્ત્વિક માનસ નગરમાં આવે છે. ત્યારપછી પુણ્યહીન વળી જીવો ભવચક્રમાં જાય છે.**

ભવચક્ર ક્લિષ્ટ માનસ સ્વરૂપ છે અને તેમાં કંઈક અક્લિષ્ટતારૂપ સાત્ત્વિક માનસ નગર છે. સંસારી જીવો ક્યારેક સાત્ત્વિક માનસ નગરમાં પ્રવેશ કરે છે અને તરત નીકળી જાય છે. જેમ હાથીના ભવમાં ક્ષણભર નંદીવર્ધને પ્રવેશ કર્યો. ત્યારપછી ક્લિષ્ટ ચિત્તોમાં ફરે છે. આ રીતે ઘણા કાળથી મુશ્કેલીથી જીવો દીર્ઘકાળ સાત્ત્વિક માનસ નગરમાં રહી શકે તેવા થાય છે. ત્યારપછી પણ જો તત્ત્વનાં બાધક કર્મો ક્ષયોપશમ થાય તેમ ન હોય અથવા તેને ક્ષયોપશમ કરવાને અનુકૂળ સુગુરુ આદિનો યોગ થાય તેવું પુણ્ય ન હોય તો તે જીવો સાત્ત્વિક માનસ નગરમાં કેટલોક કાળ રહીને ક્લિષ્ટ ચિત્તવાળા થાય છે. જેથી ભવચક્રમાં દીર્ઘ ભમે છે. **॥૧૨૭૬॥**

**શ્લોક :-**

**नत्वीक्षन्ते विवेकाद्रिं, ततो भूरिगमागमैः ।**
**कदाचित् ते प्रपश्यन्ति, नत्वारोहन्ति सस्पृहाः ।।१२७७।।**

**શ્લોકાર્થ :-**

**વળી વિવેક પર્વતને જોતા નથી. ત્યારપછી ફરી ફરી ગમન-આગમન વડે=સાત્ત્વિકપુરમાં આગમન અને ક્લિષ્ટ ચિત્તમાં ગમન એ રીતે ફરી ફરી કરવા દ્વારા ક્યારેક તેઓ જુએ છે=વિવેક પર્વતને જુએ છે. પરંતુ સસ્પૃહ એવા તેઓ=બાહ્ય પદાર્થની સ્પૃહાવાળા તેઓ આરોહણ કરતા નથી=વિવેક પર્વત ઉપર આરોહણ કરતા નથી.**

ઘણા જીવો અનેક વખત સાત્ત્વિક નગરમાં આવે છે અને ક્લિષ્ટ ચિત્તવાળા થાય છે અને ફરી સાત્ત્વિક નગરમાં આવે છે તોપણ શરીર આદિ બાહ્ય પદાર્થોથી પૃથગ્ નિરાકુળ ચેતના જ અત્યંત સુખાત્મક છે એવા વિવેક પર્વતને જોતા નથી. આ રીતે ઘણી વખત સાત્ત્વિક નગરમાં આવવું અને જવું એ ક્રિયા દ્વારા કોઈક ક્લિષ્ટ કર્મો દૂર થાય છે ત્યારે તેઓને કોઈક નિમિત્તને પામીને વિવેક પર્વત દેખાય છે તોપણ તે વિવેકને આત્મામાં સ્થિર કરીને વીતરાગભાવ તરફ જવાને અભિમુખ પરિણામવાળા તેઓ થતા નથી. પરંતુ વિષયોની સ્પૃહાવાળા તેઓ સાત્ત્વિક માનસ નગરમાં જ રહે છે. **॥૧૨૭૭॥**

**શ્લોક :-**

**आरूढा अपि यान्त्यन्ये, भवचक्रे स्वशत्रवः ।**
**तत्र स्थिता अपि परे, पश्येयुः शिखरं तु न ।।१२७८।।**

**શ્લોકાર્થ :-**

**સ્વશત્રુ એવા અન્ય જીવો આરૂઢ થયેલા પણ=વિવેક પર્વત ઉપર આરૂઢ થયેલા પણ, ભવચક્રમાં જાય છે. વળી બીજા ત્યાં રહેલા=વિવેક પર્વત ઉપર રહેલા, પણ શિખરને=અપ્રમત્તત્વરૂપ શિખરને, જોતા નથી.**

કેટલાક જીવો સાત્ત્વિક માનસ નગરમાંથી વિવેક પર્વત ઉપર ચઢે છે, ત્યારે ઉપદેશકોનાં વચનોથી, શાસ્ત્રનાં વચનોથી કોઈક રીતે માર્ગાનુસારી ઊહ પ્રગટે છે. જેથી કષાયોથી અનાકુળ આત્મા જ સુખરૂપ છે અને કષાયઆકુળ આત્મા જ દુઃખરૂપ છે તેવો વિવેક પ્રગટે છે. આમ છતાં પોતાના આત્માના વૈરી એવા તેઓ અપ્રમત્ત શિખરને જોવા પ્રયત્ન કરતા નથી, પરંતુ કંઈક વિવેક પ્રાપ્ત કરીને ફરી વિષયોમાં આનંદ લેવાના ક્લિષ્ટ ચિત્તવાળા થાય છે. વળી, કેટલાક

જીવો વિવેક પર્વત ઉપર ચઢ્યા છે. તેથી ઉપદેશાદિના બળથી તેઓને જણાય છે કે કષાયઅનાકુળ ચેતના જ સુખરૂપ છે. કષાયઆકુળ અવસ્થા જ દુઃખરૂપ છે, તોપણ કષાયની અનાકુળતાને પ્રગટ કરવાનો ઉપાય અપ્રમાદભાવથી કરાયેલી સ્વભૂમિકાની ઉચિત ક્રિયાઓ છે, અપ્રમાદ દ્વારા કરાયેલી તે ક્રિયાઓ જીવને જિનતુલ્ય બનાવે છે છતાં કેટલાક જીવોમાં તે પ્રકારનો મતિમોહ વર્તે છે, તેથી સ્વભૂમિકાની ઉચિત ક્રિયાઓ કઈ રીતે કરવાથી નિરાકુળ ચેતના પ્રગટે છે તે રૂપ અપ્રમત્ત શિખરને તેઓ જોવા સમર્થ નથી; કેમ કે તે પ્રકારના સૂક્ષ્મબોધનાં બાધક ક્લિષ્ટ કર્મો વિદ્યમાન છે. **॥૧૨૭૮॥**

**શ્લોક :-**

**दृष्ट्वाऽपि नाधिरोहन्ति, तदन्ये शिथिलाशयाः ।**
**तदारूढाः पुनर्धन्या, जैनं पश्यन्ति सत्पुरम् ।।१२७९।।**

**શ્લોકાર્થ :-**

**તેનાથી અન્ય=અપ્રમત્તત્વ શિખરને નહીં જોનારા જીવોથી અન્ય, શિથિલ આશયવાળા જીવો જોઈને પણ=અપ્રમત્તત્વ શિખરને જોઈને પણ, અધિરોહણ કરતા નથી=અપ્રમત્તત્વ શિખર ઉપર ચઢતા નથી. વળી, તેને આરૂઢ થયેલા ધન્ય જીવો જૈન સત્પુરને જુએ છે.**

કેટલાક જીવો નિરાકુળ આત્માને સુખરૂપે અને આકુળ આત્માને દુઃખરૂપે જોઈ શકે છે. એટલું જ નહિ, પણ જૈનશાસનની સર્વ ક્રિયાઓ શક્તિ અનુસાર સેવીને જિન થવાય છે, તેના પણ પરમાર્થને જોઈ શકે છે. તેથી અપ્રમત્તત્વ શિખર દેખાય છે તોપણ તે પ્રકારે સ્વભૂમિકાનુસાર ઉચિત ક્રિયા કરવામાં શિથિલ આદરવાળા હોવાથી અપ્રમત્તત્વ શિખર ઉપર આરોહણ કરતા નથી. તેથી ભાવથી જિનતુલ્ય થવાનો યત્ન કરી શકતા નથી. વળી જેઓ સ્વભૂમિકાનુસારની ઉચિત ક્રિયાઓ કઈ રીતે જિન થવાનું કારણ છે, તેના પરમાર્થને જાણે છે, તેઓ તે પ્રમાણે તે ક્રિયાઓને સેવીને કષાયોના નાશને અનુકૂળ અપ્રમાદ કરનારા છે. તેથી ધન્ય એવા તેઓ પોતાના આત્મામાં વર્તતું જિનતુલ્ય થવાને અનુકૂળ વ્યાપારભૂત જૈનપુર જોઈ શકે છે. **॥૧૨૭૯॥**

**શ્લોક :-**

**इयद्दुर्लभसामग्रीलभ्यसुन्दरदर्शनम् ।**
**पुरमेतत् सदानन्दं, मुक्त्यर्थं प्रस्थितैर्जनैः ।।१२८०।।**

**શ્લોકાર્થ :-**

**મુક્તિ માટે પ્રસ્થિત લોકોથી સદા આનંદવાળું, આટલી દુર્લભ સામગ્રીથી લભ્ય સુંદર દર્શનવાળું, આ પુર છે.**

જેઓ ભવચક્રથી ત્રાસેલા છે અને મુક્તિને સાર જોનારા છે, તેથી અપ્રમાદથી મુક્તિ અર્થે પ્રવૃત્ત છે, તેવા અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને માટે આ જૈનપુર અત્યંત આનંદવાળું છે. વળી, સાત્ત્વિક નગર આદિના ક્રમથી પ્રાપ્ત થનારું આ જૈનનગર હોવાથી દુર્લભ એવી પુણ્ય પ્રકૃતિથી લભ્ય અને સુંદર દર્શનવાળું આ નગર છે; કેમ કે જેઓના ચિત્તમાં જિનતુલ્ય થવાનો યત્ન સદા પ્રવર્તે છે, તેઓ સર્વ પ્રકારે અંતરંગ અને બહિરંગ સુંદર પરિણતિવાળા હોય છે. આથી જ તેવા ઉત્તમ જીવો બાહ્યથી પણ સુંદર દેવભવ અને સુંદર મનુષ્યભવ પામે છે અને અંતરંગ પણ ઉત્તમ ઉત્તમોત્તમ પ્રકૃતિઓને પ્રાપ્ત કરે છે. ***॥૧૨૮૦॥***

**શ્લોક :-**

**नैषां प्रयाणभङ्गाय, वासोऽपि विबुधालये ।**
**रात्रिस्वापसमः शान्तमहामोहादिविद्विषाम् ।।१२८१।।**

**શ્લોકાર્થ :-**

**શાંત થયા છે મહામોહાદિ શત્રુઓ જેમના એવા આમનો=જૈનપુરમાં વસનારા મહાત્માઓનો, રાત્રિના ઊંઘવા તુલ્ય વિબુધાલયમાં વાસ પણ પ્રયાણભંગ માટે નથી=મોક્ષને અનુકૂળ ગમનની પ્રવૃત્તિના ભંગ માટે નથી.**

જૈનપુરમાં વસનારા અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર કે સર્વવિરતિધર મુનિઓ સ્વભૂમિકાનુસાર અપ્રમાદથી કષાયોના ઉન્મૂલનમાં યત્ન કરે છે. તેથી તેઓના મહામોહાદિ શત્રુઓ અત્યંત શાંત થયેલા છે અને આ ભવમાં શત્રુઓનો નાશ ન કરી શકે તો તેઓ અવશ્ય દેવલોકમાં જાય છે, તે દેવલોકનું ગમન પણ પ્રયાણભંગ માટે નથી. જેમ વિવેકી પુરુષ દુષ્ટ નગરનો ત્યાગ કરીને નિરુપદ્રવ

નગર જવા તરફ તત્પર થયેલ હોય અને અવિલંબનથી તે નગરની પ્રાપ્તિની ઇચ્છાવાળા હોય છતાં અતિશ્રમિત થાય ત્યારે રાત્રે ઊંઘે છે તે પણ ઉત્તરમાં વિશેષ બળથી જવાને અનુકૂળ યત્ન અર્થે ઊંઘે છે, તેમ જે મહાત્માઓ આ ભવમાં કેવળજ્ઞાન પામી શક્યા નથી, તેઓ વિબુધાલયમાં અવિરતિવાળા થાય છે ત્યાં પણ તે અવિરતિની ક્રિયા હોવા છતાં ઉત્તરના ગમનને અનુકૂળ શક્તિના સંચય અર્થે તે દેવતાઓ યત્ન કરે છે. તેથી તેઓનો દેવલોકનો વાસ પણ મોક્ષગમનમાં પ્રયાણભંગરૂપ નથી. **II૧૨૮૧II**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह पश्यामि, मातुलैष्वपि विक्रियाम् ।**
**महामोहादिभूपालजनितां भवचक्रवत् ।।१२८२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે, હે મામા ! આમાં પણ=જૈનકુલમાં વસનારા જીવોમાં પણ, મહામોહાદિ રાજાઓથી જનિત વિક્રિયાને ભવચક્રની જેમ હું જોઉં છું.**

પૂર્વમાં વિમર્શે કહ્યું કે જૈનકુલમાં વસનારા જીવો મુક્તિ અર્થે સદા પ્રસ્થિત છે, તેઓનો દેવલોકનો વાસ પણ પ્રયાણભંગ કરનાર નથી, તેથી પ્રકર્ષ ત્યાં શંકા કરતાં કહે છે, ભવચક્રમાં કર્મની વિક્રિયા જેમ વર્તે છે, તેમ જૈનપુરમાં વસનારા અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં મહામોહાદિ રાજાથી જનિત વિક્રિયાઓ પણ દેખાય છે. **II૧૨૮૨II**

**શ્લોક :-**

**बिम्बेष्विमेऽपि मूर्च्छन्ति, यज्जिनानां लयस्थिताः ।**
**स्वाध्यायेषु च रज्यन्ति, स्निह्यन्ति समधर्मसु ।।१२८३।।**

**શ્લોકાર્થ :-**

**કેવા પ્રકારની વિક્રિયા દેખાય છે ? તે આગળમાં બતાવે છે. જે કારણથી લય પામેલા આ=જૈનો, પણ જિનોનાં બિંબોમાં મૂર્છા કરે છે. સ્વાધ્યાયોમાં રાગ કરે છે. સમાન ધાર્મિકોમાં સ્નેહ કરે છે.**

સંસારી જીવો જેમ ધનાદિમાં મૂર્ચ્છા કરે છે, તેથી તેઓમાં મહામોહાદિની વિક્રિયા દેખાય છે, તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં જિનના ગુણો પ્રત્યે અત્યંત રાગ હોવાથી જિનના ગુણોમાં લય પામેલા તેઓ જિનબિંબોમાં મૂર્ચ્છા કરે છે=રાગથી અત્યંત જુએ છે. જિનવચન વીતરાગનું વચન હોવાથી સામાયિકની વૃદ્ધિ કરનાર છે, તેવી બુદ્ધિ થવાથી સ્વાધ્યાયમાં રાગ કરે છે, સમાન ધાર્મિક જીવોના ગુણોને જોઈને ગુણાનુરાગી એવા તેઓ સ્નેહ કરે છે. **॥૧૨૮૩॥**

**શ્લોક :-**

**तुष्यन्ति सदनुष्ठाने, प्रीयन्ते गुरुदर्शने ।**
**हृष्यन्त्यर्थोपलम्भेषु, व्रतभङ्गं द्विषन्ति च ।।१२८४।।**

**શ્લોકાર્થ :-**

**સદ્‌અનુષ્ઠાનમાં તોષ પામે છે, ગુરુના દર્શનમાં પ્રીતિ કરે છે, અર્થની પ્રાપ્તિમાં અત્યંત હર્ષિત થાય છે અને વ્રતભંગમાં દ્વેષ કરે છે.**

સામાયિકના કંડકોની વૃદ્ધિના કારણીભૂત સદ્‌અનુષ્ઠાનમાં પોતે યત્ન કરી શકે ત્યારે હર્ષિત થાય છે. ગુણથી યુક્ત સુગુરુના દર્શનમાં તેઓના ગુણો પ્રત્યે પ્રવર્ધમાન રાગને કારણે પ્રીતિ કરે છે. શાસ્ત્રઅધ્યયનાદિ દ્વારા સૂક્ષ્મ અર્થની પ્રાપ્તિ થયે છતે હર્ષિત થાય છે. પ્રમાદવશ વ્રતમાં ભંગ થાય કે અતિચાર થાય ત્યારે તે ભંગ પ્રત્યે કે અતિચાર પ્રત્યે દ્વેષ કરે છે. **॥૧૨૮૪॥**

**શ્લોક :-**

**आचारलोपे क्रुध्यन्ति, रुष्यन्त्यागमशत्रुषु ।**
**माद्यन्ति निर्जरोद्धर्षेऽहंकुर्वन्ति प्रतिश्रुते ।।१२८५।।**

**શ્લોકાર્થ :-**

**આચારના લોપમાં ક્રોધ કરે છે, આગમના શત્રુઓ વિષયક રોષ કરે છે. નિર્જરાના ઉદ્ધર્ષમાં મદ કરે છે, પ્રતિશ્રુતમાં=પ્રતિજ્ઞાના નિર્વાહમાં, અહંકાર કરે છે.**

જૈનનગરમાં વસનારા મહાત્માઓ પોતાનાથી કોઈ આચારનો લોપ થાય ત્યારે ક્રોધ કરે છે અને ભગવાનના આગમના પ્રત્યનીકો ઉન્માર્ગ વિસ્તારતા

હોય ત્યારે તે જીવો પ્રત્યે મૈત્રીભાવ હોય છે. તેથી તેઓની હિત કરવાની ઇચ્છા હોય છે છતાં તેઓની જિનવચનથી વિપરીત પ્રવૃત્તિઓ જોઈને રોષ કરે છે અને તેને શક્તિ અનુસાર દૂર કરવા યત્ન કરે છે. પોતાના સંયમના ઉચિત પ્રયત્નથી નિર્જરાનો ઉત્કર્ષ થાય ત્યારે ખરેખર હું ધન્ય છું, તેથી આવા ઉત્તમ અધ્યવસાયને પામ્યો એ પ્રકારના પ્રશસ્ત માનને કરે છે. વળી, પોતે ગ્રહણ કરેલ પ્રતિજ્ઞાને સુવિશુદ્ધ પાળી શકે જેનાથી ગુણસ્થાનકની વૃદ્ધિ થતી સ્વસંવેદનથી જણાય ત્યારે અહંકાર કરે છે=હું નિપુણ પ્રજ્ઞાવાળો છું, જેથી સ્વીકારાયેલી પ્રતિજ્ઞાને તે રીતે પાળીને ગુણવૃદ્ધિ કરી શકું છું, એ પ્રકારનો પ્રશસ્ત માનકષાય કરે છે. **॥૧૨૮૫॥**

**શ્લોક :-**

**स्मयन्ते चोपसर्गेभ्योऽवष्टभ्नन्ति परीषहान् ।**
**निगृह्णन्त्यागमावज्ञां, वञ्चयन्तीन्द्रियव्रजम् ।।१२८६।।**

**શ્લોકાર્થ :-**

**અને ઉપસર્ગોથી સ્મયને કરે છે, પરિષહોને અવષ્ટભન કરે છે, આગમની અવજ્ઞાને નિગ્રહણ કરે છે, ઈન્દ્રિયોના સમૂહને ઠગે છે.**

પ્રતિકૂલ કે અનુકૂલ ઉપસર્ગો આવે ત્યારે ચિત્ત ક્ષોભાયમાન ન થાય તે જોઈને જૈનકુલમાં વસનારાઓને વિસ્મય થાય છે=મેં કુશળતાથી મારા ધર્મની વૃદ્ધિ કરી એ પ્રકારનો હર્ષ થાય છે. પરિષહોને તે રીતે સહન કરે છે, જેથી ચિત્તમાં કોઈ વ્યાકુળતા પ્રાપ્ત થાય નહિ. વળી, આગમના વચનનું નિત્ય સ્મરણ કરીને ઉચિત પ્રવૃત્તિ કરે છે. જેથી આગમની અવજ્ઞાકૃત દોષોની પ્રાપ્તિ થાય નહિ. ઇન્દ્રિયોના સમૂહને તે રીતે ઠગે છે કે જેથી ચિત્તમાં કોઈ ઉત્સુકતા થાય નહિ=સંયમ અર્થે આહારાદિ ગ્રહણ કરે તોપણ રસેન્દ્રિય સહેજ પણ ચિત્તમાં કોલાહલ કરી શકે નહિ, તે રીતે ઠગે છે. **॥૧૨૮૬॥**

**શ્લોક :-**

**कामचेष्टां जुगुप्सन्ते, प्रक्षुभ्यन्ति भवभ्रमात् ।**
**रमन्ते निर्वृतेर्मार्गे, हसन्ति सुखशीलताम् ।।१२८७।।**

**શ્લોકાર્થ :-**

**કામચેષ્ટાની જુગુપ્સા કરે છે, ભવના ભ્રમણથી પ્રક્ષોભિત થાય છે, નિર્વૃતિના માર્ગમાં રમે છે, સુખશીલતાનો ઉપહાસ કરે છે.**

જૈનકુળમાં વસનારા કામની ચેષ્ટાની કુત્સિતતાનું અત્યંત ભાવન કરે છે. જેથી તે ચેષ્ટા પ્રત્યે પ્રશસ્ત જુગુપ્સા થાય છે. વળી, ભવનું સ્વરૂપ પુનઃ પુનઃ તે રીતે ભાવન કરે છે કે જેથી ભવના ભ્રમણથી તેઓનું ચિત્ત હંમેશાં પ્રક્ષોભ પામે છે. જેના કારણે ભવના ઉપાયોથી અત્યંત દૂર રહે છે. રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં તે રીતે પ્રવૃત્તિ કરે છે, જેથી સતત ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. રત્નત્રયની વૃદ્ધિમાં પ્રમાદ કરાવે તેવી સુખશીલતાનો ઉપહાસ કરે છે, જેથી મોહને વશ થઈને રત્નત્રયની વૃદ્ધિનો અસ્ખલિત યત્ન સુખશીલતાને કારણે હણાય નહિ. **॥૧૨૮૭॥**

**શ્લોક :-**

**उद्विजन्ते श्लथाचाराच्छोचन्ति प्राच्यदुष्कृतम् ।**
**गर्हन्ते स्खलितं शीले, निन्दन्ति भवसंभ्रमम् ।।१२८८।।**

**શ્લોકાર્થ :-**

**શિથિલ આચારોથી ઉદ્વેગ પામે છે, પૂર્વનાં દુષ્કૃતોનો શોક કરે છે, શીલમાં સ્ખલિતની ગર્હા કરે છે, ભવના સંભ્રમની નિંદા કરે છે.**

પોતાના આચારોમાં શિથિલતા દેખાય તેથી જૈનપુરમાં વસનારા જીવો ઉદ્વેગ પામે છે; કેમ કે ઇષ્ટસિદ્ધિમાં તે મહાવ્યાઘાતક છે. પૂર્વમાં સેવાયેલાં દુષ્કૃતોનો શોક કરે છે; કેમ કે દુર્ગતિના હેતુ તે દુષ્કૃતો છે. તેથી શોક કરીને તેની શક્તિને ક્ષીણ કરે છે. વળી, પોતે સ્વીકારેલાં વ્રતોમાં કોઈ સ્ખલના થઈ હોય તેની અરિહંતાદિ સાક્ષીએ ગર્હા કરે છે. ભવનાં કારણ છે, તે પ્રકારે સ્મૃતિના અસ્મરણને કારણે સંભ્રમ થયો હોય તેની નિંદા કરે છે, જેથી ફરી તે પ્રકારે સંભ્રમ થાય નહિ. **॥૧૨૮૮॥**

**શ્લોક :-**

**इत्यादिमोहकार्याणि, दृश्यन्ते खल्वमीष्वपि ।**
**भवता तत्कथं प्रोक्ता, मोहाद्यैरुज्झिता अमी ।।१२८९।।**

**।। सप्तभिः कुलकम् ।।**

**શ્લોકાર્થ :-**

**ઈત્યાદિ ૧૨૮૨થી અત્યાર સુધી વર્ણન કર્યું એ વગેરે, મોહનાં કાર્યો ખરેખર આમનામાં પણ=જૈનકુળમાં વસનારા જીવોમાં પણ, દેખાય છે, તે કારણથી તમારા વડે=વિમર્શ વડે, આ=જૈનકુળમાં વસનારા, મોહાદિથી રહિત કેમ કહેવાયા ? ||૧૨૮૯||**

**શ્લોક :-**

**विमर्शेनोदितं वत्स !, ज्ञेया मोहादयो ह्यमी ।**
**मुनीनां बान्धवाः शस्ता, अप्रशस्ताः पुनर्द्विषः ।।१२९०।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ વડે કહેવાયું હે વત્સ ! પ્રકર્ષ ! પ્રશસ્ત એવા આ મોહાદિ મુનિના બાંધવો જાણવા. વળી, અપ્રશસ્ત શત્રુ જાણવા.**

પ્રકર્ષની શંકાનો ઉત્તર આપતાં વિમર્શ કહે છે. મુનિને અને ઉપલક્ષણથી જૈનકુળમાં વસનારા અન્ય જીવોને જે પ્રશસ્ત કષાયો થાય છે, તે ગુણવૃદ્ધિના કારણ હોવાથી બંધુ છે. વળી, પ્રતિકૂળ સંયોગોમાં પ્રમાદવશ અપ્રશસ્ત કષાયો થાય છે, તે શત્રુ છે. તેથી પ્રશસ્ત કષાયવાળો ઉપયોગ હિતકારી છે, અપ્રશસ્ત કષાયવાળો ઉપયોગ અહિતકારી છે. **||૧૨૯૦||**

**શ્લોક :-**

**शस्तैरौदयिकैर्भावैः, क्षायोपशमिकैरिव ।**
**नीयन्ते मुनयो ह्यूर्ध्वमप्रशस्तैरधः पुनः ।।१२९१।।**

**શ્લોકાર્થ :-**

**જેમ ક્ષાયોપશમિકભાવો વડે મુનિ ઉપર જાય છે, તેમ પ્રશસ્ત ઔદાયિકભાવોથી મુનિ ઊર્ધ્વ જાય છે. વળી, અપ્રશસ્તભાવોથી નીચે જાય છે.**

ક્ષાયોપશમિકભાવો ઉત્તર ઉત્તરના ક્ષાયોપશમિકભાવોને પ્રાપ્ત કરાવીને ક્ષાયિકભાવ તરફ જાય છે, તેમ પ્રશસ્ત કષાયરૂપ ઔદાયિકભાવોથી પણ મુનિ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે. આથી જ દુષ્કૃત નિંદા આદિ કરીને દુષ્કૃતના

સેવાયેલા પાપને ક્ષીણ કરીને મુનિ સંયમની વૃદ્ધિ કરે છે. વળી, પ્રમાદવશ અપ્રશસ્ત કષાયોથી મુનિ ગુણસ્થાનકથી પાતને અભિમુખ જાય છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ અપ્રશસ્ત કષાયને વશ મિથ્યાત્વ ગુણસ્થાનકને પામ્યા. **॥૧૨૯૧॥**

**શ્લોક :-**

**तदमी सज्जना जैना, वर्तन्ते बन्धुभिर्युताः ।**

**शत्रुभिः सर्वथा त्यक्ताः, सर्वकल्याणभाजिनः ।।१२९२।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=જૈનનગરમાં વર્તનારા સાધુઓના પ્રશસ્ત ઔદાયિકભાવો પણ મુનિને ઊર્ધ્વ લઈ જાય છે તે કારણથી, સજ્જન એવા આ જૈનો બંધુઓથી યુક્ત વર્તે છે=અંતરંગ પ્રશસ્ત એવા ઔદાયિકભાવોરૂપ બંધુઓથી યુક્ત વર્તે છે. સર્વ કલ્યાણના ભજનારા એવા જૈનો સર્વથા શત્રુઓથી ત્યાગ કરાયા છે=મહામોહાદિ ચોરટાઓથી ત્યાગ કરાયા છે.**

જૈનશાસનમાં વર્તનારા અવિરત સમ્યગ્દષ્ટિથી માંડીને મુનિ સુધીના મહાત્માઓ છે. તેમાં મુનિ પ્રધાન છે અને તેઓ હંમેશાં પૂર્વમાં શ્લોક-૧૨૮૩થી ૧૨૮૯ સુધી કહ્યું તેવા પ્રશસ્ત ઔદાયિકભાવો કરે છે, જે પ્રશસ્ત ઔદાયિકભાવો તેઓના ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે તેથી બંધુ જેવા છે. વળી, કષાય-નોકષાયરૂપ શત્રુઓ એવા મહાત્માઓથી સર્વથા દૂર રહે છે; કેમ કે તેમનું તેજ જોઈને પણ તેઓ પાસે આવવા તેઓ ધ્રૂજે છે. આથી જ સમિતિ-ગુપ્તિવાળા મુનિઓ શત્રુઓથી ત્યાગ કરાયેલા છે અને સર્વ કલ્યાણને ભજનારા છે. **॥૧૨૯૨॥**

**શ્લોક :-**

**अयं चित्तसमाधानो, मण्डपः पापखण्डनः ।**

**भवप्रपञ्चो भात्यस्मिन्, ज्वलज्ज्वलनसन्निभः ।।१२९३।।**

**શ્લોકાર્થ :-**

**આ ચિત્તસમાધાન મંડપ=જૈનનગરમાં વર્તતું ચિત્તસમાધાન મંડપ પાપને ખંડન કરનાર છે. આમાં=ચિત્તસમાધાન મંડપમાં, બળતા અગ્નિ જેવો ભવપ્રપંચ દેખાય છે.**

જૈનનગરમાં રહેલા સુસાધુઓનું ચિત્ત અત્યંત સમાધાનવાળું છે. તેથી આત્માના નિરાકુળ સ્વભાવ સિવાય અન્ય કંઈ તેમને સાર જણાતો નથી. તેથી સમાધાન પામેલું તેમનું ચિત્ત પાપનું ખંડન કરનાર છે; કેમ કે પાપની પરિણતિથી વિરુદ્ધ પરિણતિ સ્વરૂપ છે. વળી, ચિત્તસમાધાનવાળા મહાત્માઓને ચાર ગતિઓના ભ્રમણરૂપ ભવપ્રપંચ બળતા અગ્નિ જેવો દેખાય છે. તેથી તેના ઉપાયભૂત કષાયોને ઓલવવા જ સદા તે મહાત્મા યત્ન કરે છે. **॥૧૨૯૩॥**

**શ્લોક :-**

**भस्मीभवत्यविद्याऽस्मिन्, ज्ञानोद्योतो विजृम्भते ।**
**छिद्यते कर्मणां ग्रन्थिर्मनोमुद्रा विभिद्यते ।।१२९४।।**

**શ્લોકાર્થ :-**

**આમાં=ચિત્તસમાધાન મંડપમાં, અવિદ્યા ભસ્મીભૂત થાય છે. જ્ઞાનનો ઉદ્યોત ઉલ્લસિત થાય છે. કર્મોની ગ્રંથિ છેદાય છે. મનની મુદ્રા વિભેદને પામે છે.**

જેઓનું ચિત્ત સમાધાન પામેલું છે, તેઓને આત્માના નિરાકુળ સ્વરૂપનો બોધ સતત સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે. તેથી અવિદ્યા પૂર્વમાં જે હતી તે ભસ્મીભૂત થાય છે અને જિનવચનાનુસાર સમ્યગ્જ્ઞાનનો ઉદ્યોત ચિત્તમાં વિલાસ પામે છે. કર્મનાં બંધનો છેદાય છે; કેમ કે કર્મબંધના કારણથી વિરુદ્ધ પરિણામો ચિત્તસમાધાન મંડપમાં વર્તે છે. મનની મુદ્રા પૂર્વમાં વિષયોને અભિમુખ હતી, તે હવે તત્ત્વને અભિમુખ બને છે. **॥૧૨૯૪॥**

**શ્લોક :-**

**एषा निःस्पृहता नाम्नी, वेदिकाऽस्या निरीक्षणात् ।**
**नरेन्द्राणां सुरेन्द्राणामपि भूतिर्न रोचते ।।१२९५।।**

**શ્લોકાર્થ :-**

**આ=ચિત્તસમાધાન મંડપમાં રહેલ આ, નિઃસ્પૃહતા નામની વેદિકા છે. એના નિરીક્ષણથી=એના પારમાર્થિક સ્વરૂપના બોધથી, નરેન્દ્રોના, સુરેન્દ્રોના પણ વૈભવો રુચતા નથી.**

જે મહાત્માનું ચિત્ત સમાધાન પામેલું છે, તેથી અવિદ્યા દૂર થાય છે, તેના કારણે ચિત્તમાં નિઃસ્પૃહતા ઉલ્લસિત થાય છે. નિઃસ્પૃહતાના સુખમાં મગ્ન એવા તેઓને ઇન્દ્રોનાં સુખો પણ પોતાના નિઃસ્પૃહતાના સુખ આગળ તુચ્છ અને અસાર જણાય છે. **॥૧૨૯૫॥**

**શ્લોક :-**

**द्रष्टुमेनां गुणभृतां, मोहाद्याः शक्नुवन्ति न ।**
**द्विपमुक्तागणाकीर्णां, मृगाः सिंहगुहामिव ।।१२९६।।**

**શ્લોકાર્થ :-**

**ગુણથી ભરાયેલી એવી આને=નિઃસ્પૃહતા વેદિકાને, મોહાદિ જોવા માટે સમર્થ નથી, જેમ હાથીઓના મુકાયેલા અગણથી આકીર્ણ એવી સિંહની ગુફાને મૃગલાઓ જોવા સમર્થ નથી.**

જે જીવોને નિઃસ્પૃહતામાં જ શ્રેષ્ઠ સુખનું વેદન છે, એવા મુનિઓના ચિત્તમાં નિઃસ્પૃહતા વેદિકા વિદ્યમાન છે જેના તેજને મોહાદિ જોવા સમર્થ નથી. આથી જ નિઃસ્પૃહી એવા ઋષભદેવ ભગવાન સંયમકાળમાં ઉદ્યમ કરતા હતા, ત્યારે તેમની ચિત્તવૃત્તિમાં જે મોહાદિના સંસ્કારો હતા તે પણ દૂર, દૂરતર ભાગતા હતા. જેથી તેમના ચિત્તમાં મોહાદિના કોઈ સંસ્કારો ખલેલ કરવા સમર્થ ન હતા. જેમ ઘણા હાથીઓનાં કલેવરોથી આકીર્ણ સિંહગુફાને જોઈને મૃગલાઓ તે ગુફાને સન્મુખ પણ આવતા નથી, પરંતુ દૂર, દૂરતર ભાગે છે. **॥૧૨૯૬॥**

**શ્લોક :-**

**जीववीर्यमिदं स्पष्टं, विष्टरं कान्तिभासुरम् ।**
**राजा तद्धाम राज्यं च, प्रभावादस्य जृम्भते ।।१२९७।।**

**શ્લોકાર્થ :-**

**કાંતિથી તેજસ્વી એવું આ સ્પષ્ટ જીવવીર્યરૂપ સિંહાસન છે. આના પ્રભાવથી=જીવવીર્યરૂપ સિંહાસનના પ્રભાવથી, રાજા=તેના ઉપર બેઠેલ ચતુર્મુખવાળા રાજા, તેમનું સ્થાન અને રાજ્ય તેજસ્વી થાય છે.**

જીવનું વીર્ય અંતરંગ નિરાકુળ સ્વભાવને અનુકૂળ ઉલ્લસિત હોય છે, ત્યારે તે જીવવીર્ય સ્પષ્ટ આત્માના પારમાર્થિક સ્વરૂપનો પ્રકાશક થાય છે અને તેના તેજના પ્રભાવથી તે સિંહાસન ઉપર બેઠેલ વીતરાગ, સર્વજ્ઞરૂપી રાજા તેજસ્વી જણાય છે; કેમ કે મુનિનું જીવવીર્ય વીતરાગના ગુણોથી રંજિત છે. તેથી મુનિના ચિત્તમાં વર્તતા વીતરાગ મુનિના ચિત્તથી તેજસ્વી બને છે. આથી જ જેઓના ચિત્તમાં વીતરાગ શબ્દ માત્ર યાદ આવે છે, પરંતુ સૂક્ષ્મ બોધ નહીં હોવાના કારણે વીતરાગતાના પરમાર્થને તેઓનું ચિત્ત સ્પર્શી શકતું નથી, તેમના જીવવીર્યથી તેમના હૃદયમાં રહેલા વીતરાગ તે પ્રકારે તેજસ્વી થતા નથી. વળી, જીવવીર્ય સિંહાસન પર બેઠેલા વીતરાગનું સ્થાન જૈનશાસનમાં વર્તતા મુનિ આદિનું ચિત્ત છે. મુનિ આદિના ચિત્તમાં પણ તે જીવવીર્ય સિંહાસનના કારણે તેજ વર્તે છે. આથી જ મુનિઓ તે સિંહાસનના બળથી મોહનાશને અનુકૂળ તેજસ્વી બને છે અને આત્માનું પોતાનું સામ્રાજ્ય જીવવીર્ય સિંહાસનના કારણે પ્રકાશમય જણાય છે; કેમ કે મુનિ આદિને આત્માની નિર્દ્વંદ્વ અવસ્થા સ્પષ્ટ સ્પષ્ટતર દેખાય છે. આથી જ મુનિઓ તેલધારક પાત્રવાળા પુરુષની જેમ અપ્રમાદભાવથી મોહનાશ માટે યત્ન કરવા સમર્થ બને છે. **॥૧૨૯૭॥**

**શ્લોક :-**

**बिभर्त्यस्य महिम्नैव, विवेकाद्रिर्गरिष्ठताम् ।**
**भास्वन्मणिसमूहेन, रोहणाद्रिरिव स्फुटम् ।।१२९८।।**

**શ્લોકાર્થ :-**

**આના=જીવવીર્યરૂપ સિંહાસનના, મહિમાથી જ વિવેકરૂપી પર્વત ગરિષ્ઠતાને ધારણ કરે છે. જેમ ભાસ્વર મણિના સમૂહથી સ્પષ્ટ રોહણાચલ પર્વત ગરિષ્ઠતાને ધારણ કરે છે.**

જીવમાં મોહનાશને અનુકૂળ જીવવીર્ય ઉલ્લસિત વર્તે છે, ત્યારે તેના ચિત્તમાં ભેદજ્ઞાનરૂપ વિવેક પર્વત અતિશયતાને ધારણ કરે છે. જેમ રોહણાચલ પર્વત સુવર્ણનો હોવા છતાં ભાસ્વર મણિના સમૂહથી અતિશયતાને પામે છે, તેમ ભાસ્વર મણિ જેવા જીવવીર્યથી વિવેક અતિશયતાને પામે છે. **॥૧૨૯૮॥**

**શ્લોક :-**

**विनेदं निखिलं राज्यं, मोहाद्यैः प्रविलुप्यते ।**
**वीर्यं विनाऽङ्गिनामङ्गं, कुपितैरिव धातुभिः ।।१२९९।।**

**શ્લોકાર્થ :-**

**આના વગર=જીવવીર્ય સિંહાસન વગર, સંપૂર્ણ રાજ્ય મોહાદિ ચોરટાઓ વડે વિલોપ કરાય છે. જેમ સંસારી જીવોનું અંગ વીર્ય વગર કુપિત ધાતુઓ વડે નાશ પામે છે.**

જેમ સંસારી જીવોનું શરીર ધાતુઓના કોપને કારણે વીર્ય વગરનું થઈ જાય તો તે મૃત્યુ પામે છે, તેમ જે જીવમાં મોહનાશને અનુકૂળ લેશ પણ વીર્ય નથી, તેઓ ક્વચિત્ ધર્માનુષ્ઠાન કરતા હોય કે ન પણ કરતા હોય તોપણ મોહાદિ શત્રુઓથી સતત લુંટાય છે. આથી જ તેના ચિત્તરૂપી અટવીમાં સતત મોહના જ કલ્લોલો વર્તે છે. **॥૧૨૯૯॥**

**શ્લોક :-**

**दध्यौ प्रकर्षस्तच्छ्रुत्वा, तद्धि सात्त्विकमानसम् ।**
**अकामनिर्जरापेक्षं, वीर्यं मिथ्यादृशां हि यत् ।।१३००।।**

**શ્લોકાર્થ :-**

**તે સાંભળીને પ્રકર્ષે વિચાર્યું. તે=જીવવીર્ય, સાત્ત્વિક માનસ છે. જે કારણથી મિથ્યાદષ્ટિનું વીર્ય અકામનિર્જરાની અપેક્ષાવાળું છે.**

વિમર્શે પ્રકર્ષને જીવવીર્ય સિંહાસનનું સ્વરૂપ બતાવ્યું. તે સાંભળીને પ્રકર્ષે વિચાર કર્યો કે આદ્ય ભૂમિકાથી માંડીને ચરમભૂમિકાનું મોક્ષને અનુકૂળ જીવવીર્ય સાત્ત્વિક માનસ છે અને મિથ્યાદષ્ટિ જીવોને અકામ નિર્જરાથી તેવું જીવવીર્ય પ્રગટે છે. જેમ મેઘકુમારના જીવને હાથીના ભવમાં અકામ નિર્જરાથી તેવું ચિત્ત પ્રગટ થયું. જેથી દુઃખિતોમાં અત્યંત દયા થઈ. ગુણનો અદ્વેષ પ્રગટ્યો. જેનાથી મંદ મિથ્યાત્વ થવાને કારણે એવું શ્રેષ્ઠ જીવવીર્ય પ્રાપ્ત થયું. જેના બળથી મેઘકુમારના ભવમાં સંયમ ગ્રહણ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનની પ્રાપ્તિ થઈ. **॥૧૩૦૦॥**

**શ્લોક :-**

**लोकास्ते चात्र वास्तव्या, येऽनेन धुतकल्मषाः ।**
**एतद्वासप्रभावेण, प्रयान्ति विबुधालयम् ।।१३०१।।**

**શ્લોકાર્થ :-**

**અને અહીં=સાત્ત્વિક માનસમાં તે લોકો વાસ્તવ્ય છે, જેઓ આના વડે=સાત્ત્વિક માનસ વડે, ધોયેલા પાપવાળા છે. આના વાસના પ્રભાવથી= સાત્ત્વિક માનસના વાસના પ્રભાવથી, વિબુધાલયમાં જાય છે.**

જેઓ સાત્ત્વિક માનસ નગરમાં રહે છે, તેઓ બીજાનું ભલું કરવું, કોઈને સંત્રાસ ન આપવો ઇત્યાદિ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. માતા-પિતાને સંપૂજક હોય છે. દેવ-ગુરુની ભક્તિ કરનારા હોય છે. વિશેષ બોધ નહિ હોવા છતાં પ્રકૃતિ ભદ્રક હોય છે, તેઓ તેવા સાત્ત્વિક માનસના વાસને કારણે દેવલોકમાં જાય છે. **॥૧૩૦૧॥**

**શ્લોક :-**

**धनपुत्रकलत्रादेः, शरीरात् कर्मणस्तथा ।**
**भिन्नोऽहं परिभिद्यन्ते, मत्तो मोहादिशत्रवः ।।१३०२।।**
**अज्ञात्वाऽप्यागमं जैनं, कर्मनिर्जरणेन या ।**
**भवत्येवंविधा बुद्धिः, स विवेकोऽभिगीयते ।।१३०३।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**ધન, પુત્ર, કલત્ર આદિથી, શરીરથી અને કર્મથી ભિન્ન હું છું. મારાથી મોહાદિ શત્રુઓ પરિભેદને પામે છે=પૃથગ્ છે. જૈન આગમને જાણ્યા વગર પણ કર્મના નિર્જરણથી આવા પ્રકારની જે બુદ્ધિ થાય છે, તે વિવેક કહેવાય છે.**

સાત્ત્વિક માનસમાં આવેલા જીવોમાંથી કેટલાક જીવોને જૈનાગમની પ્રાપ્તિથી તો કેટલાક જીવોને જૈનાગમની પ્રાપ્તિ વગર તત્ત્વને જોવામાં બાધક કર્મની નિર્જરા થવાથી ધન, પુત્રાદિથી પોતે ભિન્ન છે, શરીરથી પોતે ભિન્ન છે, કાર્મણ શરીરથી પોતે ભિન્ન છે, એટલું જ નહિ પણ ચિત્તમાં થતા મોહના પરિણામો પોતાનાથી

ભિન્ન છે તે પ્રકારનો બોધ થાય છે. જે ભેદજ્ઞાન સ્વરૂપ વિવેક છે. આ પ્રકારે પ્રકર્ષ વિચારે છે. એમ શ્લોક-૧૩૦૦ સાથે સંબંધ છે. **॥૧૩૦૨-૧૩૦૩॥**

**શ્લોક :-**

**कषायविषयत्यागो, यो भवेद् दोषलाघवात् ।**
**अप्रमत्तत्वशिखरं, विवेकाद्रेस्तदिष्यते ।।१३०४।।**

**શ્લોકાર્થ :-**

**દોષના લાઘવથી જે કષાય અને વિષયનો ત્યાગ થાય તે વિવેક પર્વતનું અપ્રમત્તત્વ શિખર ઈચ્છાય છે.**

યોગ્ય જીવો વિવેકવાળા થયા પછી કષાયોનો અને વિષયોનો ત્યાગ કરીને ગુણવૃદ્ધિમાં યત્નવાળા થાય છે. તે અપ્રમત્તત્વ શિખર છે. આ પ્રકારનો અપ્રમત્તત્વભાવ અન્ય દર્શનવાળા જીવોમાં પણ થાય છે, એમ પ્રકર્ષ વિચારે છે. **॥૧૩૦૪॥**

**શ્લોક :-**

**असद्ग्रहनिवृत्त्याऽत्र, दृष्टिर्मार्गानुसारिणी ।**
**भवत्येकपदी मुक्तेः, प्रापिकाऽन्यमतेष्वपि ।।१३०५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=અપ્રમત્ત શિખરમાં, અસદ્ગ્રહની નિવૃત્તિ થવાથી મુક્તિની પ્રાપિકા અન્ય મતોમાં પણ એક પદવાળી માર્ગાનુસારિણી દૃષ્ટિ થાય છે.**

જે જીવો વિવેકને પ્રાપ્ત કરીને કષાયોના ત્યાગ અર્થે અપ્રમાદથી યત્ન કરે છે, તેઓમાં આત્માના નિરાકુળ સ્વભાવરૂપ સત્ તત્ત્વનો જ આગ્રહ થાય છે. તેથી તેઓમાં અસદ્ગ્રહની નિવૃત્તિ થાય છે, તેના કારણે મોક્ષમાર્ગને અનુસરનારી દૃષ્ટિ પ્રગટે છે. જે મોક્ષને અવશ્ય પ્રાપ્ત કરાવે તેવી છે અને તે માર્ગાનુસારી દૃષ્ટિ જૈન મતમાં પણ કોઈકને માર્ગાનુસારી ઉપદેશ આદિના બળથી થાય છે કે અન્ય મતમાં પણ કોઈને કોઈક નિમિત્તથી થાય છે. જે મોક્ષને અનુકૂળ એક પદને અનુસરનારી છે. તેથી એકપદી છે. ફક્ત જૈનદર્શન તે પ્રકારના પદાર્થો બતાવે છે. જેથી તે દર્શનના માહાત્મ્યથી યોગ્ય જીવોને માર્ગાનુસારી દૃષ્ટિ

પ્રગટે છે, જ્યારે અન્ય દર્શનો એકાંતવાસથી દૂષિત હોવાને કારણે માર્ગાનુસારી દૃષ્ટિ પ્રત્યે કારણ નથી, છતાં અન્ય દર્શનમાં રહેલા પણ યોગ્ય જીવોમાં તેવી મધ્યસ્થ દૃષ્ટિ પ્રગટે તો અપ્રમાદભાવથી તેઓ તત્ત્વને ગ્રહણ કરનારા થાય છે. **॥૧૩૦૫॥**

**શ્લોક :-**

**महाराजपथो मुक्तेश्चतुर्वर्णविराजितम् ।**
**द्वादशाङ्गं पुनर्जैनं, वचनं पुरमुच्यते ।।१३०६।।**

**શ્લોકાર્થ :-**

**મુક્તિનો મહા રાજપથ ચારવર્ણથી શોભતું, વળી દ્વાદશાંગ- જૈન વચનરૂપ નગર કહેવાય છે.**

જૈન નગર મુક્તિનો મહા રાજપથ છે; કેમ કે તેને પામીને અનંતા જીવો તે પથ પર ચાલીને અનંતા મોક્ષને પામ્યા, પામે છે અને પામશે. વળી, તે મુક્તિનો રાજપથ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકામાં વર્તતું દ્વાદશાંગીરૂપ જૈન વચન છે. તેથી જેઓને જેટલું જેટલું જૈન વચન પરિણમન પામ્યું છે, તેટલું તેટલું તે જૈનવચન મોક્ષને અનુકૂળ પથ સ્વરૂપ છે. **॥૧૩૦૬॥**

**શ્લોક :-**

**तदादेशकृतस्तत्र, वास्तव्याः कीर्तिता जनाः ।**
**उक्तोऽत्र मण्डपो, वेदी विष्टरं च स्फुटाक्षरैः ।।१३०७।।**

**શ્લોકાર્થ :-**

**તેના=જૈનવચનના આદેશને કરનારા ત્યાં=જૈનપુરમાં, વસનારા જીવો કહેવાયા છે. અહીં=જૈનપુરમાં, સ્પષ્ટ અક્ષરો વડે મંડપ, વેદી, વિષ્ટર કહેવાયો છે.**

જેઓ જૈનવચનના આદેશને કરનારા છે, તેઓ જ અપ્રમત્ત શિખર ઉપર રહેલા જૈનનગરમાં વસનારા છે; કેમ કે જૈનવચનાનુસાર જિનતુલ્ય થવા યત્ન કરનારા છે અને જૈનનગરમાં ચિત્તસમાધાન મંડપ અને નિઃસ્પૃહતા વેદિકા

અને જીવવીર્ય સિંહાસન સ્પષ્ટ અક્ષરોથી બતાવાયાં છે. તેથી જિનવચન દ્વારા તે સર્વનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ જાણેલું છે. **II૧૩૦૭II**

**શ્લોક :-**

**ततो येन मया बुद्धमियद्भावार्थसंयुतम् ।**
**नृपं तत्परिवारं च, सोऽहं भोत्स्ये न संशयः ।।१३०८।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=જિનવચનમાં મંડપ આદિનું સ્વરૂપ બતાવાયું છે તેથી, જેના દ્વારા=જે જિનવચન દ્વારા, મારા વડે=પ્રકર્ષ વડે, આટલું ભાવાર્થસંયુત જણાયું=અત્યારસુધી વર્ણન કર્યું, એટલું ભાવાર્થસંયુત ચિત્તસમાધાન મંડપ આદિનું સ્વરૂપ જણાયું, રાજાનું સ્વરૂપ જણાયું અને તેનો પરિવાર જણાયો. તે હું=પ્રકર્ષ, બોધ પામીશ, સંશય નથી.**

પ્રકર્ષ વિમર્શને કહે છે કે શ્લોક-૧૩૦૦થી અત્યાર સુધી બતાવ્યું, તે સર્વ મારા વડે ભાવાર્થસંયુત જણાયું છે અને જીવવીર્ય સિંહાસન ઉપર બેઠેલા રાજા અને તેનો પરિવાર મેં જાણ્યો છે, તેથી હવે હું નક્કી તત્ત્વના બોધને પામીશ, સંશય નથી. **II૧૩૦૮II**

**શ્લોક :-**

**बोधावष्टम्भतोऽथाह, स पुरो ब्रूहि मातुल ! ।**
**स प्राह वत्स ! राजाऽयं, चतुर्वदनभूषितः ।।१३०९।।**
**चारित्रधर्मो विख्यातोऽनन्तवीर्यो जगद्धितः ।**
**समृद्धः कोशदण्डाभ्यां, गुणरत्नमहोदधिः ।।१३१०।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**બોધના અવષ્ટમ્ભથી=પ્રકર્ષને અત્યાર સુધી કંઈક બોધ થયો તેના બળથી, હવે તે=પ્રકર્ષ, કહે છે. હે મામા ! આગળ કહો. તે કહે છે= વિમર્શ કહે છે. હે વત્સ ! ચતુર્વદનથી=ચાર મુખથી ભૂષિત, પ્રખ્યાત, અનંત વીર્યવાળો, જગતનું હિત કરનાર, કોષદંડોથી સમૃદ્ધ, ગુણરત્નનો મહોદધિ આ ચારિત્રધર્મરૂપ રાજા છે. ।I૧૩૦૯-૧૩૧૦।I**

**શ્લોક :-**

**वक्त्राणि दानं शीलं च, तपः शुद्धं च भावनम् ।**
**अस्यैषां कीर्तयाम्युच्चैः, स्वरूपं ते पृथक् पृथक् ।।१३११।।**

**શ્લોકાર્થ :-**

**આના=ચારિત્રધર્મ રાજાના, દાન, શીલ, તપ અને શુદ્ધ ભાવનરૂપ મુખો છે. આમનું=દાનાદિનું સ્વરૂપ હું તને પૃથક્ પૃથક્ અત્યંત કહીશ. ।।૧૩૧૧।।**

**શ્લોક :-**

**दापयत्यभयज्ञानं, धर्मोपष्टम्भकं तथा ।**
**दानं दानाभिधं वक्त्रं, दुष्टं दानं न जल्पति ।।१३१२।।**

**શ્લોકાર્થ :-**

**દાન નામનું મુખ અભયદાન, જ્ઞાનદાન અને ધર્મ ઉપષ્ટંભક દાનને અપાવે છે. દુષ્ટ દાનને બોલતો નથી.**

ભગવાનનો ચારિત્રધર્મ દાન, શીલ, તપ, ભાવ સ્વરૂપ છે, તેમાં જે દાન નામનું ચારિત્રનું મુખ છે, તે છ જીવ નિકાયના જીવોને અભયદાન અપાવે છે. આથી જ સુસાધુ છ જીવનિકાયને પીડા કરતા નથી, પ્રાણનાશ કરતા નથી અને કષાયનો ઉદ્રેક કરતા નથી. તે અભયદાન સ્વરૂપ છે. વળી, યોગ્ય જીવોને સન્માર્ગનો બોધ કરાવે છે તે જ્ઞાનદાન સ્વરૂપ છે અને ધર્મને ઉપષ્ટંભક આહાર, વસ્ત્રાદિનું દાન જે શ્રાવકો કરે છે, તે પણ દાન નામનું મુખ કરાવે છે. વળી, ગુણવૃદ્ધિનું કારણ ન હોય તેવા અવિવેકવાળા દાનને આ દાન નામનો ધર્મ દાનધર્મ તરીકે કહેતો નથી. આથી જ જિનવચનથી અનિયંત્રિત મોહધારાની વૃદ્ધિ કરનાર પાસત્થા આદિને કરાયેલું દાન કે અન્ય દર્શનમાં કરાયેલું દાન દુષ્ટદાન હોવાથી દાનરૂપે કહેવાતું નથી. **।।૧૩૧૨।।**

**શ્લોક :-**

**अष्टादश सहस्राणि, शीलाङ्गानि प्रभाषते ।**
**शीलास्येन नृपो यानि, तानि बिभ्रति साधवः ।।१३१३।।**

**શ્લોકાર્થ :-**

**શીલ નામના મુખથી રાજા=ચારિત્રધર્મ રાજા, જે અઢાર હજાર શીલાંગનાઓને બોલે છે, તેને સાધુઓ ધારણ કરે છે.**

મુનિ કોઈ જીવને પીડા ન થાય, પ્રાણ નાશ ન થાય અને કષાયનો ઉદ્રેક ન થાય તેવા દૃઢ પ્રણિધાનપૂર્વક મન, વચન, કાયાની સર્વ ચેષ્ટાઓ કરે છે ત્યારે તેઓમાં અઢાર હજાર શીલાંગ સ્ફુરાયમાન થાય છે. **॥૧૩૧૩॥**

**શ્લોક :-**

**निर्निदानं निराबाधं, ज्ञानसंवेगगर्भितम् ।**
**अभिधत्ते तपोवक्त्रं, शमशर्मकरं तपः ।।१३१४।।**

**શ્લોકાર્થ :-**

**તપરૂપી મુખ નિર્નિદાન, નિરાબાધ, જ્ઞાનસંવેગથી ગર્ભિત, શમના સુખને કરનાર એવા તપને કહે છે. ।।૧૩૧૪।।**

**શ્લોક :-**

**भाव्या भवस्य नाशार्थमनित्यत्वादिभावनाः ।**
**इत्याह भूपतेः पूतमाननं शुद्धभावनम् ।।१३१५।।**

**શ્લોકાર્થ :-**

**ભવના નાશ માટે અનિત્યત્વાદિ ભાવના ભાવન કરવી જોઈએ. એ પ્રમાણે રાજાનું પવિત્ર મુખ શુદ્ધભાવનને કહે છે. ।।૧૩૧૫।।**

**શ્લોક :-**

**मुखैश्चतुर्भिर्भूपोऽयं, लोकानां हितमादिशन् ।**
**एभिः सौख्याय सर्वेषां, पीयूषं कस्य दुःखदम् ।।१३१६।।**

**શ્લોકાર્થ :-**

**આ ચાર મુખો વડે લોકોના હિતને આદેશ કરતો આ રાજા=ચારિત્રધર્મ રાજા, સર્વના સુખ માટે થાય છે. અમૃત કોને દુઃખને દેનારું છે ? અર્થાત્ કોઈને દુઃખને દેનારું નથી. ।।૧૩૧૬।।**

શ્લોક :-

अर्धासने निविष्टाऽस्य, दृश्यते या मृगेक्षणा ।
भार्येयं विरतिर्नाम, भूपतेर्भाग्यशालिनः ।।१३१७।।

શ્લોકાર્થ :-

**આના=ચારિત્રધર્મ રાજાના, અર્ધાસનમાં બેઠેલી જે મૃગેક્ષણા દેખાય છે, એ ભાગ્યશાળી એવા રાજાની વિરતિ નામની ભાર્યા છે. ।।૧૩૧૭।।**

શ્લોક :-

धर्मकर्णान्तविश्रान्तज्ञानदर्शनचक्षुषः ।
निरीक्ष्य रूपमेतस्या, न मज्जन्ति सुधासु के ।।१३१८।।

શ્લોકાર્થ :-

**ધર્મરૂપી કર્ણના અંતમાં વિશ્રાંત થયેલ જ્ઞાન, દર્શનરૂપી ચક્ષુવાળા એવા કોણ આના રૂપને જોઈને=વિરતિના રૂપને જોઈને, અમૃતમાં મજ્જન કરતા નથી ?=સર્વ જીવો અમૃતમાં મજ્જન કરે છે.**

શ્રોત્રેન્દ્રિય દ્વારા ધર્મનું શ્રવણ થાય છે, તે કર્ણના અંતમાં વિશ્રાંત થયેલ જ્ઞાન, દર્શનરૂપી ચક્ષુ છે; કેમ કે શાસ્ત્ર શ્રવણ કરવાથી તેવી નિર્મળ અંતરંગ ચક્ષુ પ્રગટ થયેલી છે અને તેવા જીવોને પાપની વિરતિ જ જીવને માટે અમૃત જેવી સુખાત્મક છે, તેમ ભાસે છે; કેમ કે અમર અવસ્થારૂપ સિદ્ધ અવસ્થાનું પ્રબળ કારણ છે. **।।૧૩૧૮।।**

શ્લોક :-

समानगुणवीर्येयं, भूभुजाऽनेन वर्णिनी ।
हृदयानन्दजननी, कल्पवल्लीव कामदा ।।१३१९।।

શ્લોકાર્થ :-

**આ રાજાની સાથે સમાન ગુણવીર્યવાળી આ હૃદયના આનંદને ઉત્પન્ન કરનારી કલ્પવલ્લીની જેમ કામને દેનારી વર્ણિની છે=સ્ત્રી છે. ।।૧૩૧૯।।**

**શ્લોક :-**

**दृश्यन्ते पञ्च यस्यैते, नृपा निकटवर्तिनः ।**
**स्वाङ्गभूता वयस्यास्ते, भूपतेर्भूरितेजसः ।।१३२०।।**

**શ્લોકાર્થ :-**

**જેની નિકટવર્તી આ પાંચ રાજાઓ દેખાય છે. ઘણા તેજવાળા રાજાના તે સ્વાંગભૂત મિત્રો છે.**

ચારિત્રધર્મ રાજાના નિકટવર્તી સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રના પરિણામો છે. તેને સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧૩૨૦॥**

**શ્લોક :-**

**आद्यः सामायिकाख्योऽयं, सतां पापमपोहति ।**
**छेदोपस्थापनो हन्ति, द्वितीयस्तद्विशेषतः ।।१३२१।।**

**શ્લોકાર્થ :-**

**આદ્ય સામાયિક નામનો આ રાજા સંતોનાં પાપોને દૂર કરે છે, બીજો છેદોપસ્થાપન તેને=પાપને, વિશેષથી હણે છે.**

સામાયિક જીવનો સમભાવનો પરિણામ છે. જેનાથી અસામાયિકજન્ય પૂર્વમાં કરાયેલાં પાપો નાશ પામે છે, છેદોપસ્થાપન પાંચ મહાવ્રતના આરોપણરૂપ છે. જેનાથી વિશેષ રૂપ સામાયિકનો પરિણામ થાય છે. તેથી વિશેષથી પાપોનો નાશ થાય છે. **॥૧૩૨૧॥**

**શ્લોક :-**

**परिहारविशुद्धीयस्तृतीयस्तु महीपतिः ।**
**मुनीनां दर्शयत्युग्रं, तपोऽष्टादशमासिकम् ।।१३२२।।**

**શ્લોકાર્થ :-**

**પરિહાર વિશુદ્ધીય નામનો ત્રીજો રાજા છે. મુનિઓને અઢાર માસનો ઉગ્ર તપ બતાવે છે. ।।૧૩૨૨।।**

**શ્લોક :-**

**तुर्यः सूक्ष्मसंपरायो, हन्ति सूक्ष्मं रजोऽप्ययम् ।**
**पञ्चमश्च यथाख्यातः, प्राणाश्चारित्रभूपतेः ।।१३२३।।**

**શ્લોકાર્થ :-**

**ચોથો આ સૂક્ષ્મ સંપરાય સૂક્ષ્મ રજને પણ=કર્મરજને પણ, હણે છે. પાંચમો યથાખ્યાત નામનો છે. ચારિત્ર રાજાનો પ્રાણ છે.**

ચોથું સામાયિક સૂક્ષ્મ સંપરાય નામના નવમા ગુણસ્થાનકમાં શ્રેણીવર્તી જીવોને આવે છે, જે ઘણાં કર્મોનો નાશ કરે છે. પાંચમો યથાખ્યાત નામનો ચારિત્ર ક્ષાયિકભાવના ચારિત્ર સમાન છે. તેથી ચારિત્રના પ્રાણ-સ્વરૂપ છે. **॥૧૩૨૩॥**

**શ્લોક :-**

**यश्चैष मूलभूपस्य, निकटे वत्स ! दृश्यते ।**
**तमस्य यतिधर्माख्यं, विद्धि राज्यधरं सुतम् ।।१३२४।।**

**શ્લોકાર્થ :-**

**આ મૂલરાજાની નિકટમાં હે વત્સ ! જે આ દેખાય છે, યતિધર્મ નામના તેને આના=મૂલરાજાના, રાજ્યધર એવા પુત્રને તું જાણ અર્થાત્ દશ પ્રકારનું ચારિત્રધર્મ એ મૂલરાજાનો પુત્ર છે. ॥૧૩૨૪॥**

**શ્લોક :-**

**मुनयो ये बहिर्दृष्टास्तेषामेषोऽतिवल्लभः ।**
**मानुषैर्दशभिर्यैश्च, युक्तोऽसौ तान्यथो शृणु ।।१३२५।।**

**શ્લોકાર્થ :-**

**જે બહાર જોવાયેલા=ભવચક્ર બહિર્દેશમાં જોવાયેલા, મુનિઓ છે તેઓને=મુનિઓને, આ=યતિધર્મરાજા, અતિવલ્લભ છે અને જે દશ માણસોથી યુક્ત આ=યતિધર્મ છે, હવે તેને તું સાંભળ. ॥૧૩૨૫॥**

**શ્લોક :-**

**योषिदाद्या क्षमा नाम, वल्लभा शमिनां सदा ।**
**निरोधं रोषपोषस्य, तेषामेषा दिशत्यहो ।।१३२६।।**

**શ્લોકાર્થ :-**

**આદ્ય ક્ષમા નામની સ્ત્રી શમી જીવોને=સાધુઓને સદા વલ્લભ છે, તેઓને=શમી જીવોને, આ=ક્ષમા, રોષના પોષના નિરોધને બતાવે છે= જીવમાં રોષનો પરિણામ છે તેનું પોષણ ન થાય તે પ્રકારે રોધના નિરોધને બતાવે છે. ।।૧૩૨૬।।**

**શ્લોક :-**

**द्वितीयं मार्दवं नाम, डिम्भरूपमिदं विदुः ।**
**गुरवोऽपि गुणैरस्य, वीर्याद् बिभ्रति नम्रताम् ।।१३२७।।**

**શ્લોકાર્થ :-**

**બીજું માર્દવ નામનું બાળકરૂપ આ=મનુષ્ય, જાણવું, આના વીર્યથી= માર્દવના વીર્યથી, ગુણોથી ગુરુઓ પણ=મોટા પણ, નમ્રતાને ધારણ કરે છે.**

સુસાધુઓ તો માર્દવને કારણે નમ્રતાને ધારણ કરે છે પરંતુ ગુણસંપન્ન ગુરુઓ પોતાના ગુણોને કારણે માનકષાયવાળા થતા નથી પણ માર્દવ પરિણામના વીર્યથી નમ્રતાને ધારણ કરે છે. **।।૧૩૨૭।।**

**શ્લોક :-**

**तृतीयमार्जवं नाम, डिम्भरूपमिदं पुनः ।**
**मनः करोति साधूनां, सरलं मलवर्जितम् ।।१३२८।।**

**શ્લોકાર્થ :-**

**વળી, ત્રીજું આર્જવ નામનું આ બાળકરૂપ સાધુઓના મનને મલવર્જિત સરલ કરે છે. ।।૧૩૨૮।।**

**શ્લોક :-**

**चतुर्थी मुक्तता योषित्, करोति शमिनां मनः ।**
**निस्संगं बहिरन्तश्च, शुद्धस्फटिकनिर्मलम् ।।१३२९।।**

**શ્લોકાર્થ :-**

**ચોથી મુક્તતા નામની સ્ત્રી શમીજીવોના=ઉપશમવાળા સાધુઓના, મનને બહારમાં નિસ્સંગ કરે છે અને અંતરંગ શુદ્ધ સ્ફટિક જેવું નિર્મલ કરે છે.**

સાધુની મુક્તતા નામની પરિણતિ બાહ્ય સ્વજન, સાધર્મિક, શિષ્યાદિ પ્રત્યે પણ સંગ વગરનું ચિત્ત કરે છે અને અંતરંગ તત્ત્વને જોનારા મુનિઓ શુદ્ધ સ્ફટિક જેવાં નિર્મલ મન કરે છે. **ll૧૩૨૯ll**

**શ્લોક :-**

**तपोयोग इति ख्यातो, विशुद्धः पञ्चमो नरः ।**
**क्षिणोति कर्म शमिनां, बाह्याभ्यन्तरभेदभाक् ।।१३३०।।**

**શ્લોકાર્થ :-**

**તપોયોગ એ પ્રમાણે ખ્યાત વિશુદ્ધ પાંચમો નર છે, બાહ્ય અને અભ્યંતરના ભેદવાળો પાંચમો નર શમીજીવોના=ઉપશમવાળા સાધુઓના, કર્મનો નાશ કરે છે. ।।૧૩૩૦।।**

**શ્લોક :-**

**यस्त्वयं दृश्यते वत्स ! षष्ठः शमवतां प्रियः ।**
**स सप्तदशभिर्भेदैः, पूतः संयमभूपतिः ।।१३३१।।**

**શ્લોકાર્થ :-**

**હે વત્સ ! પ્રકર્ષ ! જે વળી આ શમવાળા જીવોને પ્રિય છઠ્ઠો દેખાય છે, તે સત્તર ભેદો વડે પવિત્ર સંયમ રાજા છે. ।।૧૩૩૧।।**

**શ્લોક :-**

**पञ्चाश्रवाद् विरमणं, पञ्चेन्द्रियविनिग्रहः ।**
**कषायदण्डविरती, भिदाः सप्तदशेत्यमूः ।।१३३२।।**

**શ્લોકાર્થ :-**

**પાંચ આશ્રવથી વિરમણ, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, ચાર કષાયની વિરતિ અને ત્રણ દંડની વિરતિ એ પ્રકાર આ સત્તર ભેદો છે. ||૧૩૩૨||**

**શ્લોક :-**

**सप्तमः सत्यनामायमस्यादेशेन साधवः ।**
**हितं मितं च भाषन्ते, जगदाह्लादकृद्वचः ।।१३३३।।**

**શ્લોકાર્થ :-**

**સાતમો સત્ય નામનો આ છે=મનુષ્ય છે. આના આદેશથી=સત્યના આદેશથી, સાધુઓ હિત, મિત, જગતને આહ્લાદક વચન બોલે છે. ||૧૩૩૩||**

**શ્લોક :-**

**अष्टमोऽत्र नृपः शौचाभिधानो मुनिपुङ्गवाः ।**
**द्रव्यभावात्मिकां शुद्धिमस्यादेशाद् वितन्वते ।।१३३४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=ચિત્તસમાધાન મંડપમાં, આઠમો રાજા શૌચ નામનો છે. મુનિપુંગવો આના આદેશથી=શૌચના આદેશથી, દ્રવ્યભાવાત્મિકા શુદ્ધિને વિસ્તારે છે.**

શુદ્ધ આહારાદિ ગ્રહણરૂપ દ્રવ્યશુદ્ધિને વિસ્તારે છે અને સર્વત્ર નિર્લેપ પરિણતિરૂપ ભાવાત્મિકારૂપ શુદ્ધિને વિસ્તારે છે. **||૧૩૩૪||**

**શ્લોક :-**

**यड्डिम्भरूपं नवममाकिञ्चन्यं मनोहरम् ।**
**मुनिभिर्मोचयत्येतद्, बाह्यान्तरपरिग्रहम् ।।१३३५।।**

**શ્લોકાર્થ :-**

**જે નવમું મનોહર બાળક આકિંચન્ય છે, એ મુનિઓ પાસેથી બાહ્ય અને અંતર પરિગ્રહને મુકાવે છે.**

મુનિઓને મારું કંઈ નથી, એ પ્રકારનો અકિંચનનો ભાવ વર્તે છે, તેથી બાહ્ય સર્વ પરિગ્રહનો મુનિઓ ત્યાગ કરે છે અને કોઈ પદાર્થ પ્રત્યે મમતાનો પરિણામ ન થાય, તે રીતે અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરે છે. **॥૧૩૩૫॥**

**શ્લોક :-**

**दिव्यौदारिककामानां, त्रिविधानां त्रिधा शमात् ।**
**दशमं डिम्भरूपं च, ब्रह्म कारयति स्फुटम् ।।१३३६।।**

**શ્લોકાર્થ :-**

**ત્રિવિધ એવા દિવ્યૌદારિકકામોના ત્રણ પ્રકારના શમનથી દશમું બાળક સ્પષ્ટ બ્રહ્મચર્યને કરાવે છે. ॥૧૩૩૬॥**

**શ્લોક :-**

**तदेष दशभिर्युक्तो, यतिधर्मोऽत्र मानुषैः ।**
**शोभां बिभर्ति सुषमाकालः कल्पद्रुमैरिव ।।१३३७।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી દશ માનુષ્યો વડે યુક્ત આ યતિધર્મ અહીં=માનુષ્યલોકમાં, શોભાને ધારણ કરે છે, જેમ કલ્પવૃક્ષોથી સુષમાકાલ શોભાને ધારણ કરે છે. ॥૧૩૩૭॥**

**શ્લોક :-**

**सद्भावसारताऽऽख्येयं, भार्याऽस्य गुणरत्नभूः ।**
**म्रियतेऽस्यां मृतायां हि, जीवन्त्यामेष जीवति ।।१३३८।।**

**શ્લોકાર્થ :-**

**આની=યતિધર્મની, ગુણરત્નની ભૂમિ, સદ્ભાવસારતા નામની આ ભાર્યા છે, આ મર્યે છતે=સદ્ભાવસારતા મર્યે છતે, આ યતિધર્મ મરે છે.**

**જીવતી છતી=સદ્ભાવસારતા જીવતી છતી, આ=યતિધર્મ, જીવે છે.**

પોતાના પારમાર્થિકભાવરૂપ સદ્ભાવમાં તીવ્ર રુચિ જીવની સદ્ભાવસારતા છે અને તે બધાં ગુણરત્નોની ઉત્પત્તિ ભૂમિ છે અને આવો પરિણામ જીવમાં હોય તો યતિધર્મ જીવે છે. અન્યથા સંયમની ક્રિયા હોવા છતાં, યતિધર્મનું મૃત્યુ થાય છે. **||૧૩૩૮||**

**શ્લોક :-**

**निशाशशाङ्कयोर्यद्वद्, गौरीगिरीशयोर्यथा ।**
**दाम्पत्यमनयोस्तद्वन्निर्मिथ्यस्नेहनिर्भरम् ।।१३३९।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રાત્રિ અને ચંદ્રનું અને જે પ્રમાણે ગૌરી અને ગિરીશનું દામ્પત્ય છે, તેની જેમ આ બેનું યતિધર્મ અને સદ્ભાવસારતાનું નિર્મિથ્ય સ્નેહનિર્ભર દામ્પત્ય છે. ||૧૩૩૯||**

**શ્લોક :-**

**जिनैः किमप्यनुज्ञातं, निषिद्धं वा न सर्वथा ।**
**भाव्यं सद्भावसारेणेत्येषाऽऽज्ञा पारमेश्वरी ।।१३४०।।**

**શ્લોકાર્થ :-**

**જિનો વડે સર્વથા કંઈ પણ અનુજ્ઞાત નથી, સર્વથા નિષિદ્ધ નથી, સદ્ભાવસારથી થવું જોઈએ, એ પારમેશ્વરી આજ્ઞા છે.**

ભગવાનની આજ્ઞા આત્માના પારમાર્થિક નિરાકુળ સ્વભાવને પ્રગટ કરવાને અનુકૂળ જે યત્ન, તેના પાલન અર્થે જ વિધિનિષેધની પ્રવૃત્તિ છે. તેથી એકાંત કોઈ કૃત્યનું વિધાન નથી અને કોઈ કૃત્યનો નિષેધ નથી. પરંતુ સદ્ભાવસાર ચિત્તથી ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ એ પ્રકારે ભગવાનની આજ્ઞા છે. **||૧૩૪૦||**

**શ્લોક :-**

**चारित्रधर्मस्तदिमां, विरहय्य न तिष्ठति ।**
**स्नेहलः क्षणमप्येकं, प्राणेभ्योऽप्यधिकां प्रियाम् ।।१३४१।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી પ્રાણથી પણ અધિક એવી આ પ્રિયાને છોડીને સ્નેહલ એવો યતિધર્મ એક ક્ષણ પણ રહેતો નથી.**

સદ્‌ભાવસારતા પત્ની સાથે યતિધર્મનો અવિનાભાવ સંબંધ છે. તેથી સદ્‌ભાવસારતાનો નાશ થાય તો યતિધર્મ પણ મૃત્યુ પામે છે. **||૧૩૪૧||**

**શ્લોક :-**

**द्वितीयो दृश्यते यश्च, जितमारः कुमारकः ।**
**गृहिधर्माभिधोऽस्यैव, कनिष्ठोऽयं सहोदरः ।।१३४२।।**

**શ્લોકાર્થ :-**

**બીજો કામદેવ જેવો જે કુમાર દેખાય છે, એ ગૃહસ્થધર્મ નામનો આનો જ=યતિધર્મનો જ, નાનો ભાઈ છે. ||૧૩૪૨||**

**શ્લોક :-**

**अयं च कुरुते वत्स ! युक्तो द्वादशमानुषैः ।**
**निवृत्तं स्थूलहिंसायाः स्थूलालीकाच्च मानवम् ।।१३४३।।**
**स्थूलचौर्यान्निवृत्तं च, परदारपराङ्मुखम् ।**
**कृतेच्छापरिमाणं च, परित्यक्तनिशाऽशनम् ।।१३४४।।**
**दिग्व्रते दृढताभाजं, युक्तभोगोपभोगकम् ।**
**अनर्थदण्डविरतं, श्रेष्ठसामायिकाशयम् ।।१३४५।।**
**देशावकाशिकरतं, धृतपौषधनिश्चयम् ।**
**पूतस्वान्तं तथाऽत्यर्थमतिथेः संविभागतः ।।१३४६।।**

**।। चतुर्भिः कलापकम् ।।**

**શ્લોકાર્થ :-**

**હે વત્સ ! બાર મનુષ્યોથી યુક્ત એવો આ=ગૃહીધર્મ, સ્થૂલ હિંસાથી અને સ્થૂલ મૃષાવાદથી માનવને નિવૃત્ત કરે છે અને સ્થૂલ ચૌર્યથી**

**નિવૃત્ત કરે છે, પરદારા પરાઙ્મુખ, કૃત્ ઈચ્છાના પરિમાણવાળો, ત્યાગ કર્યું છે રાત્રિનું ભોજન જેણે એવો, દિગ્ વ્રતમાં દઢતાને ભજનારો, યુક્ત ભોગોપભોગકવાળો, અનર્થદંડથી વિરત, શ્રેષ્ઠ સામાયિકના આશયવાળો, દેશાવગાસિકમાં રત, ધારણ કરાયેલા પૌષધમાં નિશ્ચયવાળો, અતિથિને=સાધુને, સંવિભાગથી તે પ્રકારે અત્યંત પવિત્ર સ્વઅંતઃકરણવાળો માનવને કરે છે. ।।૧૩૪૩થી ૧૩૪૬।।**

**શ્લોક :-**

**कर्तुं यो यावदेवालं, तस्य तावद् ददत् फलम् ।**
**असौ न विमुखं कञ्चिद् वालयत्यमलाशयः ।।१३४७।।**

**શ્લોકાર્થ :-**

**જે=જે માનવ, જેટલું કરવા માટે સમર્થ છે=બાર વ્રતોમાંથી જેટલું કરવા સમર્થ છે, તેને=તે માનવને, તેટલું ફળ આપતો=તેટલાં પાપોની, નિવૃત્તિરૂપ ફળને આપતો અમલાશયવાળો આ=ગૃહીધર્મ, કોઈને=કોઈ માનવને, વિમુખ વાળતો નથી=પાપની નિવૃત્તિથી વિમુખ વાળતો નથી અર્થાત્ શક્તિ અનુસાર તેને પાપત્યાગ કરવાની પ્રેરણા કરે છે. ।।૧૩૪૭।।**

**શ્લોક :-**

**एषा च दृश्यतेऽस्यैव, भार्या सद्गुणरक्तता ।**
**स्वगेहशुद्धिकृन्नित्यमतिथिप्रतिपत्तिकृत् ।।१३४८।।**

**શ્લોકાર્થ :-**

**અને સ્વગૃહની શુદ્ધિને કરનાર, નિત્ય અતિથિનો સત્કાર કરનાર આ સદ્ગુણરક્તતા આની=ગૃહીધર્મની, ભાર્યા દેખાય છે.**

જેમ સુંદર પત્ની ગૃહની નિત્ય શુદ્ધિ કરે છે અને અતિથિનો સત્કાર કરે છે, તેમ જીવમાં વર્તતી સદ્ગુણની રક્તતારૂપ પરિણતિ ગૃહસ્થધર્મની પત્ની છે, જે હંમેશાં સર્વવિરતિને અનુકૂળ શક્તિ સંચય કરવા અર્થે જીવરૂપી ગૃહની શુદ્ધિ કરે છે અને સુસાધુની હંમેશાં ભક્તિ કરીને અતિથિનો સત્કાર કરે છે. **।।૧૩૪૮।।**

**શ્લોક :-**

**भार्यया सहितावेतौ, लोकानां भूपतेः सुतौ ।**
**प्रकृत्यैवोपकर्तारौ, सूर्याचन्द्रमसाविव ।।१३४९।।**

**શ્લોકાર્થ :-**

**પત્ની સહિત એવા આ ચારિત્રધર્મ રાજાના બે પુત્રો, પ્રકૃતિથી જ લોકોના ઉપકારને કરનારા છે, જેમ સૂર્ય અને ચંદ્ર.**

યતિધર્મ અને સદ્ભાવસારતા એ બંને પરિણતિઓ જેમાં વર્તે છે, તે જીવો સતત સામાયિકના કંડકોની વૃદ્ધિ દ્વારા હિતની પ્રાપ્તિ કરે છે અને જેઓમાં સર્વવિરતિની શક્તિ નથી તેવા શ્રાવકોમાં સદ્ગુણરક્તતા અને દેશવિરતિની પરિણતિ વર્તે છે, જે સતત સર્વવિરતિને અનુકૂળ બળસંચય દ્વારા જીવનું હિત કરે છે. **॥૧૩૪૯॥**

**શ્લોક :-**

**सम्यग्दर्शननामाऽयं, पित्रा च परिपालकः ।**
**महत्तमोऽनयोर्योग्यश्चक्रे वक्रेतराशयः ।।१३५०।।**

**શ્લોકાર્થ :-**

**અને પિતા વડે=ચારિત્રધર્મ રાજા વડે, વક્રથી ઈતર આશયવાળો સમ્યગ્દર્શન નામનો આ યોગ્ય મહત્તમ આ બંનેનો=યતિધર્મ અને ગૃહસ્થ ધર્મ એ બંનેનો, પરિપાલક કરાયો છે.**

સમ્યગ્દર્શન એ જીવની વક્રતાથી ઇતર એવી અવક્ર પરિણતિવાળો છે=તત્ત્વને જોવામાં વક્રતાને છોડીને અવક્રતાપૂર્વક તત્ત્વને જોવામાં પ્રવર્તાવે એવા આશયવાળો છે અને સર્વવિરતિધર સાધુની સર્વવિરતિનું પરિપાલન કરનાર છે. જેથી સર્વવિરતિ સતત વૃદ્ધિ પામે અને દેશવિરતિધર શ્રાવકની દેશવિરતિનું પરિપાલન કરનાર છે જેથી સર્વવિરતિને અનુકૂળ બળસંચયવાળો તે શ્રાવક થાય. ચારિત્રધર્મની પરિણતિ દ્વારા આવો મહત્તમ પરિપાલક કરાયો છે; કેમ કે જીવમાં વર્તતી ચારિત્રની પરિણતિ પ્રત્યે વર્તતો અનહદ પક્ષપાત જ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાવે છે. **॥૧૩૫૦॥**

**શ્લોક :-**

**एतौ नानेन रहितौ, दृश्येते च कदाचन ।**
**अर्थप्रकाशनपरे, नयने तेजसा यथा ।।१३५१।।**

**શ્લોકાર્થ :-**

**આનાથી=સમ્યગ્દર્શનથી રહિત એવા આ બંને=ગૃહસ્થધર્મ અને યતિધર્મ ક્યારેય દેખાતા નથી. જે પ્રમાણે તેજથી રહિત બે નયનો ક્યારેય અર્થપ્રકાશનમાં તત્પર દેખાતાં નથી.**

જેનાં બે ચક્ષુઓ તેજસ્વી હોય તેઓ જ પદાર્થને યથાર્થ જોઈ શકે છે તેમ સમ્યગ્દર્શનના તેજથી સહિત જ જીવો પાપથી વિરતિના પરમાર્થને જોઈ શકે છે. તેથી તેઓને જ પાપની પારમાર્થિક વિરતિ પ્રાપ્ત થાય છે. **॥૧૩૫૧॥**

**શ્લોક :-**

**एतौ प्रवर्धयत्येष, वत्सलो निकटस्थितः ।**
**सप्ततत्त्वशुचिश्रद्धासुधापानैर्निरन्तरम् ।।१३५२।।**

**શ્લોકાર્થ :-**

**સાત તત્ત્વની પવિત્ર શ્રદ્ધારૂપ અમૃતના પાન વડે આ=સમ્યગ્દર્શન-વત્સલ, નિકટમાં રહેલો નિરંતર આ બંનેને=યતિધર્મ અને ગૃહસ્થ ધર્મને, વધારે છે.**

જે જીવોમાં ભાવથી સાધુધર્મ કે ગૃહસ્થધર્મ પ્રગટ થયેલ છે, તેઓમાં સાત તત્ત્વની ઉત્કટ રુચિ અવશ્ય હોય છે. તેથી સંસારના કારણીભૂત આશ્રવોનો ઉચ્છેદ કરીને તેઓ સંવરમાં સતત યત્ન કરનારા હોય છે. માટે જેનામાં ગૃહસ્થધર્મ છે, તે પણ સમ્યગ્દર્શનના બળથી સતત વધે છે અને જેનામાં યતિધર્મ છે, તે પણ સમ્યગ્દર્શનના બળથી સતત વૃદ્ધિ પામે છે. **॥૧૩૫૨॥**

**શ્લોક :-**

**शमसंवेगनिर्वेदकृपाऽऽस्तिक्यैर्युतं जनम् ।**
**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थैश्च करोत्ययम् ।।१३५३।।**

**શ્લોકાર્થ :-**

**શમ, સંવેગ, નિર્વેદ, કૃપા અને આસ્તિક્યથી યુક્ત અને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થથી યુક્ત જનને=જીવને, આ=સમ્યગ્દર્શન, કરે છે.**

સમ્યગ્દૃષ્ટિ જીવો શમ, સંવેગાદિની વૃદ્ધિમાં સતત યત્ન કરનારા હોય છે અને મૈત્રી આદિ ચાર ભાવનાઓથી આત્માને સતત ભાવિત કરનારા હોય છે. તેથી કષાયો અને નોકષાયોની અનાદિની સ્થિર થયેલી પરિણતિ છે, તેને તેઓ સતત ક્ષીણ કરે છે. **॥૧૩૫૩॥**

**શ્લોક :-**

**प्रस्थापने रसोऽमुष्य मुक्तौ प्रतिजनं महान् ।**
**सदोल्लसत्यविश्रान्तदेशनाडिण्डिमध्वनिः ।।१३५४।।**

**શ્લોકાર્થ :-**

**દરેક જીવને આશ્રયીને મુક્તિના પ્રસ્થાપનના વિષયમાં અવિશ્રાંત દેશનાના ડિંડિમના ધ્વનિવાળો આનો=સમ્યગ્દર્શનનો, મહાન રસ સદા ઉલ્લાસ પામે છે.**

સમ્યગ્દૃષ્ટિ જીવો શક્તિના પ્રકર્ષથી સદ્ શાસ્ત્રોને ભણીને તેના નિષ્ણાત થયા પછી યોગ્ય જીવોને ઉચિત દેશના આપવા દ્વારા મોક્ષમાર્ગમાં સ્થાપન કરવા સતત યત્ન કરે છે. તે તેઓમાં વર્તતા સમ્યગ્દર્શનનું કાર્ય છે. **॥૧૩૫૪॥**

**શ્લોક :-**

**चन्द्रोज्ज्वलरुचिर्यैषा, दृश्यते च मनोहरा ।**
**सुदृष्टिनाम्नीमस्यैव, पत्नीं तां विद्धि विश्रुताम् ।।१३५५।।**

**શ્લોકાર્થ :-**

**જે આ મનોહર ચંદ્રના ઉજ્જ્વલ રુચિવાળી સ્ત્રી દેખાય છે, વિશ્રુત એવી તેને સુદૃષ્ટિ નામની આની જ પત્ની તું જાણ.**

જીવમાં સમ્યગ્દર્શન આવે છે, ત્યારે તેની સાથે અવિનાભાવિ સુંદર દૃષ્ટિ પ્રગટે છે. **॥૧૩૫૫॥**

**શ્લોક :-**

**आराद्धा विधिना ह्येषा, कुर्याच्चित्तं स्थिरं नृणाम् ।**
**अविद्याजनिता भावाः, क्षीयन्तेऽस्याः प्रभावतः ।।१३५६।।**

**શ્લોકાર્થ :-**

**વિધિથી આરાધના કરાયેલી આ=સુદૃષ્ટિ મનુષ્યોના ચિત્તને સ્થિર કરે. આના પ્રભાવથી=સુદૃષ્ટિના પ્રભાવથી, અવિદ્યાજનિત ભાવો ક્ષય પામે છે.**

જેઓ સંસારથી ભય પામ્યા છે, તેઓ પોતાની દૃષ્ટિ જિનવચનાનુસાર બને તે પ્રકારે સદા યત્ન કરે છે. વળી, આ સુદૃષ્ટિ તેઓના ચિત્તને મોક્ષમાર્ગમાં સ્થિર કરે છે અને અજ્ઞાનજનિત જે કષાય-નોકષાયના ભાવો જીવમાં વર્તે છે, તે સુદૃષ્ટિના પ્રભાવથી ક્ષય પામે છે. **॥૧૩૫૬॥**

**શ્લોક :-**

**यः कुदृष्ट्याऽन्वितः प्रोक्तो, मिथ्यादर्शननामकः ।**
**विरुद्धं चेष्टितं सर्वं, ततोऽस्य प्रमदाजुषः ।।१३५७।।**

**શ્લોકાર્થ :-**

**કુદૃષ્ટિથી અન્વિત મિથ્યાદર્શન નામનો જે મોહરાજાનો સેનાની કહેવાયો છે, તેનાથી સર્વ વિરુદ્ધ ચેષ્ટિત પ્રમદ આજુષ એવા આનું=હર્ષથી તૃપ્ત થયેલા એવા સમ્યગ્દર્શનનું, છે.**

કુદૃષ્ટિથી યુક્ત મિથ્યાદર્શનની જે કંઈ પ્રવૃત્તિ છે, તેનાથી ઉંધી પ્રવૃત્તિ સુદૃષ્ટિયુક્ત સમ્યગ્દર્શન કરાવે છે. તેથી મિથ્યાદર્શનથી ભવભ્રમણની વૃદ્ધિ થાય છે અને સમ્યગ્દર્શનથી ભવભ્રમણ ક્ષીણક્ષીણતર થાય છે. **॥૧૩૫૭॥**

**શ્લોક :-**

**महत्तमो मोहबले, मिथ्यादर्शननामकः ।**
**यथा चारित्रधर्मस्य, तथाऽसौ नृपतेर्बले ।।१३५८।।**

**શ્લોકાર્થ :-**

**મોહબલમાં જે પ્રમાણે મિથ્યાદર્શન નામનો મહત્તમ છે, તે પ્રમાણે ચારિત્રધર્મ રાજાના સૈન્યમાં આ=સમ્યગ્દર્શન, મહત્તમ છે. ॥૧૩૫૮॥**

**શ્લોક :-**

**क्षयेण प्रतिपक्षस्य, प्रशमेनोभयेन वा ।**
**त्रिरूपश्च भवत्येष, स्वभावादेव शक्तिमान् ।।१३५९।।**

**શ્લોકાર્થ :-**

**પ્રતિપક્ષના ક્ષયથી, પ્રતિપક્ષના પ્રશમથી અથવા પ્રતિપક્ષના ઉભયથી ત્રિરૂપવાળો આ=સમ્યગ્દર્શન, સ્વભાવથી જ શક્તિમાન છે=ચારિત્રધર્મના સૈન્યનું રક્ષણ કરવા શક્તિમાન છે.**

મિથ્યાત્વના ક્ષયથી, ઉપશમથી કે ક્ષયોપશમથી સમ્યગ્દર્શન જીવમાં પ્રગટે છે અને તે ચારિત્રધર્મના સૈન્યનું રક્ષણ કરે છે. **॥૧૩૫૯॥**

**શ્લોક :-**

**यद्वा रूपत्रयं तस्य, मन्त्री सद्बोधनामकः ।**
**कुरुतेऽयं हि जानीते, भवद् भूतं च भावि च ।।१३६०।।**

**શ્લોકાર્થ :-**

**અથવા તેનું=સમ્યગ્દર્શનનું, રૂપત્રય=ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમરૂપ રૂપત્રય, સદ્બોધ નામનો મંત્રી કરે છે. हि=જે કારણથી, આ=સદ્બોધ, થતા, થયેલા અને થનારાને જાણે છે.**

જીવમાં જિનવચનાનુસાર સૂક્ષ્મ સૂક્ષ્મતર સદ્બોધ પ્રગટે છે, તે કલિકાલના ભાવોને જાણનાર છે. તેથી મિથ્યાત્વના ક્ષય આદિ દ્વારા સમ્યગ્દર્શનના ત્રણ રૂપને કરે છે. **॥૧૩૬૦॥**

**શ્લોક :-**

**सूक्ष्मव्यवहितार्थेषु, छन्नं नास्त्यस्य किञ्चन ।**
**अनन्तद्रव्यपर्यायं, प्रेक्षतेऽसौ चराचरम् ।।१३६१।।**

**શ્લોકાર્થ :-**

**સૂક્ષ્મ વ્યવહિત અર્થોમાં આને=સદ્બોધને, કંઈ પ્રચ્છન્ન નથી. ચરાચર એવા અનંત દ્રવ્યપર્યાયને આ=સદ્બોધ, જુએ છે.**

સદ્બોધ એ જિનવચનાનુસાર પારમાર્થિક બોધ સ્વરૂપ છે અને સદ્બોધને કોઈ વસ્તુ પ્રચ્છન્ન નથી. આથી જ સ્થૂલિભદ્રના ગુરુએ પોતાના સ્થાને બેઠા બેઠા પણ સ્થૂલિભદ્રએ કોશા વેશ્યા પાસે જઈને શું કર્યું, તે શ્રુતના બળથી જાણ્યું. તેથી જ દુષ્કર દુષ્કર કહીને સ્વાગત કર્યું. તે રીતે સદ્બોધવાળા મહાત્માઓ ચરાચર જગતને અનંત દ્રવ્ય-પર્યાય સ્વરૂપ યથાવત્ જાણે છે. ફક્ત તે સદ્બોધ તરતમતાથી અનેક ભેદવાળો છે અને ક્ષાયિકભાવવાળો સદ્બોધ કેવલીને છે. **||૧૩૬૧||**

**શ્લોક :-**

**नीतीनां पारदृश्वाऽसौ, राज्यकार्यविचिन्तकः ।**
**वत्सलो नरनाथस्य, महत्तममनःप्रियः ।।१३६२।।**

**શ્લોકાર્થ :-**

**નીતિઓના પારને જોનાર આ=સદ્બોધ, રાજ્યકાર્યનો ચિંતક, નરનાથને વત્સલ=ચારિત્રધર્મને પ્રિય, મહત્તમ એવા સમ્યગ્દર્શનના મનને પ્રિય છે.**

જીવમાં વર્તતો સદ્બોધ આત્મકલ્યાણની સર્વ નીતિઓને જાણનાર હોય છે. તેથી તે જીવને તેમાં વર્તતો સદ્બોધ પોતાના આત્માના રાજ્યને સુસ્થિર કરવા સમર્થ બને છે. વળી સમ્યગ્દર્શનને સદ્બોધ અત્યંત પ્રિય છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો સદા નવું નવું અધ્યયન કરવા પ્રયત્ન કરે છે. **||૧૩૬૨||**

**શ્લોક :-**

**ज्ञानसंवरणस्यायं, विपक्षो मन्त्रिपुङ्गवः ।**
**क्षयोपशमतस्तस्य, क्षयाद् वोभयरूपभाक् ।।१३६३।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનસંવરણનો આ મંત્રીપુંગવ=સદ્બોધ મંત્રી, વિપક્ષ છે. તેના=જ્ઞાનસંવરણના ક્ષયોપશમથી, ક્ષયથી, ઉભયરૂપવાળો=ક્ષય અને**

**ક્ષયોપશમ એ રૂપ ઉભયરૂપવાળો, સદ્બોધ છે.**

જિનવચનાનુસાર શ્રુતના જ્ઞાનના ક્ષયોપશમથી માંડીને કેવલજ્ઞાન સુધીનો જે સદ્બોધ છે, તે સર્વ કલ્યાણનું એક કારણ છે. **॥૧૩૬૩॥**

**શ્લોક :-**

**इयं चावगतिर्नाम, भार्याऽस्यैव समीपगा ।**
**प्राणाः स्वरूपं सर्वस्वं, शरीराव्यतिरेकिणी ।।१३६४।।**

**શ્લોકાર્થ :-**

**અને આની જ=સદ્બોધની જ, સમીપમાં રહેલી પ્રાણરૂપ, સ્વરૂપરૂપ, સર્વસ્વરૂપ, શરીરથી અવ્યતિરેકી એવી અવગતિ નામની ભાર્યા છે.**

જીવમાં વર્તતો સદ્બોધ જે પદાર્થનો બોધ કરાવે છે તે અવગતિ છે અને તે અવગતિ સદ્બોધના પ્રાણ સ્વરૂપ જ છે અને સદ્બોધનું સર્વસ્વ છે અને તેના શરીરથી અવ્યતિરેક રહેનારી પત્ની છે. તેથી સદ્બોધની જેમ જ અવગતિ જીવને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ કરાવનાર છે. **॥૧૩૬૪॥**

**શ્લોક :-**

**एते पञ्चास्य दृश्यन्ते, स्वाङ्गभूता वयस्यकाः ।**
**आद्योऽत्राभिनिबोधोऽयमिन्द्रियानिन्द्रियार्थवित् ।।१३६५।।**

**શ્લોકાર્થ :-**

**આ પાંચ આના=સદ્બોધના, સ્વાંગભૂત મિત્રો દેખાય છે. અહીં=પાંચ મિત્રોમાં, આદ્ય આ આભિનિબોધ ઈન્દ્રિય અને અનિન્દ્રિયાર્થને જાણનારો છે.**

જીવમાં વર્તતા સદ્બોધના અંગભૂત પાંચ મિત્રો છે, તેમાં પ્રથમ મતિજ્ઞાનના ઉપયોગરૂપ આભિનિબોધ છે. જે સદાગમનો અભ્યાસ કરીને, ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને કેવલજ્ઞાનમાં વિશ્રાંત પામે છે. **॥૧૩૬૫॥**

**શ્લોક :-**

**यस्यादेशे पुरं सर्वं, द्वितीयोऽयं सदागमः ।**
**सद्बोधो मन्त्रितां नीतो, राज्ञाऽस्य मुखपाटवात् ।।१३६६।।**

**શ્લોકાર્થ :-**

**બીજો એવો આ સદાગમ છે જેના આદેશમાં સર્વ પુર છે=જૈનનગર છે, રાજા વડે=ચારિત્રધર્મ રાજા વડે, આના મુખના પાટવને કારણે સદ્‌બોધને મંત્રી કરાયો છે.**

સદ્‌બોધ સાથે અંગભૂત પાંચ મિત્રોમાંથી બીજો અંગભૂત મિત્ર સદાગમ છે= ભગવાનના વચનથી થયેલો બોધ છે. જેના આદેશમાં જૈનપુર વર્તે છે તેથી સદાગમનું અનુસરણ કરનારા જ જૈનશાસનમાં છે, અન્ય સર્વ જૈનશાસનથી બહાર છે. વળી, ચારિત્રધર્મ રાજાએ સદ્‌બોધને મંત્રી બનાવ્યો છે, તેનું કારણ સદ્‌બોધ સાથે અભિન્ન એવો સદાગમ સન્માર્ગને બતાવવામાં પટુ છે. તેથી તેને મંત્રી બનાવેલ છે. **॥૧૩૬૬॥**

**શ્લોક :-**

**तृतीयोऽवधिनामायं, नानारूपं निरीक्षते ।**
**क्वचिद्दीर्घं क्वचिद्ध्रस्वं, क्वचित् स्तोकं क्वचिद् बहु ।।१३६७।।**

**શ્લોકાર્થ :-**

**ત્રીજો અવધિ નામનો આ અનેક રૂપવાળો મિત્ર દેખાય છે, ક્વચિત્ દીર્ઘ છે, ક્વચિત્ હ્રસ્વ છે, ક્વચિત્ સ્તોક છે, ક્વચિત્ બહુ છે.**

અવધિજ્ઞાનનો ક્ષયોપશમ દીર્ઘ, હ્રસ્વ આદિ અનેક વિલક્ષણતાવાળો છે અને સદ્‌બોધનો અંગભૂત મિત્ર છે. **॥૧૩૬૭॥**

**શ્લોક :-**

**चतुर्थोऽन्यमनोग्राही, मनःपर्यायनामकः ।**
**निर्वाणसार्थवाहोऽयं, पञ्चमः केवलाभिधः ।।१३६८।।**

**શ્લોકાર્થ :-**

**ચોથો અન્યના મનને ગ્રહણ કરનારો મનઃપર્યાય નામનો બોધ છે. કેવલ નામનો પાંચમો આ નિર્વાણનો સાર્થવાહ છે.**

અનેક જનોને નિર્વાણ પ્રાપ્ત કરાવવામાં પ્રબળ કારણભૂત સાર્થવાહ છે. **॥૧૩૬૮॥**

**શ્લોક :-**

**प्रकर्षः प्राह सर्वं मे, त्वया मातुल ! दर्शितम् ।**
**न त्वद्यापि स संतोषो, यद्दिदृक्षा पराऽस्ति मे ।।१३६९।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષ કહે છે. હે માતુલ ! તમારા વડે મને સર્વ બતાવાયું, પરંતુ હજી પણ તે સંતોષ બતાવાયો નથી, જેને જોવાની ઈચ્છા મને અત્યંત છે. ।।૧૩૬૯।।**

**શ્લોક :-**

**विमर्शः प्राह संतोषः, संयमस्यायमग्रगः ।**
**भृत्यश्चारित्रधर्मस्य, सन्धिविग्रहकृन्नयी ।।१३७०।।**

**શ્લોકાર્થ :-**

**વિમર્શ કહે છે, સંયમના અગ્રમાં રહેલો આ સંતોષ, ચારિત્રધર્મ રાજાનો સેવક સંધિ-વિગ્રહ કરવામાં નયવાળો છે.**

સંતોષ ચારિત્રધર્મ રાજાની સેનાનું રક્ષણ કરતી વખતે જ્યારે વિગ્રહ આવશ્યક જણાય ત્યારે વિગ્રહ કરે છે. સંધિ આવશ્યક જણાય ત્યારે સંધિ કરે છે. જેમ કોઈ સાધુ સંઘયણાદિના અલ્પ સામર્થ્યવાળા હોય ત્યારે તે મહાત્મામાં વર્તતો સંતોષનો પરિણામ અપવાદનું સેવન કરીને ચારિત્રધર્મનું રક્ષણ કરે છે, તે સંધિરૂપ છે અને જ્યારે પ્રતિકૂળ સંયોગો આવે ત્યારે પણ સંતોષી સાધુ ઉપસર્ગનું અવલંબન લઈને શત્રુ સામે વિગ્રહ કરે છે. જેથી વિશેષ પ્રકારના સમભાવની પ્રાપ્તિ થાય છે. **।।૧૩૭૦।।**

**શ્લોક :-**

**नियुक्तस्तन्त्रपालत्वे, निपुणो मूलभूभुजा ।**
**अनेन स्पर्शनादीनि, जित्वा नीताः शिवं जनाः ।।१३७१।।**

**શ્લોકાર્થ :-**

**મૂલ રાજા વડે=ચારિત્રધર્મ રાજા વડે, નિપુણ એવો સંતોષ તંત્રપાલપણામાં**

**નિયુક્ત કરાયો. આના દ્વારા=સંતોષ દ્વારા, સ્પર્શનાદિને જીતીને લોકો મોક્ષમાં લઈ જવાયા.**

સંતોષ ચારિત્રધર્મ રાજાનું રાજ્ય પાલન કરનાર છે, તેથી તંત્રપાલ છે; કેમ કે સંતોષ ઉપર જ ચારિત્રધર્મનું રાજ્ય જીવે છે અને મહાત્મામાં વર્તતો સંતોષનો પરિણામ પાંચ ઇન્દ્રિયોને સંશ્લેષ વગરની કરીને મહાત્માને મોક્ષમાં લઈ જાય છે. **॥૧૩૭૧॥**

**શ્લોક :-**

**अस्योपरि समायाता, महामोहादिभूभुजः ।**
**युद्ध्यन्ते च सहानेन, ज्ञात्वैनं मूलभूभुजम् ।।१३७२।।**

**શ્લોકાર્થ :-**

**આના ઉપરમાં આવેલા મહામોહાદિ રાજાઓ મૂલરાજા આને=સંતોષને, જાણીને આની સાથે=સંતોષની સાથે, યુદ્ધ કરે છે.**

સંતોષ કોઈકને મોક્ષમાં લઈ જાય છે, એ પ્રકારનું જ્ઞાન થવાથી મહામોહાદિ સંતોષને જીતવા માટે ચિત્તરૂપી અટવીમાં આવે છે. વસ્તુતઃ મૂલ રાજા ચારિત્રધર્મ છે, સંતોષ તંત્રપાલ છે, છતાં સંતોષને જ મૂલ રાજા જાણીને મહામોહાદિ સંતોષ સાથે યુદ્ધ કરે છે; કેમ કે સંતોષ જ બધાને નિર્વૃતિ નગરીમાં લઈ જાય છે. **॥૧૩૭૨॥**

**શ્લોક :-**

**चित्तवृत्तिमहाटव्यामेतेषामस्य चाहवः ।**
**जायते क्रमिकोत्सर्पन्मिथोजयपराजयः ।।१३७३।।**

**શ્લોકાર્થ :-**

**ચિત્તવૃત્તિ મહાટવીમાં આમનો=મહામોહ આદિનો અને આનું=સંતોષનું, आहवः=યુદ્ધ, થાય છે. ક્રમિક ઉત્સર્પન પામતાં પરસ્પર જય પરાજય થાય છે.**

મોક્ષમાર્ગમાં પ્રસ્થિત મહાત્માઓના ચિત્તમાં ક્યારેક સંતોષ પ્રગટ થાય છે, ત્યારે તેને જીતવા માટે મહામોહાદિ રાજાઓ આવે છે. તેથી મહામોહ

અને સંતોષ વચ્ચે યુદ્ધ થાય છે અને ક્રમસર ક્યારેક મહામોહાદિ પાછા હઠે છે તો ક્યારેક સંતોષ પાછો હઠે છે, તે પ્રમાણે જય-પરાજય થાય છે. આથી જ પ્રસન્નચંદ્ર રાજર્ષિના ચિત્તમાં સંતોષ અતિશય થયો. તેવામાં દુર્મુખનાં વચન સાંભળીને મહામોહનો હુમલો આવ્યો. તેથી સંતોષ પીછેહઠ કરવા લાગ્યો. તેથી મહામોહનો જય થયો અને જ્યારે ફરી પ્રસન્નચંદ્ર રાજર્ષિ જાગૃત થયા ત્યારે સંતોષે સખત સામનો કર્યો. જેથી મહામોહાદિ પરાજય પામીને નાશ પામ્યા. **||૧૩૭૩||**

**શ્લોક :-**

**मया प्रदर्शितस्तुभ्यमेष संतोषतन्त्रपः ।**
**भार्याऽस्य दृश्यते रम्या, नाम्नेयं निष्पिपासता ।।१३७४।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=વિમર્શ વડે, તને=પ્રકર્ષને, આ સંતોષ તંત્રપાલ બતાવાયો. આની રમ્ય ભાર્યા દેખાય છે. નામથી આ=સંતોષની ભાર્યા નિષ્પિપાસતા છે અર્થાત્ સંતોષની પત્ની સર્વ ઇચ્છાઓના ઉપશમરૂપ નિષ્પિપાસતા છે. ||૧૩૭૪||**

**શ્લોક :-**

**लाभालाभे सुखे दुःखे, समभावं तनोत्यसौ ।**
**विषयेषु च सर्वेषु, निस्तृष्णं कुरुते जनम् ।।१३७५।।**

**શ્લોકાર્થ :-**

**લાભાલાભમાં, સુખદુઃખમાં આ=નિષ્પિપાસતા સમભાવને વિસ્તારે છે અને સર્વ વિષયોમાં જીવને નિસ્તૃષ્ણ કરે છે.**

નિષ્પિપાસતા સંતોષતુલ્ય જ પરિણતિ છે. તેથી આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થયેલ ચિત્ત હોવાથી બાહ્ય પદાર્થને અવલંબીને તે મહાત્માને કોઈ ભાવ થતો નથી. તેથી યોગમાર્ગને સેવતાં સેવતાં અંતરંગ સમૃદ્ધિઓ પ્રાપ્ત થાય, લબ્ધિઓ પ્રાપ્ત થાય કે પૂર્વમાં લબ્ધિ વગરની અવસ્થા હતી, તે સર્વ અવસ્થામાં સમભાવવાળું ચિત્ત રહે છે=અલાભ અવસ્થામાં દીનવાળું ચિત્ત નથી અને લાભ

અવસ્થામાં વિસ્મયવાળું ચિત્ત નથી. વળી, શરીરજન્ય અશાતા આવે કે શાતા આવે, ચિત્તમાં તેનો કોઈ સ્પર્શ નથી. બાહ્ય જગતના સર્વ પદાર્થો પ્રત્યે તૃષ્ણા વગરનું ચિત્ત તે મહાત્માનું બને છે. **॥૧૩૭૫॥**

**શ્લોક :-**

**एते चारित्रधर्मस्य, प्रोक्ताः स्वाङ्गिकबान्धवाः ।**
**ये त्वेते वेदिकाभ्यर्णे, दृश्यन्ते मण्डपस्थिताः ।।१३७६।।**

**શ્લોકાર્થ :-**

**વળી વેદિકાની પાસેમાં=નિઃસ્પૃહતા વેદિકાની પાસેના જે આ મંડપમાં, રહેલા દેખાય છે, ચારિત્રધર્મના એ સ્વાંગિક બાંધવો=સ્વઅંગભૂત બાંધવો કહેવાયા છે. ।।૧૩૭૬।।**

**શ્લોક :-**

**शुभाशयादयोऽस्यैव, तेऽसंख्याताः पदातयः ।**
**कार्याणि सुन्दराण्यस्याज्ञया लोकेषु कुर्वते ।।१३७७।।**

**શ્લોકાર્થ :-**

**આના જ=ચારિત્રધર્મ રાજાના જ, શુભાશય આદિ તે અસંખ્યાતા પદાતિઓ છે. આની આજ્ઞાથી=ચારિત્રધર્મ રાજાની આજ્ઞાથી, લોકોમાં સુંદર કાર્ય કરે છે.**

જે જીવોની ચિત્તવૃત્તિમાં શુભાશયાદિ ઉત્તમ ભાવો પ્રગટે છે, તેઓ તેની ચિત્તવૃત્તિને સુંદર બનાવીને પુણ્યાનુબંધી પુણ્ય દ્વારા તે જીવોનું હિત કરે છે. **॥૧૩૭૭॥**

**શ્લોક :-**

**वर्णितं सर्वमास्थानं, तदिदं ते समासतः ।**
**पूर्णोत्कण्ठोऽसि यदि तद्, गच्छावो द्वारि सांप्रतम् ।।१३७८।।**

**શ્લોકાર્થ :-**

**તે આ સર્વ આસ્થાન=ચારિત્રધર્મની સભા, સમાસથી તને=પ્રકર્ષને,**

વર્ણન કરાઈ. જો પૂર્ણ ઉત્કંઠાવાળો છે=જાણવાની બધી ઈચ્છાઓ પૂરી થઈ છે, તો દ્વારમાં=વિચક્ષણ પિતા પાસે હવે આપણે બે જઈએ. ।।૧૩૭૮।।

શ્લોક :-

एवमस्त्विति तेनोक्ते, ताभ्यां निर्गत्य वीक्षितम् ।
चतुरङ्गं बलं शौर्यगाम्भीर्यादिरथोद्धतम् ।।१३७९।।
यशःप्रश्रयसौजन्यधैर्यादिगजगर्जितैः ।
नैपुण्यवाग्मितामेधोल्लासादिहयहेषितैः ।।१३८०।।
मनस्विभावदाक्षिण्यस्थिरत्वादिपदातिभिः ।
मनोहरं लसल्लेश्यारक्तपीतसितध्वजैः ।।१३८१।।
।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે હો એ રીતે તેના વડે=પ્રકર્ષ વડે, કહેવાયે છતે તે બંને દ્વારા નીકળીને શૌર્ય, ગાંભીર્યાદિ રથથી ઉદ્ધત યશ, કૃપા, સજ્જનતા, ધૈર્યાદિરૂપ હાથીઓના ગર્જિતોથી મનોહર=ગર્જારવથી મનોહર, નિપુણતા, વાગ્મિતા=વાણીનો સંયમ, મેધાનો ઉલ્લાસાદિ રૂપ ઘોડાઓના હેષારવોથી મનોહર, મનસ્વીભાવ, દાક્ષિણ્ય, સ્થિરત્વાદિ પદાતિઓથી મનોહર, લેશ્યારૂપ રક્ત, પીત્ત, સિતધ્વજોથી વિલાસ પામતું ચતુરંગ બલ જોવાયું. ।।૧૩૭૯થી ૧૩૮૧।।

શ્લોક :-

प्रकर्षो मुदितो दृष्ट्वा, तदुवाच स्वमातुलम् ।
पूरिता मे त्वयोत्कण्ठा, सर्वं दर्शयता ह्यदः ।।१३८२।।

શ્લોકાર્થ :-

જોઈને=ચારિત્રધર્મનું સૈન્ય જોઈને, પ્રકર્ષ આનંદિત થયો. તેથી પોતાના મામાને કહ્યું. સર્વને બતાવતા તમારા વડે મારી આ ઉત્કંઠા પૂરી કરાઈ. ।।૧૩૮૨।।

શ્લોક :-

तथाऽपि वस्तुमिच्छामि, कतिचिद् वासरानिह ।
जैने पुरे धियो वृद्ध्यै, वासोऽयं मे भविष्यति ।।१३८३।।

શ્લોકાર્થ :-

તોપણ કેટલાક દિવસો અહીં વસવાને ઈચ્છું છું. જૈનપુરમાં મારો આ વાસ બુદ્ધિની વૃદ્ધિ માટે થશે. ।।૧૩૮૩।।

શ્લોક :-

एवमस्त्वित्यथ प्रोक्ते, मातुलेन स्थितावुभौ ।
तत्र मासद्वयं यावद् वसन्तो लङ्घितस्ततः ।।१३८४।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે હોય એ પ્રમાણે મામા વડે કહેવાયે છતે ત્યાં યાવત્ બે મહિના સુધી બંને રહ્યા. તેથી વસંતઋતુ પસાર કરાઈ. ।।૧૩૮૪।।

શ્લોક :-

इतश्च मानवावासे, भीष्मो ग्रीष्म उपस्थितः ।
तृषितो यः सरोवृन्दं, निपीयापि न तृप्यति ।।१३८५।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ માનવાવાસમાં ભીષ્મ ગ્રીષ્મ ઋતુ ઉપસ્થિત થઈ. તૃષિત એવો જે=ગ્રીષ્મ ઋતુ, સરોવૃંદને=સરોવરોને, પીને પણ તૃપ્તિ પામતો નથી. ।।૧૩૮૫।।

શ્લોક :-

असितगगनलोष्टुकोष्ठमध्ये, खरपवनेन तपर्तुलोहकारः ।
स्फुटगिरिकुसुमश्रमोदबिन्दुस्तिमिररिपुं धमतीव लोहगोलम् ।।१३८६।।

શ્લોકાર્થ :-

શ્યામ એવી આકાશરૂપી કોષ્ઠમાં ગ્રીષ્મઋતુરૂપી લુહાર, પ્રગટ એવા

પર્વતમાં ઊગતાં પુષ્પોરૂપી શ્રમના પસીનાવાળો થયો થકો શત્રુરૂપ એવા અંધકારરૂપી લોખંડના ગોળાને જાણે ધમતો હોય નહીં તેમ લાગે છે. ।।૧૩૮૬।।

શ્લોક :-

शिशिरकिसलयप्रणीतशय्या, करपरिवीजिततालवृन्तराजिः ।
कथमपि जनता तदोरुतापं, लघयति हर्म्यतले स्थितिं विधाय ।।१३८७।।

શ્લોકાર્થ :-

ઠંડા કિસલયોની કરેલી છે શય્યા જેમણે, તથા હાથથી વીંઝેલ છે પંખાઓની શ્રેણિ જેમણે, એવા લોકો તે સમયે મહેલની નીચે સ્થિતિ કરીને કેટલીક મહેનતે તાપને ઉલ્લંઘવા લાગ્યા. ।।૧૩૮૭।।

શ્લોક :-

विदलितसितमल्लिकावितानैर्विकसितपाटलपाटलासमूहैः ।
वनमसितेतरैः शिरीषपुष्पैर्बहुरुचितां विवृणोत्यहो तदानीम् ।।१३८८।।

શ્લોકાર્થ :-

આશ્ચર્યની વાત છે કે ત્યારે વિશેષતયા દળી નાખ્યા છે શ્વેત ચમેલીરૂપી ચંદરવા જેણે, વિકસિત કર્યાં છે પાટલના ફૂલો તથા પાટલના વૃક્ષોના સમૂહો જેણે એવા અત્યંત કાળા શિરીષવૃક્ષના પુષ્પો દ્વારા વન અત્યંત રુચિતાને વિવરણ કરે છે. ।।૧૩૮૮।।

શ્લોક :-

कथयति हिततां जलाशयानां, सुभगयतीन्दुरुचिविलासिदोषाम्।
प्रकटयति तृषां तपर्तुधूर्त्तो, विफलितशीतलवारिपानलीलाम् ।।१३८९।।

શ્લોકાર્થ :-

ધૂર્ત એવી ગ્રીષ્મઋતુ (૧) જળાશયોના હિતપણાને કહે છે, (૨) ચંદ્રમાં છે રુચિ જેની એવી વિલાસી રાત્રિને સુભગ કરે છે. (૩) વિશેષથી ફલિત કરી છે શીતલ જલપાતની લીલા જેણે એવી તૃષાને પ્રકટ કરે છે. ।।૧૩૮૯।।

**શ્લોક :-**

**परिकलितपटीरसंगरङ्ग-श्च्युततंतकञ्चुकतुल्यपुष्पराजिः ।**
**इह तपसमयस्य लूतवातै-स्तरुगहनेषु फणीव फूत्करोति ।।१३९०।।**

**અન્વય :-**

❖ **इह तरुगहनेषु परिकलितपटीरसङ्गरङ्गः च्युत-तत-कञ्चुकतुल्यपुष्पराजिः तपसमयस्य लूतवातैः कणी इव फूत्करोति ।।१३९०।।**

૧. पटीर=ચંદનની લાકડી, ૨. च्युत=પડેલ, ૩. तत=વિસ્તારને પામેલ, ૪. कञ्चुक=સાપની કાચળી, ૫. राजि=શ્રેણિ, ૬. तप=ગરમી, ૭. लूतवात=ગરમાગરમ 'લૂ' મારતો પવન, ૮. फणी=સાપ.

**શ્લોકાર્થ :-**

**અહીં=ગ્રીષ્મ ઋતુમાં, વૃક્ષના ગહન ભાગોમાં, પટીરના સંગના રંગથી યુક્ત ('પટીર' એટલે ચંદનની લાકડી, તેના સંગના રંગથી જોડાયેલી; અર્થાત્ ચંદનની લાકડીની સાથે જોડાયેલી એવી) ચ્યુત (=ઝાડ પરથી પડેલી અને પડીને નીચે રહેલી ચંદનની લાકડી પર) તત=ફેલાયેલી, (અને ચંદનની લાકડી પર એ પુષ્પોની શ્રેણિ ફેલાવાના કારણે જાણે) સાપની કાચળી જેવી લાગતી એવી તે પુષ્પોની શ્રેણિ, ગરમીના સમયના 'લૂ' મારતા પવનોથી જાણે સાપની જેમ ફૂંફાળા મારી રહી છે. (અહીં કવિની કલ્પના એ છે કે, ગરમીના ગરમાગરમ 'સીત્કાર' કરતા પવનના ઝંઝાવાતથી ચંદનની લાકડી ઊછળકૂદ કરી રહી છે, ત્યારે એવું લાગી રહ્યું છે કે જાણે સાપ ફૂંફાળા મારે છે અને આવું લાગવાનું કારણ એ કે ચંદનની લાકડી પર પથરાયેલી પુષ્પોની શ્રેણિ, સાપની કાચળી જેવી લાગતી હોવાથી, લાકડી હલતાં સાક્ષાત્ સાપ ફૂંફાળા મારી રહ્યો છે – એવો ભ્રમ થાય.) ।।૧૩૯૦।।**

---

❖ પ્રસ્તુત શ્લોકનો અનુવાદ-ટિપ્પણ આદિ સર્વ પ.પૂ. આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્ય મુનિશ્રી યશરત્નવિજયજી મ. સા.એ કરી આપેલ છે. સંસ્થા તેનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરે છે.

શ્લોક :-

अतुहिनकिरणप्रतापतुष्टा, किमु न विवृद्धिमगात् तदा दिनश्रीः ।
मलिनवसनतां च पत्रशाटैः, सुभगसमागमसोन्मदा वनश्रीः ।।१३९१।।

શ્લોકાર્થ :-

ત્યારે ઉષ્ણ કિરણોના પ્રતાપથી ખુશ થયેલી દિવસની શોભા શું વૃદ્ધિને ન પામી ? (અર્થાત્ પામી), સુભગના સમાગમથી હર્ષિત થયેલી વનની શોભા પાંદડારૂપી વસ્ત્રો વડે શું મલિન વસ્ત્રપણાને ન પામી ? (અર્થાત્ પામી) ।।૧૩૯૧।।

શ્લોક :-

एवंविधे ग्रीष्मकाले, प्रकर्षं मातुलोऽब्रवीत् ।
गमनं साम्प्रतं वत्स !, गृहे सांप्रतमावयोः ।।१३९२।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારના ગ્રીષ્મકાલમાં માતુલે પ્રકર્ષને કહ્યું. હે વત્સ ! આપણા બેનું હવે ગૃહમાં ગમન યુક્ત છે. ।।૧૩૯૨।।

શ્લોક :-

प्रकर्षः प्राह न ग्रीष्मे, गमनावसरोऽधुना ।
कालोऽयं दहनोऽत्रैव, तिष्ठ मासद्वयं ततः ।।१३९३।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. ગ્રીષ્મમાં હમણાં ગમનનો અવસર નથી. આ કાલ અગ્નિવાળો છે, તેથી અહીં જ બે માસ રહો. ।।૧૩૯૩।।

શ્લોક :-

वचनं भागिनेयस्य, स्थितः स्वीकृत्य मातुलः ।
घनाडम्बरिणी प्रावृडायाता तिष्ठतोस्तयोः ।।१३९४।।

શ્લોકાર્થ :-

ભાણેજનું વચન સ્વીકારીને મામા રહ્યા. તે બેના રહેતાં ઘન આડંબરવાળી વર્ષાઋતુ આવી. ॥૧૩૯૪॥

શ્લોક :-

गर्जन्तः शिखिसंमदध्वनिभरैः संपातिशम्पाङ्कुशा,
वेगापातिमिथोमिलद्घनघटासंघट्टघण्टारवाः ।
मूलोन्मूलितमानिनीजनमनोमानद्रुमश्रेणयो,
वाताः शिकरिणः स्फुरन्ति परितः श्च्योतन्मदा वारणाः ॥१३९५॥

શ્લોકાર્થ :-

(વર્ષાઋતુમાં) મયૂરોના હર્ષના ધ્વનિના સમૂહ સાથે ગર્જના કરતા, વેગથી પડતી વીજળીરૂપી અંકુશવાળા, વેગથી આવી પડતા પરસ્પર મળતા વાદળોના સમૂહના સંઘટ્ટ જેવા ઘંટારવવાળા, મૂળ સહિત ઉખેડી નાખેલ છે માનિની સ્ત્રીઓના મનના માનરૂપી વૃક્ષોની શ્રેણીઓ જેણે એવા, ઝરતા મદવાળા હાથીઓ ચારેય બાજુ પાણીના કણવાળા વાયુને ઉછાળે છે. ॥૧૩૯૫॥

શ્લોક :-

चक्षुर्विक्षिपति क्षणं यदि तदा नृत्यत्कलापीक्षणा-
न्न प्राप्नोति वने धृतिं विरहिणी नेत्रे पिधत्ते ततः ।
तन्नादैश्चकिता श्रुती स्थगयति घ्राणं लतासौरभै-
र्मूर्च्छामृच्छति संवरीतुमसहा झंझाऽनिलस्पर्शनम् ॥१३९६॥

શ્લોકાર્થ :-

જો ત્યારે કોઈ વિયોગી સ્ત્રી વનમાં ક્ષણવાર ચક્ષુને નાંખે (ચક્ષુથી જુએ) તો નાચતાં મોરોના દર્શનથી ધૃતિને પ્રાપ્ત ન કરે, તેથી બે નેત્રોને ઢાંકી દે, હાથીઓના અવાજથી ચકિત થયેલી કાનોને ઢાંકી દે, લતાની સુગંધથી નાક મૂર્ચ્છાને પામે અને ઝંઝાવાતના ઠાંડા પવનના સ્પર્શને સંવરવાને (રોકવાને) અસમર્થ થાય. ॥૧૩૯૬॥

શ્લોક :-

आक्रन्दन् घनगर्जितेन नितमां धूमायितो दुर्दिनै-
र्विद्युत्पित्तनिबद्धकण्ठकुहरो मूर्च्छन्नभःकर्दमे ।
अम्भोवाहनिशाचरः परिमिलत्सन्ध्याभ्ररागच्छलात्,
पीतं लोहितमुद्वमत्यतिबहु प्रेयोवियोगस्पृशाम् ।।१३९७।।

શ્લોકાર્થ :-

મેઘગર્જના વડે આક્રંદન કરતો, ભયંકર અંધકારો વડે અત્યંત ધૂમાડારૂપ થતો, વીજળીરૂપી પિત્તથી નિબદ્ધ કંઠરૂપી ગુફાવાળો, આકાશરૂપી કાદવમાં વ્યાપ્ત થતો, વાદળરૂપી રાક્ષસ ચારેય બાજુથી મળતી સંધ્યાના વાદળના રંગ છલથી પ્રિયના વિયોગીઓના પીધેલા લોહીને અતિઘણું વમન કરે છે. ।।૧૩૯૭।।

શ્લોક :-

प्रोद्यत्प्रौढकदम्बधूलिपटलं चञ्चद्बलाकाध्वजं,
प्रच्छन्नेन्दुरविं प्रनर्तिततडित्कुन्तोच्चयं सर्वतः ।
आबद्धस्फुटगर्जितोरुपटहध्वानं विजेतुं जगत्,
प्रावृट्कालमिषात् तनोति मदनः प्रस्थानलीलोत्सवम् ।।१३९८।।

શ્લોકાર્થ :-

ધૂળના પટલોના પ્રૌઢ સમૂહને ઊડાડતો, બગલીઓરૂપી ધજાઓને લહેરાવતો, સૂર્ય-ચંદ્રને ઢાંકતો, ચારે બાજુથી વીજળીઓરૂપી ભાલાઓના સમૂહને નચાવતો, આ બદ્ધ મોટી ગર્જનાઓરૂપી પડહના અવાજથી જગતને જીતવા માટે કામદેવ વર્ષાઋતુના બહાનાથી પ્રસ્થાન લીલાના ઉત્સવને વિસ્તારે છે. ।।૧૩૯૮।।

શ્લોક :-

उन्मत्ता इव योषितो रसभृता नद्यः श्रवन्निर्झरा-
स्तन्यन्ते च कटप्रभेदसुभगाः शैला द्विपेन्द्रा इव ।

भास्वत्कान्तिभिरिन्द्रगोपपटलैः क्लृप्ताङ्गरागेव भू-
र्व्योमाभ्रैश्च घनागमेन विततैः कस्तूरिकापङ्किलम् ।।१३९९।।

શ્લોકાર્થ :-

(વર્ષાઋતુમાં) રસથી ભરેલી યુવાન સ્ત્રીઓની જેમ ઉન્મત્ત, નદીઓ ઝરતા ઝરણાઓને વિસ્તારે છે, હાથીઓની જેમ પ્રકાશમાન કાંતિઓવાળા ગોપના ઈંદ્ર પટલોથી પર્વતો સૈન્યના પ્રભેદથી સૌભાગ્યવાળા દેખાય છે અને કાળા વાદળના આગમનથી વિસ્તાર પામેલ આકાશી વાદળાઓથી કસ્તૂરીના કાદવવાળું ભૂપ્રદેશ=ભૂમિ છે. ।।૧૩૯૯।।

શ્લોક :-

तादृशीं प्रावृषं प्रेक्ष्य, प्रकर्षो मातुलं जगौ ।
गम्यतामधुना तातसन्निधौ मातुल ! द्रुतम् ।।१४००।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના વર્ષાઋતુને જોઈને પ્રકર્ષ મામાને બોલ્યો. હે મામા ! હવે શીઘ્ર પિતાની સન્નિધિમાં જવાય. ।।૧૪૦૦।।

શ્લોક :-

-पन्थानः शीतलीभूता, यतोऽमी गमनोचिताः ।
भीष्मग्रीष्मातपकृता, गता दुर्गमता पथाम् ।।१४०१।।

શ્લોકાર્થ :-

જે કારણથી ગમનઉચિત આ માર્ગો શીતલીભૂત થયા છે. ભીષ્મ ગ્રીષ્મના આતપથી કરાયેલ પંથોની દુર્ગમતા દૂર થઈ. ।।૧૪૦૧।।

શ્લોક :-

विमर्शः प्राह मा वादीरिदं यन्नाधुनोचितम् ।
गमनं ते हि धन्या ये, न वर्षासु प्रवासिनः ।।१४०२।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. આ પ્રમાણે કહે નહિ. જે કારણથી હમણાં ગમન ઉચિત નથી. हि=જે કારણથી, તે ધન્ય છે જે વર્ષામાં પ્રવાસ કરતા નથી. ।।૧૪૦૨।।

શ્લોક :-

वर्षासु गच्छतो मेघस्तडिद्दण्डैर्निषेधति ।
स्खलित्वा पततः पान्थान्, हसन्ति कुटजाः स्फुटम् ।।१४०३।।

શ્લોકાર્થ :-

વર્ષામાં જતા પુરુષને મેઘ વીજળીઓથી નિષેધ કરે છે. સ્ખલના પામીને પડતા મુસાફરોને ઝૂંપડામાં રહેલા લોકો સ્પષ્ટ હસે છે. ।।૧૪૦૩।।

શ્લોક :-

ततस्तिष्ठाधुनाऽत्रैव, यथेयत्समयं स्थितः ।
अत्र स्थितस्य ते प्रज्ञापाटवं हि भविष्यति ।।१४०४।।

શ્લોકાર્થ :-

તેથી હમણાં અહીં જ રહે. જે પ્રમાણે આટલો સમય રહ્યો. हि=જે કારણથી, અહીં રહેલા તારી પ્રજ્ઞાનું પાટવ થશે. ।।૧૪૦૪।।

શ્લોક :-

एवमस्त्विति तेनोक्ते, स्थितौ प्रावृषि तौ ततः ।
तुष्टौ समागतौ गेहे, दत्तास्थाने शुभोदये ।।१४०५।।
समीपस्थे च तस्यैव भार्यायुक्ते विचक्षणे ।
नतिं विधाय तौ तेषां, निविष्टौ शुद्धभूतले ।।१४०६।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે હો. એ રીતે તેના વડે=પ્રકર્ષ વડે, કહેવાયે છતે વર્ષાઋતુમાં તે બંને રહ્યા. ત્યારપછી તોષ પામેલા બંને ઘરે આવ્યા. શુભોદયની સભા ભરાયે છતે અને તેના જ સમીપમાં ભાર્યાયુક્ત વિચક્ષણ હોતે

છતે તે બંને=મામા-ભાણેજ બંને, નમસ્કાર કરીને શુદ્ધ ભૂતલમાં બેઠા. ||૧૪૦૫-૧૪૦૬||

શ્લોક :-

आलिलिङ्ग बलाद् बुद्धिर्विमर्शं तत्पतिस्तथा ।
प्रकर्षोऽपि समालिङ्ग्य, सर्वैरङ्के निवेशितः ।।१४०७।।

શ્લોકાર્થ :-

બુદ્ધિએ વિમર્શને બળથી આલિંગન આપ્યું, તેના પતિએ=વિચક્ષણે, વિમર્શને આલિંગન આપ્યું, પ્રકર્ષને પણ આલિંગન કરીને બધા વડે ખોળામાં બેસાડાયો. ||૧૪૦૭||

શ્લોક :-

आघ्राय मूर्ध्नि कुशलं, पृष्टः सर्वैः समातुलः ।
स्पष्टं सर्वं यथादृष्टं, तेषां कथयतः स्म तौ ।।१४०८।।

શ્લોકાર્થ :-

મસ્તકને સુંઘીને સર્વ વડે મામા સહિત પ્રકર્ષ કુશલ પુછાયો, જે પ્રમાણે જોયું તે પ્રમાણે તેઓને=વિચક્ષણાદિને, તે બંનેએ સ્પષ્ટ સર્વ કહ્યું. ||૧૪૦૮||

શ્લોક :-

इतश्च मद्यमांसाद्यै रसनां लालयन् जडः ।
त्यक्त्वा लज्जां च धर्मं च, घोरं पापमचीकरत् ।।१४०९।।

શ્લોકાર્થ :-

આ બાજુ મદ્યમાંસાદિ વડે રસનાને લાલન કરતા જડે લજ્જાને અને ધર્મને છોડીને ઘોર પાપને કર્યું. ||૧૪૦૯||

શ્લોક :-

अन्यदा लोलतावाक्यात्, पीतमद्यो गलन्मतिः ।
धिया महाऽजं हन्मीति, जघान पशुपालकम् ।।१४१०।।

શ્લોકાર્થ :-

અન્યદા લોલતાના વાક્યથી પીત મદ્યવાળો, ગળતી મતિવાળો મોટા બકરાને મારું એ પ્રકારની બુદ્ધિથી પશુપાલકને માર્યો. ।।૧૪૧૦।।

શ્લોક :-

अजारक्षमजभ्रान्त्या, हतं दृष्ट्वा जडो हृदि ।
दध्यौ लोलतया ग्रस्तस्तृप्तो मांसैः परैरहम् ।।१४११।।

શ્લોકાર્થ :-

બકરાની ભ્રાંતિથી પશુપાલકને હણાયેલો જોઈને લોલતાથી ગ્રસ્ત થયેલા જડે હૃદયમાં વિચાર્યું. શ્રેષ્ઠ માંસથી હું તૃપ્ત થયો. ।।૧૪૧૧।।

શ્લોક :-

इदं तु मानुषं मांसं, मया जिह्वा न भोजिता ।
तदिदानीं ददाम्यस्यै, स्वादमस्यापि वेत्त्वियम् ।।१४१२।।

શ્લોકાર્થ :-

આ મનુષ્યનું માંસ મારા વડે જિહ્વા છે (તેનાથી) ભોજન કરાયું નથી. તે કારણથી આને=જિહ્વાને, હમણાં આપું. આનું=મનુષ્યના માંસનું, પણ આ=જિહ્વા, વેદન કરો. ।।૧૪૧૨।।

શ્લોક :-

ततः संस्कृत्य तद् दत्तं, तेन सा मुदिताऽजनि ।
खादन् लोलतयाऽन्यान्यजनान् जातः स राक्षसः ।।१४१३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સંસ્કાર કરીને=રાંધીને, તે=માંસ, તેના વડે=જડ વડે, અપાયું. તે=જિહ્વા, આનંદ પામી. લોલતાપણાથી અન્યાન્ય લોકોને ખાતો તે રાક્ષસ થયો. ।।૧૪૧૩।।

શ્લોક :-

ततो बन्धुपरित्यक्तो, बालैरपि च निन्दितः ।
जातः पराभवस्थानं, सोऽलर्क्क इव सर्वतः ।।१४१४।।

શ્લોકાર્થ :-

તેથી=મનુષ્યનું માંસ ખાતો હતો તેથી, બંધુઓ વડે પરિત્યાગ કરાયેલો, બાલો વડે નિંદા કરાયેલો, અલર્કની જેમ=હડકાયા કૂતરાની જેમ, સર્વથી=બધા મનુષ્યોથી, પરાભવનું સ્થાન થયો. ॥૧૪૧૪॥

શ્લોક :-

जिघांसुर्मानुषान् रात्रावन्यदा लोलताऽन्वितः ।
प्रविवेश गृहं चौर इव शूरकुटुम्बिनः ।।१४१५।।

શ્લોકાર્થ :-

અન્યદા લોલતાથી અન્વિત એવો જડ રાત્રિમાં મનુષ્યોને મારવાની ઈચ્છાવાળો ચોરની જેમ શૂર કુટુંબીના ઘરમાં પ્રવેશ્યો. ॥૧૪૧૫॥

શ્લોક :-

सुप्तं तत्सूनुमादाय, दृष्टः शूरेण निस्सरन् ।
क्रोधान्धेनाथ बद्ध्वाऽसौ, निहतो यातनाशतैः ।।१४१६।।

શ્લોકાર્થ :-

સૂતેલા તેના પુત્રને ગ્રહણ કરીને નીકળતો=ઘરમાંથી બહાર નીકળતો, શૂર વડે જોવાયો. હવે ક્રોધાંધ એવા શૂર વડે બાંધીને આ=જડ, સેંકડો યાતનાઓથી હણાયો. ॥૧૪૧૬॥

શ્લોક :-

वृत्तान्तं तमवेत्यापि, प्रभाते जडबन्धुभिः ।
दूरीकृतायशःपूरे, शूरे क्रूरं न चिन्तितम् ।।१४१७।।

શ્લોકાર્થ :-

પ્રભાતમાં તે વૃત્તાંતને જાણીને પણ દૂર કર્યો છે અયશનો સમૂહ જેણે એવા શૂરમાં=આ પાપીને મારીને અયશનો સમૂહ જેણે દૂર કર્યો છે એવા શૂરમાં, જડના બંધુઓ વડે ખરાબ વિચારાયું નહિ=આ શૂરે ખોટું કર્યું છે તેમ વિચારાયું નહિ. ।।૧૪૧૭।।

શ્લોક :-

विदन्निदं जडस्याथ, रसनालालने फलम् ।
विचक्षणो विरक्तोऽस्थाद् यावत् तौ समुपागतौ ।।१४१८।।

શ્લોકાર્થ :-

હવે રસનાના લાલનના વિષયમાં જડના આ ફળને જાણતો વિચક્ષણ વિરક્ત થયો. જ્યાં સુધી તે બંને=પ્રકર્ષ અને વિમર્શ આવ્યા. ।।૧૪૧૮।।

શ્લોક :-

मूलशुद्धिं यथा दृष्टां, विमर्शे प्रोक्तवत्यथ ।
रसनां त्यक्तुकामोऽसौ, बभाषे पितरं प्रति ।।१४१९।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે જોવાયેલી મૂલશુદ્ધિને વિમર્શ કહ્યે છતે રસનાને છોડવાની ઈચ્છાવાળા આણે=વિચક્ષણે, હવે માતા-પિતાને કહ્યું. ।।૧૪૧૯।।

શ્લોક :-

तात ! या रसना पुत्री, रागकेसरिमन्त्रिणः ।
जडे दृष्टविपाका तां, त्यक्तुमिच्छामि सर्वथा ।।१४२०।।

શ્લોકાર્થ :-

હે તાત ! જડમાં દૃષ્ટવિપાકવાળી રાગકેસરી મંત્રીની જે રસના પુત્રી છે, તેને સર્વથા હું ત્યાગ કરવા માટે ઈચ્છું છું. ।।૧૪૨૦।।

**શ્લોક :-**

**ततः शुभोदयः प्राह, प्रियेयं तव विश्रुता ।**
**रसना सर्वथा तस्मान्नाकाले त्यागमर्हति ।।१४२१।।**

**શ્લોકાર્થ :-**

**તેથી શુભોદય કહે છે. તારી આ રસના પ્રિયા સંભળાય છે તે કારણથી અકાલે સર્વથા ત્યાગ કરવું યોગ્ય નથી. ।।૧૪૨૧।।**

**શ્લોક :-**

**ततो मोच्या क्रमेणेयं, साध्वाचारभृता त्वया ।**
**विवेकशिखरस्थेन, निर्वाह्या विधिनाऽधुना ।।१४२२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી સાધ્વાચારભૂત વિવેક શિખરમાં રહેલા એવા તારા વડે ક્રમથી આ=રસના, મૂકવા યોગ્ય છે. વિધિથી હમણાં નિર્વાહ કરવા યોગ્ય છે.**

જીવમાં વર્તતો શુભ કર્મનો ઉદય વિચક્ષણને માર્ગાનુસારી સલાહ આપતાં કહે છે. રસનાનો ત્યાગ કરવાનો તારો આશય સુંદર છે. પરંતુ દેહધારી જીવોને રસનાના સર્વથા ત્યાગનો સંભવ નથી. મુક્ત આત્મા જ રસના વગરના હોય છે. તેથી તેના ત્યાગ અર્થે સંયમ ગ્રહણ કરવું જોઈએ. વિવેક શિખર ઉપર રહેવું જોઈએ અને ક્રમસર ગુપ્ત ગુપ્તતર થઈને વીતરાગ થવું જોઈએ. ત્યારે તેનો ત્યાગ શક્ય છે. ત્યાં સુધી રસનાનો રાગ વૃદ્ધિ ન થાય તે રીતે શુદ્ધ સાધ્વાચારની ક્રિયા દ્વારા તેનો નિર્વાહ કરવો જોઈએ. **।।૧૪૨૨।।**

**શ્લોક :-**

**ततो विचक्षणः प्राह, दूरे तात ! स पर्वतः ।**
**कथं स्याद् गमनं तत्र, कुटुम्बसहितस्य मे ।।१४२३।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=શુભોદયે શ્લોક-૧૪૨૨માં કહ્યું તેથી, વિચક્ષણ કહે છે. તે પર્વત=વિવેક પર્વત, હે તાત ! દૂરમાં છે. ત્યાં=વિવેક પર્વતમાં કુટુંબ સહિત મારું ગમન કેવી રીતે થાય ?**

વિચક્ષણ પુરુષને દેહ અને આત્માનો ભેદ અત્યંત દુષ્કર જણાય છે અને પોતાની બુદ્ધિરૂપ પત્ની અને વિમર્શ-પ્રકર્ષ સહિત ત્યાં જવાની ઇચ્છા છે. પરંતુ દુષ્કર જણાય છે. તેથી શુભોદય સાથે ઊહ કરીને તેનો નિર્ણય કરે છે. **॥૧૪૨૩॥**

**શ્લોક :-**

**शुभोदयोऽब्रवीदेनं, विमर्शः प्रवराञ्जनात् ।**
**इहैव दर्शयत्यद्रिं, तच्चिन्तेयं तवात्र का ? ।।१४२४।।**

**શ્લોકાર્થ :-**

**શુભોદય બોલ્યો. શ્રેષ્ઠ અંજનથી વિમર્શ આ પર્વતને=વિવેક પર્વતને, અહીં જ બતાવે છે. તે કારણથી તારી આમાં=વિવેક પર્વતના ગમનમાં, કઈ ચિંતા છે ?**

વિચક્ષણ પુરુષનાં શુભ કર્મોના ઉદયથી તેને પદાર્થ યથાર્થ દેખાય છે. તેથી જણાય છે કે વિવેકની પ્રાપ્તિ અતિદુષ્કર છે તોપણ માર્ગાનુસારી વિમર્શ કરવામાં આવે તો તેના પ્રભાવથી બાહ્ય ગમન કર્યા વગર અહીં જ બેઠા બેઠા વિવેક પર્વત દેખાય છે માટે વિવેક પર્વત જવું દુષ્કર છે, તેવી ચિંતા આવશ્યક નથી. તેમ શુભ કર્મના ઉદયથી વિચક્ષણને જણાય છે. **॥૧૪૨૪॥**

**શ્લોક :-**

**प्रकर्षोऽप्यब्रवीत् तातवचने नात्र संशयः ।**
**मयाऽनुभूतमेतस्य, सिद्धाञ्जनविजृम्भितम् ।।१४२५।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષે પણ કહ્યું. આમાં=વિમર્શના અંજનથી વિવેક પર્વત અહીં દેખાય છે, એના વિષયમાં, તાતવચનમાં સંશય નથી. આના=વિમર્શના, સિદ્ધ અંજનથી વિજૃંભિત મારા વડે=પ્રકર્ષ વડે, અનુભવાયું છે.**

વિચક્ષણ પુરુષની બુદ્ધિના પ્રકર્ષની શક્તિથી વિમર્શ દ્વારા વિવેક પર્વતની પાપ્તિ થાય છે, તે સ્પષ્ટ જણાય છે; કેમ કે જીવ માર્ગાનુસારી વિમર્શ કરે તો દેહ આદિથી પોતે ભિન્ન છે, મતિજ્ઞાન સ્વરૂપ છે ઇત્યાદિ સ્વસંવેદન સિદ્ધ જણાય છે. **॥૧૪૨૫॥**

**શ્લોક :-**

**यावन्न विमलालोकं, प्रयुङ्क्तेऽयं वराञ्जनम् ।**
**दूरस्थाः प्रतिभासन्ते, तावदद्रिपुरादयः ।।१४२६।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં સુધી આ=વિમર્શ, વિમલાલોક નામના શ્રેષ્ઠ અંજનનો પ્રયોગ કરતો નથી, ત્યાં સુધી પર્વત, નગર આદિ દૂર રહેલા પ્રતિભાસે છે.**

જ્યાં સુધી જીવ વિમલાલોકરૂપ જ્ઞાનના અંજનને આંજતો નથી, ત્યાં સુધી વિવેક, જૈનપુર આદિ દેખાતું નથી. **II૧૪૨૬II**

**શ્લોક :-**

**भान्ति शैलादयोऽभ्यर्णे, दत्ते त्वस्मिन् वराञ्जने ।**
**ततो विचक्षणेनोक्तो, विमर्शो देहि मेऽञ्जनम् ।।१४२७।।**

**શ્લોકાર્થ :-**

**વળી આ શ્રેષ્ઠ અંજન=વિમલાલોક નામનું જ્ઞાન અપાયે છતે=અંતરંગ ચક્ષુમાં અંજન કરાયે છતે, પર્વત આદિ પાસેમાં ભાસે છે. તેથી વિચક્ષણ વડે વિમર્શ કહેવાયો. મને અંજન આપ.**

વિચક્ષણની બુદ્ધિના પ્રકર્ષે કહ્યું કે સમ્યગ્જ્ઞાન કરવામાં આવે તો વિવેક પર્વત, જૈન નગર બધું પાસે જ છે; કેમ કે સમ્યગ્જ્ઞાન જીવમાં વિવેક પ્રગટાવે છે. જિન થવાની ઉત્કટ ઇચ્છા પ્રગટાવે છે, તેથી તે સર્વ આસન્ન થાય છે. તે સાંભળીને વિચક્ષણે વિમર્શ પાસેથી અંજન માંગ્યું=વિમર્શશક્તિને દૃઢ પ્રવર્તાવી. **II૧૪૨૭II**

**શ્લોક :-**

**ददौ विचक्षणायाथ, विमर्शोऽखिलमञ्जनम् ।**
**ततो विचक्षणोऽद्राक्षीत्, सर्वं तदुपयोगतः ।।१४२८।।**

**શ્લોકાર્થ :-**

**હવે વિમર્શે અખિલ અંજન વિચક્ષણને આપ્યું. તેથી તેના ઉપયોગથી=**

**અંજનના ઉપયોગથી, વિચક્ષણે સર્વ જોયું.**

વિચક્ષણ પુરુષ પોતાની બુદ્ધિનો વિમર્શ કરે છે, જે અંજન આંજવા તુલ્ય છે અને તેના કારણે વિચક્ષણ પુરુષને દેહ આદિથી ભિન્ન એવો આત્મા અંતરંગ ચક્ષુથી દેખાય છે. જિન થવાનો ઉપાય જિનવચન છે, તે સ્પષ્ટ જણાય છે. જૈનદર્શન જ હિત છે, તેમ સ્પષ્ટ જણાય છે. **॥૧૪૨૮॥**

**શ્લોક :-**

**ततो विचक्षणो युक्तो, नरेन्द्रनरवाहन ! ।**
**शुभोदयेन तातेन, तथा चारुतयाऽम्बया ।।१४२९।।**
**शालकेन विमर्शेन, बुद्ध्या च प्रियभार्यया ।**
**प्रकर्षेण च पुत्रेण, वने वदनकोटरे ।।१४३०।।**
**स्थितया रसनापत्न्या, सर्वथा सकुटुम्बकः ।**
**त्यक्त्वैकां लोलताचेटीं, प्राप्तो गुणधरान्तिकम् ।।१४३१।।**
**।। त्रिभिर्विशेषकम् ।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=વિચક્ષણે અંજનના માહાત્મ્યથી પર્વત વગેરે જોયા ત્યારપછી, હે નરેન્દ્ર નરવાહન ! શુભોદય પિતા, ચારુ માતા, વિમર્શ નામના સાળા, બુદ્ધિ નામની પ્રિય ભાર્યા અને પ્રકર્ષ નામના પુત્ર અને વદનકોટરરૂપ વનમાં રહેલી રસનારૂપ પત્નીથી યુક્ત એવો વિચક્ષણ સર્વથા કુટુંબ સહિત એક લોલતા ચેટીને છોડીને ગુણધર અંતિકમાં=ગુણને ધારણ કરનારા એવા ઋષિ પાસે પ્રાપ્ત થયો. ॥૧૪૨૯-૧૪૩૦-૧૪૩૧॥**

**શ્લોક :-**

**नीत्या प्रव्राजितस्तेन, साध्वाचारं च शिक्षितः ।**
**स्थापितः स्वपदे सूरिवरेण रसनाजयी ।।१४३२।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=ગુણને ધારણ કરનારા એવા સાધુ વડે, નીતિથી=**

**જૈનશાસનની મર્યાદાથી, દીક્ષા આપી=વિચક્ષણને દીક્ષા આપી અને સાધ્વાચાર ભણાવાયો. સૂરિવર દ્વારા રસનાજયી એવો વિચક્ષણ સ્વપદમાં=સૂરિના પોતાના પદમાં, સ્થાપન કરાયો. ॥૧૪૩૨॥**

**શ્લોક :-**

**सोऽहमेव महाराज ! ते चामी मुनयोऽनघाः ।**
**विवेकाद्रिस्थिता एवान्यत्रस्था अपि तत्त्वतः ॥१४३३॥**

**શ્લોકાર્થ :-**

**હે મહારાજ ! નરવાહન ! તે જ હું છું અને તે આ નિર્દોષ મુનિઓ છે. તત્ત્વથી વિવેક પર્વત ઉપર રહેલા જ અન્યત્ર પણ રહેલા છે.**

વિચક્ષણસૂરિ નરવાહનને કહે છે. હું તે જ વિચક્ષણ છું અને સૂરિએ સોંપેલા સર્વ મુનિઓ તે આ સર્વ છે અને તેઓ અંતરંગ રીતે દેહાદિ ભેદને જોનારા હોવાથી વિવેક પર્વત ઉપર રહેલા છે અને બાહ્યથી તે તે નગરોમાં પણ રહેલા છે. **॥૧૪૩૩॥**

**શ્લોક :-**

**अयं वैराग्यहेतुर्मे, प्रव्रज्येयं ममेदृशी ।**
**भार्यादोषाल्ललौ दीक्षां, यो न तां सर्वथा जहौ ॥१४३४॥**
**-तस्य मे कीदृशी दीक्षा, जैनलिङ्गप्रभावतः ।**
**सकुटुम्बोऽप्यहं पूज्यो, भवामि भुवि केवलम् ॥१४३५॥**

**શ્લોકાર્થ :-**

**આ મારો વૈરાગ્યનો હેતુ છે, ભાર્યાના દોષથી દીક્ષાને ગ્રહણ કરી. જે તેને=રસનાને, સર્વથા ત્યાગ કરતો નથી. તે એવા મારી કેવા પ્રકારની દીક્ષા છે. કેવળ જૈન લિંગના પ્રભાવથી કુટુંબવાળો પણ હું જગતમાં પૂજ્ય થાઉં છું.**

વિચક્ષણસૂરિ નરવાહન રાજાને કહે છે. રસનાના દોષથી મેં આ પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે, છતાં જ્યાં સુધી મેં રસનાનો ત્યાગ કર્યો નથી અને શુભોદય

આદિ અંતરંગ કુટુંબવાળો છું, ત્યાં સુધી પારમાર્થિક મારી દીક્ષા નથી, પરંતુ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય ત્યારે આ કુટુંબનો, આ પત્નીનો ત્યાગ થાય ત્યારે જ મારી પારમાર્થિક દીક્ષા પ્રાપ્ત થાય. તોપણ મેં જિન લિંગ ધારણ કર્યું છે, તેના પ્રભાવથી અંતરંગ કુટુંબવાળો પણ હું પૂજ્ય થાઉં છું. વાસ્તવિક તો સંપૂર્ણ કુટુંબ રહિત સિદ્ધના જીવો પૂજ્ય છે. **॥૧૪૩૪-૧૪૩૫॥**

**શ્લોક :-**

**इमां विचक्षणाचार्यवाचमाचम्य पार्थिवः ।**
**दध्यौ स्ववृत्तकथनान्मोहः पूज्येन मे हतः ।।१४३६।।**

**શ્લોકાર્થ :-**

**આ વિચક્ષણાચાર્યની વાણીને સાંભળીને પાર્થિવ એવા નરવાહન રાજાએ વિચાર્યું. પોતાના ચરિત્રના કથનથી પૂજ્ય એવા વિચક્ષણસૂરિએ મારો મોહ હણ્યો. ।।૧૪૩૬।।**

**શ્લોક :-**

**अहो ! भगवतो वाचां, विन्यासः कोऽप्यनुत्तरः ।**
**अहो ! विवेकिभावोऽहो !, सुदृष्टपरमार्थता ।।१४३७।।**

**શ્લોકાર્થ :-**

**અહો ! ભગવાનની વાણીનો વિન્યાસ કોઈપણ અનુત્તર છે. અહો ! વિવેકી ભાવ છે. અહો ! સુદૃષ્ટ પરમાર્થતા છે.**

નરવાહન રાજા મનમાં વિચારે છે. વિચક્ષણસૂરિની અદ્ભુત વચનશૈલી છે જેના દ્વારા આખો ભવપ્રપંચ તેમણે યથાર્થ બતાવ્યો માટે અનુત્તર વચનપ્રયોગ છે. વળી, તેઓનો અદ્ભુત વિવેકભાવ છે. વળી, તેઓ પરમાર્થને સુંદર જોનારા છે. **॥૧૪૩૭॥**

**શ્લોક :-**

**ज्ञाततद्वाक्यगर्भार्थः, पार्थिवोऽभिदधे ततः ।**
**यादृशं तव संपन्नं, गुणपूतं कुटुम्बकम् ।।१४३८।।**

**कुटुम्बपोषको यादृग् गृही त्वं जैनलिङ्गभाक् ।**

**तादृशः पुण्यसंभारभाजनं नापरो भुवि ।।१४३९।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**જાણ્યો છે તેમના વાક્યનો ગર્ભાર્થ જેણે એવો રાજા=નરવાહન રાજા, ત્યારપછી કહે છે. જેવા પ્રકારના તમે ગુણથી પવિત્ર કુટુંબવાળા સંપન્ન થયા, જેવા પ્રકારના કુટુંબના પોષક ગૃહી એવા તમે જૈન લિંગને ભજનારા થયા, તેવા પ્રકારના પુણ્યસંભારનું ભાજન જગતમાં બીજું કોઈ નથી.**

વિચક્ષણસૂરિ ભાવથી સાધુ છે, ફક્ત અંતરંગ કુટુંબવાળા હોવાથી સિદ્ધના જીવ જેવા નથી. જેનો પરમાર્થ નરવાહન રાજા પામ્યો છે. તેથી કહે છે, તમને ગુણથી પવિત્ર અંતરંગ કુટુંબ પ્રાપ્ત થયું છે અને તેવા કુટુંબના પોષક તમે ગૃહસ્થ છો અને જૈન લિંગને ગ્રહણ કરીને સિદ્ધાવસ્થા માટે યતમાન છો, તેવા ઉત્તમ પુરુષ જગતમાં બીજા કોઈ નથી. **॥૧૪૩૮-૧૪૩૯॥**

**શ્લોક :-**

**रसना दुर्जया लोके, येनाकिञ्चित्करी कृता ।**

**लोलता निगृहीता च, स त्वं दुष्करकारकः ।।१४४०।।**

**શ્લોકાર્થ :-**

**દુર્જય એવી રસના જેના વડે અકિંચિત્કર કરાઈ અને લોલતાનો નિગ્રહ કરાયો, તે તમે દુષ્કરકારક છો.**

નરવાહન રાજા વિચક્ષણસૂરિને કહે છે. રસના જીતવી દુષ્કર છે; કેમ કે આહાર વાપરતી વખતે જીવને સ્વભાવથી રસનાના ભાવો થાય છે. જ્યારે સંયમ ગ્રહણ કરીને તમે તેને અકિંચિત્કર કરી. વળી, આહારમાં લોલુપતાનો સર્વથા ત્યાગ કર્યો અને સંયમ અર્થે સંયમની વૃદ્ધિ થાય તે રીતે આહાર વાપરો છો, તેથી તમે દુષ્કર કરનારા છો. **॥૧૪૪૦॥**

શ્લોક :-

अन्येषामपि वृत्तान्तो, येषामीदृगजायत ।
ते धन्यास्ते महात्मानो, वन्द्यास्ते नाकिनामपि ।।१४४१।।

શ્લોકાર્થ :-

અન્ય પણ જેઓનો વૃત્તાંત આવા પ્રકારનો થાય છે=વિચક્ષણસૂરિ જેવો થાય છે, તે ધન્ય છે. તે મહાત્મા છે. તે દેવતાઓને પણ વંદ્ય છે. ।।૧૪૪૧।।

શ્લોક :-

अन्येषां भगवन्नीदृक्, संपन्नं शमिनां न वा ।
सूरिर्जगावभूदीदृग्, वृत्तान्तः सर्वसाधुषु ।।१४४२।।

શ્લોકાર્થ :-

હે ભગવંત ! અન્ય એવા શમીઓને=સુસાધુઓને, આવું વૃત્તાંત થયું છે કે નહિ=વિચક્ષણસૂરિ જેવું અંતરંગ કુટુંબ પ્રાપ્ત થયું છે કે નહિ, એ પ્રમાણે રાજા પૂછે છે. સૂરિ બોલ્યા – સર્વ સાધુઓમાં આવું વૃત્તાંત થયું છે. ।।૧૪૪૨।।

શ્લોક :-

नृशार्दूल ! तवापीदृग्, वृत्तान्तः संभवत्ययम् ।
मादृशैर्यत् कृतं तच्चेत्, करोषि प्रगुणाशयः ।।१४४३।।

શ્લોકાર્થ :-

હે રાજા ! તને પણ આવા પ્રકારનું આ વૃત્તાંત સંભવે છે. જો પ્રગુણ આશયવાળો એવો તું મારા જેવા વડે જે કરાયું તે કરે. ।।૧૪૪૩।।

શ્લોક :-

श्रुत्वेदं पार्थिवो दध्यौ, सम्यग् भगवतोदितम् ।
स एव प्रभुतामेति, दोर्भ्यामुत्सहते हि यः ।।१४४४।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને=વિચક્ષણસૂરિના વચનને સાંભળીને, રાજાએ વિચાર્યું.

**ભગવાન વડે સમ્યગ્ કહેવાયું. તે જ પ્રભુતાને પામે છે જે બે બાહુથી ઉત્સાહિત થાય છે. રાજા વિચારે છે ભગવાને કહ્યું એ પ્રમાણે જો બે ભુજાથી સમુદ્રને તરવા માટે ઉત્સાહિત થાઉં તો સિદ્ધાવસ્થાની પ્રાપ્તિરૂપ તે પ્રભુતાને હું પામી શકું. ।।૧૪૪૪।।**

**શ્લોક :-**

**ऊचेऽथ गलितानिष्टपुण्यपापाणुसंचयः ।**
**दीयतामधुना दीक्षा, योग्यता यदि मे भवेत् ।।१४४५।।**

**શ્લોકાર્થ :-**

**હવે ગળ્યો છે અનિષ્ટ પુણ્ય-પાપના અણુનો સંચય જેણે એવો રાજા બોલ્યો. જો મારી યોગ્યતા હોય તો હમણાં દીક્ષા અપાઓ.**

સંસારના કારણીભૂત ભોગવિલાસનું અનિષ્ટ પુણ્ય અને મોહના પરિણતિરૂપ પાપના અણુનો સંચય ગળી ગયેલો હોવાથી દીક્ષાના પરમાર્થને જાણીને નરવાહન રાજા દીક્ષા લેવા તત્પર થાય છે. **।।૧૪૪૫।।**

**શ્લોક :-**

**सूरिणोक्तं महाराज !, चारु चित्ते विनिश्चितम् ।**
**योग्योऽस्यलं विलम्बेन, भवे भूरिभयाकरे ।।१४४६।।**

**શ્લોકાર્થ :-**

**સૂરિ વડે કહેવાયું. હે મહારાજ ! ચિત્તમાં સુંદર નિશ્ચિત કરાયું, તું યોગ્ય છો. ઘણા ભયના ખાણરૂપ ભવમાં વિલંબથી સર્યું.**

સંસાર ઘણા ભયનું સ્થાન છે અને જો ઉચ્છેદ ન કરવામાં આવે તો અનર્થોની પરંપરા છે અને આયુષ્ય પ્રતિક્ષણ નાશ થઈ રહ્યું છે, માટે સંયમ ગ્રહણ કરવામાં વિલંબન ઉચિત નથી એમ સૂરિ કહે છે. **।।૧૪૪૬।।**

**શ્લોક :-**

**निशम्येदं वचो ध्यातं, राज्ञा दीक्षां जिघृक्षुणा ।**
**सुतः को मम योग्योऽस्ति, राज्ये कं स्थापयाम्यहम् ।।१४४७।।**

**શ્લોકાર્થ :-**

**આ વચન સાંભળીને=દીક્ષા માટે તું યોગ્ય છે એ વચન સાંભળીને, દીક્ષાને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા રાજા વડે વિચારાયું, કયો મારો પુત્ર યોગ્ય છે, કોને હું રાજ્યમાં સ્થાપન કરું ? ।।૧૪૪૭।।**

**શ્લોક :-**

**अथागृहीतसंकेते ! तेनाहं रिपुदारणः ।**
**विस्फारितदृशा दृष्टो, निषण्णस्तत्र निर्धनः ।।१४४८।।**

**શ્લોકાર્થ :-**

**હે અગૃહીતસંકેતા ! તેના વડે=નરવાહન રાજા વડે, હું રિપુદારણ ત્યાં નિર્ધન બેઠેલો વિસ્ફારિત દૃષ્ટિ વડે જોવાયો. ।।૧૪૪૮।।**

**શ્લોક :-**

**इतश्च कृशदेहोऽपि, मनाक् पुण्योदयोऽस्फुरत् ।**
**मन्मित्रं तेन तातस्य, मयि प्रत्यागतं मनः ।।१४४९।।**

**શ્લોકાર્થ :-**

**આ બાજુ કૃશદેહવાળો પણ મારો મિત્ર પુણ્યોદય સ્ફુરાયમાન થયો. તે કારણથી તાતને મારા વિષયમાં મન પાછું આવ્યું.**

પિતાએ તેનાં અનુચિત કૃત્યોને કારણે રિપુદારણને કાઢી મૂક્યો ત્યારે તેનું પુણ્ય નષ્ટ થયેલું છતાં સર્વથા મૃત પામેલું નહિ, પરંતુ તે પુણ્ય ક્ષીણદેહશક્તિવાળું થઈને અકિંચિત્કર રહેલું હતું તે કંઈક આવિર્ભાવ પામ્યું. તેથી પિતાને તેને રાજ્ય આપવાનો અનુકૂળ વિચાર થયો. **।।૧૪૪૯।।**

**શ્લોક :-**

**दध्यौ बहिष्कृतो योऽभूत्, स एष रिपुदारणः ।**
**जगाम शोच्यतां हीदं, न युक्तं सुतभर्त्सनम् ।।१४५०।।**

**શ્લોકાર્થ :-**

**વિચાર્યું=નરવાહન રાજાએ વિચાર્યું, જે બહિષ્કૃત કરાયો તે આ**

રિપુદારણ આ ખરાબ અવસ્થાને પામ્યો, પુત્રને ભર્ત્સન યુક્ત નથી. ||૧૪૫૦||

શ્લોક :-

एनं राज्येऽभिषिच्याथ, दीक्षां गृह्णामि निर्मलाम् ।
ततश्चाहूय तातेन, स्वोत्सङ्गेऽहं निवेशितः ।।१४५१।।

શ્લોકાર્થ :-

આને=રિપુદારણને, રાજ્યમાં અભિષેક કરીને હું નિર્મલ દીક્ષા ગ્રહણ કરું અને ત્યારપછી પિતા વડે બોલાવીને હું પોતાના ખોળામાં બેસાડાયો. ||૧૪૫૧||

શ્લોક :-

पृष्टश्च सूरिस्तातेन, भदन्त ! भवतामयम् ।
विदितः कुलजेऽप्यस्मिन्, कुतोऽनर्थोच्चयोऽजनि ।।१४५२।।

શ્લોકાર્થ :-

અને સૂરિ પિતા વડે પુછાયા, હે ભદંત ! તમોને આ વિદિત છે, શું વિદિત છે ? તે સ્પષ્ટ કરે છે, કુળમાં ઉત્પન્ન થયેલા પણ આમાં=રિપુદારણમાં, ક્યા કારણથી અનર્થનો ઉપચય થયો ? ||૧૪૫૨||

શ્લોક :-

सूरिणोक्तं महाराज !, न दोषोऽस्य तपस्विनः ।
शैलराजमृषावादावस्यानर्थस्य कारणम् ।।१४५३।।

શ્લોકાર્થ :-

સૂરિ વડે કહેવાયું – હે મહારાજ ! આ તપસ્વીનો દોષ નથી, શૈલરાજ અને મૃષાવાદ આના અનર્થનું કારણ છે. ||૧૪૫૩||

શ્લોક :-

तातेनोक्तं कदैताभ्यां, वियोगोऽस्य भविष्यति ।
सूरिराह गते भूरिकाले भूपाद्भिताशयात् ।।१४५४।।

**मृदुतासत्यते नाम, शुभे संप्राप्य कन्यके ।**
**शैलराजमृषावादौ, त्यक्ष्यत्ययमसंशयम् ।।१४५५।। युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**પિતા વડે કહેવાયું. ક્યારે આ બંનેનો=શૈલરાજ-મૃષાવાદનો, આને= રિપુદારણને વિયોગ થશે ? સૂરિ કહે છે. ઘણો કાલ ગયે છતે હિતાશય રૂપ રાજાથી મૃદુતા અને સત્યતા નામની બે કન્યાને પ્રાપ્ત કરીને આ= રિપુદારણ, શૈલરાજ અને મૃષાવાદને સંશય રહિત ત્યાગ કરશે. ।।૧૪૫૪-૧૪૫૫।।**

**શ્લોક :-**

**चिन्तयिष्यति तेनान्यः, कश्चिदस्य प्रयोजनम् ।**
**साम्प्रतं मोहमुत्सृज्य, स्वाभीष्टं भूप ! साध्यताम् ।।१४५६।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=હિતાશય રાજા બે કન્યા આપશે ત્યારે રિપુદારણ પાપમિત્રનો ત્યાગ કરશે તે કારણથી, અન્ય કોઈક આનું પ્રયોજન= રિપુદારણનું પ્રયોજન, વિચારશે. હમણાં મોહનો ત્યાગ કરીને હે રાજા ! સ્વઈચ્છિતને તમે સાધો.**

ગુરુ કહે છે જ્યારે રિપુદારણના જીવમાં હિતાશય પ્રગટ થશે તેના કારણે બે શુભ કન્યાની પ્રાપ્તિ થશે ત્યારે પાપમિત્રનો ત્યાગ થશે. તેથી વર્તમાનમાં તે શક્ય નથી માટે રિપુદારણનું પ્રયોજન કોઈક અન્ય એવાં તેનાં તેવા પ્રકારનાં કર્મો ભવિષ્યમાં તેના હિતનો વિચાર કરશે. હમણાં તેની ઉપેક્ષા કરીને અને પુત્રના સ્નેહરૂપ મોહનો ત્યાગ કરીને પોતાને હિતકારી એવું સંયમ ગ્રહણ કરવું તમને ઉચિત છે, એમ સૂરિ કહે છે. **।।૧૪૫૬।।**

**શ્લોક :-**

**ततो गुरुगिरा ज्ञात्वा, मामशक्यप्रतिक्रियम् ।**
**स्वकार्यसाधनोद्युक्तः, प्राज्ये राज्येऽभिषिच्य माम् ।।१४५७।।**

विचक्षणगुरोः पार्श्वे, निष्क्रान्तो नरवाहनः ।
ललौ दीक्षां प्रमोदेन भवाम्बोधितरीनिभाम् ।।१४५८।।

શ્લોકાર્થ :-

તેથી ગુરુની વાણી દ્વારા અશક્ય પ્રતિક્રિયાવાળા મને જાણીને સ્વકાર્યના સાધનમાં ઉધુક્ત એવા નરવાહન રાજાએ વિશાળ રાજ્યમાં મને અભિષેક કરીને=રિપુદારણનો અભિષેક કરીને, નરવાહન રાજાએ વિચક્ષણ ગુરુ પાસે દીક્ષા લીધી, ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવ જેવી દીક્ષાને પ્રમોદથી સેવન કરી. ।।૧૪૫૭-૧૪૫૮।।

શ્લોક :-

शैलराजमृषावादौ, प्रवृद्धौ राज्यसम्पदा ।
ममाथ तद्वशान्नीतं, जगत् तृणतुलां मया ।।१४५९।।

શ્લોકાર્થ :-

રાજ્યની સંપદાથી મારા=રિપુદારણના, શૈલરાજ અને મૃષાવાદ વૃદ્ધિ પામ્યા. હવે તેના વશથી=શૈલરાજ અને મૃષાવાદના વશથી, મારા વડે જગત તૃણતુલ્ય કરાયું. ।।૧૪૫૯।।

શ્લોક :-

षिड्गैः संस्तूयमानस्य, निन्द्यमानस्य धीधनैः ।
गतानि कतिचिद् वर्षाण्येवं राज्यभुजो मम ।।१४६०।।

શ્લોકાર્થ :-

આ રીતે રાજ્યને ભોગવતાં, નપુંસકો વડે સ્તુતિ કરાતા, બુદ્ધિધનો વડે નિંદા કરાતા એવા મારાં કેટલાંક વર્ષો પસાર થયાં. ।।૧૪૬૦।।

શ્લોક :-

इतश्च महसां धाम, रिपुग्रामहुताशनः ।
चक्रवर्त्यनयध्वान्ततपनस्तपनोऽजनि ।।१४६१।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ તેજનું સ્થાન, શત્રુના સમૂહને બાળવા માટે અગ્નિ જેવો, અન્યાય રૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્ય જેવો તપન નામનો ચક્રવર્તી થયો. ||૧૪૬૧||

શ્લોક :-

स समग्रबलोपेतः, पृथ्वीदर्शनकाम्यया ।
सिद्धार्थनाम्नि नगरे, भ्रमंस्तत्र समाययौ ।।१४६२।।

શ્લોકાર્થ :-

સમગ્ર સૈન્યથી યુક્ત પૃથ્વી દર્શનની ઈચ્છાથી ભમતો તે=તપન ચક્રવર્તી ત્યાં સિદ્ધાર્થ નામના નગરમાં આવ્યો. ||૧૪૬૨||

શ્લોક :-

अहं नयज्ञैर्विज्ञप्तस्ततो मन्त्रिमहत्तमैः ।
आयातस्तपनश्चक्री, तद् देवैषोऽभिगम्यताम् ।।१४६३।।

શ્લોકાર્થ :-

તેથી=તપન ચક્રવર્તી સિદ્ધાર્થનગરમાં આવ્યો તેથી, હું=રિપુદારણ, નયજ્ઞ એવા મંત્રી મહત્તમો વડે વિજ્ઞાપન કરાયો, તપન ચક્રી આવ્યો છે, તે કારણથી હે દેવ ! આ=તપન ચક્રવર્તી, સન્મુખ જવાય. ||૧૪૬૩||

શ્લોક :-

पूज्योऽयं सर्वभूपानां, पूर्वजैस्तव पूजितः ।
तव पूजयितुं योग्यो, गृहायातो विशिष्य तत् ।।१४६४।।

શ્લોકાર્થ :-

સર્વ રાજાઓને આ પૂજ્ય છે. તમારા પૂર્વજો વડે પૂજાયો છે, તે કારણથી ઘરે આવેલો વિશેષ કરીને તમને પૂજવા માટે યોગ્ય છે. ||૧૪૬૪||

શ્લોક :-

शैलराजहतेनाथ, मया तान् प्रति भाषितम् ।
को नाम तपनो यस्य, कुर्वे पूजामहं जडाः ! ।।१४६५।।

શ્લોકાર્થ :-

હવે શૈલરાજથી હણાયેલા મારા વડે તેઓના પ્રત્યે કહેવાયું. હે જડો ! તપન કોણ છે જેની હું પૂજા કરું. ।।૧૪૬૫।।

શ્લોક :-

ते प्राहुर्देव ! मा वादीरिमां वाचमकुर्वता ।
पूजामस्य त्वया छिन्नः, कुलक्रममहातरुः ।।१४६६।।

શ્લોકાર્થ :-

તેઓ=મંત્રીઓ, બોલ્યા હે દેવ ! આ વાણી બોલો નહિ, આની પૂજા નહિ કરતાં તમારા વડે કુલક્રમનો મહાવૃક્ષ છેદાયો. ।।૧૪૬૬।।

શ્લોક :-

राजनीतिः परित्यक्ता, नीताः प्रकृतयः क्षयम् ।
राज्यसौख्यलता दग्धा, वयं सर्वेऽपकर्णिताः ।।१४६७।।

શ્લોકાર્થ :-

રાજનીતિનો ત્યાગ કરાયો, પ્રકૃતિઓ ક્ષયને લઈ જવાઈ=પમાડાઈ, રાજ્યની સુખલતા બાળી નંખાઈ, અમે બધા તિરસ્કાર કરાયા. ।।૧૪૬૭।।

શ્લોક :-

इत्युक्त्वा पतिताः सर्वे, दक्षाश्चरणयोर्मम ।
मनाक् शुष्कं तदा शैलराजीयं मे विलेपनम् ।।१४६८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહીને દક્ષ એવા સર્વે=મંત્રીઓ, મારા ચરણમાં પડ્યા, ત્યારે મારું શૈલરાજ્ય વિલેપન કંઈક શુષ્ક થયું=કંઈક માન-કષાય અલ્પ થયો. ।।૧૪૬૮।।

શ્લોક :-

केवलं संज्ञया भद्रे !, मृषावादस्य पाप्मनः ।
मयोक्तं हृदि नेदानीं ममोत्साहः प्रवर्तते ।।१४६९।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! અગૃહીતસંકેતા ! કેવલ પાપી એવા મૃષાવાદની સંજ્ઞાથી મારા વડે કહેવાયું, મારા હૃદયમાં હમણાં ઉત્સાહ પ્રવર્તતો નથી. ।।૧૪૬૯।।

શ્લોક :-

प्रतिपत्तिं कुरुध्वं तद्, गत्वा यूयं यथोचिताम् ।
पश्चादहं समेष्यामि, दत्तास्थाने च चक्रिणि ।।१४७०।।

શ્લોકાર્થ :-

તે કારણથી તમે જઈને=મંત્રી વગેરે તમે જઈને, યથોચિત પ્રતિપત્તિને કરો, પાછળથી ચક્રીની ભરાયેલી સભામાં હું આવીશ. ।।૧૪૭૦।।

શ્લોક :-

तपनाभिमुखं जग्मुस्ततो मन्त्रिमहत्तमाः ।
सन्ति चास्य चरा नैके, विचित्राः सर्वतोमुखाः ।।१४७१।।

શ્લોકાર્થ :-

તેથી=રિપુદારણે આ પ્રમાણે કહ્યું તેથી, મંત્રી મહત્તમો તપનને સન્મુખ ગયા અને આના=તપન ચક્રવર્તીના, અનેક વિચિત્ર સર્વતોમુખવાળા ચર પુરુષો છે. ।।૧૪૭૧।।

શ્લોક :-

वर्णस्वरतिरोधानवेषभाषादिवेदिनः ।
तेभ्यो ह्येकेन विज्ञातो, वृत्तान्तोऽयमथ स्फुटम् ।।१४७२।।

શ્લોકાર્થ :-

વર્ણ અને સ્વરના તિરોધાનને, વેષને, ભાષાદિને જાણનારા તપન

ચક્રવર્તીના ચર પુરુષો છે. એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે, તેઓમાંથી= તે ચર પુરુષોમાંથી, એક ચર પુરુષ વડે આ વૃત્તાંત=રિપુદારણનો તેના મંત્રીઓ સાથે થયેલો આલાપ વૃત્તાંત, સ્પષ્ટ જાણ્યો. ।।૧૪૭૨।।

શ્લોક :-

उक्तश्च सार्वभौमाय, मन्त्रिणश्च महत्तमाः ।
अथागतास्तस्य चक्रुः प्रतिपत्तिं गरीयसीम् ।।१४७३।।

શ્લોકાર્થ :-

સાર્વભૌમ એવા ચક્રવર્તીને કહેવાયો. હવે મંત્રી મહત્તમો આવ્યા= તપન ચક્રવર્તી પાસે આવ્યા, તેની=તપન ચક્રવર્તીની, મોટી પ્રતિપત્તિને કરી. ।।૧૪૭૩।।

શ્લોક :-

प्राभृतानि महार्घाणि, ढौकयामासुरादरात् ।
रिपुदारणवार्ता च, पृष्टाऽऽस्थानस्थचक्रिणा ।।१४७४।।

શ્લોકાર્થ :-

મોટાં કીમતી ભેટણાંઓ આદરથી મૂક્યાં. સભામાં રહેલા ચક્રી વડે રિપુદારણની વાર્તા પુછાઈ. ।।૧૪૭૪।।

શ્લોક :-

ते प्रोचुर्देवपादानां, प्रसादात् कुशलीतराम् ।
देवपादान् समानेतुमायाति रिपुदारणः ।।१४७५।।

શ્લોકાર્થ :-

તેઓ=મંત્રીઓ બોલ્યા, આપના પ્રસાદથી=તપન ચક્રીના પ્રસાદથી અત્યંત કુશલ છે. રિપુદારણ આપની સેવા માટે આવે છે. ।।૧૪૭૫।।

શ્લોક :-

तैरथाह्वायका मुक्ता, ब्रूत नायामि सर्वथा ।
शैलराजमृषावादवशेनोक्तं मया तु तान् ।।१४७६।।

શ્લોકાર્થ :-

હવે, તેઓ વડે=મંત્રીઓ વડે, બોલાવા માણસો મોકલાયા. શૈલરાજ અને મૃષાવાદના વશથી મારા વડે તેઓને કહેવાયું=બોલાવા માટે આવેલા માણસોને શૈલરાજ અને મૃષાવાદના વશથી કહેવાયું. કહો=મંત્રીઓને કહો, હું સર્વથા આવતો નથી. ।।૧૪૭૬।।

શ્લોક :-

आह्वायकोक्तमाकर्ण्य, तत् ते मन्त्रिमहत्तमाः ।
जाताः सोद्वेगवैलक्ष्याः, परस्परमुखेक्षिणः ।।१४७७।।

શ્લોકાર્થ :-

આહ્વાયકથી કહેવાયેલા તેને સાંભળીને=બોલાવા માટે ગયેલા પુરુષો દ્વારા રિપુદારણનાં વચનોને સાંભળીને ઉદ્વેગથી વિલક્ષણ તે મંત્રી મહત્તમો પરસ્પર મુખને જોનારા થયા. ।।૧૪૭૭।।

શ્લોક :-

विज्ञाय तपनश्चक्री, तदाकूतमदोऽवदत् ।
धीरा भवत भो लोका, नात्र दोषोऽस्ति कोऽपि वः ।।१४७८।।

શ્લોકાર્થ :-

તપન ચક્રી તેમના ઈરાદાને જાણીને=મંત્રીઓના ઈરાદાને જાણીને, આ બોલ્યો, હે લોકો ! ધીર થાઓ. આમાં=રિપુદારણ આવતો નથી એમાં, તમારો કોઈ પણ દોષ નથી. ।।૧૪૭૮।।

શ્લોક :-

मोच्यस्त्ववस्तुनिर्बन्धो, न योग्यो रिपुदारणः ।
राज्यस्य शिक्षयाम्येनं, ज्ञातदुःशीलचेष्टितम् ।।१४७९।।

શ્લોકાર્થ :-

વળી અવસ્તુનો આગ્રહ છોડવો જોઈએ=રિપુદારણ અહીં આવે એ અવસ્તુ છે તેથી તેનો આગ્રહ છોડવો જોઈએ. રિપુદારણ રાજ્યને યોગ્ય

નથી. જ્ઞાત, દુઃશીલ ચેષ્ટિત એવા એને=જાણ્યું છે દુઃશીલ ચેષ્ટિત જેનું એવા રિપુદારણને, હું શિક્ષા આપું. ॥૧૪૭૯॥

શ્લોક :-

युष्मादृशपदातीनां, नायकोऽयं न शोभते ।
मरालानामिव ध्वाङ्क्षो, द्विपानामिव शूकरः ॥१४८०॥

શ્લોકાર્થ :-

તમારા જેવા પદાતિઓનો આ નાયક શોભતો નથી. જેમ હંસોનો નાયક કાગડો શોભતો નથી. જેમ હાથીઓનો નાયક ભૂંડ શોભતો નથી. ॥૧૪૮૦॥

શ્લોક :-

मयि सर्वैश्च्युतस्नेहैस्ततो मन्त्रिमहत्तमैः ।
प्रमाणं देवपादानामाज्ञा न इति भाषितम् ॥१४८१॥

શ્લોકાર્થ :-

ત્યારપછી=તપન ચક્રવર્તીએ મંત્રીઓને તે પ્રમાણે કહ્યું ત્યારપછી, મારામાં=રિપુદારણમાં, ચ્યુત સ્નેહવાળા સર્વ મંત્રીઓ વડે દેવપાદ એવા તપન ચક્રવર્તીની આજ્ઞા અમને પ્રમાણ છે, એ પ્રમાણે કહેવાયું. ॥૧૪૮૧॥

શ્લોક :-

चक्रभृन्मान्त्रिकं प्राह, ततो योगेश्वराभिधम् ।
गत्वा विनाटनीयोऽयं, बहुधा कृतकर्मभुक् ॥१४८२॥

શ્લોકાર્થ :-

ત્યારપછી ચક્રી યોગેશ્વર નામના માંત્રિકને કહે છે. કરાયેલા કર્મને ભોગવનાર આ=રિપુદારણ, જઈને બહુ પ્રકારે વિડંબના કરવા યોગ્ય છે. ॥૧૪૮૨॥

શ્લોક :-

योगेश्वरो मदभ्यर्णमायातोऽथ भटान्वितः ।
शैलराजमृषावादधृष्टं मां स निरैक्षत ॥१४८३॥

શ્લોકાર્થ :-

હવે સુભટોથી યુક્ત યોગેશ્વર મારી પાસે આવ્યો. તેણે=યોગેશ્વરે, શૈલરાજ અને મૃષાવાદથી ઘેરાયેલા મને જોયો. ।।૧૪૮૩।।

શ્લોક :-

उत्प्रासनपरैः षिङ्गैर्वेष्टितं मां मुखेऽथ सः ।
योगेश्वर(रो)योगचूर्णमुष्ट्या निहतवान् भृशम् ।।१४८४।।

શ્લોકાર્થ :-

હવે તે યોગેશ્વર ઉત્પ્રાસનમાં તત્પર નપુંસકોથી વેષ્ટિત એવા મને= રિપુદારણને, યોગચૂર્ણની મુષ્ટિથી અત્યંત મુખમાં નિહત કર્યો. ।।૧૪૮૪।।

શ્લોક :-

तत्प्रभावात् क्षणेनाभूत्, प्रकृतेर्मे विपर्ययः ।
महागह्वरगस्येव, जाता हृदयशून्यता ।।१४८५।।

શ્લોકાર્થ :-

તેના પ્રભાવથી=તે ચૂર્ણના પ્રભાવથી, ક્ષણથી મારી પ્રકૃતિનો વિપર્યય થયો. મોટા ખાડામાં પડેલાની જેમ મારી હૃદયશૂન્યતા થઈ. ।।૧૪૮૫।।

શ્લોક :-

ताडितोऽहं ततस्तेन, संजातं मे महद्भयम् ।
पतितस्तत्पदे दीनो, नष्टः पुण्योदयस्तदा ।।१४८६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હું તેના વડે=યોગેશ્વર વડે, તાડન કરાયો. મને મહાન ભય થયો. દીન એવો તેના પગમાં પડ્યો ત્યારે પુણ્યોદય નાશ થયો. ।।૧૪૮૬।।

શ્લોક :-

शैलराजमृषावादौ, तिरोभूतौ ततः कृतः ।
तन्मनुष्यैर्यथाजातो, मषीपुंड्रकचर्चितः ।।१४८७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી શૈલરાજ-મૃષાવાદ તિરોધાન થયા. તે મનુષ્યો વડે=ઠેકડી કરવામાં તત્પર એવા ષિંગ લોકો વડે, યથાજાત કરાયો અને મષીકુચાઓથી ચર્ચિત કરાયો. ||૧૪૮૭||

શ્લોક :-

कृततालारवैस्तैश्च, रासमध्येऽवतारितः ।
प्रवृत्ता नाटयन्तो मां, रासं दातुं त्रितालकम् ।।१४८८।।

શ્લોકાર્થ :-

કરાયેલા તાલારવવાળા એવા તેઓ વડે=ષિંગ લોકો વડે, રાસના મધ્યમાં અવતારિત કરાયો=તેઓ વડે હું મધ્યમાં મુકાયો, મને નચાવતા, ત્રિતાલ એવા રાશને આપવા માટે ત્રણ તાળીઓથી યુક્ત એવા રાશને આપવા માટે, પ્રવૃત્ત થયા. ||૧૪૮૮||

શ્લોક :-

गाढपार्ष्णिप्रहारैर्मां, निघ्नन्तो रासकुण्डके ।
निन्युश्चक्रिसभां रासं, ददानास्ते त्रितालकम् ।।१४८९।।

શ્લોકાર્થ :-

ગાઢ પિંડીના પ્રહારોથી રાસકુંડમાં મને હણતા, ત્રિતાલ રાસને આપતા તેઓ=ષિંગો, ચક્રીસભામાં લઈ ગયા. ||૧૪૮૯||

શ્લોક :-

विशिष्य नाटयामासुर्ध्रुवकोच्चारपूर्वकम् ।
पादेषु पातयन्तो मां, सर्वेषां तत्र ते मुहुः ।।१४९०।।

શ્લોકાર્થ :-

ત્યાં=ચક્રીની સભામાં, સર્વેના પગોમાં વારંવાર મને પાડતા એવા તેઓ=ષિંગો, ધ્રુવ ઉચ્ચારપૂર્વક વિશેષ કરીને નચાવ્યો=રિપુદારણને નચાવ્યો. ||૧૪૯૦||

શ્લોક :-

जातं प्रहसनं भूरि, प्राप्तुं योग्योऽयमीदृशीम् ।
दशामिति प्रवृत्तश्च, जनवादः पदे पदे ।।१४९१।।

શ્લોકાર્થ :-

અત્યંત હાસ્ય થયું=લોકોનું હાસ્ય થયું. આ=રિપુદારણ, આવી દશાને પ્રાપ્ત કરવા યોગ્ય છે, એ પ્રકારે સ્થાને સ્થાને જનવાદ પ્રવર્ત્યો. ।।૧૪૯૧।।

શ્લોક :-

ततोऽहं नाटितो बाढं, प्रणमन्नन्त्यजानपि ।
उन्मादादवशो जातस्तपनेन च भूभुजा ।।१४९२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ઉન્માદવશ થયેલો અંત્યજનોને=ચમારાદિને, પણ પ્રણામ કરતો હું=રિપુદારણ, તપન રાજા વડે અત્યંત નચાવાયો. ।।૧૪૯૨।।

શ્લોક :-

राज्ये मे स्थापितो भ्राता, कनिष्ठः कुलभूषणः ।
गाढपार्ष्णिप्रहारैश्चापतद् रक्तं ममोदरे ।।१४९३।।

શ્લોકાર્થ :-

મારા રાજ્યમાં કનિષ્ઠ=નાનો, કુલભૂષણ ભાઈ સ્થાપન કરાયો. ગાઢ પિંડીના પ્રહારોથી મારા ઉદરમાં રક્ત આવ્યું. ।।૧૪૯૩।।

શ્લોક :-

जीर्णैकभववेद्याऽथ, गुटिकाऽन्या ममार्पिता ।
भवितव्यतया नीतः, सप्तमं नरकं ततः ।।१४९४।।

શ્લોકાર્થ :-

હવે એકભવવેદ્ય ગુટિકા જીર્ણ થઈ, મને ભવિતવ્યતા વડે અન્ય અપાઈ. તેથી સાતમી નરકમાં લઈ જવાયો. ।।૧૪૯૪।।

**શ્લોક :-**

त्रयस्त्रिंशत्सागरायुस्त्रोटितो वज्रकण्टकैः ।
सोढदुःखस्ततो नीतः, पञ्चाक्षपशुपत्तनम् ।।१४९५।।

**શ્લોકાર્થ :-**

**તેત્રીશ સાગરોપમ આયુષ્યવાળો વજ્રકંટકોથી ફૂટાયેલો, સહન કરાયેલા દુઃખવાળો ત્યારપછી=સાતમી નારકીનું આયુષ્ય પૂરું થયા પછી, પંચાક્ષપશુપત્તનમાં હું લઈ જવાયો. ।।૧૪૯૫।।**

**શ્લોક :-**

सप्तापि पाटकानेवं, भ्रामितो नरकावनौ ।
तथाऽहं विकलैकाक्षनृगतिष्वप्यनन्तशः ।।१४९६।।

**શ્લોકાર્થ :-**

**સાતે પણ પાડાઓને=સાતે પણ નરકોને, આ રીતે નરકરૂપી પૃથ્વીમાં ભમાવાયો અને વિકલેન્દ્રિયમાં, એકેન્દ્રિયમાં, મનુષ્યગતિમાં પણ અનંતી વખત હું ભમાવાયો. ।।૧૪૯૬।।**

**શ્લોક :-**

सर्वस्थानेषु हीनाऽभूज्जातिर्मे निन्दितं कुलम् ।
अलाभमूर्खतादौःस्थ्यतापैश्चाहं कदर्थितः ।।१४९७।।

**શ્લોકાર્થ :-**

**સર્વ સ્થાનોમાં મારી જાતિ હીન થઈ. નિંદિત કુલ થયું. અલાભ, મૂર્ખતા, દૌઃસ્થ્યતા=દરિદ્રતાના તાપોથી હું કદર્થિત કરાયો.**

અતિમાન કરેલ હોવાથી સર્વ સ્થાનોમાં હીનતા અને નિંદિત કુલો પ્રાપ્ત થાય છે અને અતિમાનથી ક્લિષ્ટ કર્મો બાંધેલાં. તેથી મનુષ્યભવમાં પણ ધન પ્રાપ્ત ન થાય. મૂર્ખતા, ખરાબ સ્થિતિ વગેરેથી કદર્થના પામે છે. **।।૧૪૯૭।।**

**શ્લોક :-**

अन्यदा भवचक्रेऽहं भवितव्यतया कृतः ।
मनुष्यो मध्यमगुणस्तुष्टा चेयं ममोपरि ।।१४९८।।

**શ્લોકાર્થ :-**

**અન્યદા ભવચક્રમાં ભવિતવ્યતા વડે હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, મધ્યમ ગુણવાળો મનુષ્ય કરાયો અને મારા ઉપર ભવિતવ્યતા તુષ્ટ થઈ.**

દુર્ગતિઓમાં ભટકતાં ભટકતાં અને નારકીઓનાં દુઃખોને વેઠતાં વેઠતાં કંઈક અકામ નિર્જરા થઈ. તેથી મધ્યમ ગુણવાળો મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. જેથી કંઈક ધર્મકરણને અનુકૂલ ચિત્ત બને છે, તોપણ વિવેક પ્રગટ્યો નથી. છતાં સુંદર આચારોના બળથી ભવિતવ્યતા તુષ્ટ થાય છે. **॥૧૪૯૮॥**

**શ્લોક :-**

**आविर्भाव्य पुनः पुण्योदयमित्रमियं जगौ ।**
**गच्छार्यपुत्रयुक्तस्त्वं, वर्धमानपुरेऽमुना ।।१४९९।।**

**શ્લોકાર્થ :-**

**ફરી પુણ્યોદય મિત્રને આવિર્ભાવ કરીને આ=ભવિતવ્યતા, બોલી. હે આર્યપુત્ર ! આનાથી યુક્ત એવો તું=પુણ્યોદય મિત્રથી યુક્ત એવો તું, વર્ધમાનપુરમાં જા. ॥૧૪૯૯॥**

**શ્લોક :-**

**परिविगलितां दृष्ट्वा प्राच्यां गुटीं भववासिका-**
**मियमथ ददावन्यां धन्याशया मम तादृशः ।**
**असुखजलधिं तीर्त्वा यस्याः स्फुटादनुभावतः,**
**कुशलकलिता लभ्या जन्मान्तरे सुयशःश्रियः ।।१५००।।**

**શ્લોકાર્થ :-**

**હવે ભવવાસિક એવી પૂર્વની ગુટિકાને પરિગલિત જોઈને ધન્ય આશયવાળી એવી આણે=ભવિતવ્યતાએ તેવા પ્રકારના મને=પુણ્યોદય-યુક્ત એવા મને, અન્ય ગુટિકા આપી. જેના=જે ગુટિકાના, સ્પષ્ટ અનુભાવથી અસુખ જલધિને તરીને કુશલથી કલિત એવી સુયશની લક્ષ્મી જન્માંતરમાં લભ્ય છે.**

અનુસુંદર ચક્રવર્તીનો જીવ મધ્યમ ગુણવાળો થયો. તેથી ભવિતવ્યતાએ તેને અન્ય ગુટિકા આપી. જે ગુટિકાના પ્રભાવથી દુઃખસમુદ્રને તરીને કુશલથી યુક્ત એવા સુયશની લક્ષ્મી તેને પ્રાપ્ત થાય છે. **॥૧૫૦૦॥**

**શ્લોક :-**

**इति समुदितमानासूनृतोन्मादजिह्वा-**
**विषयविषविपाकं रौद्रमुच्चैर्निशम्य ।**
**य इह भवति विज्ञस्तज्जये बद्धयत्नः,**
**स्रजमिह सुयशःश्रीस्तस्य बध्नाति कण्ठे ।।१५०१।।**

**।। इति श्री वैराग्यकल्पलतायां मानमृषावादजिह्वेन्द्रियवर्णनो नाम पञ्चमः स्तबकः ।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે=પ્રસ્તુત પ્રસ્તાવમાં બતાવ્યું એ પ્રમાણે, ઉત્પન્ન થયેલા માન અને મૃષાવાદના ઉન્માદને અને રૌદ્ર એવા જિહ્વા વિષયક વિષવિપાકને અત્યંત સાંભળીને જે બુદ્ધિમાન પુરુષ અહીં=સંસારમાં, તેના જયમાં=માન, મૃષાવાદ અને રસનેન્દ્રિયના જયમાં, બદ્ધ યત્નવાળો થાય છે, તેના કંઠમાં અહીં=સંસારમાં, સુયશની લક્ષ્મી માળાને બાંધે છે.**

જે મહાત્મા પ્રસ્તુત સ્તબકને સમ્યગ્ આલોચન કરીને માન કષાય, મૃષાવાદ અને રસનેન્દ્રિયને વશ કરવા યત્ન કરશે. તે મહાત્માને ઉત્તરોત્તરના ભવોમાં સુયશની લક્ષ્મી સતત પ્રાપ્ત થશે. **॥૧૫૦૧॥**

**આ પ્રમાણે શ્રીવૈરાગ્યકલ્પલતા ગ્રંથમાં માન-મૃષાવાદ-રસનેન્દ્રિયવર્ણન નામનો પાંચમો સ્તબક સમાપ્ત થયો.**

**અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૬ (સ્તબક-૬)**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩* |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |

---

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |

**संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब**

| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨*** | ***૧૯૭*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩*** | ***૧૯૮*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪*** | ***૧૯૯*** |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૭

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૨૮

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૧

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૨

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૩

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૮૨

***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૯૪***

***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૧૯૫***

***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૧૯૬***

કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન ૩૧

ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૨

ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૩

જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન ૬૮

તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૦

તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૧

તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૨

તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૬૪

દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન ૧૪૭

દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન ૧૧૮

દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન ૧૬૦

દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૮

દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૯

ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૯

ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૫

ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૨

ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૩

ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૪

| | |
|---|---|
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |

બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૭

બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૦

બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૯

બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૨

બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૪૬

બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૩૯

બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૧૩

બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૨

બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૭

બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૪

બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૩

બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૪

બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૧

બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૫

બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૧

બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૦

બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૧

બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૦

બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૪

બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૨

બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૩

બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૪

બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૬

બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૧

બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૩

બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૪

બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૭

બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૬

બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૦૬

| | |
|---|---|
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| ***યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૧૯૨*** |
| ***યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨*** | ***૧૯૩*** |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| ***વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪*** | ***૨૦૦*** |
| ***વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫*** | ***૨૦૧*** |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |

| | |
|---|---|
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| આગમ પ્રકાશનસૂચી (હિન્દી) | સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી | ૧૭૫ |


## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧   ૨. ધર્મતીર્થ ભાગ-૨   ૩. ધર્મતીર્થ ભાગ-૩

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ।।

दरेक पर्वतमां माणिक्य नथी. दरेक हाथीओमां मोती नथी.
दरेक वनमां चंदन नथी. खरेखर ! सर्वत्र साधुओ नथी.


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.


ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com